શિક્ષણ અને સ્વ-શિક્ષણ

म. न. द्विवेदी.

શિક્ષણ અને સ્વ-શિક્ષણ

અથવા

મન અને જીવનની સુધારણાનો એક ભોમીયો.

—સેમ્યુઅલ નીલના ગ્રંથને આધારે—

—ગૂજરાતીમાં યોજનાર—

મણિલાલ નભુભાઇ દ્વિવેદી.

મુ. નડીયાદ.

-પ્રકાશક-

માધવલાલ નભુભાઇ દ્વિવેદી.

સુદર્શન ઑફિસ—નડિયાદ.

અમદાવાદ.

શ્રી સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં શા સાકલચંદ હરીલાલે છાપ્યું

પ્રથમાવૃત્તિ. ઈ સ ૧૯૧૫ નકલ ૧૦૦૦

મૂલ્ય રૂ. ૦-૧૨-૦.

પ્રસ્તાવના.

જેમના નશીબમાં આરંભથીજ જ્ઞાન મેળવવાના પ્રસંગો લખાયા નથી, જેમના માર્ગમાં યુવાવસ્થામાજ વૃદ્ધિને બાધકારક થઇ પડતા વિઘ્નો ઉપજી આવ્યા છે, જેમને ગૂમાવેલા સમય માટે તથા નહિ લેવાયલા લાભો માટે પશ્ચાત્તાપની લાગણી દશ દઇ રહી છે, એવા અનેક માનવોના મનમા ઉચ્ચ–પ્રતિષ્ઠા અને સ્વ–સુધારણાની એક તીવ્ર વાંછના વર્તતી જોવામા આવે છે. મન, ચારિત્ર, પદ્ધી, સદ્ગુણો, અને જીવનમાં જાતે ઉચ્ચ બનવાની ઇચ્છાવાળા, પ્રવૃત્તિપરાયણ, શોધક, વિચારવંત માનવોને વારંવાર સદ્ભાવ અને મૈત્રીની આવશ્યકતા જણાઇ આવે છે.

ઉત્સાહી અને જીજ્ઞાસુઓને વારંવાર જેવી બાબતોમા સલાહ શોધવાની જરૂર પડે છે, તેવી સ્વ–શિક્ષણની કેટલીક બાબતો જાણવાના આ ગ્રંથના લેખકને કેટલાક ખાસ પ્રસંગો પ્રાપ્ત થઇ આવેલા છે; આ જીવનની મુસાફરીમા મહેનતથી ઉંચે તરી આવેલાં અનેક માનવોના અનુભવમા આવેલા મંત્રો, ઉત્સાહક વચનો અને આજ્ઞાઓ અત્રે એકઠા કરવામા આવ્યા છે. આવા લોક જીવનમા આગળ તરી આવે છે, તે સહયક, સૂચક અને ઉત્સાહક થઇ પડવા માટે હોય છે, આવા લોકની એવી આશા હોય છે, કે આથી તેમની ઉપયોગિતામા વૃદ્ધિ થઈ આવશે, તથા તેમની સાધુતાની શક્તિઓ પણ બલવાન બનશે.

આવા અથવા આના જેવાજ કેટલાક ગ્રંથ પ્રચારમાં આવ્યા છે, એ લેખકની દૃષ્ટિમા છે; પરંતુ વાચી–વિચારીને અવલોકતાં આ નાનકડું પુસ્તક અન્ય ગ્રંથો કરતા પદ્ધતિમા બીલકુલ ભિન્ન પ્રકારનુજ જણાઇ આવશે. આની આ દિશામા લખનારાઓનો ઉદેશ હોય

તેના કરતા આ લેખકનો ઉદ્દેશ વિશેષ વિશાલ છે અને ધધા-ધારી વર્ગનો નથી. તેમનો હેતુ તો **અનેકને** માનસિક પ્રવૃત્તિમા પ્રોત્સાહિત બનાવવાનો છે, તેમના મન ઉપર જીવનના ઉચ્ચ દૃષ્ટિ બિદુઓ ઠસાવવાનો છે, તેના ઉપયોગ અને કર્તવ્યો દર્શાવવાના છે, જ્ઞાન માટેનો કોઇપણ પ્રકારનો "રાજ–માર્ગ" અથવા લુચ્ચાઇ ભર્યો ટૂક–માર્ગ તેમને દર્શાવવાનો નથી, પરતુ અત્રે તો સિદ્ધાન્તમા પણ સુશ્લિષ્ટ અને વ્યવહારમા પણ કાર્યક્ષમ માર્ગ દર્શાવવામા આવ્યો છે.

આ ગ્રથનો પ્રદેશ અને વિસ્તાર કેટલીક રીતે સકૂચિત છે, પરતુ જીજ્ઞાસુ અને ઉત્સાહી અભ્યાસિને પ્રયત્ન અને અભ્યાસમા દોરી જવા જેટલુ, **વિચાર** અને **સાહિત્યના** ઉચ્ચ–માર્ગોમાના કેટલાકમા તેમને લઈ જવા જેટલુ, તેમનામાં **જ્ઞાન** માટે એક નવીન તૃષ્ણા ઉપજાવવા જેટલુ, જોઈએ તેટલુ પુરતુ વસ્તુ આ ગ્રથમાથી મળી આવશે એમ આ લેખકની પરિપૂર્ણ ખાત્રી છે; આ ગ્રથના મનન વડે જ્ઞાન પ્રાપ્ત કરવાની શક્તિ એક પ્રકારે વૃદ્ધિગત થતી જોવામા આવશે;—આરોગી, પોષક અને આશા ભર્યા ઉત્સાહ અને સામર્થ્ય વધ્યાજ જશે.

ખરી કેલવણી જે હમેશા અન્તર્નુ સત્ત્વવિકસાવવાનો વ્યાપાર હોઇ–સ્વશિક્ષણ રૂપજ છે અને તેથી સ્વશિક્ષણનુ રહસ્ય જ્યાસુધી હાથ આવે નહિ ત્યા સુધી શાળાની કેળવણી કદી ફતેહ-મદ ઉતરશે નહિ. આ રીતે આ પુસ્તક શાળાના વિદ્યાર્થી-ઓને ઉપયોગી થવાનો સભવ છેજ. પરંતુ, વિશેષમા એ સર્વ વયનાં સ્ત્રી–પુરુષોને ઉપકારક થઇ પડશે, એમ કહીએ તો તેથી

આ પુસ્તકની ઉપયોગિતા પરત્વે કાંઈપણ અત્યુક્તિ થાય છે એમ નથી. જીવનની કોઈપણ ક્ષણે એમ કહી શકાતુ નથી કે અત્યારથી કેલવણી બંધ થઇ છે, તે માટે, સમસ્ત જીવનમા જે બહારના સંસ્કાર અન્તર્માં લેવાની ક્રિયા ચાલ્યાં કરે છે તેને વ્યવસ્થિત અને હિતકારી કરવા માટે સ્વશિક્ષણની કળા દરેક મનુષ્યે–જુવાન અને વૃદ્ધ સર્વેએ—હાથ કરવાની જરૂર છે આ લઘુ પુસ્તક પ્રકટ કરીને અમારા સર્વ વર્ગના દેશ બન્ધુઓની અલ્પ સેવા કર્યાનો સંતોષ માનીએ તો તે અસ્થાને નથી, એમ આ પુસ્તક વાચી જોવાથી કોઇને પણ સહજ ખાતરી થશે.

આ ગ્રંથના ભાષાન્તરકારની મૂલ પ્રસ્તાવનાનો લાભ સારા પ્રતિષ્ઠિત સાક્ષર કુટુમ્બના સરસ્વતી મંદિરના કચરામાં નષ્ટ થઈ જવાથી વા અદૃશ્ય થઇ જવાથી વા અન્ય કોઇ કારણથી અ-મારાથી ગૂર્જર વાચક વર્ગને આપી શકાતો નથી માટે અત્યંત દીલગીર છીએ અને ઉપરના બે શબ્દો પ્રસ્તાવના રૂપે લખી વિર-મીએ છીએ. ૨૦–૨૨ વર્ષના ગાળે આ ગ્રંથને પોતાના કુટુમ્બમાં મેળવીને ગૂર્જર આલમ આગળ રજુ કરતા અન્ય કોઇને પણ થાય તેના કરતા સહસ્ત્ર ગુણિત આનંદ આજે મને થાય છે, એથી ઉપરના શોકનુ શમન થાય છે. પ્રભુ કૃપા તો આવા રોળાતાં એક બે અન્ય રત્નો પણ ગૂર્જર આલમ આગળ સમય વીતતા રજુ કરવામા આવશે હાલ તો આટલેથીજ વિરમવુ ઉચિત ધારીએ છીએ.

સુદર્શન—ઑફીસ–નડીયાદ.
સંવત—૧૯૭૧.
પુરુષોત્તમ પૂર્ણિમા.
પ્રાતઃકાલ.

માધવલાલ નભુભાઇ દ્વિવેદી.

અનુક્રમણિકા.

પ્રકરણ ૧.

શિક્ષણ અને સ્વ-શિક્ષણ.

આ ગ્રંથ કર્તા કૃત અન્ય ગ્રંથો.

અંગરેજી.

૧—રાજયોગ—(ત્રીજી આવૃત્તિ)—મિસિસ એનિબેસંટની પ્રસ્તાવના સહિત (છપાય છે.)—રૂ. ૨—૦—૦

૨—મોનિઝમઓર અદ્વૈતિઝમ—આધુનિક સાયન્સના પ્રકાશ દ્વારા અદ્વૈત ફીલસુફીમા પ્રવેશ—રૂ ૨—૦—૦.

૩—તર્કકૌમુદી—(નથી)

૪—ઇમિટેશન આફ્ શંકર—કેવલાદ્વૈત સબધી, ૭૦૦ ઉતારા—રૂ ૩—૦—૦

૫—યોગસૂત્ર—(તત્વવિવેચક પ્રેસ—મુબઈ)—રૂ. ૧–૮–૦

૬—માડુક્યોપનિષદ્— („) —રૂ. ૧–૮–૦

૭—જીવન મુક્તિ વિવેક—(„) —રૂ. ૧–૮–૦

૮—સમાધિશતક (નથી)

૯—શ્રેયૉટસ—(થાય છે.)

૧૦—સ્યાદ્વાદમંજરી—[ગવર્નમેન્ટ સીરીઝ માટે-મુબાઇ.] આ કાર્ય ગુજરાત કોલેજના સસ્કૃત પ્રોફેસર આનદશકર બાપુભાઇ ધ્રુવ એમ. એ એલ. એલ. બીને સરકાર તરફથી પૂર્ણ થવા માટે સોપવામા આવ્યું.

ગુજરાતી.

૧—કાન્તા (નાટક) મેટ્રીકમા ગુજરાતીનો વિષય ફરજીયાત દાખલ થવાથી તથા કેટલાક હેડ માસ્તર સાહેબોની સ્કુલોમા ચલાવવાની મરજી થવાથી—બીજી આવૃત્તિ—જલદી કાઢવામા આવી છે રૂ. ૦–૮–૦.

૨—માલતી માધવ નાટક (ભાષાંતર)—બીજી આવૃત્તિ. રૂ. ૧–૮–૦

૩—ઉત્તરરામ ચરિત્ર નાટક (ભાષાંતર)-ત્રીજી આવૃત્તિ-રૂ ૧-૮-૦
૪—સિદ્ધાન્ત સાર-બીજી આવૃત્તિ-પાકા પૂઠા સાથે તૈયારછે રૂ ૩-૦-૦
૫ —નારી પ્રતિષ્ટા—ઘણી માગણી હોવાથી બીજી આવૃત્તિ
તૈયાર છે. રૂ ૦-૮-૦.

૬—પ્રાણવિનિમય—(બીજી આવૃત્તિ)—રૂ. ૮-૦-૦.
૭—પંચશતી—(ઇમીટેશનઑફ્ક્રાઇસ્ટ ગૂજરાતીમા) મુમૂક્ષુઓને નિત્ય
પાઠ કરવા યોગ્ય— રૂ ૨-૦-૦.
૮—આત્મનિમજ્જન—(બીજી આવૃત્તિ)—આમા અભેદોર્મિ, પ્રેમ-
જીવન તથા કેટલાક વિશેષ કાવ્યોનો સમાવેશ થાય છે.
નિષ્પક્ષપાત વેદાન્તનુ અભૂત પૂર્વ પુસ્તક સર્વ પાસા
મનનીય થયુ છે. રૂ ૧-૦-૦
૯—ચારિત્ર—(આવૃત્તિ ત્રીજી)—આ પુસ્તક સરકારી કેળવણી ખાતા
તરફથી ઇનામ તથા લાયબ્રેરી માટે મંજુર થયુ છે તથા
હાઇસ્કુલોમા મેટ્રીકમા ગુજરાતી ફરજીયાત થયાથી ચા-
લવા લાગ્યુ છે— રૂ. ૧-૦-૦
૧૦—બાલવિલાસ— [આવૃત્તિ પાંચમી] સરકારી કેળવણી ખાતા
તરફથી ઇનામ તથા લાયબ્રેરી માટે મંજુર થયુ છે—હા-
ઇસ્કુલોમા ચાલવા લાગ્યુ છે—તથા ધર્મ હીન કેળવણી
ના આ સમયમા હોંશે હોંશે વંચાવા લાગ્યુ છે—રૂ ૧-૦-૦
૧૧—ગુલાબસિંહ—[આવૃત્તિ બીજી]—આ વાર્તા સર્વ પાસા રસ
જ્ઞાન તથા મનનપૂર્વક વંચાય છે. રૂ. ૨—૦—૦.
૧૨—શ્રીવૃત્તિ પ્રભાકર—મહાત્મા નિશ્ચલદાસજીના મૂલ હિંદુસ્થાનીનું
ભાષાંતર રૂ. ૩-૮-૦.

૧૩—હનુમન્નાટક—છેલ્લી પ્રસાદી (છપાય છે)—રૂ. ૩-૦-૦.
૧૪—પૂર્વ દર્શન. ૧૫-પ્રેમજીવન ૧૬-સંક્ષિપ્ત સુવાક્ય. ૧૭-પરમાર્ગ દર્શન. ૧૮—અભેદોર્મિ ૧૯-ગુજરાતના બ્રાહ્મણો. ૨૦ શિક્ષાશતક, ૨૧—અવલોકન (નિબંધ). આ પુસ્તકો હાલમા મળી શકતા નથી.
શ્રીમદ્ ભગવદ્ગીતા-(બીજી આવૃત્તિ) કર્ત્તાની છબી સાથે ઘણાની માગણીથી મૂલ્ય ઘટાડી રૂ ૪-૦-૦ રાખવામાં આવ્યુ છે.
૨૩—ચતુ સત્રી—(થોડા સમયમા બહાર પડશે) રૂ. ૧-૦-૦
૨૪—ન્યાય (પરામર્શખંડ)—(ગુજરાત વર્નાકયુલર સોસાઇટીમાથી મળશે.) રૂ ૦-૧૨-૯

આ ઉપરાત તેમના અન્ય પુસ્તકો—ચેતનશાસ્ત્ર, વિવાક, તાડવ, દ્વાશ્રય, ભોજ પ્રબંધ, ચતુર્વિંશતિ પ્રબંધ, સમાધિશતક, અનુભવ પ્રદીપીકા, બુદ્ધિસાગર, તર્કપરિભાષા, શ્રુતિસાર સમુદ્ધરણ, પાટણ ભડારની ફેરિસ્ત, યોગબિન્દુ, વસ્તુપાલ ચરિત—વિગેરે વિગેરે શ્રીમન્મહારાજા સયાજીરાવના કેળવણી ખાતામા તપાસ કરતાં ત્યાથી મળી રહેશે

માધવલાલ, ન. દ્વીવેદી કૃત કેટલાક ગ્રંથ.

૧-રાજયોગ-[મ. ન. દ્વિવેદીનો ગ્રંથ ગુજરાતીમાં]	રૂ. ૧—૮-૯
૨-યાજ્ઞવલ્કય સંહિતા [„ „]	રૂ. ૦-૧૨-૦
૩-આપણાં પુરાણો	રૂ. ૦—૨—૦
૪-શીગાલવાદ સૂત્ત	રૂ. ૦—૨—૦

આ સર્વે ગ્રંથો-સુદર્શન ઓફિસ—નડિયાદ—મળશે.

શિક્ષણ અને સ્વ-શિક્ષણ.

પ્રકરણ—૧.

વિભાગ ૧. જીવન, કર્તવ્યતા, અનામયત્વ અને સુખ.

જેટલી શક્તિ હોય તેટલું કરવું જ જોઇએ.

બુદ્ધિપુરઃસર જીવનમાં અનેક જવાબદારીઓ રહેલી છે. માનુષશક્તિ અને માનુષકર્તવ્ય એમનું સામાનાધિકરણ્ય[1] છે મનુષ્યજાતિમાં સ્વાભાવિકરીતે સંચિત જે થવાની અને પ્રાપ્ત કરવાની શક્તિ તેજ આપણી કર્તવ્યતાનું માપ બાંધી આપે છે. માણસને જે જે શક્તિઓ મળેલી છે તેજ તે પોતે કેવુ થઇ અથવા તેણે કેવું થવું જોઇએ તેનું ઉત્તમ અને અસ્ખલિત ચિન્હ છે. મનુષ્યજાતિની પ્રત્યેક વ્યક્તિને વ્યવહારમાં પોતપોતાનો વેષ ભજવવાનો નિયત થયેલો છે, અને તે સારામાં સારી રીતે ભજવાય તે સારુ તેણે શિક્ષણથકી તત્પર થવું જોઇએ. આપણા સ્વભાવની સામાન્ય અને વિશેષ શક્તિઓના પૂર્ણ, અસંકુચિત, સમાન, અને યોગ્ય વિકાસનો સમાસ શિક્ષણમાં

---

૧ એક અધિકરણ=સ્થાન, માં હોવુ. અર્થાત્ એક સાથે બીજુ હોય છે.

થાય છે. મનુષ્ય છે તે સ્વરૂપથકી જ સ્વત વિકાસ પામતું અને સ્વતઃ જ પ્રવૃત્તિમાન્ બુદ્ધિસ્થાન છે. પ્રવૃત્તિ એજ મનુષ્યજીવનનો નિયમ છે, એ નિયમને વશ વર્તવું એનું ફલ સુખ છે—

" કર્તવ્યતામાં ચૂકવું એ, ભયને, કોરે કાગળે મતું કરી આપ્યા સરખું છે. "

કર્તવ્યતા એજ મહાનુભાવ પુરુષોનું નિત્ય પ્રોત્સાહન છે, અને સારી રીતે જીવન ગાળવું એજ વાસ્તવિક મહાનુભાવતાનું લક્ષણ છે.

" કર્તવ્યતા " એ એક ગૂઢ શબ્દમાં જે જે અર્થનો સમાસ છે તે તે કરી બતાવવામા જ આનંદનું રહસ્ય રહેલું છે. ગેટિ કહે છે કે " આપણા આત્માપ્રતિ કર્તવ્યતાધર્મમાં આપણે નહિ ચુકીએ તો આખા જગત્પ્રતિ તેમાં ન ચુકતાં સહજે શીખીશું. " આટલા માટેજ અમે એમ માનીએ છીએ કે જીવનમાં મુખ્ય અને આવશ્યક કર્તવ્યજ સ્વશિક્ષણ છે. અંતર્માં પરમ સમાધાન, તેમ જનસમૂહનાં સુખ અને ઐક્યની વૃદ્ધિ કરવામાં સહાય થવાનું સામર્થ્ય એ ઉભય સ્વશિક્ષણમાં નિરંતર અભિરત રહેવાથી ફલે છે. ઉચ્ચતમ જીવન, ઉચ્ચાભિલાષને ઉચ્ચ માર્ગે પાર પાડવામાંથી ઉદ્‌ભવે છે, અને નીચમાં નીચ કુલમાં જન્મેલું મનુષ્ય, આ પ્રકારે, પોતાની જાતને, ઉત્તમ કુલાદિની સમૃદ્ધિના વૈભવથી જે મહત્તા પ્રાપ્ત થાય તે

કરતાં વધારે વાસ્તવિક રીતે, ઉચામાં ઉંચી કરી શકે છે. ઈશ્વરદત્ત એવું જે ઉચ્ચ કુલાવંતસરૂપ ચિન્હ તે તો સદ્‌ગુણજ છે.

વર્તમાનમાં મનુષ્યની જે સ્થિતિ છે તે થકી જ તેને બલાત્કારે પણ કાંઇક વિકાસ ગ્રહવો પડે છે. જીવનનો જે નિયમ છે, ને તે જેટલે અંશે મનુષ્યજાતિને પણ લાગુ થાય છે તેટલે અંશે, તેમાંથી જ આવું ફલ થઈ આવે છે. આ નિયમનું સ્વરૂપ આ પ્રકારનું છે-પોતાનો સાહજિક અને વિશેષ સ્વભાવ તજ્યા વિના, મનુષ્ય બાહ્ય સંસર્ગમાત્રને પોતામાં ભેળવી લેવા યત્ન કરે છે, અને પોતે પણ કાંઇક અંશે, તે સંસર્ગોમાં ભળતું જાય છે. આ પ્રકારનો જે પરસ્પર આઘાત પ્રત્યાઘાત ચાલે છે, તેમાંથી મનુષ્યની શક્તિમાત્ર, તેને બહાર પડી વ્યાપાર કરવાનો પ્રસંગ મળે તે પ્રમાણમાં ધીમે ધીમે તથા ઉત્તરોત્તર આગળ આગળ, વિકસતી ચાલે છે. આ પ્રકારનું જે શિક્ષણ મનુષ્યને એક રીતે કહેતા, બલાત્ સ્વીકારવું પડે છે, સ્વત જ યોજેલું નથી, તે લેશ પણ પ્રશંસાને પાત્ર નથી, અને તેમાંથી લાભ કદાપિ થતો નથી. આવી રીતે પવનમાત્રનેજ માર્ગદર્શક રાખી "પ્રસગોના સમુદ્રની ઉદ્ધત ભરતી ઉપર" નાવને ચાલવા દેવુ, અને તીર ઉપરના અમુક બિંદુએ પહોચવા સારુ ' ઢસરખો પણ ચઢા-

વવો નહિ, એ અતિ અનુચિત અને લજ્જાસ્પદ છે, કિ બહુના, વ્યવહારમાં પણ એ ડહાપણ કહેવાય નહિ; કારણ કે સ્પર્ધાને એક સહસ્ર પુત્ર છે જે એક એકની પાછળ પડયા જ રહે છે. તમે તેમાં હઠી જાઓ, અથવા તમારા ખરા અગ્રમાર્ગથી દૂર થઈ જાઓ, તો ચઢેલી ભરતીની પેઠે તે બધા તમને ઘસાઇને આગળ ચાલ્યા જશે અને તમે પાછળ રહેશો. આવી જે પ્રવિણતા મનુષ્યસ્વભાવમાં જ સ્વાભાવિક રીતે રહેલી છે તેથકી શિક્ષણનો અવકાશ આવે છે. આ ઉર્મિ જ્યારે વ્યાપારવતી થાય છે, ત્યારે મનુષ્યને બાહ્ય પદાર્થાદિનો સંસર્ગ થાય છે, અને તેની વિવિધ શક્તિઓને બાહ્ય દર્શન દેવાનો તથા વ્યાપાર કરવાનો પ્રસંગ મળે છે. બુદ્ધિપુરસર જીવનનો આ આરંભ છે, એના વિકાસના નિયમ તેજ, અમારા અભિપ્રાય પ્રમાણે તો, કેળવણીના ખરા નિયમ છે, કેમકે કેળવણી એટલે જીવન સારી રીતે કઢાય તે સારુ કેળવવાનો વ્યવહાર એમ સમજાતું હોય તો, જીવનની જે શક્તિઓ છે તેના વિકાસવિના કેળવણીનો અન્ય અર્થ ઘટેજ નહિ.

અસ્પષ્ટતા અને દ્વયર્થશંકા વિદૂર કરવા સારુ અત્ર જ કહેવાની અપેક્ષા છે કે જે શિક્ષણની આ સ્થાને ચર્ચા ચાલે છે તે સામાન્ય શિક્ષણવિષયની છે; વિશેષ અથવા અમુક ધંધાને અનુકૂલ શિક્ષણ નહિ પણ સામાન્ય શિક્ષણ

જે મનુષ્યમાત્રના સમગ્ર સ્વભાવ અને શક્તિના વિકાસરૂપ છે, પોતપોતાના ધંધા સારુ આવશ્યક એવાં ચાતુર્ય અને જ્ઞાનથી જે ભિન્ન છે, તેની આ ચર્ચા છે. પ્રતિમનુષ્ય પોતે પોતાની મેળે જેટલું સિક્ષણ લે છે અને જેટલી પોતાની શક્તિ વાપરે છે, તેટલોજ સુખોપભોગ તેને આવી મળે છે. પ્રત્યેક માનુષશક્તિસાથે એકએક સુખ નિયત થયેલું છે, અને તે તે શક્તિથી જે દૃષ્ટિ બંધાય તેનાથી જ તે ગૃહાય છે. જેમ ગ્રહણશક્તિ વધારે તીક્ષ્ણ, રસિકતા વધારે શુદ્ધ સંસ્કારવાળી, ચારિત્રવૃત્તિ વધારે ઉચ્ચ, બુદ્ધિ વધારે કુશાગ્ર, ધર્મવાસના ઉત્તમોત્તમ ભાવનામય, તેમ જીવનમાં જે સુખોપભોગ પ્રાપ્ત થાય તે પણ વધારે શુદ્ધ અને વિપુલરૂપે અનુભવાય છે કલ્પનાપ્રભાવવાળા મનુષ્યને આખું વિશ્વ કેવું સૌંદર્ય અને આનંદમય સમજાય છે! શાસ્ત્રીય બુદ્ધિવાળાને કેવા ઉત્તમોત્તમ બોધમય દેખાય છે! ધાર્મિક અને ભક્તિપૂર્ણ મનને નિયંતાની સર્વશક્તિમત્તાના ભવ્ય કાર્યરૂપે અનુભવાય છે! કલાનું લાલિત્ય, સંગીતનો મધુર ઉન્માદ, કાવ્યરસનો દિવ્યતુલ્ય આનંદ, યાન્ત્રિક કલાની સર્વ બંધબેસતું કરવાની શક્તિ, શાસ્ત્રીય શોધનાં આશ્ચર્યકારક ફલ, જનસમાજની પ્રેમગોષ્ટિનો રસ, તત્ત્વજ્ઞાનના અગમ્ય પણ ઉચ્ચ ભાવનામય તર્ક, બુદ્ધિપૂર્વક સાધેલી કર્તવ્યતામાંથી ઉપજતો સં-

'તોષ, ધાર્મિક હૃદયમાં ભક્તિ સમયે ભરાતો નિસીમ ઉલ્લાસ,—એ બધાં, જેમનામાં શિક્ષણથી કરીને સ્વાદ પેદા થયો હોય, તથા અતિસૂક્ષ્મ ગ્રહણશક્તિ વિકાસ પામી હોય, તેનાથીજ સંપૂર્ણ રીતે સમજી શકાય. ઉપભોગ-યોગ્ય ઘણામાં ઘણું સામર્થ્ય પ્રાપ્ત કરવું એજ સુખી જીવન ગાળવાની સંસારમાં સારી સામગ્રી છે. પરંતુ એટલી વાત વિસરવી નહિ કે જીવનના આ એક (વ્યાવહારિક) આવિર્ભાવથી જ આખું જીવન પતી જાય છે. અમે તો "સર્વ સત્યનું ઉપરિ સર્વોત્તમ સત્ય, કે અમિત બ્રહ્માંડમાં અનન્ત જીવન છે." તેને માનનારા છીએ.[1]

આ જગતમાત્ર ઉપર જેની દૃષ્ટિ રહે,—આ એક વર્તમાન સમયમાંજ ઉપયુક્ત હોય તેટલા ઉપર જ મનુષ્યનાં પ્રયત્નમાત્ર બંધાઇ રહે,—જગતની મિથ્યા વાતોનેજ માણસ પોતાની પ્રવૃત્તિમાત્રની સીમ રૂપે માની લે,—એવા શિક્ષણની પાર જઇ, એ કરતાં વિશેષ ઉત્કૃષ્ટ, ઉચ્ચતર, અને શુદ્ધતર ભાવના ઉપર લક્ષ લગાડવા ઈચ્છીએ છીએ. અમે પ્રત્યેક વાચકને, બહુ આગ્રહથી અને

૧ આ ઠેકાણે ક્રીશ્ચીઅન ધર્માનુસાર જે મૂલભાવ છે તે એવો છે, કે કદાપિ ક્ષીણ ન થાય તેવા અક્ષય ધામમા અમર જીવન છે તેને અમે માનીએ છીએ. અર્થાત્ તે ધર્મમા પુનર્જન્મની વાર્તા માન્ય નથી, તે અનુસારે વચન છે તેને આપણા ધર્મમા અનુકૂલ કરવા જરાક ફેરવ્વુ છે.–ભા ક.

સચિંત હૃદયે, ભલામણ કરીએ છીએ કે "હાઇપેરીઓન[૨]"માં ફ્લેમિંગે કહ્યું છે તેમ કહો કે "આજથી મારૂં જીવન પ્રવૃત્તિમય અને સત્યરૂપ હજો. હું મારે જ્યાં છું ત્યાં પ્રવૃત્ત રહીશ. એને બદલવાની મને ઇચ્છા નથી. એમાં જે સારી રીતે થશે તેમાંજ સુખ અને અનામયત્વ છે. એજ ખરૂં જીવન છે, મરણને એવું જીવન એમ કહી શકશે કે આવી શકતું હોય તો આવ, તે એમ કહેતાં આવશે તો, તે એક મિત્રરૂપે તેને સ્વાગત આપશે."

પ્રતિમનુષ્યને જે શિક્ષણની, અમારા વિચાર પ્રમાણે, અપેક્ષા છે તે એ છે, કે જે (૧) ઉત્તમતા, શુદ્ધતા, પ્રામાણિકતા, ને ન્યાય, તેના ઉપર પ્રેમ બંધાવી મનુષ્યને ચારિત્રગુણોની ઉત્તમતાએ પહોંચાડે, (૨) બાહ્ય વિશ્વના ચક્રમાં, વ્યવહાર અથવા રાજકીય પ્રસંગોના સંઘટ્ટમાં, કે જેનાથી સત્યનું દર્શન થઇ શકે છે તે સ્વરૂપજ્ઞ અંતરાત્મામા, જ્યાં સત્ય જણાય ત્યાં તેને ચહાવાની, તેની ભક્તિ કરવાની, અને તેને યથાયોગ્ય સ્વીકારવાની વૃત્તિનો વિકાસ પમાડી મનુષ્યના બુદ્ધિવૈભવને સંસ્કારવાળો કરે; (૩) રસજ્ઞતાના નિયમોનું જ્ઞાન આપી, સૌંદર્ય, વિનીતતા, ભવ્યતા, તેને ગૃહવાની તાત્કાલિક અને સૂક્ષ્મ શક્તિ ઉપજાવે, અને એમ માણસમાં સૌંદર્યભાવનાને જાગ્રત્ કરી

૨ એ નામનો ગ્રંથ.

આપે; તથા જે (૪) ઇશ્વર, અનન્તજીવન, સ્વર્ગ આદિ વિચારો ને કેળવી શ્રદ્ધા આશા, પ્રેમ, તેનો વિસ્તાર કરી આપી, માણુસને ધર્મવાસનાનું અમૃત પાય. આ શિક્ષણના સર્વગ્રાહી સ્વરૂપમાં સમગ્ર મનુષ્યસ્વભાવના વિકાસ અને કેળવણીનો સમાસ થાય છે, એનાથી માણુસને આ જડમય જગત્માં પોતાના સ્થાનનું યથાર્થ જ્ઞાન આવે છે, પોતે જે સાંસારિક વ્યવહારમાં છે તેનું યોગ્ય સ્વરૂપ સમજવામાં આવે છે, અને અનન્ત વિશ્વરચનાના ચક્રમાં પોતે કયાં અને શું છે તે પણુ, લક્ષમાં ઉતરે છે. કહી તેવી સર્વ પ્રકારની પ્રવૃત્તિનો જેમાં સમાસ છે એવું શિક્ષણ તેના સર્વગ્રાહી સ્વરૂપથકીજ, સમગ્ર મનુષ્યજાતિનો ઉદ્ધાર કરવાને સમર્થ છે. બુદ્ધિપુરઃસર જીવન સુખ અને આનંદમા અવશ્ય વૃદ્ધિ કરી શકે તેવું છે. છતાં આ યોજનામા મનુષ્યને મનુષ્યરૂપે કેળવવું એ ઉપરાત કશી નવીન વાત કહી નથી, મનુષ્યના અંતકરણમાં રહેલી સ્વાભાવિક શક્તિને વિકાસ પમાડયા વિના બીજી વાત નથી. એમ ધારવુ કે આવુ શિક્ષણુ સમગ્ર મનુષ્યવર્ગ એકી વખતે લેઇ શકે, એ તો ગંધર્વનગરમાત્રજ છે. એ પણુ થાય; પરંતુ પ્રત્યેક જન, પોતપોતાના સ્થાનથી, પોતાની શક્તિ અને સ્થિતિ પ્રમાણે, એજ શિક્ષણુ, પોતપોતાને માટે સાધવા ઉપર લક્ષ રાખે તો તેમાં શો બાધ છે? પુન.

પણ ગેટિનાં વચન સ્મરી કહીએ કે "શિલ્પકાર જેમાંથી મૂર્તિ ઘડે છે તે ઉપાદાન જેમ-તેને આધીન છે, તેમ પ્રતિમનુષ્યનો પોતાનો વિજય પોતાનાજ હાથમાં છે; પણ જેમ શિલ્પકલામાં તેમ સર્વત્ર,—એ કાર્ય સાધવાની શક્તિમાત્ર સર્વથા સ્વાભાવિક છે, તેના થકી સિદ્ધિ પ્રાપ્ત કરવા સારુ તો આપણે શિક્ષણ લેઇ અભ્યાસ કરવો જોઇએ."

મનુષ્યજાતિનું મુખ્ય વિશેષ લક્ષણ એજ છે કે તેને શિક્ષણ આપી શકાય છે એવું કહેવાથી અમે એમ કહેવા નથી ઇચ્છતા કે પશુઓની પ્રેરણાબુદ્ધિને પણ સસ્કાર આપી ન શકાય, માલી અથવા કૃષિકારની ચતુરાઇ વૃક્ષાંકુરાદિને ઉગાડવામાં જેમ ઉપયોગી થાય છે તેમ શિક્ષણ થકી પશુવર્ગની પ્રેરણાબુદ્ધિને પણ સંસ્કાર થવાનો સંભવ છે, પરંતુ પશુવર્ગની અસ્ખલિત પ્રેરણાબુદ્ધિ અને જવાબદારી વિનાની સ્થિતિ, તથા માણસની સ્ખલનને પાત્ર બુદ્ધિ અને જવાબદારીની સ્થિતિ, એ બે વચ્ચે ઘણો સ્પષ્ટ અંતર છે. ફીક્ટેએ યથાર્થ અને ઉચિત કહ્યુ છે કે "આપણા ઐહિક જીવનનો સમગ્ર હેતુ માનુષવર્ગને કોઇ ઐહિક સ્થિતિએ પહોચાડવો એટલો જ હોય, તો જેનાથી આપણી સમગ્ર પ્રવૃત્તિ અસ્ખલિત રીતે ચાલી જ જાય તેવું કદાપિ ચૂકે નહિ એવું યંત્ર આવશ્યક હતું, આપણે પણ એવા યંત્રના એક એક બંધબેસતા ચક્ર કરતાં અધિ હોવા જોયતાં ન હતાં, સ્વતંત્ર પ્રવૃત્તિ નિરુપયોગી થાત એટ-

શું જ નહિ, પણ ઉલટી હાનિકારક નીવડત, અને આપણી ઉત્તમ વૃત્તિઓ અને વાસનાઓ, નીતિમય ઇચ્છાઓ અને આશાઓ બધુ નકામું જ થઇ પડત. એ હેતુ જ્યારે સિદ્ધ હોત ત્યારે તો સૃષ્ટિની વર્તમાન ઘટના ઘણીજ અવ્યવસ્થિત મનાત, અને એ ઘટનાથી સાધવાનું ફલ ઘણા વ્યયથી અને બહુ આડે માર્ગેથી સાધેલું ગણાત."

"જીવનનું ગીત "[૧] જે છે તેનો પણ ધ્રુવભાવ "જીવન સત્ય છે, જીવન ખરું છે" એમ કહેવા ઉપરછે. **સ્વલ્પ તથાયુ**—આયુ સ્વલ્પ છે—એ તાત્પર્યને અનેક જ્ઞાનમય ઉક્તિઓમાં સમાવામાં આવેલું છે, ને અદ્યાપિ પણ સમાવવામાં આવે છે. છતાં તેનું તાદૃશ ફલ કશું થયું નથી, એટલે એ ઉક્તિમા વધારો કરવામાં અમે દોષ નથી કરતા એમ તો ન જ કહેવાય. પરંતુ સ્થૂલને નિરામય સ્થિતિમાં રાખવા માટે, એટલે કે નિદ્રા, શ્રમ, વ્યાયામ, આદિને સારુ, જેની અવશ્ય અપેક્ષા રહે છે એવા વિભાગ આયુષ્માંથી બાદ કરીએ—આરામ અને સ્નેહસુખના અનુભવ માટેનો સમય જીવનના ટુંકા સમયમાંથી બાદ કરીએ—ત્યારે જે શેષ રહે છે તે ખરેખર બહુજ થોડું છે!

તાદૃશ કાર્યકર્તૃત્વનું મૂલતત્ત્વ ટેવ, સ્વભાવ છે, ને તે પુન પુન અભ્યાસથી પ્રાપ્ત થાય છે. સારી ટેવ પ્રાપ્ત ક-

૧ Psalm of Life.

રવી એજ સુખી થવાની કલા છે. ટેવની ઉત્પત્તિ વિચારમાંથી થાય છે, પણ વિચાર પછી જેમ તુરત જ કાર્ય નીપજી આવે તેમ વિચાર કરીને કાર્ય કરવા કરતાં ટેવ-માત્રની–કાર્ય કરવાની સરલતા આવતી જાય છે. પુનઃ પુન અભ્યાસ, અને વિચાર પછી અવ્યવહિત ક્ષણે જ કાર્ય કરવાની રીતિ, એથકી ટેવ જેમ જેમ વધારે દૃઢ અને પ્રધાન થતી જાય છે તેમ તેમ, વિચારથી મન ઉપર અસર થોડી થાય છે.

સારી ટેવ પ્રાપ્ત કરી સ્થિર સ્થાપવા સારુ, અને સુખ પ્રાપ્ત કરવા સારુ, ઉત્તમ વિચારથી આરંભ કરી, ઉત્તમ ઉદ્દેશથી કાર્યપરાયણ થઇ, સર્વદા સદ્‌હેતુથીજ દોરાવું, એ અતિ આવશ્યક છે. ટેવના બે પ્રકાર છે; માનસિક અને કાયિક. કાયિક, ટેવ એ, માનસિક ટેવનું પરિણામ છે. શિક્ષણ મન ઉપર અસર કરે છે, અને તે દ્વાર થકી ટેવનાં પ્રથમાંકુરને અસર પહોચાડે છે. ઉત્તમ વિચાર, નીતિમય તર્ક, ઉદ્યોગ, આત્મસંયમન, ઈત્યાદિની ટેવ શિક્ષણથકી પાડવી, અને અભ્યાસથી કરીને એવી ટેવોનો ઉપયોગ તથા તત્કાલ કામમાં આવવાપણું વધે એમ કરવું એ સર્વને અને વિશેષે કરી જુવાન મનુષ્યોને અતિ આવશ્યક છે, ને કામમાં આવ્યાવિના રહેતું નથી. જે સ્થિતમાં આપણે છીએ તે સ્થિતિજ આપણા પૂર્ણ વિજય

માટે અમુક સામગ્રીની અપેક્ષા કરે છે. એ સામગ્રીને ઉપજાવી, પરિપક્વ, બનાવવી એ આપણું કર્તવ્ય છે. જ્ઞાનથી જિજ્ઞાસા જાગ્રત થાય છે, અનુભવથી જ્ઞાન વિશાલતા અને અને શુદ્ધતા ગૃહે છે, અને ટેવને લીધે આપણને તત્કાલ અને સમયાનુસાર વર્તન કરતાં આવડે છે. સારી ટેવ પ્રાપ્ત કરવી-એટલે કે અણીને પ્રસંગે કાંઈ કરવામાં લાંબા તર્ક કરવાની અપેક્ષા ન રહે તેવી ટેવ પ્રાપ્ત કરવી—એ, સ્વ-શિક્ષણનો મ્હોટો ઉપયોગ છે એમ અમે કહીએ છીએ.

વિભાગ ૨. સ્વ-શિક્ષણનાં તત્ત્વ.

પ્રતિવ્યક્તિનું બંધારણ તેના ભાવિનું નિદર્શન છે. કોઇ પણ વ્યક્તિનું વિશેષ બંધારણ જાણ્યું એટલે તે વ્યક્તિના નિર્માણનો હેતુ પણ જણાયો જ, સૃષ્ટિના ક્રમમાં તેનું યોગ્ય કર્તવ્ય, તેના નિર્માણનો હેતુ, જાણી શકાયાં જ. પ્રત્યેક વ્યક્તિના બંધારણને અનુકૂલ, અને તેના ભાવિને પૂર્ણ કરવા ઉપર જેની દૃષ્ટિ, એવાં કાર્યમાત્રને સુખ સાથે-તે તે વ્યક્તિની ઉપભોગશક્તિ અનુસાર-નિયત સંબંધ રહે છે. અમુક ભાવિ સિદ્ધ કરવા યોગ્ય બંધારણ પ્રાપ્ત થયું એટલે, તે ભાવિને સિદ્ધ કરવા યોગ્ય નહિ તો તેને સહાય થવા યોગ્ય શક્તિઓ પણ તે બંધારણ સાથે હોવી જ જોઇએ. પ્રત્યેક વ્યક્તિમાં કેટલાંક મૂલભૂત અને સ્વભાવસિદ્ધ એવાં વલન હોવાં જોઇએ કે જે, યોગ્ય ઉ-

ત્કર્ષ પ્રાપ્ત થતાં, સ્વત અને તર્કની સાહાય્ય વિના જ, પ્રવૃત્તિમાં આવી જાય. આવાં વલન વ્યક્તિ વ્યક્તિએ નાના પ્રકારની ભિન્નતાવાળાં જણાય, તથાપિ સમગ્ર વર્ગમાં તો તે સર્વસાધારણ રૂપે હોવાંજ જોઇએ. કાર્યપરાયણતા ઉપજાવનાર આવાં સાહજિક વલન કેટલાં અને કેવાં છે તે ઉપરથી વ્યક્તિના વ્યક્તિરૂપ ચારિત્રનું સ્વરૂપ, અને તેના ભાવિને સિદ્ધ કરવામાં જે બલ વપરાય તેનું તત્ત્વ સમજી શકાય છે. જ્યાંસુધી કોઇ પણ વ્યક્તિ સાહજિક વલનોને જ અધીન છે ત્યાં સુધી તે અશિક્ષિત છે. જ્યારે બીજા સંસર્ગોના બલથી આ વલનો પોતાનું વ્યક્તિસ્વરૂપ ત્યજે, ત્યારે શિક્ષણનો આરંભ થાય છે કોઈ પણ વ્યક્તિના સામર્થ્યમાત્રનો સંપૂર્ણ ઉદ્બોધ થવા માટે, એટલે કે તેના ભાવિનો માર્ગ સિદ્ધ કરવા માટે, તે વ્યક્તિનાં વેગ અને શક્તિને ધીમે ધીમે બહાર લાવતા જવાં, તેનું નામ શિક્ષણ.

ત્યારે આ સામાન્ય નિયમોને હવે, જે વિષય આપણા આગળ છે તે સ્વશિક્ષણના વિષયને લગાડીએ.

માણુસ શિક્ષણાર્હ જીવ છે. બીજાં પ્રાણીની પેઠે એને સહજ રીતે પ્રેરણાશક્તિ છે, પણ કેવલ અથવા મુખ્ય રીતે પણ તે તેને અધીન નથી. જેમાંથી તેની બુદ્ધિશક્તિ ખીલી ઉઠે છે તે બીજરૂપ તે છે, તેની બુદ્ધિરૂપ પ્રકૃતિ તથા નીતિમય પ્રકૃતિને ઉત્તેજિત કરનાર સાધન તે છે. જીવનના

પ્રથમારંભે માનુષવૃત્તિમાત્ર ઉપર પ્રેરણુશક્તિનો જ અધિકાર રહે છે, તેમાંથી જ પ્રવૃત્તિનો આરંભ થાય છે; પરંતુ જેમ જેમ જીવને આત્મસંયમન આવડતું જાય છે, વિચાર અને વિવેક સ્ફુરતો ચાલે છે, માણુસ પોતે પોતાના કૃત્યોનો વિચાર કરી સહેતુક ઇચ્છાપૂર્વક પ્રવૃત્તિ કરી શકે છે તેમ તેમ પ્રેરણાનું રાજ્ય શિથિલ થતું જાય છે. શિક્ષણુનો સમય પ્રાપ્ત થાય છે, પરંતુ શિક્ષણુના જે પ્રાથમિક વ્યાપાર છે તે વ્યક્તિની ઇચ્છાના પરિણામ નથી હોતા. એ તો મૂલથી જ તન્માર્ગપ્રવણ વૃત્તિઓના વ્યાપારરૂપ છે. બાહ્ય વિશ્વના સંસર્ગમાં, ઇચ્છાપૂર્વક, માણુસને આણવામાં આવે, અને તે સંસર્ગોથી ઉપજતા સંસ્કાર અનુભવવાની સ્થિતિમાં મૂકવામાં આવે, ત્યાંસુધી શિક્ષણુ આરંભાયું કહેવાય નહિ. કેવલ તટસ્થ રહી જે પ્રાપ્ત થાય તે ગ્રહણુ કરવું. અકસ્માત્ વૃત્તિક્ષોભ થાય તે થવા દેવો, એવું અનિયમિત શિક્ષણુ તે શિક્ષણુ કહેવાય નહિ— પ્રત્યક્ષના જે મૂલાક્ષર છે તે, પ્રત્યક્ષગત જ્ઞાનને ગૃહતા પૂર્વે, યથાર્થ જાણુવા જોઇએ. "ભરતનાં ચિત્ર ઉપજાવવા માટે કરેલી સામગ્રી તે, જ્યાં સુધી માણુસ પોતાની કલ્પનાના પ્રકાશથી તેને ઉપજાવી કાઢી સ્પષ્ટ બનાવી આપે નહિ ત્યાંસુધી, ચિત્ર ન કહેવાય," તેમજ બાહ્ય વિશ્વ એ પણુ કાંઇ એવી પોથી નથી કે જેમાંથી, મનુષ્યની

પોતાની બુદ્ધિ વિશ્વપરિવર્તોનો અર્થ ગૃહવા માંડે નહિ ત્યાં સુધી, ઘણુ જ્ઞાન જાણી લેવાય. અમે એમ માનીએ છીએ કે પ્રત્યેક મનુષ્ય, પછી તે ગમે તેવી સ્થિતિમાં હોય પણ જ્યારથી તેને "મારે શીખવું" એવી ઇચ્છા થઇ ત્યારથી સ્વશિક્ષણાર્હ જ છે.

સ્વશિક્ષણમાં જે અર્થનો સમાસ થાય છે તે આ પ્રમાણે છે. આપણા સમગ્ર સ્વભાવની જે શક્તિ તેનો ઇચ્છાપૂર્વક અને સ્વવ્યાપારથી–ઉદ્દબોધ કરવો, ને તે એવી રીતે કે પ્રત્યેક જન સમગ્ર જનસમૂહનું જે ભાવિ છે, તે-મ જ પ્રકૃતિથકી તથા આસપાસની સ્થિતિના સંસર્ગોથી જે સવિશેષ ભાવિ નિર્માણ થયું હોય તે, સંપૂર્ણપણાથી અથવા કાંઇ નહિ તો પોતાની સ્થિતિને અનુસાર બને તેટલા સંપૂર્ણપણાથી, સિદ્ધ કરી શકે.

"ઇચ્છા હોય તો માર્ગ એની મેળે થાય છે" એ ઉક્તિ અતિ પ્રાચીન તેમ યથાર્થ છે. અમારી ઇચ્છા સ્વ-શિક્ષણનો એકાદ માર્ગ બતાવવાની નથી પણ, અમારા જાણવામાં છે તે પ્રમાણે ઉત્તમ અને વિપુલ ફલની પ્રાપ્તિ થવાના હેતુથી મનની શકિતમાત્રનો ઉદ્દબોધ કરવાનો સારામાં સારો માર્ગ બતાવવાની છે. એટલા માટે સ્વશિ-ક્ષણનાં તત્ત્વ, સાધન, અને પદ્ધતિ વિષે અમે યથાક્રમ વિચાર કરીશું.

જેનાથી મનની સામાન્ય શક્તિઓ સુધરે, મનની શક્તિની વૃદ્ધિ થાય, મનનો કાર્યોત્સાહ પ્રદીપ્ત થાય, અને મનની પ્રવૃત્તિ નિયમિત બને, એવી ચર્ચાનો સમાવેશ પ્રથમ વિભાગમાં કરીશુ. જ્ઞાનની જિજ્ઞાસા વધારવામાં, અથવા યથાર્થ, નિત્ય, અને લાભકારી શિક્ષણ લેવાઉપર આતુરતાપૂર્વક વળેલા મનને સંતોષ આપવામાં, જે ઉપયુક્ત સાધનસામગ્રી છે તેનુ વિવેચન દ્વિતીય વિભાગમાં કરીશુ. ત્રીજા ભાગમા આપણે આપણી પોતાની જાતને સુધારવા માટે કેવી રચના કરવી, કેવી પદ્ધતિ યોજવી, તેનો વિચાર કરીશું

સ્વશિક્ષણનાં તત્ત્વ.

"આખા જગતને સુધારવુ એ તો બહુ ભારે કામ કહેવાય, એક નાની હોડીમા બેશીને મહોટા વહાણને ખેંચી જવાના પ્રયાસ જેવુ ગણાય." પરંતુ આપણો હેતુ તેવો નથી. અમે તો માત્ર સ્વસુધારણાની જ વાત કરીએ છીએ. સ્વસુધારણા એ ઘણી અગત્યની કર્તવ્યતા છે, અને તેની યથાર્થ સિદ્ધિ ઉપર આપણા આખા ભાવિનો-સુખનો કે દુખનો-આધાર છે આપણે જાતે આનંદ ભોગવી શકીએ, સંસારમાં આપણું કર્તવ્ય સાધવાનું આપણામાં સામર્થ્ય આવે, પ્રીતિમૈત્રીના આનંદમાં રસવૃદ્ધિ કરવાની આપણને શક્તિ પ્રાપ્ત થાય; ઇશ્વરદત્ત એવી માનસિક

શક્તિને મ્હોટાં અને સારાં કાર્ય સાધવામાં વાપરી શકાય; આપણી જાતે બુદ્ધિવાન્ અને જ્ઞાનવાન્ થવાની યોગ્યતા આપણામાં આવે, અને અકૃત્રિમ ભાવથકી અનાદિ તત્ત્વનું ભજન કરવાની આપણામાં યોગ્યતા આવે,–એ બધું આપણું મન જે જે વ્યાપારમા પોતાની રુચિથી પ્રવૃત્ત થાય તે તે વ્યાપાર ઉપર જે સંસ્કાર પડેલા હોય તેમાંથી ઉદ્ભવે છે. યથાર્થ ઉદ્બોધ, અને સત્ય તથા યોગ્ય શિક્ષણ, એ ઉભય સૂક્ષ્મ જ્ઞાનના પરિણામરૂપે ઉપજી આવે છે શિક્ષણવિનાનું ભણતરમાત્ર નકામા કરતા પણ નઠારૂં છે. ભણતરમાત્રથી તો અનેક કટકા ને કાપલા ભરી રાખવાના ભંડારરૂપ મન બની રહે છે, અને જેવું વિચારોસહ હતું તેવું ને તેવું જ રહ્યા કરે છે. યથાર્થરીતે વિચારવ્યાપાર કરવો–વસ્તુસ્થિતિ વિલોકવી, દર્શનમાત્રની તપાસ કરવી, અભિપ્રાયોની વિવેચના કરવી, શ્રદ્ધાવિષયોનું સૂક્ષ્મ તારતમ્ય જોવુ, પુરાવાની તુલના કરવી, તર્કાભાસને શોધી કાઢવા, સત્યાસત્યવિવેક કરવો, અને એમ સમજવું કે બિશ્વના સંભવમાત્ર મહાસત્યનાં રૂપાંતર છે–એ જ પ્રત્યેક મનુષ્યનો સર્વોપરિ ઉદ્દેશ હોવો જોઇએ. મનની આવી તીવ્ર જિજ્ઞાસા પ્રાપ્ત કરતા શીખવું, અને આવી યથાર્થદર્શન અને વિચાર કરવાની ટેવ પ્રાપ્ત કરવી, એ જ સ્વશિક્ષણ છે, તેનાં મુખ્ય તત્ત્વો હવે વિચારીએ.

૧. જ્ઞાનપૂર્વક બુદ્ધિવ્યાપારઃ—તરંગોથી ઉછળતા સમુદ્ર ઉપર પડતાં ચંદ્રતારકાદિનાં પ્રતિબિંબની પેઠે, અથવા ગ્રીષ્મકાલના તડકામાં ઉડતાં ક્ષણજીવી પતંગ જે ચક્ષુરિન્દ્રિયને નહિ જેવી જ અસર કરે છે તેની પેઠે, વિશ્વક્રમમાં થતાં દર્શનોને પણ અનિયત રીતોની જાઆવ અને બદલાબદલી કરતાં આપણે જવા જ દેઇએ તો આપણને યથાર્થ અને સૂક્ષ્મ જ્ઞાન થવું અશક્ય છે. પદાર્થોને પરસ્પરથી ભેદ પાડનાર, પણ અલક્ષ્યવત્ અને અવલોકન કરનારને સર્વથા અલક્ષ્ય એવા સૂક્ષ્મ સૂક્ષ્મવિશેષોને સૂક્ષ્મદૃષ્ટિથી આપણે વિલોકીએ નહિ, સ્મરી રાખી સદૃશ વિસદૃશના વર્ગ યોજીએ નહિ, તો વિશ્વવ્યવસ્થા સંબંધી આપણું જ્ઞાન કાંઇપણ ઉપયોગવાળું અથવા લાંબું થઇ શકે એમ માનવાનો આપણને કાંઈ હક નથી. અવિચારી અથવા પ્રમાદી, આલસુ અથવા જિજ્ઞાસારહિત, એવા વિશ્વની તેમ મનની ઉંડી આંટીઓ કદાપિ જોવાને પામતા નથી. જ્ઞાનપૂર્વક અવિરત મનોવ્યાપાર, જ્યાંથી મળે ત્યાંથી-વિશ્વ, પુસ્તક, વાતચીત, વિચાર, ઇત્યાદિમાંથી ગ્રહણ કરવાની જિજ્ઞાસા માટેનો મનોવ્યાપાર, એ, જ્ઞાનની વૃદ્ધિ કરવામાં મુખ્ય સાધન છે, અને સ્વશિક્ષણ અતિ વિકટ પણ મહાફલદાયી કાર્યમાં જે કોઇ પડે તેને અવશ્ય સાધનરૂપ છે. અત્ર અમારૂં કામ વ્યાખ્યાન આપવાનું નથી,

દિશામાત્ર બતાવવાનું છે; સુંદર ભાષાવાળો વિષય લખવાનું નથી, પણ બરાબર પાળવામાં આવતાં, અભ્યાસીના મન ઉપર સારી અસર કરે ને લાભકારી થઈ પડે તેવી કેટલીક સૂચનાઓ આપવાનું છે, એટલા માટે અમે આ વાત ઉપર વધારે વિવેચન નહીં કરતાં સ્વશિક્ષણના બીજા તત્ત્વ ઉપર આવીએ છીએ,

૨. **સ્પષ્ટ અને નિશ્ચિત ઉદ્દેશઃ**—સામર્થ્ય અને પ્રવૃત્તિ ઉભયે, ઉદ્દેશ અથવા, સર્વોપરિ, સર્વનિયામક અને સર્વને દોરનાર સંકલ્પવિના વ્યર્થ છે. મહાન્ નિયંતારૂપે પુન પુન: સ્મૃતિપથમાં દર્શન દેતો મનના સ્વભારૂપ જ થઇ ગયેલો, કોઈ એક સિદ્ધ ઉદ્દેશ રાખવો, અને આ કેન્દ્રની અપેક્ષાથકી પ્રત્યેક વિચાર અને પ્રત્યેક કર્તવ્યતાને યોગ્ય સ્થાને યોજવાં, એજ જીવનને યોગ્ય અને વાસ્તવિક સુધારણાને માર્ગે ચઢાવવાનાં મુખ્ય સાધન છે. જ્યાંસુધી શું સિદ્ધ કરવાનું છે તે નક્કી નથી, ઉદ્દેશ સિદ્ધ થયો નથી, ત્યાંસુધી, કર્તવ્યતા શી રીતે સિદ્ધ કરવી? એના નિયમો ઘડવા અશકય છે, મનને કોઇ અમુક શિક્ષણપદ્ધતિ, પછી તે ગમે તેવી ઉત્તમ હોય, તે લાગુ કરવી કેવલ અશકય છે. " ઉદ્દેશથકી જ માણસ પોતાના સ્વભાવને અનુકૂલ થઈ શકે છે. "

ઉદ્દેશવિના પ્રવર્તવાની ટેવમાંથી અનિયમિતપણાની

ટેવ પડે છે, શક્તિ અસ્થાને ખર્ચાય છે, પ્રયત્ન ખોટી દિશાએ ઉતરે છે, અને નજીવા કામમા ગુંચવાઇ પડવાની તથા મિથ્યા ધાંધલ કરવાની ટેવ પડે છે. જે માણુસનું જીવન અમુક સિદ્ધ ઉદ્દેશથી નિયત્રિત છે, તેને વિક્ષેપથી વિઘ્ન થતું નથી, તે લાભહીન અને મિથ્યા પ્રવૃત્તિમાં પોતાના બલને ક્ષય કરતો નથી, અથવા ઔચિત્યહીન ફલ સાધવામાં બુદ્ધિનો વ્યય કરતો નથી. સિદ્ધ, નિશ્ચિત, સ્થિર એવો આખા જીવનના મુખ્ય હેતુરૂપ ઉદ્દેશ હોવાથી અવધાન અને પ્રવૃત્તિ ઉભયે કેન્દ્રબદ્ધ થાય છે, વિચારમા એકતા આવે છે, અને વૃદ્ધિ પામવામાં આગ્રહ વધે છે. યદ્યપિ એના કાલવિભાગમા નિયમિત અભ્યાસકાલનો વિભાગ જણાય નહિ, યદ્યપિ જ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિમાં તેનો વ્યાપાર અવિરત અને એક જ માર્ગે ચાલ્યો જાય નહિ, યદ્યપિ દેખીતી રીતે તો તેની પાસે જ્ઞાનનાં ઘણાં જ થોડાં સાધન હોય, તથાપિ જે માણુસને સ્વશિક્ષણુની ખરી ચટકી લાગેલી છે અને તે સિદ્ધ કરવાને જે ખાઇપીને મંડયો જ છે, તે, પોતાને પ્રાપ્ત થઇ શકે તેવાં સાધનોને જે દીર્ઘ અને ઉંડા વિચારથી યોજશે તથા વાપરશે, અને પોતાને મળી શકે તેટલા પ્રસંગોનો સારામા સારો લાભ લેવા જે પદ્ધતિથી પ્રવર્તશે, તે ખરેખર તેને અતિશય માન અપાવે તેવાં નીવડશે. ઉદ્દેશ એ પદ્ધ-

તિનો જીવ છે, અને આગ્રહ તથા બુદ્ધિપૂર્વક પદ્ધતિને પાર ઉતારવી એ વિજયનો જીવ છે. મૂલથી ઉચ્ચ શક્તિ હોય, અને તે અતિ ઉચ્ચાભિલાષી વાસનાઓથી તથા ઝળહળતી કલ્પનાશક્તિથી, અતિ ઉચ્ચ ભાવના પ્રકર્ષપર્યંત પહોંચી હોય, તો તેવાં માણસ મ્હોટાં આશ્ચર્ય સાધી શકે છે; પણ જો અનિશ્ચય, સંશયનો કીડો ફૂલમાં પ્રવેશ પામી ગયો તો બધું તત્ત્વ ખાઇ જવાનો, અને નાનું તુંબડું "જે એક રાતમાં થયું ને એક રાતમાં ગયું" તેવી દશા થવાની. संशयात्मा विनश्यति। ત્યારે તમારો કાયસંપાદક વેગ, તમારી શક્તિઓ, તમને જે જે પ્રસંગ પ્રાપ્ત થાય, તે સર્વથી કોઇ ઉત્તમોત્તમ કાર્ય સિદ્ધ કરવાનો નિશ્ચય કરો. માનુષસામર્થ્ય અને માનુષભાવિને સંભવિત એવું કોઇ મહાકાર્ય સિદ્ધ કરવામા વાપરો; તેવાં મહાકાર્ય મધ્યે હીંમત અને આગ્રહથી મંડયા રહો, નાની મ્હોટી બીજી પ્રવૃત્તિમાત્રને તે ઉદ્દેશને આધીન રાખો—જીવનનો જે ઉત્તમોદ્દેશ નક્કી કર્યો હોય તેના ઉપર બહુ દૃઢ અને તીવ્ર આગ્રહ રાખો, તો તમે વિજય પામવા યોગ્ય થશો અને પામશો.

૩. અનિર્વિણ્ણ ઉદ્યોગની અને સ્થિર અવધાનની ટેવ પ્રાપ્ત કરવી.—પ્રસંગવશાત્ અથવા ઇચ્છાપૂર્વક જે કાયિક માનસિક પ્રવૃત્તિ થઇ આવે છે તેવી જ

પ્રવૃત્તિ પુનઃ પુનઃ થવાની પ્રવિણુતા માનુષપ્રકૃતિમાં સ્વાભાવિક રીતે જ રહેલી છે. ટેવનું પ્રાથમિક તત્ત્વ આ સ્વાભાવિક પ્રવિણુતા જ છે. વિચાર અને તજ્જન્ય પ્રવૃત્તિ તેમની વચ્ચે જે અભેદરૂપ અને નિયમિત નિયત સંબંધ રહે છે, તે ઉપરથી એક પ્રકારની સાહચર્યજન્ય પ્રવૃત્તિપરાયણુતા ઉપજી આવે છે, એટલે પુનઃ પુનઃ તથા નિયમિત રીતે થયાં જવાને લીધે વિચાર ને પ્રવૃત્તિની અનેક શ્રેણીઓ, ધીમે ધીમે, સ્વતઃ જ ઉપજી આવવા માંડે છે. આરંભે જે પ્રવૃત્તિ કેવલ સહજ બુદ્ધિજન્ય જ હોય છે તે વર્ષો વધતાં સબુદ્ધિક અને ઇચ્છાયુક્ત થાય છે, ને તેથી જ પોતે પોતાની નિયામક થતી જાય છે. પરંતુ ટેવ પ્રાપ્ત કરવાની જે સહજ પ્રવિણુતા માનુષપ્રકૃતિમાં રહેલી છે, તે આપણા વિચાર તથા પ્રવૃત્તિને ઇચ્છાના અધિકારમાંથી દૂર કરી લેઇ, શરીરની ઇચ્છારહિત અન્ય ચેષ્ટાઓની પેઠે યંત્રવત્ સ્વતઃ જ ઉદ્ભવવાના નિયમને અધીન કરવા યત્ન કરે છે. જે ટેવથકી થયાં જાય છે તે સ્વાભાવિકનું સાદૃશ્ય ગ્રહણુ કરતું જાય છે, અને ટેવ ધીમે ધીમે બુદ્ધિયુક્ત સહજવૃત્તિનું રૂપ ધારણુ કરે છે. શરીરગત જે આવી સ્વાભાવિક પ્રવિણુતા તેને લક્ષપૂર્વક યોગ્યરીતે નિયમવાથી જે લાભ થાય તે જેટલા કહીએ તેટલા ઓછા જાણુવા. પેલી કહે છે કે " માણસો વિચા-

રથી પ્રવૃત્તિ કરવા કરતાં ટેવથી જ વધારે પ્રવૃત્તિ કરે છે;" અને લોક બતાવે છે કે "માણસ માણસની બુદ્ધિ અને શક્તિમાં જે ફેર જણાય છે તે તેમની સ્વાભાવિક શક્તિ કરતા પ્રાપ્ત કરેલી ટેવને લીધે થઇ આવે છે."

જીવનને નિયમનારરૂપે ઉદ્દેશની જેમ આવશ્યકતા છે તેમ, જીવનનો ઉદ્દેશ સિદ્ધ કરવાનાં સાધનરૂપે ટેવનો પણ થોડો ઉપયોગ નથી. ટેવ અથવા શીલ તે અવ્યવસ્થાથી ઉલટું છે, અને અવ્યવસ્થા છે તે કોઈ પણ કાર્ય સિદ્ધ કરવામાં મહાવિરોધ ઉપજાવનારી છે. ઉત્તમોત્તમ ઉદ્દેશમાંથી ઉત્તમ શીલ અથવા ટેવ પડે છે; અને એકવાર નક્કી કરીને ઠરાવેલો ઉત્તમ ઉદ્દેશ તેવો ને તેવો ટકે તે માટે અનિર્વિણ્ણ ઉદ્યોગ આવશ્યક છે. "કર્યાવિના કામ થાય એ અશક્ય છે", તેમ જ કાઇ પણ થવું, અથવા સારી રીતે થવુ, તે અનિર્વિણ્ણ અને નિયમિત ઉદ્યોગવિના અશકય છે "પદ્ધતિપુરઃસર ઉદ્યોગ કરનાર અને ઉત્તમોદ્દેશને અનુસરનાર મનુષ્ય કાલને સજીવ કરી શકે છે; અને જેનો સ્વભાવ જ જતા રહેવાનો, ક્ષણિક છે તેને અમરત્વ અર્પી જીવનમય કરી દે છે." તેમ જ અનિર્વિણ્ણ ઉદ્યોગ કરતા સ્થિર અવધાન પણ ઓછું આવશ્યક નથી. કોઈ પણ વિષય, વિચાર, કે ઉદ્દેશ ઉપર અમુક સમયપર્યંત અવધાન લગાડવાની ટેવ પ્રાપ્ત કરવાથી જ તે વિષયવિચારાદિના તત્ત્વને

નિશ્ચયપૂર્વક જાણી વિચારી શકાય છે, તથા બુદ્ધિગત અન્ય વિચારો સાથે તેમનો શો સંબંધ છે તે ગૃહી શકાય છે. વાસ્તવિક રીતે કહીએ, તો જેમ કોઇ પણ ઉદ્દેશને ઉદ્યોગવિના પારઉતારવો અશકય છે, તેમ અવધાનવિના ઉદ્યોગી થઈ શકવું પણ અશકય છે. શીલ છે તે, માણસે પોતે પોતાની મેળે જ, પોતાને અનુસરવા અને અધીન રહેવા માટે યોજીકાઢેલા નિયમરૂપ છે.

શીલમાં નીચે પ્રમાણે ત્રણ વાત હોય છે –

(૧) શરીર અથવા મનના જે વ્યાપાર આરંભે નિર્વેદવાળા અને કઠિન લાગતા હોય તે એનાથકી, સુતર અને યથાર્થ થતા જાય છે.

(૨) આરંભે અનાદરપૂર્ણ અથવા દુ:ખકર એવા શરીર તથા મનના વ્યાપાર સાદર અને સુખકર થઇ આવે છે.

(૩) ઇચ્છાની પણ પાર જઇ, શીલ, શરીર તથા મનને નિયમવાના નવાં સ્થાન ઉપજાવે છે.

શીલનું સ્વરૂપ અને તેની અસર આવા પ્રકારની હોવાથી આપણે શીલ પ્રાપ્ત કરવામાં અથવા ઉપજાવવામાં બહુ સાવધાન રહેવુ જોઇએ? કે આપણા જીવનને જે ઉત્તમોત્તમ ઉદ્દેશથી નિયમવુ જોઇએ તેને જ બધાં શીલ આધીન રહે, અને આત્મામાં જે સ્વાભાવિક ઉત્તમતા અને શુભ સામર્થ્ય છે તે સંપૂર્ણ રીતે સિદ્ધ અનુભવમા લાવવા

ઉપયુક્ત હોય તેવાંજ શીલ આપણે ગ્રહણ કરી બીજાંને પરહરી શકીએ.

૪. વિચારસાહચર્ય ઉપર અધિકાર—વિચાર-સાહચાર્યના નિયમો, વર્તમાન સમયે, એકંદરે સમજાઇ ચુકયા છે. ડૉ. **વોટ્સ** મુખ્ય નિયમનું સ્વરૂપ આ પ્રમાણે બતાવે છે. "મનને પરિચિત એવા એક વિચાર સાથે, નવા અથવા અપરિચિત વિચારોને યોજવાથી, નવા વિચારો સહજે સ્મરી શકાશે" સર **વીલીઅમ** હેમિલ્ટને, આ નિયમ આ પ્રકારે દર્શાવ્યો છે, "જે વિચારો કોઈ પણ કાલે, અતિ દૂર કે સમીપ કાલે, પરસ્પર સાર્થ સામાના-ધિકરણ્યે કે અવ્યવહિત પૂર્વોત્તર ભાવિત્વ સંબંધે કરીને રહેલા હોય, તેમાંના કોઇનું પણ સ્મરણ થતાં તેની સા-ર્થતાનું પણ સ્મરણ થાય છે"

વિચારસાહચર્યના જે ચાર ગૌણ નિયમો છે તેમનું સ્વરૂપ આ ચાર શબ્દોથી વારંવાર જણાવવામાં આવે છે; સાધર્મ્ય, વૈધર્મ્ય, સાહચર્ય અને આનુપૂર્વી. આ પ્રત્યેક વાત વિચારસાહચર્ય ઉપર જુદી જુદી અસર ઉપજાવે છે, પણ એ સર્વને ઇચ્છાને આધીન રાખવાની, અને એ રીતે વિચારસ્થાન-મન-ઉપર અખત્યાર રાખવાની ઘણી અપેક્ષા છે. ઉદ્દેશવિનાની ગમે તેવી પદ્ધતિએ વિચારોને ગરબડવા દેવા, અથવા નિર્હેતુક આનુપૂર્વીયકી આવવા જવા દેવા,

એથી તો આપણે તરંગ અને સ્વપ્નને વશ થઇ જઇએ, બંડ તોફાન અને અનાજ્ઞાકારિત્વને આપણા ઉપર અધિકાર ભોગવવા દેઇએ, વસ્તુપદાર્થાદિના ક્ષણિક દેખાવમાત્ર ઉપર વિચાર રમ્યાં કરે, એટલે કે નજીવી વાતોમાં ગોથાં ખાધાં જાય, અથવા બુદ્ધિ અને ઇચ્છાની આજ્ઞાને જ્યારે પ્રસંગ આવે ત્યારે માને નહિ, તો ચારિત્ર શિથિલ થઇ જાય, ઉદ્દેશમાંથી દૃઢતાનો અંશ નિર્મૂલ થઇ જાય, અને સમુદ્રના તરંગ ઉપરના ફેનની હિમના કરાથી શાન્તિ થાય તેટલી જ શુભોપદેશની અસર મનને લાગી શકે. એકરૂપ અને દૃઢ ચારિત્ર અશિક્ષિત મનમા હોઇ શકે જ નહિ. એટલા સારુ વિચારના પ્રવાહને એવી રીતે ઇચ્છાને વશ કરી રાખવા જોઇએ, જીવનનો ઉદ્દેશ સાધવા ભણી એવા વાળવા જોઇએ, કે બુદ્ધિમાં ઉદય થતો પ્રત્યેક વિચાર જીવનના મુખ્ય ઉદ્દેશમાં વિક્ષેપ પેદા કરવાને બદલે ઉદ્દેશને અનુસરતા માર્ગમાં જ વહેવા લાગે, અને તે ઉદ્દેશના સ્વરૂપમાં ભળી જાય. વસ્તુપદાર્થાદિના યથાર્થ અને નિત્ય સંબંધમાંથી સત્ય ઉદ્ભવે છે, તેમના પ્રાસંગિક સંબંધોમાંથી અસત્ય વિના બીજું ઉપજતું નથી.

૫ સમાહિત, શાન્ત, અને સંસ્કારયુક્ત તર્કશક્તિ—મનમાં ઉપજતા વિચારમાત્રની, સ્પષ્ટ અને સિદ્ધનિયમાનુસાર, સમાલોચના કરી જોવાની ટેવ જેણે પ્રાપ્ત કરી હોય

તેનામાં યથાર્થ તર્ક કરવાનું સામર્થ્ય આવ્યાવિના રહે નહિ. " યથાર્થ ન્યાયપદ્ધતિને અનુસરતાં આપણા પ્રયાસમાત્ર યોગ્ય માર્ગે ઉતરે છે, અને એ પદ્ધતિ, ઇષ્ટ સાધનમાં, એક યંત્રરૂપ સહાય થઇ પડે છે. એમ હોવાથી એ પદ્ધતિને લીધે શ્રમ ટુંકો થાય છે, અને સરખેસરખા શ્રમમાંથી ફલ અધિક ઉપજી આવે છે." "અસાહાય્ય હાથ, તેમ જ પોતાના જ ઉપર આધાર રાખતું મન, ઉભય શક્તિહીન છે. કાર્ય સંપાદન કરવાને સાધન અને સાહાય્ય જોઇએ છીએ, અને હાથને તેમ બુદ્ધિને પણ તેમની પૂર્ણ જરૂર છે. જેમ યંત્રથકી હાથની ગતિ વધારે સ્ફૂર્તિવાળી કે નિયમિત થાય છે, તેમ મનને લાગુ કરેલી પદ્ધતિ પણ બુદ્ધિને સહાય થાય છે કે રક્ષણકર્તા નીવડે છે."

૯. નીતિની શુદ્ધતા અને નીતિનિયમનો આદર:- ઉગ્ર ઇચ્છા અને વિષયાભિલાષ, ઉત્તમ ઉદ્દેશ અને ઉચ્ચ ભાવિનાં અત્યંત વિરોધી છે. ઇશ્વરની જે ભાવના આપણે બાંધી હોય તેરૂપજ આપણી પ્રકૃતિને કરી દેવી, એ આપણે આપણું જે ભાવિ ધારી શકીએ તેમાં ઉત્તમોત્તમ વિચાર છે. અમને એમ ભાસે છે કે ઇશ્વરી નીતિનિયમ સાથે બુદ્ધિવ્યાપારની અત્યંત એકતા થઇ જાય, શરીરની ટેવમાત્ર અને ચારિત્રગત વૃત્તિમાત્ર એવી એકતા ગ્રહે, એ જ માનુષસ્વરૂપની પૂર્ણતાની અવધિ છે. " અહો ! જગતા

જ્યોત નીતિમય જીવન સાથે આપણા જીવનની પવિત્ર એકતા થાય" !

પ્રત્યેક વિરોધિ ભાવના ઉપર અંકુશ રાખવો જોઇએ. હૃદયને કોઇપણ તર્કાભાસ છેતરી ન જાય તે માટે બુદ્ધિએ જાગ્રત રહેવું જોઇએ, હૃદયે પણ, નીતિનિયમવિરુદ્ધ કોઇ સિદ્ધાન્ત, બુદ્ધિ ગ્રહણ ન કરે તેવી સૂચના કરવા સાવધાન રહેવું જોઈએ, તેમ જ ઉદ્દેશ, શીલ, વિચાર સંકલ્પ, શક્તિ, સર્વ ઉપર અપ્રતિહત સામ્રાજ્ય ભોગવતાં છતાં પણ ઇચ્છાએ, આંતરોદ્દગારથી પ્રેરિત અને શાસ્ત્રસિદ્ધ એવી પવિત્ર નીતિમત્તાને નમવામાં પોતાના અધિકારનો ગ્રહ ધરવો ન જોઇએ, "આ એક વાતમાં જ આચારમાત્રનું તેમ માનુષત્વનું રહસ્ય રહેલું છે."

આ પ્રકારે જે ઉપદેશ કહ્યા તે સાંભળવાના જ નથી. પણ તેમને આચારમાં ઉતારવાના છે.

વિભાગ ૩ સ્વશિક્ષણનાં સાધન.

માનુષજીવન મર્યાદિત છે. મર્યાદિત એટલે આપણી પ્રકૃતિની સીમા કરી આપનાર, તેને અસર કરનાર, અથવા તેથી વિરુદ્ધ વર્તનાર, પદાર્થાદિથી અભિવેષ્ટિત છે. આવાં જે બાહ્ય અભિવેષ્ટન તે અમુક નિયમોને આધિન છે, અને સર્વદા અસ્ખલિત રીતે તેને અનુસરે છે. આમ હોવાથી

માણુસ પરસ્પરથી વિરૂદ્ધ વહેતી અનેક શ્રેણિઓથી અભિવેષ્ટિત અને અભિસંસ્કૃત રહ્યાં કરે છે; એ સર્વને તેણે વશ વર્તવું, અથવા તેમના ઉપર અધિકાર પ્રાપ્ત કરી સાચવી રાખવા માટે માણુસે પદાર્થસંભવાદિના નિયમોનું સૂક્ષ્મ અને યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવુ જોઇએ, અને પોતાનું શીલ તથા પ્રવૃત્તિ વિશ્વનિયમાનુસાર સ્થાપવાં જોઇએ. વિશ્વનિયમોના સામ્રાજ્યમાં બધુ નિયમાધીન જ છે, અને ઔપાધિક ગુણ, ધર્મ, ઇત્યાદિ હોય છે, જેથકી વસ્તુ વસ્તુ પરસ્પરથી ભિન્નરૂપે ઓળખાવા જેટલું સ્વતસ્ત્વ પ્રાપ્ત કરી લે છે, પ્રત્યેક વસ્તુ પોતાના નૈસર્ગીક ધર્મનું સંરક્ષણ કરવા ઇચ્છે છે એટલું જ નહિ, પણ સામાના નૈસર્ગીક ધર્મોને પોતાને વશ કરવા મથે છે-એવી વસ્તુગતિ હોવાથી વિશ્વમાં નિરંતર વિરોધ અને પરિવર્તન ચાલ્યાં જ કરે છે. આવા વિરોધી સંસર્ગોની મધ્યે મનુષ્યનું સ્થાન છે, એટલે જો મનુષ્ય જીવવા ઇચ્છતું હોય તો તેણે પોતાનો ખરો અધિકાર બજાવવો જોઈએ. આ પ્રકારની સ્થિતિને લીધે જીવન એક શિક્ષણરૂપ થઇ રૂહે છે. પ્રસંગમાત્ર ઉપર મનુષ્યના મનુષ્યત્વે વિજય પ્રાપ્ત કરવો જ જોઇએ. મનુષ્યત્વનો પૂર્ણ અને ઉત્તમ વિકાસ તેજ, જેને આપણે શિક્ષણ કહીએ છીએ તે છે.

અમુક ઉત્તેજકના સાન્નિધ્યથી જેનો ઉત્કર્ષ થઇ શકે

એવી વિશેષ અને સામાન્ય શક્તિઓ માણસનામાં રૂહેલી છે. પોતપોતાના સમયાનુસાર, અને પોતપોતાના સ્વરૂપાનુસાર, આ વિશેષ શક્તિઓને, જીવનના નિયત ઉદ્દેશને અધીન રાખી વિકાસ પમાડતા જવી, એ ઉપર જ માણુસના ઉદ્બોધનો આધાર રૂહે છે. માણુસના સ્વભાવમાં જે જે શક્તિઓ રૂહેલી છે તે સર્વેનો, પરસ્પરના પ્રમાણપૂર્વક વિકાસ, ઇચ્છાસહિત અવિરત બુદ્ધિવ્યાપારથકી, સાધી શકાય, એવા પ્રસંગોમાં જીવન ગાળવું, એવી અસરોને ઉપજાવવી, એજ સ્વશિક્ષણનું સવિશેષ તત્ત્વ છે.

આમ કરવાથી જ માનુષત્વના ઉત્કર્ષ પામી શકાય છે. મનુષ્ય "એ જે જે બન્યું છે તેનો મુકુટ છે; બીજાં પ્રાણીની પેઠે તે અધોગામી અથવા પશુવૃત્તિવાળું નથી પણ વિવેકબુદ્ધિના પવિત્ર સામર્થ્યથી ભૂષિત છે; એવા હેતુથી કે ઊંચું મોં રાખી, છાતી કાઢીને ચાલતાં સ્વરૂપને સમજી, સર્વ ઉપર રાજ્ય ચલાવી શકે, અને એમ કરતાં ઈશ્વરાભિમુખ થઇ, જ્યાંથી તેનાં સુખમાત્ર ઉદ્ભવે છે ત્યાં ઉપકારદૃષ્ટિ કરે, તથા ભક્તિભરિત હૃદયે, મનકર્મવાણી સવથી, જેણે તેને પોતાની સૃષ્ટિમાં મુખ્ય સર્જ્યું છે, તે ઇશ્વરની આરાધના અને પૂજા કરે."

શિક્ષણથી વૃદ્ધિ થાય છે. જ્યાં જ્યાં વૃદ્ધિ અથવા વિકાસ દીઠામાં આવે છે ત્યાં ત્યાં આખી સૃષ્ટિના જીવન

વ્યાપારમાત્રમાં-વૃદ્ધિ પામનાર પદાર્થના સ્વરૂપમાં સાહજિક રીતે જ રહેલી શક્તિ, તદ્વ્યતિરિક્ત ઉત્તેજકના બલથી વિકાસી આવતાં વૃદ્ધિ થતી સમજાય છે, એટલુંજ નહિ પણ આવા બાહ્ય ઉત્તેજક પતિ, વૃદ્ધિ આણનાર પદાર્થ, વૃદ્ધિપૂર્વે, અતિ સૂક્ષ્મ સંયોજના પામતું જણાય છે, અને એમ યોગ થતે થતે જ વૃદ્ધિએ પહોચે છે. માણસમાં પણ એનું એજ થાય છે. મનુષ્યની ચોપાસા વિવધિ સૃષ્ટિ વિસ્તર્યા જાય છે, સૃષ્ટિમાત્ર અમુક નિયમને આધીન છે. આવી સૃષ્ટિમાં અને આવા અસ્ખલિત નિયમોના સામ્રાજ્યમાં માણસનું જીવન પડેલું છે. એ સસર્ગોની જાલમાં તેણે પોતાની ઇચ્છાશક્તિને વણવી જોઇએ અને તેમને અનુકૂલ રહીને કે પ્રતિકૂલ થઇને તેણે પોતાનું પોતાપણુ સિદ્ધ કરી, આત્મત્વ પ્રાપ્ત કરવુ જોઇએ. આ રીતે પ્રાપ્ત કરેલું સબુદ્ધિક જીવનનું ભાન તથા આત્મત્વનું બલ કદાપિ ભુલી જવું નહિ. માણસના આત્માએ નિરંતર, પોતાની આસપાસના સંસર્ગોની સામે થયાં કરવું, અને ઇદ્રિયો જે સૃષ્ટિ બતાવી તેમાં ફસાવવાનું કરે તેથી બચી જવા માટે, તેમની સામે સર્વદા યુદ્ધ કર્યા કરવું. બુદ્ધિની શક્તિમાત્ર તથા તેના સર્વ વ્યાપાર આત્મત્વયુક્ત અંતઃકરણને અધીન રાખવા-સર્વથા આત્મબુદ્ધિથી ને આત્માનુજ્ઞાથી જ પ્રવૃત્તિ કરવી—એજ ખરા શિક્ષણનું સ્વરૂપ છે, ખરી મહત્તાનું

લક્ષણ છે, એ રીતે જ " છાતી કાઢી ઉભા રહી આ સ્પ્રિન ીખરી બાજુને ઉપર તાણી આણી શકાય છે."

જીવનનો તાત્ત્વિક અર્થ અને ઉદ્દેશ શો છે, તે આ પ્રકારે સામાન્ય રીતે સમજવા ઉપરથી હવે આપણે સ્વ-શિક્ષણમાં આવા બાહ્ય સંસર્ગોનો શો ઉપયોગ કરવો તે જોઇ શકીશું ત્યારે એ જોવા માટે આપણે હવે.

સ્વશિક્ષણનાં બાહ્ય સાધન.—

તપાસીએ. જીવન જ શિક્ષણરૂપ છે. પોતપોતાનું ચારિત્ર બંધાય, બુદ્ધિ, નીતિ, તથા ધર્મનું શીલ પ્રાપ્ત થાય, એ તેનો મહાન્ ઉદ્દેશ છે. એટલા જ માટે જીવન છે તે કર્ત-વ્યતાની એક કવાયતરૂપ છે. જ્યાં જોઈએ ત્યાંથી એનો એજ ઉપદેશ મળે છે કે કર્તવ્યતા એજ સર્વ વિચાર અને સર્વ વ્યાપારનું કેન્દ્ર હોવું જોઇએ. સત્ય-જ્ઞાન અને યોગ્ય ઇચ્છામાંથી કર્તવ્યતાનું ભાન થાય છે. પોતે કાંઇક કરી શકે તે પૂર્વે માણસે જાણવું જોઇએ. જ્ઞાન પ્રાપ્ત કરવું, એ કર્તવ્યતા માટેની સાધક દશા છે, કર્તવ્યતાની દીક્ષાનો પ્રથમોપદેશ છે,-જીવનના મહાન્ ઉદ્દેશને સિદ્ધ કરવાનું પ્રથમ પગલું એ છે કે " ચા-રિત્રના બલથી અયોગ્ય આચારવિચારને સર્વથા વિદૂર રાખી આત્માને પરિશુદ્ધ રાખવો."

આપણી આસપાસ રહેલાં એવાં એક બે શિક્ષણ-સાધનનો વિચાર કરીએ.

(૧ વિશ્વસચિત્ર ગ્રંથોમાંનો ઉત્તમોત્તમ ગ્રથ,–ઈશ્વરનું અનાદિ, અનન્ત, સુસંસ્કૃત, અતિ પ્રાચીન પુસ્તક,–આ વિશ્વ કેવું અગાધ છે! કેવું બોધમય છે! જેમ જેમ યુગોના–યુગ વહી જાય છે, અને "વિશ્વના કક્કા"ની જુદી જુદી યોજનાઓ કે જેને વસ્તુગતિ કહેવાય છે, અથવા જેને સત્યનું નામ અપાય છે, તે માર્મિક જ્ઞાનીઓ અધિકાધિક સમજતા ચાલે છે, તેમ તેમ એ ગ્રથનું એક એક પત્ર વધારે દીપ્તિમાન થતું જાય છે અને બુદ્ધિને તથા ઊર્મિને ઉત્તેજિત કરવાનું અધિકાધિક સામર્થ્ય પ્રાપ્ત કરતું ચાલે છે વિશાલ નીલિમાના વિસ્તારમા ચીતરેલી દિવ્ય જ્યોત્ય *રૂપસંજ્ઞા છે, તેનો અર્થ કોણ કરી શકે એમ છે? સતત ગતિમાન તરંગમય જલનિધિના અનુવાદસંવાદનું વિવેચન કોણ કરી શકે એમ છે? વર્ષાકાલના શીતલ અને મંદ વાયુનાં સુશ્લિષ્ટ ગાન કોણ સમજી શકે તેમ છે? ઇશ્વરે જેના ઉપર સૃષ્ટિસર્ગનાં રહસ્ય કોતરી રાખ્યાં છે, એવા શિલારૂપ પત્રો જ્યારે કોઈ મહાન્ ભૂકંપના વિક્ષોભથી ઉખડી જાય, ત્યારે તેમા લખેલી વાતો સમજાવવા કોને બોલાવી શકાય એમ છે? રસાયનક્રિયામા થતા વિકાર,

* સૂર્ય ચંદ્રાદિ

વિદ્યુતના ચમત્કાર, યાંત્રિક શક્તિની પ્રવૃત્તિ, જડના પરિવર્ત, એ સર્વ, અર્થાત્ જીવનના પ્રકારમાત્રમા એક એક એવું ગુઢ રહસ્ય રહેલું હોતું નથી ? કે જેને શોધી કાઢી સ્પષ્ટ કરી આપનાર આખા મનુષ્યવર્ગનો મુકુટ થવારૂપ કીર્તિ પામે છે. પદાર્થસંભવાદિ સૃષ્ટિમાત્રમાં જે ગૂઢ સત્તા રહેલી છે તેને ઓળખી કાઢવી, સૃષ્ટિસર્ગના નિયમોને વ્યવસ્થાપનાર એકાદ મહાનિયમ શોધી કાઢવો, કાર્યકારણના નિયમની જે સાકળ સર્વપાસા જડાયલી છે તેના કેટલાક અંકોડા બરાબર જાણવા, વિશ્વવ્યવસ્થામાં પરસ્પરાનુકૂલ્ય અને નિયમિતપણું ઉપજાવનારા નિયમોને સ્પષ્ટ કરવા, અને પદાર્થ તથા સંભવો વચ્ચેનો સંબંધ સમજાવવો,— એ બધાં કર્તવ્ય શુ એવાં નથી કે જેના સિદ્ધ કરનારને પોતાના યોગ્ય ઉપહારરૂપે, અમર કીર્તિ પ્રાપ્ત કરી આપે? ખરા અભ્યાસીની અનિર્વિણ્ણ ધીરજથી જે કોઇ વિશ્વરૂપી ગ્રંથનાં પાનામાં આંખો પરોવી રહે છે તેને વિશ્વદેવતા ઉત્તમોત્તમ જ્ઞાન અતિ ઉપયોગી શિક્ષા આપ્યા વિના રહેતી નથી. વસ્તુસ્થિતિ તો એવી જ છે કે મનુષ્ય સ્વાભાવિક રીતે જ વિશ્વગ્રંથ વાંચવા લલચાય છે. આખા વિશ્વમાં જે સૌંદર્ય અને પ્રકાશ, જે ભવ્યતા અને અગાધતા, વ્યાપી રહેલાં છે તેથકી મનુષ્યની રસવૃત્તિ કેળવાય છે. જિજ્ઞાસા ઉત્તેજિત થાય છે, અને ઇચ્છા જાગૃત્ થાય છે. વળી જેની-

મધ્યે પોતે પેસે છે તે પદાર્થાદિનું સૂક્ષ્મ જ્ઞાન પોતાને હોવું જોઇએ, એ વાત પણ તેને પડતી વિવિધ પ્રકારની ગરજોને લીધે આવશ્યક થઈ પડે છે, અને સ્વાતંત્ર્યભંગને કોઇ પણ અંશે સહન નહીં કરવાનો તેનો સ્વભાવ તેને શીખવાની ફરજ પાડે છે કે વિશ્વદેવતા, તેની ચતુરાઇને, ક્યાં આગળથી એમ કહે છે કે " આટલે સુધી જ તારે આવવું, એથી આગળ નહિ, તારા સાભિમાન સામ્રાજ્યની સીમા આટલી જ છે."

પણ આપણે ખરેખરૂં ડહાપણ પ્રાપ્ત કરી શકીએ, તે સારુ તો કેવલ શાસ્ત્રીય જ્ઞાન કરતા કાંઇક અધિક જોઇએ છીએ. વિચારમાત્ર જ નહિ, પણ વિચારથી ઉપજતું અને વિચારસહકૃત એવું કાર્ય, તે માનુષત્વની મહત્તાનું નિદાન છે. આપણી આસપાસના પદાર્થમાત્રના ધર્મ, ગુણ, અને સામર્થ્ય જાણવાની જેટલી આવશ્યકતા છે તે કરતાં, વિશ્વ અને વિશ્વના નિયમો જેવા છે તેવા માન્ય રાખી, તેમનો અધિકાર જેટલામાં વર્તે છે તેટલામાં, તે નિયમોને અધીન રહીને અથવા તેમનાથી દોરાઇને, આપણા પોતાના જીવનનો ઉદ્દેશ સિદ્ધ કરવો, એની ઓછી આવશ્યકતા નથી. કોઇ પણ વસ્તુ ખાસ પોતાને જ માટે તે વસ્તુરૂપે અસ્તિત્વ ધરી રહી છે નહિ; તે વસ્તુના અસ્તિત્વનો સમગ્ર હેતુ અને ઉદ્દેશ મનુષ્ય તેની આસપાસ જે

વર્તુલ દોરે તેથી મપાઇ રહેતો નથી; તેમ તે વસ્તુનો પોતાનો સ્વભાવ જે છે તેજમાટે તેનું નિર્માણ છે એમ પણ નથી. સમગ્ર વિશ્વ છે તે પરસ્પરાનુકૂલ એવા નાના વિભાગનું જ બનેલું છે, એમાં સર્વને એક એક સાથે યોગ્ય યોગ્ય સંબંધ છે, પ્રત્યેક વસ્તુ પોતાથી અન્ય એવી વસ્તુ-માત્રની અપેક્ષા કરે છે, “ પ્રત્યેક વિભાગ પોતાથી વિદૂરમાં વિદૂર વિભાગને પણ પોતાના ભાઇરૂપે જાણે છે. ”

આમ જોતાં જણાશે કે, આ પ્રકારે, માણસ જે જે સંબંધોમા બંધાય છે તે બધા કાંઈ ને કાઇ શિક્ષણ આ-પતા ચાલે છે, તે સર્વમાથી પ્રત્યેક વ્યક્તિએ, પોતાના આત્મામાં જ્ઞાન અને ડહાપણનો સંગ્રહ કરવાની ઇચ્છા હોય તો કાઇને કાંઇ પોષણ ખેંચવુ જ જોઇએ. અમર્યાદ જલનિધિ અને વિશૃંખલ વાયુ નાવિકોને કેવા સાહસ, ઉ-ત્સાહ, ધીરજ, અને દૃઢતા, શીખવે છે! રોગાર્ત અથવા શ્રમાર્ત મનુષ્યના હૃદયમાં ગ્રીષ્મ ઋતુની[1] શાન્તિથી કેવો ઉપકૃતિમય આનદ જાગી ઉઠે છે! વેગવાળા નદીસ્રોતમાં પૂલ બાધવાના પ્રયાસથી નિરાશા કેમ સહન કરવી, વિપત્તિ અને વિઘ્ન સામે શી રીતે બાથ ભીડવી એ કેવુ શીખાય છે! વર્ષાઋતુ પછી સમૃદ્ધ પાકની પર્યાપ્તિપૂર્વે કૃષિકારને શ્રમ અને શ્રદ્ધાનુ કેવું સમેલન કરવુ પડે છે! અને છેવટ

૧ વિલાયત શીત દેશ છે, તેથી તેને અનુસારે આ લેખ છે

વિચારો કે પ્રત્યેક સ્થિતિમાં, પ્રત્યેક સ્થાનમાં, મરણ, વિપત્તિ, વેદના, એ બધાં, જીવન અને ચારિત્ર ઉપર નમ્રતાપૂર્ણ આધાર તથા અપ્રમાદયુક્ત સાવધાનતા કેવાં શીખવતાં જાય છે! આવો વિચાર કરી જોતાં તુરત સમજાશે કે વિશ્વદેવતા શાસ્ત્રીય શિક્ષણ આપે છે તે કરતાં ચારિત્રનું શિક્ષણ કાંઇ ઓછું આપતી નથી.

સામર્થ્ય અને પ્રસંગ એ કર્તવ્યતાનાં માપ છે. કોઇ પણ સામર્થ્ય ન વાપર્યું, કોઇ પણ પ્રસંગનો લાભ ન લીધો તો તેટલે અંશે કર્તવ્યતાથી ચૂકાયુ. કેવલ જીવ્યાં જ જવું, અરે! ઉત્તમાભિલાષસહિત જીવ્યાં જવું, એ કરતા તો મનુષ્યનો ઉદ્દેશ ખરેખર અધિક હોવો જોઇએ "જે ન્યાયી છે તેમનાં જ કર્મ મધુર સુવાસ વિસ્તારી ધૂળમાં પણ ઉગી નીકળે છે. ન્યાયદૃષ્ટિથી એ આવશ્યક છે કે જે સત્ય અને શુદ્ધ હોય તે સાધવામા કે તેને સહાય થવામાં, સામર્થ્યમાત્રનો થઇ શકે તેટલો ઉપયોગ કરવો. સમગ્ર મનુષ્યવર્ગ, આપણે પોતે, તથા આપણાથી અન્ય તે સર્વના શુભને માટે, શરીર કે મનના શ્રમથકી આપણે પ્રસંગાનુકૂલ થઇને, પ્રસંગને વશ થઇને, પ્રસંગની સામા થઈને, નિરંતર પ્રયાસપરાયણ રહેવું જોઇએ. શરીર, પ્રેરણા, ઇચ્છા, અભિપ્રાય, વિચાર, જ્ઞાન, જીવનવ્યાપાર,—ટુંકામાં મનુષ્યત્વનાં જે જે તત્ત્વ છે તે સર્વ—અસત્ય અને

અન્યાયને દબાવવા ઉપર, સત્ય તથા ન્યાયને વધારવાને ટેકવવા ઉપર પ્રમાણિક બુદ્ધિથકી નિરંતર પ્રવૃત્ત રહેવું જોઈએ. એજ ખરી ઉપયુક્તતા છે, શુદ્ધ માનુષત્વ છે, ઉત્તમ જીવન છે.

૨. **મંડલી અથવા વ્યવહારઃ**—શિક્ષણ આપનારરૂપે મંડલી એ શબ્દના અર્થમાં આપણે, કાયદા, રાજ્યતંત્ર, માંડલિક વ્યવહાર, મૈત્રી, ઓળખાણપીછાન, વ્યવહાર, વાતચીત, રમતગમત, અને જીવનના સંસર્ગમાત્ર જે મંડલી અથવા વ્યવહાર એ નામના બંધારણને અંગે ઉભા થાય છે, તે સર્વનો સમાગમ કરાવવો ધાર્યો છે, ત્યારે એમ પ્રશ્ન કરવામા આવશે કે એક ને એકજ જાતની નજીવી વાતોના સમૂહરૂપ, બૈરાંની બાયલી વાતોના પ્રવાહની નીકરૂપ, નિંદાની યોજનાના ભંડારરૂપ, મંડલી અથવા વ્યવહારમાંથી તે શુ શીખવાનું હોઇ શકે? "સર્વ પાસથી ઘણું શીખવાનું છે" એ જ ઉત્તર આપીશું. મંડલીનો સહવાસ ઇચ્છતા માનુષસમૂહની ધાધલમાં બધીજ વાત વ્યર્થ, મિથ્યા, અને ઉપરઉપરની છે એમ નહી જાણવું. જનસમૂહના પ્રાકૃત વિભાગનું જે નિરુપયોગીપણું છે તેના ઉપર કેટલાક તો વિજય મેળવી શકે છે. અધિકારાદિને યોગે જે મિથ્યા મર્યાદા બાંધી માણસ માણસને જુદાં રાખવાની યુક્તિ થાય છે તે મૈત્રીના સામર્થ્ય સામે અથવા પ્રેમના

ઉન્મત્ત આનંદ સામે સર્વદા વિજયી થઈ શકતી નથી; જે સ્પર્ધાના વેગથી માણસો આગળ આગળ વધતાં ચાલે છે તેમાં ક્ષુદ્ર ઇર્ષ્યાનું અથવા તેથી પણ વધારે ક્ષુદ્ર એવી પ્રતારણાનું મિશ્રણ વારંવાર નથી હોતું એમ નથી, કુલ, પદવી, અધિકાર, સમૃદ્ધિ, ખ્યાતિ, ઇત્યાદિ પ્રાચીન ગાંડાઇને સ્થાને પણ વારંવાર યોગ્ય ગુણસત્તાનો પ્રામાણિક ગુણ દર્શન દે છે, નીચ સ્વાર્થવૃત્તિની સામે ઉદાર સ્વાર્પણ અને પરમાર્થનો ઉજ્જવલ પ્રકાશ જણાઈ આવે છે, અને માણસમાણસની અતિ તીવ્ર સ્પર્ધા પણ કોઇ કોઇવાર સામસામાના યોગ્ય ગુણોના સ્વીકારપૂર્વક બહુ ઉદાર ગૃહસ્થાઇથી ચાલતી જણાય છે. જીવનનું રહસ્ય એજ છે, અને ખરેખર બધું સારુંજ છે, આટલું તો આપણે નક્કી જાણીએ છીએ કે આપણા હૃદયમાં તેમ બાહ્ય મંડલમાં આવા જે જે દુર્ગુણો છે તે તે આત્માને શિક્ષણ આપવામા અતિ ઉપયોગના છે.

વ્યવહાર છે તે વિલક્ષણ સામર્થ્યવાળો શિક્ષક છે. ઉપશિક્ષકો યોજવાની પદ્ધતિનો તે અતિ અસ્ખલિતરીતે સારામા સારો ઉપયોગ કરે છે, અને એમ બધા વર્ગોમાં પ્રત્યેક વિદ્યાર્થીની વૃદ્ધિજ થાય એવી યોજના ઉપજાવી શકે છે. એમ છે માટેજ સહવાસને અગે લાભહાનિ પેદા થાય છે. માણસો જેને વ્યવહાર, લોક, અથવા મંડલ

કહે છે, તેવા પરસ્પર વિલક્ષણ સમૂહમાં વિચાર કર્યાવિના પેશી જશો નહિ, સારી રીતે પસંદગી કરો, હીમ્મતથી વ્યવહાર કરો, દુષ્ટત્વની સામા થાઓ, શુભમાં મંડ્યા રહો, વસ્તુમાત્રનો દૈવી સ્વભાવ સર્વદા લક્ષમાં રાખો, નિરાશાનો આશ્રય ન કરો, અને એમ,

વધો અગાડી ઐશ્વર્યજ એ આત્માનાં તૂટે બંધન,
સ્વર્ગ ભણી ફફડાડી પાંખો રહો મગ્ન આનંદસઘન;
સ્થૂલ બંધનો છતાં વધો આગળ, આગળ, ધરિહામ મગન,
મરણ આવશે, જશે બધુંએ, વધો, જ્યાસૂધી મળે જતન,

૩ પુસ્તકો—પુસ્તકો છે તે માણસોના વિચારના સંગ્રહ છે, " મહાત્માઓ જગતમાં થઇ ગયા છે, રચના રચનાર મગજ અને શિક્ષા ઉચ્ચારનાર જિંહ્વાનો પ્રભાવ વારંવાર જણાયો છે," તેમણે જે વારસો આપણે માટે મૂકયો છે તેજ પુસ્તકો છે "પુસ્તકો નિર્જીવ પદાર્થો છે એમ નથી, પણ જે આત્માની એ સંતતિ છે તેના જેવી જીવનશક્તિ ધરાવનાર અનેક જીવથી પૂર્ણ છે, ...સારું પુસ્તક કોઈ મહાત્માના જીવનતત્ત્વના સંગ્રહરૂપ છે, આ જીવનની પણ પારના જીવનને માટે સંગ્રહી રાખેલું છે" ત્યારે " પ્રાચીન અને અર્વાચીન પુસ્તકોમાં સંગ્રહેલાં વિદ્વદ્વચનો" પાળવાં અને તેને આપણાં પોતાનાં કરી લેવાં, એ કેવો ભવ્ય પ્રસંગ અને લાભ છે ! પ્રાચીન કવિની

સાથે આપણે પણ આનંદે ઉચ્ચારીએ કે:-

કાલ કરિ નિર્મૂલ વર્તમાનમાં ભૂત ભાવિ દરસાય,
રમે જનો જન સમૂહ સાથે ધન્ય ધન્ય અક્ષર સમુદાય!
તમે જ આપ્યો મંત્ર અમોને, કરીએ અછતું છતું સદાય,
મુવા જનો પણ આવી અમને દે શિક્ષણ સુખશાન્તિ સહાય!

પુસ્તકોનો ઉપયોગ અને વાચનથી થતા લાભવિષયે વિવેચન કરવાની અપેક્ષા નથી, જનસમુદાયની બુદ્ધિએ સમગ્ર માનુષવર્ગના વિચારનાં નિયંતારૂપે તેમને સ્વીકારેલાં છેજ મનની શક્તિ અને ગતિથી જે જે સિદ્ધ થયુ છે, વ્યવહાર અને તેની રૂઢિઓમાં જે જે પરિવર્ત થઇ આવ્યા છે, વિશ્વનિયમોથી જે જે આશ્ચર્યકારક અને મહાન્ ફલ ઉપજે છે, તે બધાંનું વિવેચન, વર્ણન, સ્પષ્ટીકરણ, પુસ્તકોમા કરેલું છે પરાક્રમી વીરોનાં પરાક્રમ, સાક્ષરોના વિજય, કવિની ઉન્મત્ત કલ્પના, વ્યાપારીની પર્યાપ્તિ, વિદ્યાર્થીના આયાસ અને દેશહિતૈષીના વિકટ પ્રયત્ન, શોધકની કલ્પનાનાં સ્વપ્ન, અને યાત્રિકની તે સ્વપ્નોને સિદ્ધ કર્યાની તૃપ્તિ, મહારાજાઓના પ્રયોગ અને ખેડુતોના શ્રમ, પરમાર્થી લોકના ઉદાર અને આત્માર્પણયુક્ત સુખોત્પાદક વ્યાપાર, અને નૃશંસોની સ્વાર્થરચના, મિત્રોની પ્રામાણિકતા અને શત્રુઓની લુચ્ચાઈ, વ્યવહારમાં જે જે અગણિત પ્રસંગો અને પરિવર્તો થયાં કરે છે તે સર્વ, પુસ્ત-

કોમાં આપણને " શિક્ષા, બોધ, અને સુમાર્ગ" બતાવવા સંગ્રહેલાં છે.

સ્વશિક્ષણને પુસ્તકોથી જે અગાધ સાહાય્ય થાય છે, તેનો નિશ્ચય કરાવવા માટે વાક્ચાતુરીના પ્રયોગનું નાટક કરવાની કશી અપેક્ષા નથી. જીવતાં માણસોએ જે ભવ્ય પરાક્રમ કર્યાં છે તેની સાખ, પુસ્તકોદ્વારા, ઇતિહાસ પૂરે છે, શાસ્ત્ર પોતે કરેલા અનંત શોધને ગણી બતાવે છે; કાવ્યકલા પોતાનાં ચમત્કૃતિમય રસપાનથી આત્માને મદે ચઢાવે છે, કથાકલ્પના પોતાની જાદુ જેવી દુનીયામાં રમાડે છે, ચારિત્રનિરૂપણ બધા મહાપુરુષોને આપણા મિત્ર કરી આપે છે, તત્ત્વજ્ઞાન માણસોએ જીવનતત્ત્વના રહસ્ય વિશે શુ કહ્યુ છે તે સમજાવે છે, નીતિશાસ્ત્ર સત્યાસત્યનો નિર્ણય જણાવે છે, અને ધર્મ " પ્રકાશમય આંગળીથી ઈશ્વરના ઘરનો માર્ગ બતાવે છે"

ત્યારે આ બધા વિષયોના અભ્યાસીઓને તેમની જે આવશ્યકતા તેનું અધિક વિવેચન કરવાની શી અપેક્ષા છે ?

૪. **વિચારઃ**—" તમે તમારી પોતાની જ આલોચના કરો." માણુસ કેવા ભયંકર અને વિલક્ષણ તત્ત્વનું બન્યું છે ! આ આત્મા અને શરીરનો જીવિતપર્યંતનો સાહચર્યભાવ બહુ વિલક્ષણરીતે રચાયલો જણાય છે.

આત્મા અને શરીરની એકત્ર તથા પરસ્પર ઓતપ્રોત પ્રવૃત્તિ એજ માણુસનું ઉત્તમોત્તમ જીવન છે. માણુસના મનને પુનરાવલોકનનું સામર્થ્ય છે, એનેજ સ્મૃતિ એવું નામ આપણે આપીએ છીએ, "મગજનાં અગણિત ખાનામાં શાન્તરીતે પડી રહેલા આપણા વિચારો અનેકાનેક સાંકળોથી એક એક સાથે જોડાયલા રહે છે. એમાંના એકને પણ જાગ્રત કરો, ને જુઓ કેટલા બધા-કરોડ઼ જાગી ઉઠે છે ! એક જતો રહે છે તે પૂર્વે તો બીજાની પ્રતિમા ઉભી થાય છે, અને જેમ જેમ જ્ઞાનદ્વારરૂપ ઇદ્રિયો આત્માને હર્ષશોકનો અનુભવ કરાવે છે, તેમ તેમ પ્રત્યેક તાજો થાય છે કે કરમાઇ જાય છે. છતાં સર્વેએ, કોઇ પ્રકારના મંત્રબલથી જ હોય તેમ, હૃદયના ગુઢમાં ગુઢ ભાવ ઉપર અધિકાર ચલાવ્યા જાય છે."

આમ હોવાથી જ, માણુસ પોતાના જીવનને એકતાવાળું બનાવી એક સંબંધ ચારિત્રરૂપે દર્શાવી શકે છે, વિશ્વના ઇતિહાસનાં વૃત્તાન્તોને તથા વિશ્વનાં પ્રસિદ્ધિમાં આવેલાં વાર્તા અને નિયમોને, શાસ્ત્રકારો સ્થાપી શકે છે. મનુષ્ય જાતિને, વળી, ભાવિ વિચારવાનું, પ્રથમથી ગણુના કરી લેવાનું, આશા બાંધવાનું પણુ સામર્થ્ય છે. જીવનવ્યાપારમાં જે અવિરતઉદ્યોગ અને પ્રયાસ જણાઇ આવે છે તે, કલ્પના અને ન્યાયથી વિચારતાં સંભવિત લાગતા એવા પછીથી સિદ્ધ થયેલા અનેક

શાસ્ત્રીય સંકલ્પ, એકંદરે શોધમાત્ર, તેમ જ દુઃખમાં જેથી આપણને શાન્તિ મળે છે, વિપત્તિમાં ધીરજ રહે છે, અને " આત્મસ્થ જીવન, આત્મસ્થ મરણ " ની સ્થિતિમાટેની જે લાલસા થાય છે, તે સર્વ આ શક્તિના પ્રભાવથીજ ઉપજી આવે છે. આ શક્તિપરત્વે, માણસ પોતાના સ્વરૂપને, પોતાથકી ભિન્ન હોય તે રૂપે અવલોકે છે, અને પ્રત્યેક ચેતનની આરસીમાં પોતાનાં ગુણ, કર્મ, ભાવિ, આદિનું દર્શન લે છે. આમ હોવાથી આ વિલક્ષણ પ્રકૃતિને આત્મશિક્ષણના બાહ્ય સાધનમા ગણી શકાય.

આત્મશિક્ષણ અને તેના ફલનું બીજે પ્રકારે પણ વર્ગીકરણ બની શકે એમ છે, તેને એક કોષ્ટકના આકારમા ગોઠવીને બતાવીએ, કે વાચક પોતાના વિચારબલથી એવા ગર્ભિત રહેલા તર્કોને વધારે ખીલાવી તેનો પૂર્ણ લાભ લઈ શકેઃ—

૧. વાચન, તેથી આપણને પ્રાપ્ત થાય છે—

૧ ઇતિહાસ—ભૂત અથવા વર્તમાન **ઇતિવૃત્ત.**
૨ ચારિત્ર—ઇતિહાસને ઘડનારી **શક્તિઓ.**
૩ નય—રાજ્ય અને રાજ્યવ્યવહારના **નિયમો.**
૪ નીતિ—માણસ માણસને અસર કરનાર **નિયમો.**
૫ આલોચના—ઉપર જણાવેલી બધી વાતો વિષે મનુષ્યના **વિચાર.**

૬. તત્ત્વજ્ઞાન—ઉપર જણાવેલી વાતો વિષે માણસે કલ્પેલા **ખુલાસા,**

૭. વાદ—ઉપર જણાવેલી વાતોની પરસ્પર **તુલના.**

૮. શ્રુતિ—એ સર્વનો ઇશ્વરી **ખુલાસો.**

૨ અવલોકન.—

૧. પદાર્થોની બાહ્યાકૃતિ

૨. પદાર્થાદિના કાર્યકારણ.

૩ પોતાના વિચારોનું જ્ઞાન

૪. પોતાના વિચારોના નિયમનું જ્ઞાન

૫. બાહ્ય વિશ્વ અને આંતર વિશ્વના નિયમોની તુલના

૬. પદ્ધતિપુરસર જ્ઞાન અથવા શાસ્ત્ર (પ્રયોગાધીન ભૌતિકશાસ્ત્ર).

૩. વિચાર.—

૧. માનસ જ્ઞાન તથા આત્મજ્ઞાન.

૨. તે જ્ઞાનના નિયમ.

૩. કાલ્પનિક નીતિ.

૪. વિચારના પોતાના ખાસ નિયમ. **(ન્યાય.)**

૫. ન્યાયનિયમોને લાગુ કરવા. **(શાસ્ત્ર)**

૬. શાસ્ત્રને વ્યવહાર ઉપર લાગુ કરવું. **(વ્યાવહારિક નીતિ.)**

૭. શાસ્ત્રને પદાર્થો ઉપર લાગુ કરવું. (કલા.)
૮. શાસ્ત્રને જીવન ઉપર લાગુ કરવુ. (**ધર્મ.**)

માણુસના અંતઃકરણુને નિરંતર અનેકાનેક બાહ્ય અસરો થયાં જાય છે ને તે સર્વના સંસ્કાર તેના ઉપર રહ્યાં કરે છે. એટલે આત્મજ્ઞાનની પૂર્ણ પર્યાપ્તિ શામાં છે, તેનો નિર્ણય કરવો, અંત કરણુની ઉચ્ચ વાસનાઓને વધારે પ્રબલ અને સિદ્ધવત્ કરવામાં ઉપયુક્ત એવી સર્વ અસરોનો સંગ્રહ કરવો, એ ખરી આતુરતાવાળા પ્રત્યેક અભ્યાસીનું કર્તવ્ય છે. આપણા આત્મામાં વિશ્વનું યથાર્થ અને પરિપૂર્ણ પ્રતિબિંબ પડવું જોઇએ, વ્યવહાર ઉદાર અને ઉચ્ચ ભાવ પ્રેરવા સમર્થ થવો જોઇએ, અને પુસ્તકો આપણા મુખ્ય શિક્ષકરૂપે રહેવાં જોઇએ,-પરંતુ આપણાં વ્યવહાર, કર્મ, ઉદ્દેશ, ઇચ્છા, પ્રયત્ન, આશા, સર્વમાં વિચાર વિદ્યમાન રહેવો જ જોઇએ. ઉગ્ર ઉત્સુકતાથી અંતઃકરણુમાં વીર્ય અને સાહસ આવવા દો, આપણા વિચાર માત્ર ઉપર કલ્પનાનો ભવ્ય પ્રકાશ વિસ્તરવા દો, આપણાં હૃદય ઉપર નીતિ; સામ્રાજ્ય ચાલવા દો, વ્યવહારમાં આપણા શ્રમનું નિયમન શાસ્ત્રીય સાહ્યથી થવા દો; અને આપણા સમગ્ર આત્મજીવન ઉપર ધર્મની પવિત્ર સુગંધ રહેવા દો,—તો લેશપણ શંકા કરવાનું કારણુ નથી, કે આત્મજ્ઞાનની પર્યાપ્તિમાં આપણે નિરંતર વૃદ્ધિ પામીશુ કે

નહિ. કોઇ મહાન્ અને ઐશ્વર્યમય પવિત્ર ઉદ્દેશ સિદ્ધ કરવામાં તનમનથી જેણે પોતાનું અર્પણ કરી દીધું છે, એવો એક જ આત્માપણ અગણિત અંતરાયને વટાવી જવા સર્વથા સમર્થ છે. વિપત્તિ, વિઘ્ન, અંતરાય, તેમાં જરા પણ ક્ષોભ પામ્યા વિનાના ખરા આતુર જીવને વિજય મળ્યાવિના રહેતો જ નથી. કાંઇ ન બની આવે તો એટલું તો થયા વિના રહેતું જ નથી, કે પોતાને ભાગ પડતી સ્થિતિનો નિર્વાહ મનુષ્યનો આત્મા કેવા ધૈર્ય અને પરાક્રમથી કરી શકે છે, તે જણાય; આત્માને સુવિપુલ સહનશીલતા, અપરાહત પરાક્રમ, અને તેથી જ ઉત્તમોત્તમ જીવનને માટે હિમ્મતપૂર્વક અભિરુચિ પ્રાપ્ત થાય છે. " નિષ્ફલ ! નિષ્ફલ ! ઉદ્દીપ્ત માનુષત્વ માટે જે યૌવનનો કોશ વિધિ રચી રાખે છે, તેમાં નિષ્ફલ એવો શબ્દ જ નથી." યથાર્થ આત્મશિક્ષણ થકી અંતે પણ આપણે એને એજ કહી શકીશું, કે " હું નિષ્ફલ થયો નથી."

વિભાગ ૬. આત્મશિક્ષણની પદ્ધતિ.

મહત્કાર્યની પર્યાપ્તિ મહાન સાધનોનો પ્રયોગ કર્યા વિના થતી નથી, મ્હોટાં સાહસનાં કાર્ય અનેક સાધન અને સામગ્રી ભેગાં કર્યાવિના પાર પડતાં નથી, આવી માણસોના મનમાં સર્વસાધારણ, અને અભાગ્યે સર્વત્ર વ્યાપી ગયેલી જે ભૂલ ચાલે છે, તેને અમે ખુશીથી સુધા-

રવા ઇચ્છીએ છીએ. આ સમયમાં એકત્ર વ્યાપાર કરવાની જે અભિરુચિ વૃદ્ધિ પામી છે, પંતીઆળાં, મંડલીઓ, વ્યવહાર, પંચ, નાત, મહાજન, ઇત્યાદિ જે સર્વત્ર દીઠામાં આવે છે, અને એ સર્વને લીધે મનને જે આવુ એક કેન્દ્રસ્થ થઇ કાર્ય સંપાદન કરવાનું વલણ પડી જાય છે, તે બધું કેટલેક અંશે જેમ શુભસંપાદક છે, તેમ અશુભનું પણ કારણ છે.

કોઇ મહાન્ કાર્ય સિદ્ધ કરવામાટે, જ્યારે આપણે માણસે માણસને ભેગા મળતા જોઇએ છીએ, સાધને સાધન એકત્ર થતા જોઈએ છીએ, જ્યારે અધિકાર અધિકારનો સમૂહ થતો જોઇએ છીએ, ત્યારે કાર્ય સાધવાને કામ લાગતા સાધનોની ભવ્યતાની આપણા મન ઉપર એવી અસર બેશી જાય છે, કે માણસ પોતે એક વ્યક્તિરૂપે કેટલું કરવા સમર્થ છે અને કેટલી જવાબદારી ધરાવે છે, તે વાત ઉપર આપણને દુર્લક્ષ થઈ જાય છે, પ્રતિનિધિ અને વકીલથી કામ કરવાની આપણને ટેવ પડી જાય છે, અમુક વિચારાદિને પૂર્ણ કરી પાર ઉતારવા સારુ મંડલ ઉભું કરવાની આપણને જરૂર લાગે છે, કાઇક કરવું કે આપવું હોય, તો તુરત પચ નીમવાની આવશ્યકતા જણાય છે, અને એમ આપણા પોતપોતાના વ્યક્તિત્વનો સમષ્ટિરૂપ જનતામા વિલય કરી દેવાની આપણને પદ્ધતિ પડી જાય છે.

એકત્ર થયાવિના કશું બને નહિ, એવોજ આપણને દઢા-ગ્રહ થઇ જાય છે, અને મંડલ, પંચ, મહાજન, વગેરેને સામર્થ્યવાન્ કરવા સારુ આપણે આપણું સ્વત્વ મૂકી દેતા જઇએ છીએ. સ્વપ્રવૃત્તિ ગૌણ પડી જાય છે, અને એકત્ર પ્રવૃત્તિની વૃત્તિ મુખ્ય સામ્રાજ્ય પામે છે પ્રતિવ્યક્તિ પોતાને એટલી હીન બળવાળી સમજે છે, સર્વદા સાહાય્યવિના ચાલે જ નહિ, કાંઇપણ કહ્યુ હોય, તો અન્ય વ્યક્તિઓનો સહાયભાવ અને લોકની વાહવાહ નો પ્રેરક ઉત્સાહ અવશ્ય જોઇએ જ. આપણને રાક્ષસ થવાની ઇચ્છા નથી, માટે આપણે **વામનરૂપ** થઇને રહીએ છીએ. વારંવાર આપણે મહાન્ ઉદ્દેશોને સભાઓ ભરીને ધૂળધાણી કરીએ છીએ, જાહેર સભાઓમાં આપણી દેશભક્તિનો વરસાદ વરસાવી દેઇએ છીએ, આપણી ધર્મબુદ્ધિને લાબા ભાષણો કરવામાં લાબા ભાષણો ધીરજથી સાંભળવામા તૃપ્ત કરી લેઇએ.છીએ, અને જવાનીઆની સ્વસુધારક મંડલીઓમા, આત્મશિક્ષણ **કરવા** નહિ, પણ આત્મશિક્ષણની **વાતો કરવા**, ભાગ લેઇએ છીએ.

આ બધા પ્રચારની વિરૂદ્ધ અમે સ્વત્ત્વના પક્ષનું લખાણ કરવા ઇચ્છીએ છીએ, પ્રત્યેક વ્યક્તિ પોતેજ એક મહાશક્તિ છે,–શક્તિ હોવી જોઇએ, એવો સિદ્ધાન્ત પ્રતિપાદન કરવા ઇચ્છીએ છીએ અને આત્મવિશ્વાસ, આત્મપ્ર-

વૃત્તિ, આત્મવિચાર, આત્મશિક્ષણ, તેને ટેકો આપીએ છીએ. પ્રતિવ્યક્તિનું અહંત્વ સર્વમયતામાં લય પામે, એ અમે ઇચ્છતા નથી; પણ પ્રત્યેકવ્યક્તિ એટલે સુધી આવે, કે જ્યાંથી તે જાતે કોઇ મહત્કાર્ય સાધવાને સમર્થ થાય, અને એમ, જનસમાજનાં જે કાર્ય સિદ્ધ થાય, તેમા એકંદરે વધારે લાભકર્તા થઇ શકે અને આત્મશિક્ષણમાં અતુલ વૃદ્ધિ કરી શકે, એવી અમારી ઇચ્છા છે. અમારા જાણવામાં છે, કે ચિરસ્થાપિત વ્યવહારને લખાણથી ઉખાડવાનો યત્ન કરવો વ્યર્થ છે, અને યદ્યપિ આત્મશિક્ષણ ઉપર દૃઢ લક્ષ કરાવવાને અમે બહુ આતુર છીએ, તથાપિ તેવો યત્ન કરવાની જરૂર નથી. સમષ્ટિરૂપ એકત્રતાથી થતા લાભની વિરૂદ્ધ અમારે કાંઇ કહેવાનું નથી, પણ એવું જે વારંવાર માનવામાં આવે છે, કે ભેગા થયેલા મંડલનો પ્રત્યેક જન પોતે પોતાની જાતે, જે જ્ઞાન કાર્યસાધક શક્તિરૂપ છે, તેને જે એકત્રતા કાર્યસાધક બલરૂપ છે, તે ભેગું પરિપૂર્ણ રીતે પ્રયોજતો ન હોય, તોપણ ઘણા જનના ભેગા થવાથી થયેલા એ મંડલ માત્રથીજ શુભ સિદ્ધ થશે, તે ભૂલને સ્પષ્ટરૂપે બતાવવાની અમારી ઇચ્છા છે. ટુંકામાં, અમને એવુ ભય છે, કે વ્યક્તિને પ્રવૃત્તિમય બનાવવાની જે પ્રેરણાઓ છે, તે ન્યૂન કરીને આપણે એકત્રતાને નિર્બલતારૂપે સ્થાપતા જઇએ છીએ, એમ વ્યક્તિ-

વ્યક્તિનું જે ખરૂં સામર્થ્ય કાર્ય સાધવામાં ઉપયોગી થાય, તેને ઓછું કરી સમગ્ર મંડલના ઉપયોગીપણામાં પણ ન્યૂનતા પેદા કરીએ છીએ. સાંભળવા અને વાચવામાં પ્રેરક કારણો ઘણા છે, પણ વિચાર કરવાનાં અને અભ્યાસ કરવાનાં પ્રેરક કારણો ઘણાં થોડાં છે, આ વાત એટલે સુધી વધી છે, કે ઘણા તરુણો " અભ્યાસના લાભ ", " સમયની કીમત અને તેનો ઉપયોગ ", એવા એવા ભાષણો સાંભળવામા અથવા " આત્મશિક્ષણ " અને " સ્વસુધારણા " ના ગ્રંથો વાચવામાં, પોતાનો અભ્યાસ કરવાનો અમૂલ્ય સમય ગુમાવે છે, પણ તે બધામાં જે ઉપદેશ કહેલા હોય, તેમાનો એક પણ કરી જોવાને યત્નવાન થતા નથી. ઉપદેશો વારંવાર શ્રવણગોચર થયાથી તેમને લાભ એ થયો છે, કે તેમના શ્રવણ બધિર થયા છે, તેમનું હૃદય કુંઠિત થયું છે, અને તેમની કર્તવ્યબુદ્ધિ ઝાખી થઇ ગઇ છે.

આ બધો વ્યવહાર ફેરવી નાખવાનો હવે-હવેજ સમય આવ્યો છે; આપણા આખા જીવનમાં જે જે ખોટના વ્યાપાર થયા છે. તેનો હીસાબ કરી લેવાનો પ્રસંગ છે; આપણી માનસિક શક્તિઓનો વિચાર કરી માનુષ જીવનના ખરા હેતુને લક્ષમાં આણી, પૂરેપૂરા ભાવથી અને બલથી પ્રયત્નવાન થવાનું છે. મૂલ્યવાન્માં મૂલ્યવાન્ જે

તમારી મુડી-વખત-તેને તમે જ્યાં જ્યાં થાપણુરૂપે મૂકી હોય, ત્યાં ત્યાં તપાસ કરી જુઓ. જે ઠગારા અથવા વાયદા કરનારા છે, તેમને તે ગમે તેવા સિદ્ધા જણાતા હોય તોપણુ કશુ ધીરો નહિ; અને અત:પર શેકસપીઅરની ઉક્તિનેજ અનુસરો, કે " તું તારી પોતાની જાતનેજ સાચો થા, તો જેમ દિવસ પછી રાત્રી આવેજ છે તેમ, તું કોઇને પણુ સાચો નહિ થાય, એમ નહિ બને " બોલતામાંજ તેનો ભંગ થાય છે, એવી વચનમાત્રની પ્રતિજ્ઞાઓ ન કરશો, પણુ ખરા મનથી, પૂર્ણુ આતુરતાથી, સાવધાન બળથી, બુદ્ધિપૂર્વક નિણુય બાધો, અને પછી આપણે " આ અનિત્ય જગત્‌ના નિત્ય નિયમને વળગવાનો " નિરંતર યત્ન કરતા થાઓ.

આત્મશિક્ષણુમાં પ્રથમ વાત આત્મજ્ઞાન* છે, કારણુ કે આપણા બલાબલ કે ગુણુદોષના યથાર્થ દર્શન ઉપરજ, આત્મશિક્ષણુમા જે જે પ્રયાસ આપણે કરવાનો તેનો આધાર રહે છે. આ સ્થાને કોઇ ધધાને ઉપયોગી શિક્ષણુ અને આત્મશિક્ષણુ એ ઉભય વચ્ચેનો ભેદ પણુ સમજાવવો આવશ્યક છે. ધંધામાટેના શિક્ષણુમાં આપણે આપણી જે યોગ્યતા હોય, આપણું જે સવિશેષ વલણુ હોય, તેનેજ

* અત્ર આત્મજ્ઞાન શબ્દ વેદાન્ત શાસ્ત્રની પરિભાષાનુસાર વાપર્યો નથી. પોતાના અત:કરણુમા ચાલતી વૃત્તિમાત્રને આત્મા એ શબ્દથી કહેવાનુ તાત્પર્ય છે.

કેળવવું જોઇએ; આત્મશિક્ષણમાં તો આપણા અંતરાત્મામાં આપણો જે જે દોષ જણાય, તે સર્વ સુધારવા ઉપર પ્રવૃત્તિ રાખવી જોઇએ. સર્વથા પણ એટલું તો નક્કીજ છે, કે આત્મશિક્ષણ પૂર્વે આત્મજ્ઞાન હોવુજ જોઇએ. "પારકા માણસનું જ્ઞાન મારા શિક્ષણમાં લાગુ કરવાથી મારી પ્રવૃત્તિને મારે કેવે પ્રકારે યોજવી, એનું જ્ઞાન, મારા પોતાના આત્માથી જેવુ થઇ શકે, તેવું કદાપિ થાય નહિ. અને માણસમાત્રની પ્રવૃત્તિને નિયમવા સારુ, કોઇ બાહ્ય પ્રકાશ કરતાં અતિ અધિક એવો આતર પ્રકાશ સર્વજ્ઞ સત્તાથીજ પ્રતિમનુષ્યને મળેલો છે, તો જે કોઇ આત્મજ્ઞાનને વિદૂર રાખી પરજ્ઞાનથી નિર્વાહ કરવા ઇચ્છે છે, તે એક પ્રકારનું પાપ અથવા દોષ કરે છે."

ત્યારે જેનાથી એકીવખતે આપણી નાનાપ્રકારની ખામીઓ તેમ આપણામાં રહેલું મહા સામર્થ્ય જણાઇ આવે છે, એવા આત્મજ્ઞાનને આત્મશિક્ષણના પૂર્વરૂપે અંગીકાર કર્યું એટલે, હવે જે જણાવવામાં આવે છે, તે નિયમો, આત્મશિક્ષણ સંપાદન કરવા સારુ જીવનને કેમ દોરવું તે માટે, સામાન્ય રીતે જણાઇ આવે છે.

૧. અવકાશ ગમે તેટલો થોડો મળતો હોય, તથાપિ પ્રતિદિવસનો થોડો ભાગ, આત્મશિક્ષણ માટેજ નિયત કરીને જુદો રાખવો.

સંસારમાં છતાં, વ્યવહારરૂપ છતાં, આજે ગમે તેવો થોડો પણ સમય રાખ્યો હોય, તે સમયે, સંસાર અને વ્યવહારની બહાર થઇ જવાનું, એટલે કે વ્યવહારમાં ચાલતી નીચ યુક્તિઓ, દુષ્પ્રપંચો, ક્ષુદ્ર પ્રતારણાના પ્રકારો, ધનહરણ માટેના ખેલ, પ્રાકૃત આનંદ, પૂર્ણ અપ્રામાણિકપણાથી નહિ તોપણ અપ્રામાણિકપણાને પહોંચાય ત્યાંસુધી પણ ધનની પાછળ દોડવાનો વેગ—એ સર્વથી પ્રપૂર્ણ જે સંસારવ્યવહાર તેની બહાર તેથી વિરક્ત થઇ જવાનું સામર્થ્ય તમારામાં આવવુ જોઇએ—એક ક્ષણવાર પણ અંતકરણ, પ્રતિદિવસ, કોઇ સંસારવ્યવહાર કરતાં વધારે પવિત્ર હવામાં વિહરવું જોઇએ, કે જ્યાંથી વખતે સત્યની એકાદ લહર તેને લાગી જાય તો જાય. આવો જે સમય રાખ્યો હોય, તેમાં શાન્ત અને એકાગ્ર ધ્યાન કરો, ગંભીર વિચાર કરો, લક્ષપૂર્વક વાંચો, જીવનના હેતુઓ ને કર્તવ્ય ઉપર મનન કરો, ધાધળ, કામ, લાભ, લોકપ્રિયતા, વ્યાવહારિક ઉન્નતિની યોજનાઓ, એ બધું તેટલીવાર વેગળું મૂકો, અને અંતઃકરણના આ ગુહ્યાગારમાં રહી **વિચાર**[1] કરો—જે ભવ્યભાવિ સિદ્ધ કરવા જેટલું સામર્થ્ય પ્રતિમનુ-

૧ શ્રીમચ્છંકરાચાર્ય અપરોક્ષાનુભૂતિમા વિચારવાનુ સ્વરૂપ એમ બતાવે છે, કે હુ કોણ ? કયાથી આવ્યો ? કયા જઇશ ? આ દેખાય છે તે શુ ? તત્ત્વ શુ ? એ આદિ વિચાર કર

ષ્યને મળેલું છે, તેને શોભે એવી ઉચિત વાતોનો વિચાર કરો, અને અંતકરણમાં જો કાંઇ ફેરફાર કરવો અવશ્ય લાગે, તે કરતા જાઓ, કે સાર્થ જીવનને યોગ્ય એવુ જે પરાક્રમ, તે તમારા જીવનમાં પણ તમે સિદ્ધ કરી શકો.

૨. પોતાના દેશના અને પરદેશના જે મહાત્માઓ થઇ ગયા, તેમને આ કાર્યમાં સહાય, સલાહકાર, અને શિક્ષા આપનારરૂપે પાસે રાખો.

ઇશ્વર પાસાથી મનુષ્યને જે પ્રેરણા થાય છે, તે કદાપિ વિસરવી નહિ. ધર્મગુરૂઓના વિષયમાંથી અમે લક્ષપૂર્વક વેગળા રહીએ છીએ અને ધર્મબોધ લખવા ઇચ્છતા નથી, તથાપિ અમારા આવા તાટસ્થ્ય અને મૌનનો કોઇ અનર્થ કરશો નહિ. અમે જે મહાત્માની ભલામણ કરી, તે માનુષી લેખકોની જ કરી એમ જાણવુ. ઇશ્વરવચનો તો સર્વદા સર્વોપરિ રહેવાંજ જોઇએ! પરંતુ આપણા પોતાના દેશમાં તથા પરદેશમાં ભવ્ય ઉપદેશ, ઉત્તમ વિચાર, અને સત્યસ્વરૂપનાં હૃદયગ્રાહી વિવેચન, અનેકાનેક ભરપૂર છે. એટલો તો નિશ્ચયજ છે, કે વ્યવહારરચનામાં કોઇ નવો પ્રકાશ પાડયાવિના, સમગ્ર માનુષ વર્ગ જેને પોતાના ગૂઢ અંતરાત્મામાં પૂજે છે, એવા અપૂર્વ ભવ્યતાના આકર્ષણરૂપ કોઇ સત્યનું દર્શન કર્યા વિના, કોઈ પણ માણુસ વાસ્તવિક રીતે મહોટો થઇ

શકતો નથી, જગતમાં પૂજ્ય મહાત્માઓમાં ગણાઈ શકાતો નથી.

જગતના મહાત્માઓ તે ઇશ્વરના નિયમેલા શિક્ષકો છે. ચોપાસ વિસ્તરેલા ઇશ્વરમય વિશાલ વિશ્વમાંથી અને પોતાના અંતરાત્મામાંથી પ્રત્યેક મહાત્મા પોતાના જ્ઞાનનો ભંડાર ભરે છે, એટલે જેટલે અંશે તે સારો વિનેય છે, તેટલે અંશે તે ઇશ્વરનોજ શિષ્ય છે, અને ઇશ્વરની ઇચ્છાજ પોતાના જાતિભાઇઓને સમજાવનાર પેગંબર જેવો છે, એમ એ મહાત્માઓ પોતાની બુદ્ધિને વ્યાજે મૂકી, પોતાની પછી થનાર મનુષ્ય વર્ગને પોતાનો વારસો આપતા જાય છે. મનુષ્ય વર્ગમાંના મહાત્માઓનું અમૂલ્ય જીવનતત્ત્વ આપણે કેટલીકવાર, કાઇ પણ વિચાર કર્યાવિના કે ઉપકારબુદ્ધિ મનમા આણ્યાવના ફેંકી દેઇએ છીએ! "વાચો, વિલોકો, શીખો અને પચાવો," એક શબ્દથી કહીએ, તો મહાત્માઓના લેખનો **અભ્યાસ** કરો, અને "તેમને ખરા લોહના પાટાથી તમારા અંતરાત્મા ભેગા જડી લો."

જે પુસ્તકોનું અધ્યયન કરવું ઠરે, તે પુસ્તકો તેમના વર્ગમા ઉત્તમોત્તમ હોવાં જોઇએ. મહાત્માઓ સાથે પરિચય પાડયાવિના મહત્જ્ઞાન કદાપિ પ્રાપ્ત થતું નથી. સારા ગ્રંથસંગ્રહની કસોટી સંગ્રહના ગુણ ઉપર છે,

જથા ઉપર નથી. આઇઝેક વૅાટ કોઇક સ્થલે આ પ્રકારની નોંધ કરે છે,—જીવન એટલું બધું ક્ષણિક છે, અને સમય એટલો બધો મૂલ્યવાન્ છે, કે અમુક પુસ્તક વાચવા યોગ્ય નથી, એમ સમજવા માટે પુસ્તકો વાંચવામાં જ તેમને વાપરી શકાય. ત્યારે સર્વત્ર, તેજ પુસ્તકો પસંદ કરો, કે જે અનન્ત યુગથી, અથવા એમ પણ ચાલે કે વર્તમાન કાલના ડાહ્યામાં ડાહ્યા અને ઉત્તમોત્તમ પુરુષોના મનથી, ઉત્તમોત્તમ ગણાયા હોય જે આપણે વાંચીએ તેની સમજ પડવા સારુ સારા કોશની જેટલી અપેક્ષા છે, તેટલીજ અપેક્ષા અભ્યાસને સારુ સારા પુસ્તકાલયની છે. જો યોગ્ય પરીક્ષાથી સંગ્રહ કર્યો હોય, તો નાનો છતાં પણ તે ઉત્તમ હોઇ શકે. આપણે જે અભ્યાસ કરવો, તે અમુક વિષયોનો કરવો, અમુક પુસ્તકોનો નહિ. એટલે જે પ્રત્યેક કલાક વાચનમાં ગાળવામાં આવે તેની પાછળ, કેટલોક સમય વિચારવામાં, એક વાતને બીજી વાર સાર્થ સંયોજવામાં, વિચારે વિચારની કે વિચાર અને વસ્તુસ્થિતિની યોજના કરવામા, અને અમુક વિષય ઉપર એક લેખકના જે વિચાર હોય, તે ને અન્ય લેખકોના તેના તેજ વિષય ઉપરના વિચારો સાથે સરખાવવામાં, ગાળવો જોઇએ. ઉત્તમ પુસ્તકો છે તે સારામાં સારી સોબત છે, અને સારી સોબતમાંથી સારો લાભ પ્રાપ્ત

કરી શકાય. આત્મશિક્ષણમાં જેનું મન લાગ્યું છે, તેવા પ્રત્યેક મનુષ્યનું અવશ્ય કર્તવ્ય છે, કે તેણે સારામા સારી સોબત કરવી.

૩. સમયવિભાગ કરો તેમાં, તેમજ અભ્યાસની યોજનામાં, નિયમિત ક્રમ રાખવો.

અમે અમારા અનુભવ ઉપરથી જે નિયમ બતાવી શકીએ તે એ છે, કે પ્રાતઃકાલે અભ્યાસ કરવો, વિચાર અને નિત્યોપયોગી વાચન સાયાહ્ને રાખવું. પ્રાતઃકાલનો સમય, ગમે તેટલો વહેલો હોય તો પણ, અભ્યાસને માટે ઘણો અનુકૂલ છે. ત્યારે તમારા મનમાં એક બે વસ્તુસ્વરૂપ, સિદ્ધાન્ત, કે વિચાર, દૃઢ રીતે ઉતારી લો, એટલે વિચાર અને ધારણા કરવા સારુ તમને આખા દિવસ માટે પૂર્ણ સાધન મળશે, કેમકે દિવસમા જ્યારે જ્યારે અવકાશ પડશે, ત્યારે ત્યારે મન તેની તે વાત ઉપર ગયાં કરશે. સયાહ્ને આખા દિવસ અને તેમા થયેલાં કૃત્ય દૃષ્ટિ આગળ તાજાં હોય છે, અને ગત જે દિવસ તેમાથી પેલાં કૃત્યો વિષે બુદ્ધિની અદાલતમા ખરેખરી સાક્ષી આપવાને કોણ તત્પર છે?

અભ્યાસનો ક્રમ સાદી વાત ઉપરથી મિશ્ર વાત ઉપર એમ રહેવો જોઈએ. આ ક્રમને દૃઢતાથી અને કાંઇ પણ ફેરફાર કર્યાવિના, વળગી રહેવું. પલ્લવગ્રાહી પાંડિત્ય

ખરી વૃદ્ધિને પ્રતિકૂલ છે. એથકી અભિમાનની વૃત્તિને આનંદ લાગે છે, પણ આત્મબલમાં હાનિ થાય છે. બહુ ડાહ્યા થઇ આપણે ઉતાવળા ન થઈ જવું, કેમકે એમ કરતાં કવચિત્, જીવનની ચોપાસ જે જાલ વિસ્તરી રહી છે, તેમાં પણ ભરાઇ પડાય. આપણો ઘણામાં ઘણો પ્રયાસ એટલોજ હોવો જોઇએ, કે બેકન જેને "પૂર્ણ માણસ" કહે છે, તેવા થવા સારુ પ્રત્યેક વિષયનું જેટલું જ્ઞાન જોઇએ, તે ઉપર ઉપરનું છતાં ટુંકમાં પણ યથાસ્થિત સ્વરૂપે આપણે હાથ આવે.

આ સ્થાને ન્યાયબુદ્ધિના નિયમોનું વિવેચન કરવાની આવશ્યકતા નથી. એટલું કહેવું પૂર્ણ છે, કે નીચે જણાવેલા ચાર નિયમો, યથાર્થ રીતે ચાલતા વિચારવ્યાપારને, મુખ્ય રીતે, પોતાના અધિકારમાં રાખે છે.

૧. અવલોકન વ્યાપારનો નિયમ, જેને અનુસરી મન વસ્તુસ્થિતિનો સંગ્રહ કરતું ચાલે છે.

૨. અભ્યુપગમનો નિયમ, જેને અનુસરી સંગૃહેલી વસ્તુસ્થિતિનો કાંઇક ખુલાસો કરવા યત્ન કરે છે.

૩ વ્યાપ્તિનો નિયમ, જેને અનુસરી અભ્યુપગમથી સ્થાપેલા ખુલાસાને, જે વસ્તુસ્થિતિનો ખુલાસો તેથકી થાય છે, તેની સાથે મેળવી જોઇ, જે સાધર્મ્યવૈધર્મ્ય જણાય, તે લક્ષમાં લે છે.

૪. કલ્પના યોજવાનો નિયમ, જે થકી માણસ, કેટલાક ખુલાસાથી પેલાં સત્ય પ્રાપ્ત કરી તેમને, ભવિષ્યમાં અભ્યાસ, વિચાર, તથા શોધ કરવામાં કામ લાગે તેવેરૂપે યોજી લે છે.

જ્યારે વિચારશક્તિના આ સર્વોપરિ નિયમોને પરિપૂર્ણ રીતે અનુસરવામાં આવે, ત્યારે સત્યજ્ઞાન સંભવે છે, અને પદ્ધતિપુરઃસર આત્મશિક્ષણ વૃદ્ધિ પામે છે જે જે સત્યજ્ઞાન છે, તે આ નિયમોદ્વારાજ નીકળવુ જોઇએ, અને પદ્ધતિપુરસર વિચાર માત્ર આ નિયમોને અનુસરવા જોઇએ.

જે આ ચાર મનોવ્યાપાર કહ્યા, તે એક કાલે થતા નથી, પણ એક પછી એક એમ ક્રમે કરીને થાય છે. બીજી રીતે કહીએ તો, એ ચારે એક પ્રકારના એવા વ્યાપાર છે, કે જેમા થઇને, કોઈ અમુક સમયે જે વિચારવિષય હોય તે પરત્વે, મનને ક્રમે ક્રમે જવુ પડે. આચારવ્યાપાર એક પછી એક થતા ચાલે એમ કહેવામાં, એવું તાત્પર્ય નથી, કે એમાનો કોઇ એક વ્યાપાર આરંભાય, ત્યારે તેની આગળનો વ્યાપાર પરિપૂર્ણ થઈ ગયો હોવો જ જોઇએ. એમ થવા ન થવાનો આધાર તો વિચારનો જે વિષય હોય તેના સ્વરૂપ ઉપર રહે છે, પણ તે વિચારની પદ્ધતિ ઉપર રહેતો નથી. જે પદ્ધતિથી મન

વિચાર ચલાવે છે તે તો, વિચારનો વિષય ગમે તે હોય, તથાપિ, સર્વત્ર એકની એકજ છે. આપણે જ્ઞાન પ્રાપ્ત કરવામાં, વિચાર કરવામાં, કલ્પના રચવામાં, સર્વત્ર એકને એકજ પ્રકારે પ્રવર્તીએ છીએ, પછી તેનો વિષય ગમે તો અનન્ત આકાશના નિરવધિ અંકનો અર્થ ઉપજાવવાનો હો, કે જેને ભૂસ્તરશાસ્ત્ર જાણનારા સમજવા યત્ન કરે છે, તેવી પર્વતોના સ્તનો ઉપર ઇશ્વરે જે પારસી લખી છે, તે ઉકેલવાનો હો. વિષય તો ઉત્તર દક્ષિણ ધ્રુવ જેટલા વિદૂર હોય, પણ તેમની પદ્ધતિવિષે આપણે એમ કહીશુ, કે પ્રત્યેક ભાગ એક એક સાથે, તે ગમે તેટલો દૂર હોય, તથાપિ બહુ નિકટ સંબંધ રાખેછે.

૪. આવશ્યક એવા પારિભાષિક શબ્દમાત્રનું યથાર્થ સમજી તેમનું સારી રીતે ગ્રહણ કરો.

હવે પછી જે જે જ્ઞાન પ્રાપ્ત કરવાનુ છે, તેનો સંબંધ આવા શબ્દોથીજ આરંભાય છે. એ ખીલા બરાબર ઠોકયા એટલે બીજી બધી સામગ્રી તેમની આગળ પાછળ બંધાતી જાય છે, તણાઇને ત્યાંની ત્યાં આવતી ચાલે છે, અને કશો ભય પછી રહેતો નથી. શબ્દનો અર્થ તેની વ્યાખ્યામાં સમાવેલો હોય છે.

વ્યાપાર કરવાથી વિચારની મર્યાદા નક્કી થાય છે, ભૂલનો સંભવ ઓછો થાય છે, ભૂલની હદ બંધાય છે,

ભ્રમ દૂર થાય છે, અર્થ નિયત થાય છે, સ્પષ્ટતા ઉપજી આવે છે, નિશ્ચય ઉદ્ભવે છે, અને વિચાર, પરામર્શ, તથા વાદમાં નિર્ભય રહેવાય છે.

કોઇ પણ સામાન્યનું સ્વરૂપ બનાવવા તથા તેની મર્યાદા નક્કી કરવા જે કોઇ ભાવ વાપર્યો હોય કે વાપરવો હોય, તેનો અર્થ સ્પષ્ટ કરી આપવા પ્રયોજેલા શબ્દ અથવા શબ્દો તે વ્યાખ્યા. એનેજ લક્ષણ પણ કહે છે. જે લક્ષ્ય તેનો આખો એ પ્રદેશ લક્ષણથી સમજાવો જોઇએ અને પોતામાં સમાવો જોઈએ. લક્ષણનો ઉદ્દેશ એ છે, કે બુદ્ધિને ઉપયોગી થાય તથા બુદ્ધિથી વાપરી શકાય તેમાટે કોઈ ભાવને સ્પષ્ટ તથા સંપૂર્ણરૂપે બતાવવો. આ રીતે લક્ષણ અથવા વ્યાખ્યાથી આપણા પોતાના વિચાર વધારે સ્પષ્ટ અને શુદ્ધ થાય એટલુજ નહીં પણ, આપણા વિચારની સહભાવિની જે વાક્યરચના તે પણ, આપણે આપણો તર્ક સામાને સમજાવતા હોઈએ તે સમયે સ્પષ્ટ, ચોક્કસ, અને યથાર્થ થઈ આવે છે,

આપણી પોતાની જાતે વિચાર ચલાવવામાં પણ, લક્ષણ યોજવાની રીતિથી, નવાં અને સ્પષ્ટ સામાન્ય પ્રાપ્ત થઇ આવે છે એટલુંજ નહિ, પણ બુદ્ધિ ભ્રમથકી દૂર રહે છે, અને ભાવોનું ગ્રહણ કરવામાં યથાર્થતા ઉપર લક્ષ રાખતાં શીખાય છે જે વિચાર કૌશલ થકી કોઇ પણ ભાવ-

ના સ્વાભાવિક એવા સર્વાંશનું સમગ્ર ગ્રહણ ક્રમાનુસાર થઈ તેમને સાહચર્ય નિયમાનુસાર પરસ્પરના સંબંધ પ્રમાણે એકત્ર કરી લેવાય છે, તેનો અભ્યાસ પડે છે. પોતાના વિચારોને દર્શાવનારને વ્યાખ્યા જેટલી ઉપયોગની છે, તે કરતાં પોતાની જાતે એકાન્ત વિચાર કરનારને તે થોડી ઉપયોગની છે એમ નથી, અને આપણા વિચારોનુ શ્રવણ કરનાર કે તેમને વાચનાર, તેને તે વિચારો સ્પષ્ટ કરી આપવા સારુ વ્યાખ્યાનની જેટલી આવશ્યકતા છે, તે કરતાં આપણી પોતાની વિચારશક્તિની પૂર્ણતા સંપાદન કરવામાટે તેની આવશ્યક્તા કાંઇ ઓછી નથી.

લક્ષણમા આટલા ધર્મ હોવા જોઇએ-(૧) સત્ય, (૨) સ્પષ્ટતા, (૩) લક્ષ્યનું વિવેચન. (૪) નિયતત્વ અથવા યોગ્યતા. જો આ ચારે વાત ઉપર લક્ષ આપવામા આવે નહિ, તો સાબીત કરી શકાય એવી રીતે, અથવા ભુલમાં પડયા વિના કે પોતાના વાદના ઉપર શંકા, વિવાદ, અને અસિદ્ધતાપર્યંતના દોષનો સંભવ ખેંચી લીધાવિના, કોઇ પણ વિચાર કરનારને લક્ષણરચના કરવી અશકય થઇ પડે. પ્રત્યેક લક્ષણમાં, લક્ષ્યના અસાધારણ ધર્મરૂપે જે તેના ખાસ ધર્મ હોય, તેનેજ લેવા જાઇએ. ઔપાધિક ધર્મોને નહિ, તેમજ લક્ષ્ય તથા લક્ષણના પ્રદેશ એવા સમાન રાખવા જોઇએ કે ન્યુનાધિક થાય નહિ. આટલી વાતો

ઉપર યોગ્ય ધ્યાન આપવામાં આવે, તો એક વિચાર ઉપરથી બીજા વિચાર ઉપર જવામાં કશો બાધ આવે નહિ, અને લક્ષ્યના સ્વરૂપ અને પ્રદેશનો વિચાર સ્પષ્ટ થયાવિના રહે નહિ

લક્ષણ યોગ્ય હોવુ જોઇએ, એટલે કે લક્ષ્યનો જેટલો પ્રદેશ હોય, તેટલા બધાને બરાબર લાગુ થાય તેવુ જોઇએ. લક્ષ્યવિના અન્યને લાગુ પડે કે લક્ષ્યનો કોઇક ભાગ મૂકી દે, તેવુ ન જોઇએ, લક્ષ્ય અને લક્ષણ એક એકને સ્થાને વાપરી શકાય તેવા થવા જોઇએ, અને એમ પરિવર્ત કર્યા છતા પણ તર્કનું સ્વરૂપ બદલાય નહિ, તો લક્ષણ યથાર્થ છે, એમ પરીક્ષા જાણવી

લક્ષણ જાતે સ્પષ્ટ હોવુ જોઈએ–એટલે કે લક્ષ્ય કરતાં વધારે સ્પષ્ટ અને તુરત ગ્રહણ કરી લેવાય તેવુ જોઈએ, કેમકે એમ ન હોય, તો તો લક્ષણ કરવાનો પ્રયાસ જ વ્યર્થ છે લક્ષણ કરવાનો ઉદ્દેશજ સ્પષ્ટતા કરી આપવી એવો છે, અને તે ઉદ્દેશ, આ નિયમ સાચવ્યા વિના, સિદ્ધ થતો નથી.

લક્ષણમાં જેમ બને તેમ થોડામા થોડા યોગ્ય શબ્દો આવવા જોઇએ. વિસ્તાર કરવામાંથી દ્વયર્થતારૂપ શંકા ઉપજી આવે છે, આલંકારિક શબ્દોમાંથી અસ્પષ્ટતા પેદા થાય છે, અને રૂઢ ન હોય તેવા શબ્દના પ્રયોગથી અર્થ-

બોધ થતો નથી. એકાર્થવાચક ભિન્ન શબ્દનો પ્રયોગ સર્વથા તજવો, પણ કોઈ શબ્દનું લક્ષણ બાંધતાં તો તે વાત ઉપર ખાસ લક્ષ રાખવું.

૫. એક વાત પૂરી સમજાયાવિના બીજી વાત ઉપર જવું નહિ.

યોગ્યરીતે યોજેલું જ્ઞાનમાત્ર, થોડી થોડી મુશ્કેલીવાળા સત્ય ઉપર ધીમે ધીમે ક્રમે ક્રમે વધતું ચાલે છે; આમ છે, એટલે જો વચમાં એકાદ ક્રમ મૂકી દેવામાં આવે, તો તેપછીથી પ્રાપ્ત કરવાના જ્ઞાનમાત્રમાં તેની જરૂરને લીધે ખામી આવે, એટલુજ નહિ પણ જ્યાં જ્યાં એ રહી ગયેલા જ્ઞાનનો સંબંધ આવે ત્યાં ત્યાં તો અયથાર્થ જ્ઞાન ઉપજી આવે.

૬. દૂર કરી શકાય એવી જે કોઇ વાત હોય, તેને અભ્યાસના સમયની વચમાં આવવા દેશો નહિ, તેમજ વચમા આવતી હરેક વાતને દૂર રાખવા કાળજી કરો.

સતત પ્રવર્તવા દેવાથી શીલમાત્ર શીલરૂપે બંધાય છે; અને મૂલથી પ્રાપ્ત કરેલાં શીલને ઉપયોગમાં આણી તાજાં ન રાખવાથી નવાં નવાં શીલ બધાતાં ચાલે છે. એકાદ શુભ શીલ (ટેવ)ની ઉપેક્ષા કરવાથી એક વધારે વધારે અશુભ શીલનો પ્રવેશ થાય છે. આત્માને નિતરાં અભ્યાસનીજ ટેવ પાડો, અને તેને આત્મરૂપ થઇ જવા દો.

૭. ગમે તે પણ જે યોગ્ય અભ્યાસ આરંભો, તેમાં મંડયા રહો.

વિઘ્ન અને અંતરાયથી ધૈર્ય ન હારતાં વધારે ધીરે ધીરે થવું જોઇએ. વિઘ્ન ઉપસ્થિત થયું છે, એટલું જાણતાં જ આપણું આત્મબલ અને આપણી સર્વ શક્તિ તે વિઘ્નને પરાસ્ત કરવા માટે જાગ્રત્ થઇ જવા જોઇએ. સર્વત્ર, ચોપાસા, આપણે વિજયી, અપરાહત, રહેવું જોઇએ.

સંસારમાં તમે ઉત્તમ દૃષ્ટાંતરૂપ થાઓ. તેથી વિરુદ્ધ એવા જે જે ઉદ્દેશ હોય, સર્વથી તમે છૂટા થઇ જાઓ. અમારે હવે તમને આગ્રહ કરવાનો છે. ગમે તે સ્થિતિમા હો પણ ખરો ઉદાર ભાવ દાખવો. વ્યવહારની વિકલ યુક્તિઓથી ગુંચવાઇ પડી તેનો સ્વીકાર કરતાં સાવધ રહો. તમારી દૃષ્ટિ આગળ તમારૂં કર્તવ્ય એકજ છે, તેને બરાબર કરવાનું લક્ષ રાખો;—ઇશ્વરે તમારા આત્માને જે ભાવિ માટે નિર્મ્યો છે, તે સિદ્ધ કરવું એજ તે કર્તવ્ય છે. આત્મત્વ, મનુષ્યત્વ અને સાધુત્વ ત્રણેનો એક હાર બનાવો અને નિરંતર તેને ડોકમાં ધારણ કરો. મહોટો રાજા પણ ન આપી શકે તેવી બક્ષિસરૂપ સમય-વર્ષ-તેનો ઉપયોગ કર્યાવિના તેને એમ એળે જવા ન દેશો, પણ ભૂત ક્ષણ જે રીતે ગઇ, તે કરતાં ભવિષ્યત્ ક્ષણ સારી કાઢવી, એવો નિશ્ચય કરતા રહો, અને મનુષ્યના કર્તવ્ય-

ની નોંધ રાખનાર દેવ જે નોંધ કરે, તેમાં એવો લેખ પડે તેની કાળજી કરજો કે ‘ કેટલાકે મારા વિચારને અતિ વિકટ માર્ગમાં પણ પકડી રાખ્યો છે,” કલ્પનાને કાર્યરૂપે દર્શાવી છે, વિચારને સિદ્ધ કર્યો છે, અને આખા જીવનને કર્તવ્યતા તથા આત્મશિક્ષણ એ કેન્દ્ર સાથે બાંધી રાખીને પ્રવર્તાવ્યું છે. લખનાર પણ પોતે પોતાનાં વચન ચુકે નહિ, એવી પ્રાર્થના છે.

“ જીવન એક અગાધ, વિસ્તીર્ણ, અને ભયંકર સમુદ્ર છે, છતાં કવચિત્ તે શાન્ત અને સુંદર જણાય છે. પરમાત્માનો પ્રકાશ તેના ઉપર વિલસે છે, અને જલમાં પ્રત્યેક રંગની લહરો રમતી દેખાય છે. પણ વળી થોડીજ વારમાં કાળાં વાદળાં ભેગા થઇ આવે છે, દૈવરૂપી દુર્ઘટતનું તોફાન મચે છે, અને ભાગી ગયેલા લઘુ નાવનાં પાટીયાં ઉપર આશા માથે હાથ દેઇ અશ્રુપાત કરતી બેસે છે. પ્રતિમનુષ્યને આ સમુદ્ર ઉપર લાંબી, અને ખરા બનાવોથી ભરપૂર મુસાફરી કરવાની છે. ડાહ્યાનું વહાણ ભાગે કે ન પણ ભાગે, મૂર્ખનું તો ભાગવુંજ જોઇએ. ત્યારે બંધુઓ! વેળાસર ડહાપણ શીખો, ખલાસીઓ પાસેથી તેમની કલાનું ચાતુર્ય શીખો. સમુદ્રના તરંગ ઉપર અસ્વાર થતાં, પવનને પકડતાં, ભયંકર તોફાનમાં હીંમત ન હારતાં, નિર્ભયતાથી નિશ્ચયપૂર્વક ધારેલા બંદર ઉપર પહોચવાનો

માર્ગ અનેક સંકટોમાં થઇને શોધી લેતાં, શીખો. અરે! એના એજ ખલાસીઓ પાસેથી તીવ્ર દૃષ્ટિવાળા દૂરદર્શિત્વ-ને સુકાને બેસાડવાનું, વૃત્તિવિક્ષોભના આકસ્મિક ઝપાટા-માંથી શઢને ઉગારી લેવાનું, ધર્મને હોકાયંત્રને સ્થાને સ્થાપવાનું, શીખો. હોકાયંત્ર કવચિત્ ધ્રૂજયાં કરે છે, પણ સર્વદા એકની એકજ રીતે સ્વર્ગ અને ઇશ્વરભણીજ દિશા બતાવ્યાં કરે છે,"

પ્રકરણ ૨.

વાચન.

"મને તો એમ લાગ્યું છે કે જે પુસ્તકોએ મને ઘણામા ઘણો વિચાર કરાવ્યો છે, તેમાંથીજ મને ઘણામાં ઘણો લાભ અને ઘણામાં ઘણો આનંદ થયો છે, અને જે શંકાસંશયાદિ હોય તે વિદૂર થતાં આજ પુસ્તકોએ મારી સ્મૃતિ અને બુદ્ધિ ઉપરજ નહિ પણ મારા હૃદયના પ્રેમ ઉપરે, ઉંડામા ઉંડા સંસ્કાર ઉપાજાવેલા છે. જો તમારે બુદ્ધિને ફલવતી કરવાની ઇચ્છા હોય, તો હલને તેના ઉપર અને તેની અંદર ખુંપે તેવી તેવી રીતે ફેરવો. હલ ચલા-વનાર યંત્રનાં પૈડાં તો ત્વરાથી ને સરળતાથી ચાલી જશે, પણ તેથી તો ભૂમિ વધારે કઠિન અને પાક ન થાય તેવી થશે,"–આર્કડિકન હેર.

"સંકટ છતા પણ જ્ઞાનની પાછળ લાગ્યા રહેવા" માં ખરી આતુરતાવાળા અભ્યાસીની વૃદ્ધિને, પોતાના

મૂલ શિક્ષણની ખામીઓ, બહુ વિઘ્નકર્તા થઈ પડે છે. શિક્ષણના આરંભનો મૂલભૂત ક્રમ કોઇ પ્રકારે ઓછો અગત્યનો નથી; તેમ કોઇ પણ માણસ, બુદ્ધિની સાધારણ શક્તિઓ, બુદ્ધિના મુખ્ય કામમાં સહાય થવામાટે, સારી રીતે કેળવાયાવિના, બુદ્ધિનો વધારે ઉંચા પ્રકારનો ઉપયોગ કરી શકે, એ પણ બનવા સરખું નથી. શબ્દોનું યથાર્થ જ્ઞાન, અને દેખાતાંની સાથે સ્મૃતિ થાય, એવો તેમના અર્થનો પરિચય, એ અભ્યાસીને કેટલાં આવશ્યક છે, તે કહેવાની અપેક્ષા નથી. વિચાર અને તેમના વ્યાપારની સંજ્ઞારૂપે શબ્દોમા એવા બે ધર્મ રહેલા છે, કે જેના બરાબર સમજવા ઉપરજ શબ્દોના ઉપયોગનો પૂરેપૂરો આધાર છે તે બે ધર્મ તે ધ્વનિ અને અર્થ. ભાવનારૂપ અર્થનું એક પ્રકારનું ભાષાન્તર વાચન છે, ને તે ધ્વનિરૂપ ભાષામા એવી રીતે કરેલું છે, કે તેમાથી મૂલ વિચાર કરનારના વિચાર માત્ર, જેમને તે કહેવાતા હોય તેમના મનમાં યથાર્થ રીતે ઉતરે. એટલામાટે વાચનમાં ઘણીક અગત્યની વાતોનો સમાસ થાય છે. શબ્દોનો યથાર્થ ઉચ્ચાર કરવો, છટાથી અને અટકયા વગર બોલવુ, સ્વરની શુદ્ધતા અને સુંદરતા, એક એક તેમ પરસ્પર સંયુક્ત શબ્દોના અર્થનું તાત્કાલિક અને યથાર્થ જ્ઞાન, વાકયરચનામાંથી મુદ્દાને પકડી લેવાની ચતુરાઇ, જરૂરના શ-

બ્દોને ભાર મૂકીને બતાવવાની કલા, અને વાચતે વાચતે વિચારના યથાયોગ્ય ક્રમાનુસાર અટકવા ન અટકવા ઉપર નિરંતર લક્ષ રાખવાની ટેવ, આ બધા ગુણોનો પરસ્પરાનુકૂલ સંયોગ એજ સારા વાચનનું તત્ત્વ છે.

આ સ્થાને જે યંત્રવત્ ક્રિયાઓ ગણાવી, તેમનું પૃથક વિવેચન કરવાનો અમારો હેતુ નથી, આ પ્રકરણમાં તો, આત્મશિક્ષણપરાયણજનોને આવશ્યક એવી બુદ્ધિયુક્ત વાચનવિષેની કેટલીક સૂચનાઓ આપવાનો અમારો ઉદ્દેશ છે.

વાણીના યાંત્રિક વ્યાપારવિષે, અને ધ્વનિના સ્વરૂપ તથા પ્રકારવિષે તો અમારા વાચકોએ સર જોન સ્ટોડાર્ટ નાઇટ, એલ, એલ ડી, એના રચેલા "ફિલોસોફી ઓફ લેંગ્વેજ-પાર્ટ ૧.—'યુનિવર્સલ' ગ્રામર" એ નામના પુસ્તકનું પ્રકરણ ૧૬ મુ લક્ષપૂર્વક વાચવું, અને ઉદ્યોગ તથા સંભાળથી પ્રત્યેક વર્ણનો જે યોગ્ય ધ્વનિ હોય તે શીખવો, અને પછી જુદા જુદા વર્ણનો સંમેલનમાં કેવો ધ્વનિ થાય, તે ઉપર લક્ષ આપવુ અંગરેજી શીખનારને, આ વાતમા, લેથામકૃત "હેંડ બુક, ધી ઇંગ્લિશ લેંગ્વેજ—વિભાગ. ૩" એમાંથી ઘણી મદદ મળશે. આટલું થયા પછી, અને આ પુસ્તકોમાં બતાવેલા નિયમો ઉપર પૂર્ણ લક્ષ આપ્યા પછી ઉચ્ચાર જેમાં આપ્યા હોય એવી, વેબસ્ટર અથવા કોઈ ડિક્ષનરી (કોશ) બરાબર રીતે જોઇ

હોય, તો ઉચ્ચારમાં ભુલ થવાનો અતિ ન્યૂન સંભવ રહેશે. પરંતુ આ વિષયમાં પૂર્ણ કુશલતા પ્રાપ્ત થવાસારુ અમે એમ સલાહ આપીએ છીએ કે, સર્વમાન્ય લેખકના લખાણનો થોડો ભાગ દરરોજ, ઉપર કહેલાં પુસ્તકોમાં બતાવેલા નિયમાનુસાર, મ્હોટેથી વાચવાની ટેવ રાખવી. આ બધું થવાથી પ્રત્યેક શબ્દના યથાયોગ્ય ધ્વનિનું અનુકરણ આવડશે.

આનું આજ વાચન સંભાળ રાખીને ધીમેથી થવા દેવું અને, બુદ્ધિમાત્રનેજ તે સમયે જાગ્રત્ રાખવી; પ્રત્યેક વાકયના તાત્પર્યનો ભિન્ન ભિન્ન વિચાર કરવો, પછી પ્રત્યેક શબ્દનું વિવેચન એવા ઉદ્દેશથી કરી જોવુ, કે તે તાત્પર્યનો કીયો ભાગ કીયા શબ્દથી ઉપજેલો છે, અને જ્યારે જ્યારે કોઇ શંકા ઉપજી આવે ત્યારે ત્યારે વિલંબ કર્યા વિના કોશમા જોવુ. આખા વાકયનું સમગ્ર તાત્પર્યજ નહિ પણ પ્રત્યેક શબ્દથી તે તાત્પર્યનો જે ભાગ બનતો હોય, તે પણ તમે જ્યા સુધી યથાર્થ રીતે પરિપૂર્ણ સમજ્યા ન હો, ત્યાંસુધી સંતોષ પામી વિરતિ પામશોનહિ. આમ કરવાથી શબ્દોનું યોગ્ય અર્થજ્ઞાન ઉપજી આવશે.

આ પ્રકારે પરિપૂર્ણતાથી વાકયનો અભ્યાસ કરવા થકી, તે વાકયમાં જે મુખ્ય અને સર્વોપરિ વિચાર સંગૃહીત હશે, તે તમારા લક્ષમાં આવશે, એટલે તે વિ-

વાર જે શબ્દ અથવા શબ્દોથી બોધિત થતો હોય, તેના ઉપર વાચનમાં ભાર મૂકવો.

"જે વાચો તે સમજો, અને સમજીને વાચતા હો એવું વાચન કરતાં દેખાડો;" આવો જે વાચનનો સર્વમાન્ય નિયમ છે તે, આ પ્રકારે વર્તવાથી યથાર્થ રીતે પાળી શકાશે.

મુખેથી વાચન કરવા પરત્વે, વિવેચનની સ્પષ્ટતાવાળી અને બુદ્ધિયુક્ત જે સૂચનાઓ હમેશાં આર્ક બિશપ વ્હેટલીની કલમથી નીકળે છે તેવી સૂચનાભરેલું તેનુ પુસ્તક 'એલિમેન્ટ્સ ઓફ રૂહેટરિક"* તેના ૪ થા વિભાગનું પ્રકરણ ૧—૩ વાચવાથી અભ્યાસીને બહુ લાભ થશે, તેમજ ટોમસ શેરિડન એ. એમ્, તેનું રચેલું "એ કોર્સ ઓફ લેક્ચર્સ ઓન ઇલોકયુશન્" એમાંથી પણ ઘણીક ઉપયોગી સૂચનાઓ મળી શકશે.

પરંતુ અત્ર જે ચર્ચા ચાલે છે, તે તો વાચનનો આત્મશિક્ષણપરત્વે જે ઉપયોગ છે, તે સંબંધની છે, એટલે હવે આપણે તે ઉપર લક્ષ આપીએ.

"પુસ્તકો તિલિસ્મ અને જાદુરૂપે કોઇવાર જણાય છે એમ નથી", પણ જ્યારે વિચારના સામર્થ્ય અને વૈભવમાં, જ્યારે વાચક લેખક સાથે એકરૂપ થઈ જઈ

* શ્રીમન્ માહારાઓ શ્રીકચ્છાધીશ તરફથી એ ગ્રન્થનુ ભાષાન્તર થયેલુ છે, જેનુ નામ "વાક્પાટવ" એવુ રાખેલુ છે ભા. ક,

વિચારની એકતાનતાને પામે છે અને પુસ્તકનાં પાનામાં જે " મધુર મૌન " ગુપ્ત રહેલું છે તેનો ઉચ્ચાર કરી, જે "આકાશ" ચોપાસ વ્યાપી રહ્યું છે તેને " વિચારરૂપે આવિર્ભાવ પમાડે છે, " અને એમ જેનાથી " વૃત્તિમય જીવનમાત્રમાં ચૈતન્યનો આરોપ થઇ શકે છે, " એવા પોતાના શબ્દનું તાદૃશ માધુર્ય અને બલ ઉમેરે છે, ત્યારે પુસ્તકો વિશેષે કરી તિલિસ્મ અને જાદુ બની રહે છે. વિચારને પોતામાં ગૂઢ રાખનાર જે શબ્દસમૂહથી સારા લેખ ભરપૂર હોય છે, તેના અર્થનો સંગ્રહ, શાન્તિ અને મૌનથી, આપણે પોતાને માટે આપણે કરતા ચાલીએ છીએ, તેટલી પ્રવૃત્તિ પારકી બુદ્ધિના આનદ અને શિક્ષણ માટે આપણે મ્હોટેથી વાંચવામાં કરતા નથી. આવો વિચારસંગ્રહ આપણે આપણા પોતાને માટે કરતાં હોઇએ તે સમયે વાચવાનાં પુસ્તકો સારા અને ઉત્તમ પસંદ કરીએ, તો આપણે જગત્ના મહાત્માઓના વિચારનો મૌન આનંદ ભોગવી શકીએ, અને તેમના ઉત્તમોત્તમ વિચાર શીખી શકીએ. આપણા આત્માના બંધારણમાં ભૂતકાલના જ્ઞાનમાત્રને આપણે આ પ્રકારેજ વણી લેઇએ છીએ, અને તેને પાછું નવા અને તાજા રૂપે પ્રદર્શિત કરીએ છીએ. વિચારના માર્ગ ઉપર આ પ્રકારે લક્ષપૂર્વક અને સંભાળથી ચાલવામાજ, જે ખરા જિજ્ઞાસુ છે તેમને,

પદ્ધતિની સાહાય્યની અપેક્ષા છે, અને અમને અમારા અભ્યાસકાલમાં જે જરૂર લાગી છે, અને તે ઉપરથી જે વાતની અમને ઘણા વર્ષથી બહુ અવાશ્યકતા લાગી છે, તે વાત કહીને, આ સ્થાનેજ, અભ્યાસીને અમે સહાય થવા ઇચ્છા રાખીએ છીએ.

અભ્યાસમા મૂલ વાત વાચન છે, માટે પ્રત્યેક મનુષ્ય જે વાચનક્રમ પોતાને માટે યોજે, તે અભ્યાસથી સિદ્ધ કરવા ધારેલા ઉદ્દેશને આધીન હોવો જોઇએ. પ્રત્યેક માણસ આગળ, આમ હોવાને લીધે, એક વિશાલ, સુપ્રસિદ્ધ, ધોરી રસ્તો નક્કી થયેલો રહેશે, એટલે તેણે પોતાના વિચારકાલમાં સઘળો વ્યાપાર તે રસ્તા ઉપરજ ચલાવવો, એ સર્વથા લાભકારી છે. સર્વને સાધારણ રીતે ઉપયોગી થાય એવી વાચનપદ્ધતિ યોજી આપવી, એ તો અશકય છે, પરંતુ પોતપોતાની આવશ્યકતાનુસાર સહજ ફેરફાર કરવા થકી, અભ્યાસીઓને, કોઇ પણ વિષયમાં મહાત્માઓએ જે કાંઇ લખ્યું છે, તેનો અભ્યાસ કરવામા કામ લાગે, એવી કેટલીક સામાન્ય સૂચનાઓ આપવી ધારી છે.

બેકને વર્ગ માંડયા છે તે અનુસારે, જ્ઞાનમાત્ર મનુષ્યવિચારની ત્રણ પ્રબળ શક્તિઓમાંની એક વિષયે, અથવા તેમાંની એકને પ્રોત્સાહન આપવારૂપે, હોય છે. એ ત્રણ તે સ્મૃતિ, કલ્પના, અને બુદ્ધિ. આ પ્રકારનો જે જ્ઞાનનો

વિભાગ તે આંતર વિભાગ કહેવાય, પરંતુ તે બાહ્ય વિભાગને અનુરૂપ છે, કેમકે વિચાર માત્રના બાહ્ય વિભાગ પણ ત્રણ છે; ઇતિહાસ, કાવ્ય, તત્ત્વજ્ઞાન. કાવ્યમાં કલ્પનાશક્તિના કાર્યમાત્રનો સમાસ જાણવો. ઇતિહાસથી ખબર મળે છે. શાસ્ત્રથી સામર્થ્ય આવે છે કાવ્યથી આનંદ ઉપજે છે. ઇતિહાસનો સંબંધ તાદૃશ્ય વ્યવહાર સાથે છે. શાસ્ત્ર અથવા તત્ત્વજ્ઞાનનો સંબંધ કેવી શકયતા છે તે સાથે છે, અને કાવ્યનો સંબધ શું સંભવિત છે તે સાથે છે ત્રણેનું નિદાન અનુભવ છે, અને ત્રણેને અનુભવથી પુષ્ટિ મળે છે.

જ્ઞાનનું મૂળતત્ત્વ વસ્તુસ્થિતિ છે. તેને જાણી, તેના વર્ગ કરી, સ્મૃતિમાં તેને સ્થાપવી, એ યથાર્થ રીતે વિચારશક્તિની પ્રથમ કર્તવ્યતા છે—ભાવનાના પ્રદેશમાં જે પરવાનાથી વિચારના પ્રત્યેક તત્ત્વને પેસવા દેવામાં આવેલું, તેની નોંધ પોતાના દફતરમાં સ્મૃતિ કરી રાખે છે, મૂલ પરવાનાનો તે પ્રદેશની ભાષામાં તરજુમો કરી આપે છે, અને જ્યારે જ્યારે કોઇ પણ તત્ત્વ બહાર જાય છે કે અંદર આવે છે, ત્યારે ત્યારે તે પરવાનાની પુનઃ આલોચના કરી જુએ છે—આરંભે આપણા વાચનને, આપણા વિચારોની પેઠે, વસ્તુસ્થિતિ સાથે સંબંધ હોવો જોઇએ; અભ્યાસ માટે કોઇ પણ નવો વિષય આરંભ્યો કે તે સંબંધી

વસ્તુસ્થિતિ, તેનો ઉદ્દેશ, તેનો ઉપયોગ, તેમાં કેવા ક્રમથી સુધારો કરવો, ઇત્યાદિ ઉપર પ્રથમમાં પ્રથમ લક્ષ આપવું જોઇએ. યુવાવસ્થામાં ઘણું ઇતિહાસનું વાચન રસિક લાગે છે, અને એમ છે એનું ઘણું ઉત્તમ ફલ છે. ઇતિહાસ વસ્તુસ્થિતિનો જ સંગ્રહ છે, પછી તે વસ્તુસ્થિતિ ગમે તે વિષયની હોય તેમાં બાધ નથી. વિચાર અને કલ્પનાના વ્યાપારની સામગ્રી પૂરી પાડનારો એ ઉત્તમોત્તમ ભંડાર છે. અનુભવનો વિસ્તાર તે ઇતિહાસ છે જે માણસ પ્રજાઓના અને શાસ્ત્રોના ઇતિહાસ વાચે છે, તેની દૃષ્ટિ જે લઘુ મર્યાદામાં નિયંત્રિત છે, તેમાંથી મુક્ત થઇ સહસ્રદૃષ્ટિ તુલ્ય બની જાય છે,

ઇતિહાસનો અભ્યાસ યોગ્ય રીતે ચલાવવાથી અપૂર્વ આનંદ અને અતુલ લાભ થાય છે, એમાં કશો સંશયનો અવકાશ નથી. પરંતુ, ઇતિહાસ વાચનારામાના ઘણાક તો, કલ્પિત કથામા જે ઉર્મિવિક્ષોભ થાય છે, તે ઇતિહાસથી થાય છે પણ કલ્પનાને સ્થાને તેમાં વાર્તા સત્ય હોય છે, એમ માની નિર્દોષ અને આનંદજનક રમતરૂપે ઇતિહાસને વાચે છે. પોતાની દૃષ્ટિ આગળ ઉત્કૃષ્ટ ઉદ્દેશ અને તદનુસાર પ્રયાસપૂર્વક તે લોક ઇતિહાસ વાચતા નથી. પદ્ધતિરહિત, અનિયમિત, અને અક્રમિક, વાચન અતિશય અવિચારવાળું અને હાનિકારક છે. અસ્પષ્ટ અને ગુંચવાઇ ગયેલા વિચારો

મનમાં ભરાય છે, અને તેમનામાં કશી પણ વ્યવસ્થા હોઇ શકતી નથી. આવી રીતે ઇતિહાસને વાચવો, એ તો નાની નાની વાતો વાચવા બરાબર છે, તે વાતો જે પ્રકારે કોઈ મહાકાવ્યમાં વસ્તુના એક સૂત્રથી બંધાય છે, અને પરસ્પરને તેમ સમગ્રને ઉપકાર કરે છે, તેમાંનું કશુ લક્ષમાં આવતું નથી. આવું વાચન તે તો કોઇ અપૂર્વ કરૂણપ્રધાન નાટકનું જે પાનું હાથમાં આવે ત્યાંના કોઇ પ્રવેશ વાંચવાથી પાત્રવર્ગવિષે તેમ આખા વસ્તુ વિષે જે ગુંચવણ અને અવ્યવસ્થા થઈ જાય છે, તેના જેવું છે, રફેલ* ના કોઈ એક ભવ્ય ચિત્રને બાલકની રમત સારુ કટકા કટક કરીને, શા નિયમે તેમને ગોઠવવા તે જણાયા વિનાજ, મૂલ ચિત્રની યોજના સમજ્યા વિનાજ, ગમે તેમ તેને ફરી ગોઠવાવવું, તેના જેવું છે. આત્મશિક્ષણના અભ્યાસીરૂપે આપણે ઇતિહાસ વાચવામાં આ કરતા જુદી પદ્ધતિ રાખવી જોઇએ. મનમાં નિશ્ચિત અને સ્પષ્ટ માર્ગ નક્કી કરવો, એ સારી વાત છે, અને પછી આવા માર્ગાનુસાર વાચન ચલાવવું, અને જેમ જેમ વાચતા જઇએ, તેમ તેમ વિચારની અમુક અમુક ભાવનાઓને, તેમનું વધારે ધ્યાનપૂર્વક મનન થાય અને યોગ્ય ઉદાહરણ મળે તે સારુ નિરંતર દૃષ્ટિ આગળ રાખવી, એજ ઉત્તમ પદ્ધતિ છે. ઇતિહાસ વાચવાના થોડાક નિયમો આ પ્રમાણે બતાવાયઃ—

* પ્રખ્યાત ચિત્રકાર હતો

(૧) અમુક હેતુ ઉપર લક્ષ રાખીને અમુક નક્કી ક્રમ કરવો જોઇએ.

(૨) આ ક્રમાનુસાર સારામાં સારા ઐતિહાસિક લેખ વર્ષના અનુક્રમ પ્રમાણે વાચવા.

(૩) નવો ઇતિહાસ વાચવાનું આરંભતા પૂર્વે વાચેલા ઇતિહાસનો આ ઈતિહાસ સાથે શો સંબંધ છે, તે સ્પષ્ટ રીતે મનમાં નક્કી કરવું.

(૪) વિચાર કરવા યોગ્ય વિષયોમાં અત્ર જે ગણાવાય છે તે મુખ્ય જાણવાં-(૧) સંભવોનો ન્યાયાનુસાર સંબંધ, (૨) માણુસના સુખની વૃદ્ધિને અર્થે પ્રયોજાયલાં સાધન અને તેનાં ફલ, (૩) જનતાના સુખમાં વિઘ્ન, અને તેનાં નિદાન, તથા ઉપશમ, (૪) માડલિક તથા ધાર્મિક પ્રચારોની અસર, (૫) શિક્ષણ અને સ્વાતન્ત્ર્યની વૃદ્ધિ અને તેની જનતાના સુખ ઉપર અસર, (૬) જનતાના સુખનો મહાન્ પુરુષ અને સ્ત્રીઓએ પ્રથમ ઉપજાવેલા વેગ ઉપર આધાર; (૭) પ્રજાઓની પોતાના દેશમાં અને પરદેશમાં રાજનીતિ, (૮) યુદ્ધ, શાસ્ત્ર, કલા,-માણુસની વિઘટક અને સંઘટક શક્તિના વ્યાપાર-ની ઉત્પત્તિ.

ચાતુર્ય અથવા કલાવાળા શ્રમ કે વ્યાપારમાં કલ્પના એ મુખ્ય શક્તિ છે. માણુસની કલ્પના શક્તિનો પ્રત્યક્ષ પ્રાદુર્ભાવ કલા છે.

જે માનસિક શક્તિ વિચારોને ગ્રહણ કરે છે, સંગૃહી રાખે છે, સ્મરે છે, સંયોજે છે, સંસ્કારે છે, અને ઉપજાવે છે, અથવા પુનઃ સજીવન પમાડે છે, અને જેનાથી પોતા કરતાં બીજાં સામાન્ય, વૃત્તિ, ઉર્મિ, વિચાર, રસ, ઉપજી આવે તેવા આકારરૂપે વિચારગત પદાર્થોને જે એક પ્રકારના ઉત્પાદક બળથી અમુક નિયમાનુસાર પુન સંયોજે છે, તેને વિશાલમાં વિશાલ અર્થમાં લેતા કલ્પના કહેવાય છે. આવા ભવ્ય, ઉચ્ચતમ, છતાં યથાયોગ્ય અર્થવાળી કલ્પના કરવી, એ ઇન્દ્રિયગ્રાહ્ય જડવિશ્વના રૂપોમાં ચેતનમય માનસ રાજ્યના રૂપનો પ્રચાર કરી આપવા સરખું છે, ભાવનાને પ્રત્યક્ષ અનુભવવા તુલ્ય છે, અદૃશ્ય અને અનન્તને પરિમિત કાલમાનથી પ્રત્યક્ષ કરવા જેવું છે, અને આ વિશ્વની પારના બુદ્ધિગમ્ય સત્યોને જડવ્યવહારપારનું બલ અને જીવન અર્પવા બરાબર છે. રીડ કહે છે, કે "માણસનીકલ્પનાશક્તિ તે એક વિશાલ રંગભૂમિ છે, જેના ઉપર મ્હોટી નાની, ઉત્તમ, નીચી, પ્રત્યેક વાત ભજવી બતાવવામાં આવે છે."

વોશિંગટન અરવિંગ કહે છે, કે " કલ્પના અહાર્ય છે, અનિરુદ્ધ છે, તેનો દિવ્ય ધર્મ છે, સાક્ષાત્ જણાતા વ્યાવહારિક જગતનો અપલાપ થતા તે પોતાના વિહાર-માટે નવું જગત્ ઉપજાવી શકે છે, અને જાદુગરના સામ-

ર્થ્ય થકી પ્રદીપ્ત આકૃતિઓ, મોહકરૂપ, અને રંગભર્યા સ્વપ્ન રચી કાઢીને નિર્જન સ્થાનને પણ જનાકીર્ણ કરી શકે છે, બંધીખાનાના અંધકારને તેજોમય બનાવી લે છે. ડુગોલ સ્ટુઅર્ટ કહે છે, કે "જ્ઞાનના વિષયમાત્ર તેના (કલ્પનાના) સર્વદા કાંઇને કાંઈ રચના કરતા હાથમાં ઉત્તમ ઉપાદાન થઇ રહે છે, અને રચનાની પદ્ધતિ તત્ત્વતઃ તેની તે રહ્યાં કરે છે, પણ એવા ઉપાદાનોથી કલ્પનાઓમાં મનોહારક નાનાત્વ પ્રાદુર્ભાવ પામે છે

અમિત વ્યાપારવત્ત્વ, દૈવી સામર્થ્ય, એજ કલ્પનાના વિલક્ષણ અસાધારણ ધર્મ છે સદૃશ વિસદૃશનાં અનંત નાનાત્વમય ગુફનોમા તે પરિપૂર્ણ સરલતા અને વિશ્વાસથી વિચરે છે, અને બુદ્ધિ, વૃત્તિ, અથવા રસને આધીન થઇ તેને જે સાધવુ હોય છે, અથવા પોતાનાજ વ્યાપારના પરમાનંદમા મગ્ન રહેવા તેને વ્યાપાર માત્રનીજ પ્રવૃત્તિ ઇષ્ટ હોય છે, તે અનુસારે, પોતાની ઇચ્છાથી પોતાનાંજ મેળે યોજી કાઢેલા આકારાનુસાર, ઉક્ત નાનાત્વમાથી પોતાની પસંદગી કરે છે ને સંયોજના વિસ્તારે છે.

કલ્પનાની આવી સંઘટક શક્તિ, સ્મૃતિની સંગ્રાહક શક્તિ કરતા ન્યૂન ઉપયોગવાળી નથી. સ્મૃતિ જે સદૃશરૂપો પ્રાપ્ત કરી સગૃહી રાખે છે, તેમને તે ભેગાં કરે છે, તેમનામાં જે ઉત્કર્ષ હોય તેની યોજના કરે છે, અને તે

સર્વમાંથી કોઇ પ્રેમમયતાની મૂર્તિ કે સર્વાંગસૌષ્ઠ યુક્ત સત્યની પ્રતિમા ઘડી કાઢે છે. વસ્તુગતિ આશાથી વિરુદ્ધ જાય, પ્રથમથી ગણના કરી પ્રયોજેલો વ્યવહાર, અનુભવ થતાં તે ગણનાને ખોટી પાડે, પણ કલ્પનાના સામ્રાજ્યમાં તો માણસ પોતેજ બધા નિયમોને ઘડનાર છે, અને પોતાની ઇચ્છાનુસાર, અનુભવનાં તત્ત્વમાથી જેને રાખવા હોય તેને રાખી શકે છે, ન રાખવાં હોય તેને ત્યજી શકે છે. જે શક્તિનું કાર્ય કાવ્ય છે તેને વ્યાપારવાન્ કરનાર શક્તિરૂપે કલ્પના, અનુભવને નિયામક માની અનુભવના નિયમોને યથાર્થ અનુસરે, ત્યારે તેને રસિક્તા એવુ નામ આપવામા આવે છે. ખરા કવિના કાર્યમા કશુ વિશૃંખલ, નિયમવિરુદ્ધ, હોતું નથી. કાર્યકારણભાવના અપ્રતિહત નિયમથી કશુ પાછું પાછુ જઇ શકતું નથી. કવિને જે અધિકાર છે તે એટલોજ કે જેવી ઇચ્છા થાય તેવાં કાર્ય–પદાર્થાદિ યોજવાનુ તેને સ્વાતંત્ર્ય છે, પરન્તુ તે તે પદાર્થ કાર્યાદિના જે સ્વાભાવિક નિયમ હોય, તેની વિરુદ્ધ જવાનો તેને અધિકાર નથી,* "લાલિત્યથી બધું સુન્દર અને આનન્દમય થાય છે, પણ લાલિત્ય કદાપિ પણ બુદ્ધિથી વિદૂર જઇ શકતું નથી, બુદ્ધિ લાલિત્યને પૂર્ણ કરે છે, લાલિત્ય બુદ્ધિને તેજોમય બનાવે છે."

* "અવલોકન" એ નામના મારા લેખમા મે આજ વાતને "ઔચિત્ય" એવુ નામ આપેલુ છે

કૃત્રિમ વાર્તાઓ અસત્યજ છે એમ નથી; એ તો કલ્પીને-લખેલું જીવનજ છે, બુદ્ધિએ ઉઠાવ કરી, તપાસી જોયેલું જીવન છે, નવીન જીવનપ્રકારની એ કથા છે.

કલ્પનાનાં કાર્યને વાચતા-કાવ્ય, નાટક, કથા ને વિલોકતા-આપણે લક્ષમાં રાખવું જોઇએ, કે માણસના સામાન્ય વ્યવહારોને કેવા સુન્દર અને ભવ્ય બતાવ્યા છે, અને વ્યાવહારિક શકયતાના નિયમાનુસાર તે બધું કેવી સારી રીતે યોજ્યું છે, " આનંદરૂપી પુષ્પથી સુન્દર સુપૂર્ણ માર્ગે થઇ સત્યને સ્થાને પહોચાડનાર " તથા સર્વ ભાવબોધક એવા એકજ વિચારમા દૃશ્ય અને અદૃશ્ય પ્રદેશનાં સાદૃશ્યોનો કેવો સમજાય પણ નહિ તેવો સુન્દર મેળ ઘડી કાઢયો છે !

જે જે શબ્દાડબરરૂપ છે, શકયતાના નિયમથી વિરુદ્ધ છે, સૌષ્ઠવહીન છે, તે બધું રસિકતાની વિરુદ્ધ છે, ન્યાયહીન કલ્પનાનું ચિન્હ છે,-ન્યાયહીન એટલે પોતાના વિચારને વસ્તુસ્થિત્યનુસાર સુન્દર ઉક્તિદ્વારા ચિત્રી ન શકનાર કલ્પના તેનું ચિન્હ છે. કાવ્યને સાનંદભોગપૂર્વક વાચવાસારુ રસિકતાના નિયમો લક્ષમાં હોવા જોઇએ, અને તેમનો અનુરોધ થયો હોય તે વૃત્તિ થકી અનુભવવાની તથા બુદ્ધિ થકી જાણવાની શક્તિ હોવી જોઇએ.

તત્ત્વશાસ્ત્ર છે તે બુદ્ધિનું ફલ છે,-જેનું બીજ વસ્તુ-

સ્થિતિ છે, પુષ્પ કાવ્યાનંદ છે, તત્ત્વ એ તેમાથી થયેલું પરિપક્વ ફલ છે, એ શાસ્ત્રની દૃષ્ટિએ તો આખુ વિશ્વ વિવાદવિષયજ છે, તેનું સમાધાન શોધવુજ જોઇએ પ્રતિ-ક્ષણ વિકાર પામતા, પુન પુન આવતા જતા, એવા વિશ્વ. ઈતિહાસ, અને વિચારના ચમત્કાર, તેમના વૈલક્ષણ્ય અને નૂતનતત્વને લીધેજ, અવલોકનશક્તિને જાગ્રત્ કરે છે, અને બુદ્ધિને પ્રવૃત્તિમા પાડે છે. શોધ કરવાની વૃત્તિ, એકવાર પરીક્ષણ અને શોધપર્યંત જાગ્રત્ થઈ ગઇ, તો તે અવિરત ઉદ્યોગમાંજ રહે છે. અનિવાર્ય અવધાનમાથી હઠતી નથી, અને તેના અનિદ્ર પ્રયાસમાથી સત્ય ઝાઝી વાર છટકી શકતું નથી. ફિલિપ વૉન આર્ટેવેલ્ડ, ઘેન્ટ શહેરના વા-સીઓમાટે જેમ કહે છે, તેમ વિચાર સંભવમાત્ર માટે કહે છે, કે " જ્યાં મારી ઇચ્છા થાય, ત્યાં તેમને લેઇ જવા-નો મારો ઉદ્દેશ છે."

જેટલી વસ્તુઓ છે, તે પ્રત્યેક એકેકો કોયડો છે; પરમાત્મા પાસેથી તે અમુક સંદેશો લેઈને આવેલો છે, અને હેમલેટનાં વચનોજ તેના મુખમાંથી નીકળે છે, કે " મારા રહસ્યનું તત્ત્વ તમે લેવા ઇચ્છો છો, તમે નીચા-માં નીચા સૂરથી તે છેક ટીપ સુધી મને સૂર કઢાવવા ઇચ્છો છો; ખરેખર આ નાના વાદિત્રમા ઘણું ઉત્તમ ગાન ભરેલું છે, મધુર સૂરનો ભંડાર છે; પણ તમે એને બો-

લાવી શકવાના નથી." જેકબ જેમ ફિરસ્તા સાથે લડયો, તેમ માણુસ પ્રત્યેક વાત સાથે લડે છે, અને તે છેવટે આશીર્વાદ ઉચ્ચારે, ત્યાંસુધી તેને મૂકતો નથી, ને તે આશીર્વચન ઉચ્ચારે પણ છેજ, ઉચ્ચારતાજ તે વાત સ્વર્ગનું દ્વાર થઇ પડે છે વિશ્વના સર્વસમર્થ નિયંતાને દેખતો નથી, ને દેખવાને પણ સમર્થ નથી, પરંતુ જે નગરમાં તે વસે છે, તેને જુએ છે ને એના દૂતોનાં દર્શન કરે છે તત્ત્વશાસ્ત્ર વસ્તુસ્થિતિનુ વિચારરૂપે ભાષાન્તર કરે છે, અને વિશ્વગ્રંથના અક્ષરપૂર્ણ પૃષ્ઠને, ઈશ્વરે આપણા શિક્ષણસારુ લખેલા ઉપદેશક ગ્રથની પેઠે, વાચી લે છે. તત્ત્વશાસ્ત્ર એ શબ્દમા જડ તેમ ચેતન ઉભય સંબંધી શાસ્ત્રોનો સમાસ માનીને એમ કહેવુ આવશ્યક છે, કે તેને વાચવામા નીચે પ્રમાણે નિયમો સાચવવા જોઇએ

"(૧) તત્ત્વશાસ્ત્રમાં જે વિષયોની ચર્ચા હોવી જોઈએ, અને જેના નિશ્ચય બનતા સુધી મળી આવવા જોઇએ, તે વિષયોનું સ્વરૂપ મનમાં રાખવુ,

(૨) જેનો ખુલાસો કરવાનો છે, તે વસ્તુસ્થિતિ યથાર્થ સમજી લેવી, અને કીયો ખુલાસો યથોચિત મનાશે, તેનો કાઇક વિચાર બાંધી રાખવા યત્ન કરવો,

(૩) તે વિષય ઉપર માણુસોના વિચાર જે ક્રમે પ્રવર્ત્યા હોય તેવા વર્ષવાર ક્રમ થકી ગ્રથો વાંચવા, તે તે

લેખમાં જે વિવેચન હોય તેમાં કેટલો ન્યાય છે, તેનો તોલ કરવા યત્ન કરવો, અને એક વિચારથી બીજા ઉપર જવાના વ્યાપારમાં કેટલી વૃદ્ધિ થઇ શકે છે, તેનો વિવેક મનમાં ઉતારવા યત્ન કરવો;

(૪) નવા વિચાર જે માર્ગથી ઉપજે છે, તેના ન્યાયાનુસાર વ્યાપાર ઉપર લક્ષ રાખવુ, અને એ વિચાર કયાં દોરી જાય છે તે જોવુ,

(૫) કોઇ પણ સમયના તત્ત્વજ્ઞો ઉપર અમુક તત્ત્વવિચારથી શી અસર થાય છે, તે લક્ષમા આણો, અને હળવે હળવે તે વિચાર ઉતરતે ઉતરતે સર્વ સાધારણ લોકના મનમા જામાં જઇ, તત્ત્વજ્ઞો પાસેથી સર્વ પાસે આવે ત્યા સુધીની તેની અસરને વિલોકો.

અત્ર બતાવેલા નિયમાનુસાર વાચન ચાલ્યાં જાય, તો અભ્યાસીને બીજા માણસોના વિચારનો પૂર્ણ પરિચય થાય એટલુંજ નહિ, પણ પોતાની મેળે વિચાર કરતા પણ આવડે. પુસ્તકો ઉપર અકરાતીયાપણું કરનારા ઘણીવાર અપચાનો વ્યાધિ વહોરે છે. જે વાચીને તેને બરાબર પચીને ત્રિચારરૂપે મનમા સ્થપાય નહિ, તો તેવુ મન નિરામય કે સબલ કહેવાય નહિ. "જે માણસ નિરંતર વાચ્યાં કરે છે, પણ વાચવામા વાચવાને અનુકૂલ કે તેથી અધિક વિચાર વાપરતો નથી, તે પુસ્તકજ્ઞાનના ભડોળથી

ભરપૂર છતાં જાતે ઉણો ને ઉણો રહે છે અને અનિશ્ચય અને શંકામાં ગોથા ખાધાં જાય છે ”

જેનાથી આપણને વિચારવાની શક્તિ આવે કે વિચારવાનું મન થાય, તેવા લેખમાત્ર મૂલ્યવાન્ ગણવા જોઇએ. જે પુસ્તકો અવધાનની ટેવ ઉપજાવે અથવા સબલ કરે, બુદ્ધિને સ્થિર કરવા તથા ઇચ્છાને વ્યાપારમાં મૂકવાની જે થકી આપણી વૃત્તિ થાય, જે થકી મનન, વિચાર, અને તીવ્ર પરામર્શવ્યાપાર ઉપજી આવે, તેમને, જે આજકાલના સમયમાં પ્રિય થયેલાં સરલ, ઉપર ઉપરથી વાચતાજ સમજાય તેવાં પુસ્તકો છે તેમના કરતાં ઉત્તમ ગણી પસંદ કરવા માણસોએ વિચારવા માટેજ વાચવુ. વિચારવાનો શ્રમ ન પડે તેમાટે વાચવુ એમ નથી એવો સમય પણ હોય છે, કે જ્યારે વાચવુ તે કેવલ વખત ગાળવા માટેજ વાચવું એમ હોઇ શકે, પરંતુ જ્યાસુધી ટેવ બરાબર બંધાઇ નથી અને અવધાન પૂરેપૂરૂં કેળવાયું નથી, ત્યાંસુધી તેવા વાચનથી હાનિ છે. જ્યારે સત્ય જ્ઞાનને ગ્રહણ કરી સંગૃહી રાખવાની મનને સારી ટેવ પડે, તેમજકોઇ વિચારની આકૃતિને સુંદર માની વખાણવાની સાથેજ તેના વિષયનું પણ યથાર્થ ગ્રહણ કરવાનો આનંદ અનુભવતાં આવડે, ત્યાર પછી એવું નિર્જીવ વાચન, પ્રસંગે કરવામાં બાધ નહિ. શિક્ષણ અને આત્મશિક્ષણના કાલમાં તો જે

વાચવાનું છે તે, મનમા જ્ઞાન ભરવામાટે છે, મનને જેમ વાળીએ તેમ વળે તેવું અને આજ્ઞાકારી કરવામાટે છે, મનને પોતાની શક્તિને વાપરતું બનાવવામાટે-અને એ રીતે પ્રાપ્ત કરેલા ઉપાદાનમાંથી, આપણાં શક્તિ તથા ભાવિને અનુસાર, આપણે વ્યવહાર ઉપજાવી કાઢવામાટે છે. આપણે પંડિતાઈ પ્રાપ્ત કરવામાટે વાચન ન ચલાવવું એમ નથી, પણ તે કરતાંએ માણસાઇ પ્રાપ્ત કરવામાટે ચલાવવું વધારે ઉચિત છે

પ્રકરણ ૩.

વાર્તાલાપ; તેનાં ઉપયોગ, નિયમ, અને ફલ.

" એકાન્તવાસી વિચારકના તર્ક નિર્માલ્ય અને મંદ નીવડેછે, " પણ જ્યારે મંડલના સંસર્ગની હવા માણસને લાગે છે, ત્યારે કલ્પના ચંચલ થાય છે, બુદ્ધિ તેજ થાય છે, અને જિંહ્વા ચતુરાઇ શીખે છે. સ્નેહપૂર્ણ આનંદના આલાપમાંજ વિચારનાં ઉત્તમોત્તમ અને વિરલમા વિરલ વચન બહાર આવી જાય છે. તે પ્રસંગે બુદ્ધિ હૃદયને હાથે પોતાના સંદેશા અને ઉપહાર પહોંચાડતી રહે છે, અને આત્મામાં છુપાઇ રહેલો અતિ શરમાળમાં શરમાળ ભાવ પણ તુરતજ જિંહ્વાગ્રે ચઢી આવે છે. તે સમયે, વાણીના પ્રયોગમા જે શુષ્ક વિવેક અને મિથ્યા વિનયનાં બંધન

રહે છે તે તૂટી જાય છે, અને આપણે, એક જીવરૂપ ભ્રાતૃભાવની સહૃદયતાના રસથી કરીને, સંભળાય તેવી રીતે વિચાર કરીએ છીએ, તે પ્રસંગે અતિ મંદતાથી ઉગતા આપણા વિચારોને એકાએક પુષ્પ આવી જાય છે, પ્રેમામૃતના સિંચનથી તે પ્રફુલ્લ અને મધુર હોય છે, આપણા પોતાના મનનોજ તે વિચાર હોવાથી તે પુષ્પ દિવ્ય રંગવાળું દર્શાય છે આત્માના ગૂઢ તત્ત્વમાંથી ડહાપણની તેજોમય વિદ્યુત્ ચમકી ઉઠે છે, અને ચોપાસની હવામાં તે રમે છે ને ઝળકારા મારે છે આનુજ નામ પ્રેમાલાપ–આત્માની આત્મા સાથે એકતા–હૃદયગત ઊર્મિ અને બુદ્ધિગત જ્ઞાનના પ્રવાહનું બહાર આવતા એકત્ર વહેવું–બુદ્ધિ, હૃદય, જીવન, પ્રેમ, અને પરિચયનુ અતિ ઉચ્ચતમ અને પવિત્ર એકત્ર થવું–એજ ખરો પ્રેમાલાપ !

માણુસ મંડલમાં રહેનાર પ્રાણી છે તેની આ પ્રકૃતિનું ઉત્તમોત્તમ રૂપ, જયા હૃદયના શુદ્ધ ઉદ્‌ગાર અને આત્માના સર્વ ભાવ ઉચિતશબ્દશ્રેણિમાં પ્રદર્શિત થાય છે, જ્યાં આલાપવતી જિહ્વા અને પ્રેમપૂર્ણ વૃત્તિ તર્કશક્તિને પોતાના વિચારનો વ્યાપાર સભળાય તેવી રીતે ચલાવવામાં સહાય થાય છે, જયા ડહાપણના ખરા લાલિત્યને મધુરાલાપની વિશુદ્ધ સુંદરતા અધિક દીપાવે છે, એવી વાતચીતના પ્રસંગ કરતાં અન્ય હોવુ અશક્ય છે, “ આલાપ-

થી આપણી દૃષ્ટિમર્યાદા ખુલી જાય છે, આપણી શક્તિઓ વધારે સબલ પ્રવૃત્તિ કરવા લાગે છે, આપણા વિચારોને ચોપાસા ફેરવી જોઈ તપાસવાનો પ્રસંગ આણે છે, અને તેમને એવા પ્રકાશમાં ધરે છે, કે ભાવનાના અંધકારમા જે ગૂઢ દોષ એમના એમ પડી રહ્યા હોત, તેમનું પણ આપણને તુરત દર્શન થઇ જાય છે." વાર્તાલાપ પ્રોત્સાહક અને પુનરુદ્‌ભાવક છે, પુષ્ટ કરનાર અને બલ આપનાર છે, ઉત્તેજિત કરનાર અને લાભપ્રદ છે. " બુદ્ધિ એથી બલવતી થાય છે, અને આચાર સુસંસ્કારવાન્ થાય છે. વિચાર અને તેના રૂપમાત્ર, વૃત્તિઓ અને તેના પ્રકાર માત્ર, તાજા અને સજીવ શબ્દો તથા તેમનાં તુરત ઉપયોગયોગ્ય અને સારામાં સારા સયોજન (વાકય),–એ બધું વિશુદ્ધ અને રસિક એવા માંડલિક વાર્તાલાપમાં પૂર્ણરીતે મિશ્ર થઇ અતિ આનદ ઉપજાવે છે. સર વિલીઅમ્ ટેમ્પલ કહે છે કે " વાર્તાલાપનુ પ્રથમ તત્ત્વ સત્ય છે, પછી સારી અક્કલ છે, તે પછી આનદી પ્રકૃતિ છે, અને પછીનું તત્ત્વ બુદ્ધિવભવ છે."

જ્ઞાનની સુધારણાને અર્થે, વ્યવહારકાર્યની સિદ્ધિને અર્થે, સાધારણ જીવનમા યથાર્થ સુખ સાધવાને અર્થે, જેને અમે વાર્તાલાપ એ નામ આપી, માણુસ માણુસના નિત્ય વ્યવહારસંસર્ગ આદિમાં વિચારો વિચારના વિનિમયરૂપે

સમજાવવા યત્ન કર્યો છે, તે સાધવામાં તત્પરતા, ચાતુર્ય અને યથાર્થ વક્તૃત્વ, એ કરતાં વધારે આવશ્યક બીજું કાંઇ નથી એટલું તો તુરતજ માન્ય કરવામાં આવશે. ત્યારે, આ વિષય ઉપર કેટલાક વિચારોને ગોઠવી, ઘણો અભ્યાસ અને ઉદ્યોગ આવશ્યક છતાં પણ, જે થકી વાર્તાલાપની શક્તિ કેળવાય અને એ પ્રકારે " સુશિક્ષિત જિહ્વા અભ્યાસથી પૂર્ણતા પ્રાપ્ત કરી " વાર્તાલાપનો અંકુર ફૂટતો હોય તે સમયે પણ અંતર્વિચારની ઝલક દર્શાવવા સમર્થ થાય, તેવો કોઇ માર્ગ બતાવવા યત્ન કરીએ, તો આવા વિષય ઉપર ડહાપણ કરવાનો આરોપ અમારા ઉપર મૂકવામા આવશે? આવે તો અમે કાઉપર કવિની ઉક્તિ સાથે એકમત થઇ સંતોષ માનીશુ.-" જે દોષ ગર્વને લીધે નહિ પણ આતુરતાને લીધે થયો છે, તે ઉદારવૃત્તિએ ક્ષન્તવ્ય છે."

નિયમોનું સ્વરૂપજ એવુ છે, કે જ્યાંસુધી નિયમને સાક્ષાત્ અનુભવમા ઉતારી શીલરૂપે કરી લેવાયા ન હોય ત્યાસુધી તે સહાયને બદલે અંતરાય થઇ પડે છે. " કોઇ પણ વાત, જયાસુધી તેને પાર ઉતારવાની પદ્ધતિમાં આપણું લક્ષ રહે છે, ત્યાંસુધી કદાપિ સારી થતી નથી." કોઇ પણ કલા શીખવાને આરંભે, જે નિયમોને તે કલા અધીન હોય અને જે થકી તે પ્રાપ્ત કરવામાં સફલતા

થતી હોય, તેનું શિક્ષણ આવશ્યક થાય છે; તે કલાના પ્રયોગ અન્ય જનો કરતા હોય ત્યારે, તેમને આપણે લક્ષપૂર્વક વિલોકવા પડે છે, તે તે વ્યાપારનાં ફલ સિદ્ધ કરવાના સાધનપરત્વે, જ્યાંસુધી અનેક વારના અભ્યાસે કરી ક્રમશ અવધાનનો આયાસ અતિ ન્યૂન થઇ જઇ એક શીલરૂપ થઇ રહે ત્યાંસુધી શિક્ષણ લેવું પડે છે. લૉક કહે છે કે, " અભ્યાસ અને અનુભવથીજ મન અને શરીરની શક્તિઓનો પરિપાક થાય છે, નિયમોનું શ્રવણ કરવાથી કે તેમને સ્મરી રાખવાથી કોઇનામાં કશી પણ શક્તિ આવતી નથી, નિયમનો વિચાર કર્યાવિનાજ કાર્ય સાધી શકાય તેવી ટેવ અભ્યાસ અને અનુભવથી પડવી જોઇએ. આમ તે એટલે અમે જે નિયમો આપીએ, અર્થાત્ વાર્તાલાપ ક્રીયા ન્યાયને અનુસરે છે તે બતાવીએ, તો તે માત્ર અવિરત ઉપયોગ અને ઉદ્યોગના આરંભક નિયમ છે એમ જ જાણવુ, પ્રયત્નને પ્રવૃત્ત કરનાર હેતુ છે એમજ સમજવુ, યથાયોગ્ય શીલ ઉપજી આવે તે માટેની એક કસરત છે એમ અનુભવવુ, પણ એમ ન ધારવુ કે એવા નિયમોથી નિષ્ફલતા નહિજ થાય, કેમકે એ નિયમો તો માત્ર સફલતાના સાધક છે, નિષ્ફલતાના બાધક નથી.

ન્યાય માત્રનો ઉપયોગ કસરત અથવા અભ્યાસ

એજ છે, ક્ષિણુના સાધનરૂપે, બુદ્ધિને જરૂર પડે ત્યારે સલાહકારરૂપે, અને બુદ્ધિના માર્ગમાં ઉત્તરોત્તર જે જે પ્રલોભનો આવી પડે તેમના સંબંધે છેવટ નિશ્ચય કરી આપનાર નિયામકરૂપે, ન્યાયમાત્રનો પૂર્ણ ઉપયોગ છે. પરંતુ જ્યારે ન્યાયપ્રોક્ત માનસ વ્યાપારના આકૃતિક નિયમોના પુનઃ પુનરભ્યાસ અને પરિચયથી–પછી તે પરિચય શિક્ષણથી, અનુકરણથી, યથાયોગ્ય પ્રેરેલી સ્વાભાવિક યોગ્યતાથી, ગમે તેથી પ્રાપ્ત થયો હોય—આપણે ન્યાયના નિયમોને આપણી બુદ્ધિમાં સ્વભાવરૂપેજ સ્થાપી લેઇએ છીએ, ત્યારે દર્શન, ભાવિનિશ્ચય, વાર્તાલાપ, વ્યવહાર, ઇત્યાદિમાં આપણી જે ઉત્તમતા હોય તે ન્યાય જ્ઞાનજન્ય છે, એમ આપણે સ્વીકાર કરતા નથી જે તાત્કાલિક બુદ્ધિ અને યુકિત આપણે વાપરી શકીએ છીએ તેના આપણા સ્વભાવની પ્રાકૃતિક કુશલતા અને સ્વતંત્ર શક્તિમાની આપણે આપણી જાતને છેતરીએ છીએ, અને આવા સ્વાભાવિક બુદ્ધિવૈભવના અભિમાને ચઢીએ છીએ. આમ ન્યાય પોતેજ પોતાનો વિનાશ સાધે છે

કવાયત અથવા અભ્યાસ શબ્દ જે અત્ર વાપર્યો છે, તેના અર્થમાં બે મુખ્ય વાતનો સમાસ છે, (૧) અમુક પ્રકારનું કૌશલ્ય, ચાતુર્ય, આદિ આપનાર કેળવણી જેથી સિદ્ધ થાય છે તે **શિક્ષણ**, અથવા કોઇએક રસિકતા

અથવા પ્રવણાને અમુક માર્ગે લેઇ જવાની યોજના; અને (૨) કોઈ અમુક પ્રદેશ પરત્વે નિયત કરેલા બુદ્ધિ-વ્યાપારને તે પ્રદેશની બહાર લેઇ જવા પ્રયત્ન કરતાં કોઇ વૃત્તિ, ઇચ્છા, અથવા વલનને વશ રાખવા, સુધારી લેવા, તે છેવટ દબાવી દેવા જે પ્રયત્ન થાય તે રૂપ **સંયમ.** આમ હોવાથી ન્યાયમાત્રની પ્રવૃત્તિ સ્વાભાવિક અને અવશ્ય રીતે દ્વિધાજ થાય છે, સત્યનું પ્રતિપાદન કરવામા, અસત્યનો નિષેધ કરવામા, સ્વીકાર કરવામાં, ટીકા કરી અનાદર કરવામા. પરંતુ આ ઉભયે વ્યાપાર, છેવટ પૃથક્કરણ કરતાં તો, તેમના કરતાં ઉપરિતન એવી એકતામાં મળી જાય છે, કેમકે જ્યારે જ્યારે આપણે સત્યનો નિશ્ચય કરીએ છીએ, ત્યારે ત્યારે અસત્યનો અનાદર કરીએ છીએ, જ્યારે જય રે દોષને અટકાવીએ છીએ, ત્યારે ત્યારે સત્યને ઉત્તેજન આપીએ છીએ.

વાસ્તવિક રીતે જોતાં ન્યાયના જે સિદ્ધાન્ત છે તે, મન સ્વવ્યાપાર અવિરોધથી ચલાવી શકે એટલે કે પોતે પોતાના વ્યાપાર પરસ્પર વિરોધવિના તેમ બાહ્ય વિશ્વસાથે વિરોધવિના ચલાવી શકે, તેની મર્યાદાઓની ગણના માત્ર જ છે. આમ છે, ત્યારે મનના પ્રત્યેક વ્યાપાર ઉપર ન્યાયની અસર સર્વોપરિ રહેવી જોઇએ, અને વિચારના પ્રત્યેક કાર્યમાં ન્યાયનું જીવન ભળેલું હોવુ જોઇએ. સહ-

જોપલબ્ધિ, પ્રત્યક્ષ, દર્શન, કે વાણીવિન્યાસ, સર્વના વ્યાપાર માત્રમાં ન્યાયની વિદ્યમાનતા હોવીજ જોઇએ; આપણાં વિચાર, શોધ, વ્યવહાર, આપણી ઉક્તિ માત્ર–એટલે કે વિચારના બાહ્ય પ્રદર્શન માત્ર–પ્રસિદ્ધ કાર્ય, ભાગ્યાં તૂટયાં સંભાષણ, તેમ મુખેથી પ્રદર્શિત કરેલા વિચાર, એ સર્વ ઉપર ન્યાયનો અધિકાર રહેવો જોઇએ, ન્યાયનું સામ્રાજ્ય ચાલવું જોઇએ. પરંતુ આ વાત સાભિમાન પ્રદર્શનનો વિષય થવી જોઇએ નહિ, બોલતાં ચાલતાં, વિચારતાં, કહેતા, અમે ન્યાયને અનુસરીએ છીએ, એમ જણાવવામાં આવવુ જોઇએ નહિ તાજી સુગંધથી પ્રપૂર્ણ અને સૌંદર્યવાળી પોતાની વિચિત્ર પાખડીઓ ખુલ્લી કરીનેજ પુષ્પ સંતોષ માને છે, પોતાની આકર્ષક કાન્તિનું નિદાન પોતાનાં જે મૂલમાં રહેલું છે તેમને ખુલ્લાં કરીને બતાવતું નથી. યદ્યપિ અમે ન્યાયનું શિક્ષણ સર્વત્ર વ્યાપે એમ ઇચ્છીએ છીએ, અને તે શિક્ષણ વ્યવહારના પ્રત્યેક કાર્ય અને પ્રસંગ ઉપર અધિકાર ભોગવે એમ ઇચ્છીએ છીએ, તથાપિ જે યંત્રથકી પ્રયત્યક્ષરૂપ સામગ્રીને–વિચારને આકારે વણીને બાર કાઢવામાં આવે છે તે, યંત્રની ખડખડભડભડ સંભળાયાં કરે અને તે યંત્ર સર્વના દીઠામાં આવે, એવી અમારી લેશ પણ ઇચ્છા નથી. વિચારનો જે સારામાં સારો સુંદર વણાટ તે, સાળના વણાટની પેઠે,

હેતુ અને ફલના સંયોજનનું પરિણામ છે, અને આ વણાટને વણવાની પદ્ધતિમાં સુધારો બનાવીને, હજી પણ ઉંચા પ્રકારનો બનાવવાનો અમને લોભ છે. સાળ ઉપરથી વિચાર શુદ્ધ અને સંપૂર્ણ ઉતરે એમ કરો, અને પછી વાક્પાટવના જે રંગ તમારે તેને બોળવાની ઇચ્છા હોય તેમાં બોળો, પણ એક કલાના રંગનો ઉપયોગ બીજી કલાની ખામીને ઢાકવામાટે કરશો નહિ. વિચારની પ્રામામાણિકતા ન્યાય છે, અને વિચાર માત્ર પ્રામાણિકજ હોવો જોઇએ. સવિશેષે તે વિચાર કે જે સ્નેહ સંબંધના પ્રવાહમાં પ્રદર્શિત થાય છે. ત્યારે વાચકની દૃષ્ટિમા અમારૂં જે અત્ર કર્તવ્ય છે, વાસ્તવિક ઠર્યું હોય તો હવે અમે, અવધાન આકર્ષવાની આશાપૂર્વક “વાર્તાલાપના ન્યાય” નું એક રેખારૂપ, તે ઉપરના વિવેચન સમેત, તેમના આગળ નીચે પ્રમાણે મૂકીએ.

કોઇપણ પ્રકારના સાહચર્યસંબંધે, જ્યાં જ્યાં આપણા વ્યાવહારિક ભાગદ્વારો પ્રોત્સાહન કરે તેવો, બુદ્ધિવ્યાયામ આપવાલેવાની ફરજ સમજતા હોય ત્યાં ત્યાં, કટકે કટકે અને ગાળે ગાળે, અથવા ચાલતી ધારારૂપે, મુખ થકી જે વિચારનો વિનિમય તે વાર્તાલાપ કહેવાય.

વાર્તાલાપના નિયમો પદ્ધતિ અને વિષય ઉભયને લાગુ થાય છે. પદ્ધતિના નિયમો ટુંકામાં એવા છે કે

વાર્તાલાપ (૧) મુખોદિત હોવો જોઇએ, (૨) વિનિમય યોગ્ય અને સવિરામ, અથવા વિરામ પમાડી શકાય તેવો હોવો જોઇએ, (૩) પરસ્પર હોવો જોઇએ, એટલે કે પરસ્પર અનુકમ્પા સમેત, રસિક, અને એક બીજાને અપાય લેવાય તેવો હોવો જોઇએ, (૪) નાનાત્વવાળો, નાનાત્વમય કરી શકાય તેવો હોવો જોઇએ

વિષયના મુખ્ય નિયમ એવા છે કે વાર્તાલાપ (૧) બોધક, અવધાન આકર્ષે તેવો પ્રેરક હોવો જોઈએ, (૨) અક્કલવાળો, ડહાપણવાળો, સયુક્તિક હોવો જોઇએ, (૩) ઉત્સાહકારક, મનને ઉચ્ચભાવ પ્રેરનાર સબલ હોવો જોઈએ.

પદ્ધતિ ઉપરજ ન્યાયવાળાઓએ બહુ વજન રાખેલું છે આ ભૂલ છે, અને જે શાસ્ત્ર વિચારના આકૃતિક નિયમોનુંજ વિલોકન કરે છે તે, શાસ્ત્ર એવી ભૂલમાં પડે અને તે ભૂલને લોકોમા પ્રસારે, એમાં આશ્ચર્ય નથી. પદ્ધતિ એ શબ્દ આપણે અત્ર વાર્તાલાપ ચલાવવાની રીત એટલાજ અર્થમાં વાપર્યો છે

જે ચાર નિયમો પદ્ધતિના પેટામા બતાવ્યા તેનું વિવેચન કરીએ

(૧) મુખોદિત જોઇએ. વિચાર દર્શાવવાનું તાત્કાલિક અને સારામાં સારું સાધન વાણી છે. વળી, અથવા આમ હોવાથીજ, એ સાધન ઘણું મનગમતું, ચિત્તહારક, અને

આનંદકારક છે, એટલાજ ઉપરથી સ્નેહભાવની વાણી તે વાર્તાલાપ કહેવાય છે–માટે આપણે જે કાંઇ બોલવું તે, થોડામાં, સાદું, સરલ, અને આપણો વારો આવે ત્યારેજ બોલવું.

(૨) વિનિમય યોગ્ય ઇત્યાદિ વાર્તાલાપની ખુબી તે અત્ર તત્ર ગયાં કરે તેમાં છે. એકાદ મંડલીમાં કોઇ વક્તાએ બહાર પાડેલો વિચાર એક મતથી બીજા મતમાં એમ ચાલ્યો જાય છે, તે તે મન પોતપોતાના સ્વભાવાનુસાર તેને ગૃહે છે, અને આ રીતે સંશોધિત તથા વિશુદ્ધ થઈ, નદીના પથરાની પેઠે આઘાત પ્રત્યાઘાતથી ગોળ, ચળકતો, અને સુન્દર થઇને, તે તે મનમાંથી પાછો નીકળી, તેને મૂલ ઉપજાવનારના મનમાં, વધારે દૃઢતાથી વધારે નિશ્ચયપૂર્વક, વધારે આનંદકારક રીતે, ઠરી બેસે છે, અથવા અગ્રાહ્ય જણાય તો માટીની પેઠે, વાણીના વમળમાં કચરાઇને ચૂરો થઇ જાય છે,

(૩) પરસ્પર તેના સ્વરૂપથી અથવા ભાવિફલથી કોઇપણ વિચાર ગમે તેવો સસાર અને મૂલ્યવાન્ હોય, તથાપિ મંડલીમાંના પ્રત્યેક માણુસ અથવા ઘણા માણુસોને રસ પડે અને વિચાર પેદા થાય એવીરીતે ને એવે સમયે જો તે વિચાર દર્શાવવામાં ન આવે તો, તે થકી વાર્તલાપનો જે મુખ્ય હેતુ—બુદ્ધિને ઉત્તેજિત કરી બુદ્ધિશક્તિ-

ઓને વ્યાયામ આપવો---કદાપિ સિદ્ધ થાય નહિ. એવી વાત એ મંડલીને માટે તો અનુચિતજ ગણાશે, અને આત્મકર્તવ્યની અનિવાર્ય આજ્ઞાને આધીન થઈને તે વાત ત્યાં કહેવામાં આવતી હોય તો ભલે, બાકી કોઈરીતે એ મંડલ આગળ એ વાત ચર્ચવાનો આગ્રહ કરવો જોઈએ નહિ. વાર્તાલાપમાં એટલે કે ઘરમાં બેઠાં જે વિચારનો વિનિમય થાય છે તેમાં પરસ્પર અનુકમ્પા તો અવશ્ય હોવીજ જોઈએ. આપણે આપણા મિત્રોને વાત કરવી તેમ મિત્રોની વાત સાંભળવી પણ જોઈએ.

(૪) નાનાત્વ. મનને એકના એક વિષય ઉપર ઘણો સમય ચલાવ્યાં કરવું એથી કંટાળો આવી જાય છે. વળી એમ થવાથી પ્રત્યેક માણસના મનની જે ખાસ શક્તિ હોય તેને વ્યાયામનો સમય આવતો નથી; માંડલિક વ્યવહારમાં જેની જરૂર છે એવા વિચાર, અને લાભકારી નાનાવિધ સૂચનો, તેમાટે પ્રસંગ આવતો નથી. વેપારમાં તેમ વાર્તાલાપના પ્રસંગમાં એક જણજ આખો વેપાર કબજે કરી લે એ વાત, તેમ કરનાર શિવાય, કોઈને પણ ગમતી નથી.

વિષયઃ—આ શબ્દ તેના સાધારણ અર્થે વાપરેલો છે; જે વાત ઉપર વિચારવ્યાપાર ચાલતો હોય, તે વાત એ અર્થ અત્ર માનેલો છે. એના સંબંધે જે નિયમો ઉ-

પર બતાવ્યા છે, તેમાં એના ત્રણ ધર્મ મુખ્ય માન્યા છે.

(૧) પ્રેરક. જે થકી માણસની શક્તિઓને રસ પડે, પ્રોત્સાહન મળે, અને જાગૃતિ આવે, અને બુદ્ધિના વ્યાપાર સતેજ થાય તેથકી, વાર્તાલાપમાં પ્રાદુર્ભાવ પામતી વ્યાપાર કરવાની ઇચ્છા સંતોષ પામે, એટલામાટે સાધારણ મંડલીમાં એવાજ વિષયો કાઢી શકાય કે જે વધારે આયાસ ઉપજાવ્યાવિના પ્રોત્સાહક થઇ શકે, અતિમોહક થયાવિના પ્રિયકર લાગે; વિચારના વેગને સહજ વ્યાયામ આપે પણ શ્રમ કે ગુંચવણ પેદા કરે નહિ, વિચારની તીવ્રતાને નિરાશ કરી નિસ્તેજ બનાવી દે નહિ.

(૨) સયુક્તિક. વાર્તાલાપમાં મનને અતિશ્રમ કે આયાસ ઉપજાવવાં જોઇએ નહિ તેમ અરસિક, ચુંથાઇ ગયેલી, નકામી, વિચાર વગરની, અને વચનમાત્રનીજ જેમાં મઝા હોય, તેવી વાતોથી તેને કંટાળો પણ આપવો નહિ. અક્કલવાળી વાતને સ્થાને, કેવળ શબ્દમાત્રનીજ ઠઠ્ઠા રમુજ કરવાની યોજનાઓ જીભે ચઢયાં કરે, એ વાત ઘણીજ નાપસંદ કરવા યોગ્ય છે. ખાલી તડાકા, ચવાઇ ગયેલા ટોળ, અને પોપટની પેઠે બોલાતી ઉક્તિઓ, “ રમતના એક હથીઆરની પેઠે, રમકડાની માફક, વખત ગાળવા માટેજ ” વપરાતાં હોય, તેમને સાંભળવામાં બુદ્ધિની કોઇ શક્તિ કેળવાતી નથી, એક

ધીરજ માત્રજ (જે પણ કુદરતની ઉત્તમોત્તમ બક્ષિસ છે તે) કેળવાય છે. મંડલીમાં આનંદ ઉપજાવનાર અને સોબત કરવા લાયક થવું, એજ બસ નથી, આપણે આપણું અવશ્ય કર્ત્તવ્ય એ માનવું જોઇએ કે, કોઇ પણ સાર લેવો અથવા આપવો. મનનું શિક્ષણ અને મનની શક્તિની વૃદ્ધિ તેના ઉપર સર્વદા લક્ષ રાખવું, અને મનને જાગૃતિ આપનાર રૂપેજ વાર્તાલાપનો પ્રયોગ કરવો. તૈયાર કરી રાખેલા અભિપ્રાય, અને વાણીમાત્રના ટુચકાનો ઢગલો, જો સમય યથાર્થ વાર્તાલાપમાં ગાળવામાં આવ્યો હોત તો, આપણને વધારે જ્ઞાન આપત એટલુંજ નહિ પણ આપણને આપણી બુદ્ધિને વધારે જીવનપ્રદ વ્યાપારમાં પ્રયોજવાની શક્તિ આપત, તે સમય ગાળવામાટે વાપરવામાં આવે છે. આપણા વિચારોનો ઉપયોગ જેમ શોભાભરેલો થાય તેમ કરવો; આપણો વાર્તાલાપ સભ્ય, વિવેકી, મધુર, મૃદુ, ઉદાર, હોવો જોઇએ, પણ તેની સાથેજ તેમા ડહાપણના અથવા કાંઇ નહિ તો અક્કલના રસનો સ્વાદ પણ હોવો જોઇએ.

(૩) ઉત્સાહકારક. આત્માની આસપાસની હવા પણ બલ અને ઉત્સાહ પ્રેરે તેવી હોય તો તો સારું એવી અમારી વાંછના છે,–સમુદ્રના પવન જેવો તાજો ને બલ આપનારો, અને ગામડાની હવા જેવો તંદુરસ્તી બક્ષનારો

હોઈ વાર્તાલાપ ખરા સ્વાભાવિક પૈષ્ટિક જેવો હોવો જોઇએ. સુસ્ત એકથી એક જેને ઉપાડી ન લે તેવી, અને સાંભળનારને તાજા ન કરવી ચાલે, તેવી એકની એક વાત કદાપિ સહન કરવી નહિ; પછી ઉદાર સહનશીલતાને એટલો અનિવાર્ય કર ભરવા જેવું હોય તો જુદી વાત. ચંચળ, જાગૃતિ કરનાર, સસાર, સબલ, ઉક્તિની ટેવ પ્રાપ્ત કરવી, પણ વાતચીતથી જે સુખ થાય છે તેની વૃદ્ધિમાં જરાપણ વિક્ષેપ થાય એવી સર્વ વાતને સંભાળથી દૂર રાખતા જવી, ક્વચિત્ ગંમત ઉપજાવે તેવાં દૃષ્ટાંતમાં પ્રયોજાતા નિરર્થ ટોળ, ક્વચિત્ ઉપહાસ અને ઠઠ્ઠા મશ્કરીના સપાટા, પણ એકંદરે સ્વભાવસિદ્ધ તો તાત્ત્વિક સબલતા, યાથાર્થ્ય, અને વિચારશીલતા, એવા મિશ્રણમાં અમને કશો વિરોધ લાગતો નથી, આપણા સામાન્ય વાર્તાલાપમાં જો આવાં સર્વ તત્ત્વનું યોગ્ય મિશ્રણ થતું હોય તો, આપણા પોતાના મન ઉપર તેમ આપણા મિત્રોના મન ઉપર પણ તેથકી ઉત્સાહકારક અસર થયાવિના રહે નહિ.

આટલેસુધી જે વિવેચન કર્યુ તેમાં વાર્તાલાપનો એક મુખ્ય ગુણ સર્વમાન્ય છે, એમ ધારીનેજ આપણે ચાલ્યા છીએ એ ગુણ તે સહવાસયોગ્યતા, આપણે હવે તેના ઉપર થોડુંક લક્ષ આપીએ, કેમકે એ ગુણમાંથી વળી બીજા કેટલાક નિયમો ઉદ્ભવે છે, જેમને લક્ષપૂર્વક પાલવાની

આવશ્યકતા છે.

રુચિ અરુચિની જે શક્તિ છે તે વારંવાર એવીરીતે પોતાનું બલ ચલાવે છે કે, માણુસને અન્ય માણુસ તથા પદાર્થો સાથેના પોતાના સંબંધોમાં ફેરફાર કરવો પડે છે માણુસ માણુસ વચ્ચે નિરંતર આઘાત પ્રત્યાઘાત ચાલ્યો જાય છે અને મનુષ્યજીવનમાં પરિવર્ત તથા નાનાત્વ ઉપજાવે છે. કાર્યપ્રસંગે અથવા કોઇ આપત્તિને લીધે માણુસો એક એકને મળે છે તેવીજ રીતે, રુચિથકી તેમ અન્યની રુચિ પોતા ઉપર છે એ જાણુવામાં જે પ્રીતિ લાગે છે તેથકી, માણુસો એક બીજાનો સહવાસ કરે છે; પરંતુ સહવાસનો ખરો વજ્રલેપ તો પ્રેમજ છે. બીજી બધી વાત કરતાં આ એક વાતને લીધેજ માણુસ સહવાસને ચહાનાર, અનુકમ્પા ધરનાર, અને સર્વ પ્રકારે પ્રસન્ન રહેવામાં-જાતે પ્રસન્ન થઇ પ્રસન્ન કરવામાં રસ લેનાર થાય છે. મંડલ અથવા જનસમાજના સ્વરૂપમાં જે લાભ અને આનંદરૂપ ખુબીનો સમાસ છે, તે આ કારણુને લીધેજ છે. જીવનની આનંદપ્રદ ક્ષણોને પ્રદીપ્ત કરનાર, હૃદયને સંસ્કાર આપી ઉત્સાહ પ્રેરનાર, વાર્તાલાપમાં, રસ, આનંદ, અને તેજ ઉપજાવનાર, અને વૃત્તિમાત્રની મર્યાદાને વિસ્તારી સમૃદ્ધિક અને અધિક અધિકારવાળી કરનાર, એવા પરિચિત મિત્રોનાં જે પરસ્પર પ્રદેશાવરોધક નાનાં નાનાં મંડલો

તેમને એકત્ર બાંધી રાખનાર સુવર્ણશૃંખલા પણ આજ છેઃ–

સૂર્ય જેમ નિજ તપ્ત કિરણુને પથ્વીશું રસ એક કરી
પત્ર પુષ્પ ફલતણી સમૃદ્ધિ દે છે ઠામોઠામ ભરી,
એમજ અંતર દે, તપનો મૃદુ પ્રેમ રગેરગમાં પસરી,
ધૈર્ય, બુદ્ધિ, ચારિત્ર, દયાર્દ્રૂર, ભક્તિ, જ્ઞાન નિશ્ચયથી ભરી.

"સનડાયલ" નામનું કાલમાપક યંત્ર જ્યાંસુધી તેની સપાટી ઉપર સૂર્યનો પ્રકાશ હોય ત્યાંસુધીજ કેટલા કલાક થયા તે બતાવી શકે છે; એમજ, ક્ષણુક્ષણુના તાત્કાલિક તુરંગ, બુદ્ધિનાં ચમત્કાર અને લાલિત્ય, અક્કલના ખુશકારક ચંચલ ઉભરા, ટોળબાજીના તાદૃશ અને રમુજી સપાટા, એ બધું, માણુસનું મન ત્યારેજ દર્શાવી શકે છે કે, જ્યારે આત્માનો પ્રકાશ સ્વચ્છ અને પ્રેમમય હોય છે અને પ્રેમસ્થાનો પાસે અને આસપાસ વિદ્યમાન હોય છે.

સહવાસયોગ્યતા એ શબ્દના અર્થમાં પરસ્પર વિનિમય યોગ્ય અને પરસ્પરોપકારક પ્રેમના મુખ્ય અર્થનો અમે સમાસ રાખ્યો છે. સહુવાસરૂપી સંયોગનું તત્ત્વ માણુસની પ્રેમવૃત્તિ છે તે છે, આપણા જેવું જ જે આપણાથી બહાર છે તેનામાં જે આકર્ષણુ શક્તિ છે તે છે, અને બીજાંને આપણા જેવાં કરી લેવાં કે બીજાં જેવા આપણી જાતે થવામાટે, જે બલથકી આપણે આપણા અંતરાત્માને બાહ્યત્વ આપીએ છીએ તે છે. બ્લેકસ્ટોન

સાથે એકમત થઇ જે એમ કહે છે કે, " મંડલી એટલે જનવ્યવહારનો સ્વાભાવિક અને ખરો પાયો માણસની ગરજો અને માણસને જે ભય છે તે " તે લોકો આ વાતનું તત્ત્વજ સમજતા નથી," પછી ગરજ શબ્દમાં માણસને પ્રેમમાટે જે ઉગ્ર ગરજ રહે છે તેનો, તે લોકો, સમાસ કરતા હોય તો જુદી વાત છે; પરંતુ તેમ હોય તો પણ તેમનું કહેવું અર્ધું જ સાચું છે; કેમકે "ભય" છે તે તો અમાંડલિક વૃત્તિ છે, માણસ માણસને જુદાં પાડે છે, કલેશમાત્રનું નિદાન છે, માણસ માણસનો યોગ થવામાટે જે પ્રયાસ કરાય તેને વિઘ્નરૂપ છે. પ્રેમ છે તેજ જનસમાજની એકતાનો પ્રબંધ છે, એ જ સહુવાસયોગ્યતા છે.

જનસ્વભાવની યથાર્થ વ્યવસ્થામા પ્રેમ બે મુખ્ય વાત સાધે છે; (૧) આનંદ, (૨) સુધારણા.

જનસ્વભાવના પ્રત્યેક અને સર્વ પ્રકારનાં સામર્થ્યના સંપૂર્ણ, વાસ્તવિક, પરસ્પરાનુકૂલ, પરસ્પરોપકારક, વ્યાપારથકી ખરો અનંદ ઉપજે છે.

જનસ્વભાવમાં જે શક્તિઓ રહેલી છે તેની યથાયોગ્ય અને વાસ્તવિક યોજના થવી એ સુધારણા છે.

ખરો આનંદ અને ખરી સુધારણા એ, આટલામાટે, પ્રેમનાજ યુગ્મ બાલક છે. પ્રેમ એજ મંડલના બંધારણનું ખરૂં તત્ત્વ છે. એનો નિયમ એવો છે કે, પોતાના વ્યાપા-

રની મર્યાદામાં જે કંઇ પોતાસાથે સાધર્મ્યવાળું હોય તેને તેના સાધર્મ્યના પ્રમાણમાં પોતાનું અર્પણ કરી દેવું, અને આ રીતે અર્પણ કરવામાં સહજ રીતેજ તે સાધર્મ્યવાળા પદાર્થાદિના રૂપને પોતે પણ તેટલે અંશે ધારણ કરવું. પંથ, પક્ષ, તડ, વેપારીઓનાં મંડલ, બીજાં મંડલ, ઈત્યાદિ ભેગાં થઇ એકત્ર વ્યાપાર કરવા મડે છે તેમાં પણ નિયમજ લાગુ થયેલો હોય છે, અને ઘણીવાર તો, બહુ આશ્ચર્ય પામવા જેવું છે કે અત્ર બતાવેલા નિયમને વધારે આગળ ખેંચી જઇ તે બધા મંડલો આખા જન-સમાજની એકત્ર સુધારણા અને સ્થિતિ કે જેને સિદ્ધ કરવી એને પ્રેમના નિયમનું કર્તવ્ય છે, તેનો વિનાશ કરે છે.

જો આ વાત ઉપર લક્ષ આપવામાં આવે તો, પ્રત્યક માણસ પોતાની જાતેજ સુધારણાનું ફલ ભોગવી શકે. પ્રત્યેક વાત કરનાર પોતાના વિચારને વધારે સબલ કરી શકે, વધારે સારી હકીકત આપી શકે ને મેળવી શકે, વધારે જ્ઞાન આપીને લેઇ શકે, વધારે પ્રેમમયતા વિસ્તારી શકે, રસ લેવા અને રસ ઉપજાવવા તત્પર રહી શકે, ટુંકામાં જેને ઉત્તમ પ્રકારનું મનુષ્યત્વ કહેવાય તે દર્શાવી શકે-વધારે પ્રેમમય થાય અને વધારે બુદ્ધિમત્તા જણાવે. આ ઠેકાણે વાર્તાલાપના જે નિયમો કહ્યા તેને અન્ય રીતે પણ કેટલાકે બતાવ્યા છે. તેનો સાર એ છે કે, વાર્તાલાપ

(૧)સત્યાનુકૂલ અને પ્રેમમય જોઇએ; (૨) પ્રસન્નતાવાળો અને હૃદયંગમ જોઇએ; (૩) માનપ્રપૂર્ણ અને બોધક જોઇએ.

જીવનના નિત્ય વ્યવહારમાં જે દૈવી પ્રકૃતિ આપણે નિરંતર ધારણ કરવી અને પુષ્ટ કરવી જોઇએ, તેની મૃદુ છાયામાં, સહવાસજન્ય વાર્તાલાપમાં વહેતા ભાવના મેલનમાંથી, આવા ઉત્તમતાના વિચારમાં પ્રવેશ પામતા આપણને માલુમ પડે છે; પણ જીવનવ્યવહારને જે ન્યાયાભાસથી આપણે વિલોકી તુલનામાં લેઇએ છીએ, અને તે વ્યવહારમાં સાધવાનાં ફલની પ્રાપ્તિમાટે પ્રયોજીએ છીએ, તેને લીધે જીવનનાં ઉત્તમોત્તમ ફલ આપણે આપણી મેળે જ, વારંવાર ખોઇ બેશીએ છીએ. પણ જ્યાં સાધારણ લોકના ઉપયોગનું ગ્રંથાદિ સાહિત્ય તેમ દૈનિક સાહિત્ય પુષ્કલ સુલભ છે, અને આપણો સમય રોકવા તથા વાસ્તવિક કારણોથી આપણું અવધાન આકર્ષવા,તત્પર છે એવા આ સમયમાં વિશેષે કરીને આવું બની આવે છે.

વાર્તાલાપ અને સાહિત્ય એમની વચ્ચે સાધારણ અંશ ઘણા છે, તથાપિ તેમનું મૂલ સ્વરૂપ પરસ્પરથી ભિન્ન છે. વિચારને વિચારરૂપે જ પ્રયોજવો એ વાર્તાલાપનો ઉદ્દેશ છે; જ્ઞાન આપવાના હેતુથી વિચારનો પ્રયોગ કરવો એ સાહિત્યનો ઉદ્દેશ છે. આનંદ અને સુસંસ્કાર ઉભયથકી સિદ્ધ થાય છે, પણ એ ઉભયના એકજ વિષે તે માંડલિક તત્ત્વ

છે એવું કહી શકાય છે. વર્તમાન કાલમાં એક મ્હોટી ભુલ થયાં જાય છે કે જાણવું (અથવા વધારે ઉચિતરીતે કહીએ તો વાચવું) વધારે ને વિચારવું થોડું, વાચવામાં ગરક થઇ જઇ પુસ્તકોનું તત્ત્વ ગ્રહણ કરવા મથવું, પણ વાર્તાલાપના સ્નેહમય વિનિમય દ્વારા વિચારે વિચારનો સંસર્ગ કરાવી મનોમનના તત્વનું ગ્રહણ કરવાનાં સાધનની ઉપેક્ષા કરવી કે તેનો દુરુપયોગ કરવો. આપણે ગપસપની જાલીબોટ-હવા ખાવા જવાની:નાની હોડીમાં બેશી કાલ સમુદ્ર ઉપર મિથ્યા અને નિષ્ફલ આયાસ કરીએ છીએ, પણ જીવનરૂપી જહાજને જે બંદરે પહોંચવાનું છે ને જે કાર્ય સાધવાનું છે, તેની આ રીતે બેદરકારી કરવી ઉચિત નથી એ વાત કેવલ વીસરી જઇએ છીએ. વાર્તાલાપદ્વારા પણ કવચિત્ આપણે ગમત અને વખત ગાળવા માત્રની જ રમત સાધીએ તો તેમાં બાધ નથી, પણ વાર્તાલાપના મુખ્ય ઉદ્દેશ રૂપે તે હોવાં જોઇએ નહિ; ભોજનનો મરીમશાલો તે થઇ શકે, પણ ભોજન જાતે પુષ્ટિકારક, નિરામય, અને જીવનપ્રદ હોવાં જોઈએ.

પ્રકરણ-૪.
વિચાર અને વિચારશીલતા.

વિચાર છે તે સર્વ બલનું બલ છે. પૂર્ણ અને પરિપકવ એવી યાંત્રિક રચનામાં પણ વિચારજ જીવાનુભૂત છે, તેની ગતિનું નિદાન છે, અને તેને કામ કરાવે છે. પ્રકૃતિના મૂલમાં વિચાર રહે છે અને પ્રકૃતિ ઉપજાવે છે. ગણિતશાસ્ત્રનો ઘણામાં ઘણો ગંભીર નિયમ કે જે અવિચારવાનને નિરર્થક જેવો દેખાય છે, તેમાં પણ વિચારજ છુપાઈ રહે છે, છતાં પાછો બહાર પ્રદર્શિત થઈ આવે છે. વિશ્વરૂપી ખરડાની અપરિચિત પારશીને પણ વિચાર સાર્થ કરી આપે છે, અને અનન્ત કાલથી જીર્ણ થયેલા જે અક્ષરો પર્વતરૂપી પુસ્તકોમા વિશ્વદેવતાએ લખેલા છે, તેમાંથી અન્યથા અજ્ઞાત એવા સમયનો ઇતિહાસ વિચાર ઉપજાવી કાઢે છે. માણસોએ વરાળને ગળે ઝુસરી મૂકી પોતાની ઇચ્છાનુસાર કામ લેવા માંડયું છે, વીજળીના ક્ષણિક વેગને પણ પોતાનો દૂત બનાવ્યો છે, સમુદ્રમાં પણ ધોરી રસ્તા નક્કી કર્યા છે, અને આકાશના તારાગણને દીવાદાંડી અને કાલમાપક યંત્રના કાંટારૂપે બનાવ્યા છે, આ બધો વિચારનોજ પ્રભાવ છે. તત્ત્વોનો સંઘટ્ટવિઘટ્ટ વિચાર કરાવે છે, પરસ્પર વિરોધી શક્તિઓને અનુકૂલ

સંબંધ વિચાર કરાવે છે, અને તેમાંથી પરસ્પરોપકારક વ્યાપારદ્વારા કાર્ય ઉપજાવી, પોતાનો ઉદ્દેશ સિદ્ધ કરે છે. કાર્યકારણની શૃંખલાથી કાર્યની અનન્ત શ્રેણિને વિચાર બાંધી રાખે છે, અને પદાર્થોની ગૂઢ શક્તિઓના આવિર્ભાવનો માર્ગ કરે છે, અથવા તે આવિર્ભાવની વ્યવસ્થા રચી આપે છે.

રસાયનશાસ્ત્રથી સધાતી પૃથક્કરણની ક્રિયાથી હવાની દેખીતી એકતામાં ભિન્નતા ઉત્પન્ન થાય છે, અને હિરાનું સસાર તેજ મૂલતત્ત્વરૂપ હવા જેવું થઈ જાય છે, એ બધું વિચારના ચાતુર્યનું ફલ છે. મનની શક્તિ, વિજળીના પડવાથી જેવા મહા વિપ્લવ થાય છે, તેવા મહા વિપ્લવ સિદ્ધ કરી શકે, એવાં કૃત્રિમ સાધન યોજે છે, અને મનની સાવધાન દીર્ઘદર્શિતાથી વિજળીના પડવામાં જે ભય છે તે થકી સવદા નિર્ભય રહી શકાય છે. અસ્પર્શ્ય એવાં સૂર્યકિરણને પકડીને વિચાર તેની એક રેખા રચે છે, અને એમાંથી જે ભવ્ય તેજ પુંજ પેદા થાય છે, તેને "આનંદના સાધનરૂપે," કેદ કરી રાખે છે. પોતાના ઉદ્દેશ અને ભાવથકી વિચાર, જડના પરમાણુએ પરમાણુને ભરી દે છે, અને જડમાત્રને પોતાને અધીન કરી લે છે; ભૌતિક (જડ) જીવનના આવિર્ભાવમાત્રનો અર્થ વિચાર કરી લે છે, પ્રત્યેક આવિર્ભાવને શાસ્ત્રના મૂલાક્ષરનો એક એક અક્ષર

બનાવે છે, અને તેના નવા નવા અર્થ થવા સારુ તથા આત્માને અતિ પ્રિય થયેલાં એવાં સત્યની સંજ્ઞારૂપે વપરાવા સારુ સર્વ કાલ માટે તેમને સ્થાપી જાય છે. વિચારજ જડમાં જીવન પ્રેરનાર છે, તેનાથીજ તેમાં શક્તિ આવે છે, ચેતન અને બુદ્ધિ ઉપજે છે, લાલિત્ય સંભવે છે, નવા નવા ઉપયોગાનુસાર રચના થાય છે, અને મનુષ્યજાતિને અનેક શીખામણ આપવાનું નિત્ય સામર્થ્ય આવે છે.

વિચાર એ જીવનનું રસાયન છે. તેજોમય ગોલથી ભવ્ય થઇ રહેલા અતિ વિદૂર એવા દિક્પ્રદેશમાં અનેક વિચારકોના વિચારનો પ્રવેશ એવો થયો છે, કે તે પ્રદેશોનું જીવન અને તે જીવનની વ્યવસ્થા બધું તે વિચારનેજ અધીન છે; એમજ નિરવધિ અનન્તતારૂપ અસતમાંથી સતરૂપે પ્રકાશતું નામરૂપાત્મક વિશ્વ પણ વિચારને વશવર્તી વ્યવસ્થા પામ્યું છે. પર્વતોરૂપી કઠિન કાગળો ઉપર જે અગમ્ય લેખ લખાયલા, તે વિચારે પુન: લખી કાઢયા છે અને સમજાય તેવી ભાષામાં તેનાં ભાષાંતર કરી બતાવ્યાં છે. પુસ્તક જેવી નિર્જીવ વસ્તુમાં સજીવ વિચાર પૂરાઇને કેદ રહેવાનો સ્વીકાર કરે છે, અને પ્રથમે જેમ પોતાના સજાતીયને સ્નેહ, ઉત્સાહ, આનંદ આપતો તેમ આપે છે.

હોમરની[1] કલ્પનાની સુન્દરતા, પ્લેટોના[2] તત્ત્વવિચારનું સામર્થ્ય, ડીમોસ્થિનિસની[3] સર્વસંમોહકશક્તિ, જુલીઅસ સીઝરનો[4] સર્વંકશ પ્રતાપ, કે હોરેસના આનંદ, તેને સમયથકી જરા પણ ઝાંખ લાગી શકતી નથી. જનોના હૃદયમાં હજી પણ હાર્વિનું જીવન સ્ફુરી રહેલું છે, "પ્રાચીન રુધિરક્રમણ" હજી પણ હુ મિલરના આત્માને વશ છે આકાશમાંથી કોપરનિકસ, કેપ્લર, અને ન્યુટનની બુદ્ધિદ્વારા પ્રાપ્ત કરેલો પ્રકાશ હજી પણ આપણા આત્મામાં પડતો રહ્યો છે,[5] ફ્રેંકલીન હજી પણ વિદ્યુતને હાથમાં રાખી રહ્યો છે, વરાળના ઘોડાની લગામ હજી પણ વૉટના હાથમાં છે, અને કોલંબસ પશ્ચિમ ગોલાર્ધનો રસ્તો બતાવે છે, તેમ વાસ્કોડિગામા પૂર્વ ગોલાર્ધનો માર્ગ બતાવે છે. સોલન, જસ્ટિનિઅન, અને ગ્રોટિઅસ હજી પણ કાયદાના મુખ્ય નિયંતા છે, યુક્લિડ ગણિતશાસ્ત્રનો જીવ છે, એરિસ્ટૉટલ વિચારમાત્રનો નિયામક છે, અને પ્રયોગમાત્રનો રાજા બેકન છે.[6] સેન્ટ પીટર અને

---

૧ ગ્રીસનો મહા કવિ જેણે ઇલીઅડ નામે મહાભારત જેવો પુરાણ ગ્રંથ રચ્યો છે ૨ ગ્રીસનો તત્ત્વવેત્તા. ૩ ગ્રીસનો પ્રખ્યાત વક્તા. ૪ રોમનો મ્હોટો અને પ્રથમ શ્હેનશાહ, હોરેસ રોમનો પ્રખ્યાત કવિ ૫ હાર્વિએ રુધિરક્રમણ (લોહીના ફરવા)નો નિયમ શોધી કાઢયો છે, મિલર ભૂસ્તરનો શોધનાર છે; કોપરનિકસ અને કેપ્લર તથા ન્યુટન ગણિતશાસ્ત્રી તેમ જ્યોતિષી થઈ ગયા છે. ૬ એ બધા ચિત્રકાર તથા શિલ્પકાર હતા.

સેન્ટ પોલનાં ભવ્ય દેવલો રફેલ, મિકાએલ એંજીલ્લો, અને રેનના મહાકીર્તિસ્તંભ છે.[1] લોહમય પાર્શ્વવાળી ભૂમિ અદ્યાપિ સ્ટીવન્સનો અધિકાર માન્ય કરે છે અને સમુદ્રના તરંગ હજી પણ બેલ અને ફુલ્ટનને વશ છે. આર્કરાઇટના[2] શોધથી, ક્રૅાપટનના ધૈર્યથી, સ્મિથના વિચારથી, અને પીલના કાયદાથી, બ્રિટનનો વેપાર અદ્યાપિ સજીવ છે. રોમના ધર્મગુરૂની ગાદીવાળા દરબારમા હજી પણ હિડ્લૂબ્રેન્ડ મુખ્યત્વ ભોગવે છે, ઇંગ્લંડમા નોર્મંડીના વીલીઅમનો રાજ્યદંડ અચલ તપે છે, આજ પણ લ્યુથરનો આત્મા જીવતોજ છે. આજની ઘડી સુધી ક્લાઈવ હિંદુસ્તાન ઉપર રાજ્ય ચલાવે છે, ક્રિશ્ચીઅન ધર્મમાં વેસ્લી[3] નવોજ પ્રેમોત્સાહ પ્રેરે છે, હાવર્ડ પરોપકારના કાર્ય સાધે છે. અને ક્રોમવેલ સાવધ કરે છે, ભય પુરે છે, અને શાન્તિ વિસ્તારે છે. સ્કે લિગર યુદ્ધસાહિત્યને જીવતું રાખે છે, ટેલ સ્વીત્ઝરલૅંડને જીવવાળું બનાવે છે, ફ્રાઉસ્ટ અને ગટનબર્ગ શબ્દોને પક્ષ બંધાવે છે, અને શેક્સપીઅર અદ્યાપિ પણ, બેકનના ક-

૧ એરિસ્ટોટલ ગ્રીસ દેશનો નૈયાયિક છે, બેકન તે ઇગ્લંડનો પ્રખ્યાત તત્વજ્ઞ જેણે પ્રયોગપદ્ધતિને, કેવલ વિચારપદ્ધતિ કરતા ઉત્તમ સ્થાપી છે ૨ તેણે સચામા વપરાતી સાળોની યોજના કરેલી છે એડમ સ્મિથ અર્થશાસ્ત્રી હતો, પીલ ઇંગ્લંડનો મુખ્ય પ્રધાન હતો ૩ મેથોડિસ્ટ નામનો ક્રીશ્ચીઅન પંથ સ્થાપનાર

હેવા પ્રમાણે ઇતિહાસને પ્રત્યક્ષ દર્શાવે છે.

જીવવાળી વસ્તુમાં સર્વોપરિ જીવવાન્ તો વિચારજ છે; તે સર્વ વસ્તુમાં વ્યાપી જાય છે, પ્રસરી રહે છે, પ્રયોજક છે, પ્રયોજક થાય છે, ઉપર, અંદર, બહાર, સર્વત્ર વસે છે. શોધ, નવીન યોજના, શાસ્ત્ર, ઇતિહાસ, નીતિ, કાયદા, ધર્મ, સર્વનુ અંતર જીવન તેજ છે " પૃથ્વી ઉપર માણુસ કરતાં મ્હોટું કાંઇ નથી, માણુસમાં વિચારશક્તિ કરતાં મ્હોટું કાંઇ નથી. " માણુસનો વિચાર એજ જીવનની સત્તા છે, " આપણા ધર્મમાત્રના સાર અને તત્ત્વ " એજ છે. ચતુર, બહુરૂપ, ગૂઢ એવા જીવનસ્વરૂપનું અંતિમ અને આવશ્યક તત્ત્વ વિચારજ છે. એમાંથી અને એનાથી અહંભાવ આર્વિભાવ પામે છે, વૃદ્ધિ પામે છે, જીવે છે, અને પોતાના નાનાત્વમય જીવનવ્યાપાર સાધી શકે છે, જીવનનું એજ તત્ત્વ છે, જીવનનું જીવન છે. સુખ સુધારણા, જ્ઞાન, વૃદ્ધિ, દોષ, તેના શૂન્ય તથા અરૂપ એવા અનન્ત પ્રદેશમાંથી ભવ્ય અને સ્તુત્ય એવું જે કાંઇ ખેંચી લેવાય છે, તે એનાજ બલથકી લાવી શકાય છે. વિચારવિના શાસ્ત્રમાત્ર, અવલોકનમાત્રનો અવ્યવસ્થિત અને અનિયમિત ઢગલો થઇ રહે, વસ્તુસ્થિતિ " સેનાની વિનાની સેના કે ચાવી વિનાની કમાન " જેવી થઇ રહે.

વિશ્વના ચોપડાનું પાનું કોરૂંજ રહે તે કરતાં પણ જો બુદ્ધિ, હીસાબ રાખનારી ના હોય, તો ખરાબ પરિણામ આવે. શાસ્ત્રની મુખ્ય કીમતજ વિચારને લીધે થાય છે, મહાત્માઓ યુગેયુગના શીખવનારા છે એટલું જ નહિ પણ સમજાવનારા પણ છે. માયાના જે મ્હોટા કહોયડા—ભૂતભાવિવર્તમાન જીવનના અગત્યના પ્રશ્ન—તેનો તે ખુલાસો કરી આપે છે, ભવિષ્યદર્શીઓનું બલ, વિચાર છે, પ્રવૃત્તિનું નિદાન છે, જેના ઉકલવાથી કાર્યમાત્ર સચેત થઇ જઇ વ્યવહારની પરંપરા ચાલતી થાય છે, તે કમાન છે. નયજ્ઞતા, રાજ્યખટપટ, વ્યાપાર, યાંત્રિક ઉદ્યોગ, નોકાગમન, યુદ્ધ, સાહિત્ય, શાસ્ત્ર, કલા, ઇત્યાદિ સર્વે માનુષ વિચારનાં અંકુર છે.

આ ચર્ચામાં દર્શાવેલા અભિપ્રાયોને, પુન પુન કથનથી, મનનથી, અભ્યાસથી, સર્વથા મુખ્યતા આપવાની આવશ્યક્તા છે. આ સમયના લોકોના મનમાં "કરવું" એવા સત્યાભાસરૂપ વિચારનો અવરોધ થઇ ગયો છે, અને "વિચાર"ને હલકી જમાદારીએ ઉતારી પાડી, "કરવા"ને સરદારીની પદવી આપવામાં આવી છે. ભાવના ઉપર સર્વત્ર તિરસ્કાર બતાવવામાં આવે છે, વ્યાવહારિક વસ્તુસત્તાનો આદર કરવામાં આવે છે. જનકનું સ્થાન જનનીએ લીધું છે. જનનશક્તિનું બલ વિચારમાંથી ઉપજે છે, અને વ્યાવહારિક કર્તવ્યતાના રક્ષણ—પોષણથી તેને પુષ્ટ કરવાનું છે.

વિચાર છે તે પ્રયોગનો પિતા છે, અને પ્રયોગ છે તે શાસ્ત્ર અને કલાની માતા છે. વિચાર અને વિશ્વબાલાના પાણિ-ગ્રહણમાંથી સત્યનો જન્મ થાય છે-જે બીજમાંથી સત્ય ઉપજે છે, તે તો આપણામાં પ્રથમથીજ હતું. જીર્ણ વાત નવીનને ઉપજાવવા માટે પરિણામ પામે છે, એટલે નવુ પણ વિચાર અને વિશ્વ જેટલુંજ જૂનું છે, જોકે નવાનો ઉદ્ભવ થતા સુધી વિચાર અને વિશ્વનો સયોગમાત્ર થવોજ બાકી હતો. " સત્ય સર્વદા આપણા અંતરાત્મામાં છે, ગમે તેમ ધારો પણ કોઇ પણ બાહ્ય કારણથી સત્યનો ઉદ્ભવ છેજ નહિ, આપણા સર્વના અંતરમા અતિગૂઢ કેન્દ્ર છે, જ્યા સત્ય પોતાના પૂર્ણસ્વરૂપે વિરાજે છે, કોઇ પણ સત્યનાં ઉદ્ભવ, સાધન, આદિ ઉપર સૂક્ષ્મ દૃષ્ટિ લગાડો, તો તુરતજ એ પ્રવાહનું આપણા અંતરાત્મામા રહેલું મૂલ સમજાશે, એ મૂલ આગળજ સત્યનો અપાર મહિમા વિ-લસે છે, ત્યાથી એક એક કણ, કણરૂપે તે વહેતો ચાલે છે. "

કોઈ વિચારનું મૂલ્ય શુ થાય તે કહી શકાય નહિ. વોટના શોધ, જેનરની યોજના[1], હિલના ટપાલખાતાના સુધારા, વ્હીટસ્ટૅાનની તારની યોજના, સ્ટીવ્હનસનની રેલવે, નાઇટે સાર્વજનિક પ્રાકૃત લોક માટે વાચન પુરૂં પાડવાની કરેલી યોજના, કલોરોફોર્મની શોધથી સીમસને

૧–ગૌશીતળાની

માનુષ દુઃખને ઓછું કરવામાં કરેલો ઉપકાર, હાવર્ડના પરમાર્થ વિચાર, પીલના સ્વતંત્ર વ્યાપારાનુકૂલ કાયદા, એ સર્વની આટલા રૂપીઆ કીમત એમ કોણ કહી શકે? શેક્સપીઅરનાં નાટક, મિલ્ટનનાં કાવ્ય, સ્કોટની વાર્તાઓ, મેકોલે, ગ્રોટ, અને ફ્રુડના ઇતિહાસ, જેફ્રીના નિબંધ, બર્નનાં ગીત, જેરોલ્ડની અક્કલ, રીડ, કેન્ટ, હેમિલ્ટન એમના તત્ત્વવિચાર, બટલર, સ્ટુઅર્ટ, હોવેલ એમના નીતિવિવેક, એ સર્વથી જે આનંદ અને બોધ પ્રાપ્ત થાય છે, તેની કીમત કોણ ગણી શકે એમ છે? ન્યુટન, હર્શલ, હટન[૨] એમના શોધ, શીલ, લિબિગ, ફેરેડે, એમના રસાયનશાસ્ત્રના શોધ, રોસ, હેલી, નિકલ[૩] એમણે આકાશના ગોલનાં આપણને જે ઓળખાણ કરાવ્યાં છે તે, લિનીઅસ, જેસુ, અને ઓક્ત એમણે રચેલાં વૃક્ષ પ્રાણી આદિ વિશ્વમાત્રના વર્ગનાં ધોરણ, લિફર્ડ, હો અને કુક એમના નવીન શોધ, પીટ, અને પીલે કરેલા રાજકીય સુધારા, રહેલ, હોગાર્થ, શેફર એમની કલા, કાઇ, ઓબરલિન, અને મિસ નાઇટિંગેલ એમના નીતિવૃદ્ધિ અર્થેના પ્રયત્ન, હોલ, ચેમર્સ, ફોસ્ટર, એમનો ધર્મવૃદ્ધયર્થ ઉત્સાહ, એ સર્વના ઉપર આપણે કિંમતનો કેટલો આંકડો મૂકી શકીએ? જનસમૂહની સુધારણાની આ રકમોની

૨ જ્યોતિષીઓ હતા ૩ જ્યોતિષીઓ હતા.

કીંમત અનિશ્ચિત હોવાનું એ કારણ છે, કે એ પ્રત્યેક વાત, જેનો છેડો આવનાર નથી એવી અનંત વાતોના કારણરૂપ હોઇ તે આખી શ્રેણિમાંની પ્રથમ છે, છતાં એનું બીજ અને મૂલ પ્રથમે કાંઇજ નહિ પણ એક વિચાર છે; તે વિચાર રાઇના કણ જેવો સૂક્ષ્મ છતા મીસરના ધાન્યની પેઠે અનંત ગુણ ઉગી નીકળે છે. સમુદ્ર ઘણો કાલ પોતાની મર્યાદામાં પડયો રહે છે, ને તેમાં ઉભરાતા તરગો એક પછી એક તેમાં ને તેમાં શમે છે, પણ જ્યારે એકાદ મહોટો તરંગ પેલી મર્યાદા કરતી ભૂમિ ઉપર ધસી જાય છે, ત્યારે બીજા બધા તરંગ પણ તેની પાછળ દોડતા ચાલે છે, અને નિર્બલમાં નિર્બલ પણ પાછળ રહેતા નથી, એમ એટલી જમીન સ્પષ્ટ રીતે આગળ ધપીને દબાવે છે. એમ જ પ્રાકૃત લોકો પોતાને અનુસરવા માટે કોઇએક માણસની બુદ્ધિનો વૈભવ વૃદ્ધિ પામે એટલી જ આશા રાખે છે. ''

આટલું વિવેચન જો સફલ થયું હોય, તો વિચારને, અને વિચારને આવિર્ભાવ પમાડનાર " મહાત્માઓ, વિચારકો, શોધકો '' ને કીમતવાળા ગણવાના કારણો ઉપર શ્રદ્ધા કરવાનું પણ મળી આવશે. પરંતુ આ વિવેચનથી આટલું જ સિદ્ધ થાય, ત પૂર્ણ નથી, એથી અધિક

પણ થવુ જોઇએ. આપણને આપણા મનમાં નિશ્ચય થવો જોઇએ, કે વિચારને સર્વદા આપણા અંતરમાં ગૂઢનો ગૂઢ રહેવા દેવો નહિ, ભૂતકાલનાં દફતરોમાં સ્મૃતિરૂપ કારકુને જે પ્રાચીન લેખ લખ્યા છે, તેમને માટે અંતરાત્માના ઓરડામાં આપણે ચેતનનો દીવો લેઈને શોધ કરવી જોઇએ, અને વર્તમાન સંબંધી જે લેખ હોય, તેને વાંચવો જોઈએ કે, એ સર્વમાં રહેલાં રહસ્યનું સામર્થ્ય આપણા સમજવામાં આવે, આપણે પણ કોઇ શુદ્ધ અને સંપૂર્ણ તત્ત્વજ્ઞાનની પદ્ધતિને અનુસરનાર અભ્યાસી અને શિષ્ય થઇએ, અને વિચાર તથા વિચારશીલતાના અભ્યાસથી જે આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે, તે પ્રાપ્ત કરીએ.

અમુક શાસ્ત્રીય ઉક્તિનો શો અર્થ છે, તે સમજવું ઘણીવાર બહુ કઠિન પડે છે, પણ કોઇ ઉક્તિથી જે વિચાર દર્શાવવો હોય, તેનો નિશ્ચય કરવાથી અથવા નિશ્ચય કરવાનો યત્ન કરવાથી મનને વધારે યથાર્થ જ્ઞાન આવી શકે છે આ પ્રકરણમાં "વિચાર" શબ્દનો પ્રયોગ "ડહાપણ પ્રાપ્ત કરવામાટે બુદ્ધિનો ઉપયોગ" એ અર્થે કરેલો છે. કેવલ વાદવિવાદાનુસાર ઉપયોગ જ કહેવાનો હેતુ નથી, જ્ઞાનપ્રાપ્ત્યર્થ ઉપયોગ પણ કહેવાનું લક્ષ છે. એટલે કે મનની પ્રત્યેક શક્તિ અને મનનાં પ્રત્યેક વલન તેને, તેની સ્વાભાવિક પ્રવીણતાનુસાર, સ્વાભાવિક પ્રોત્સાહનોને અધી-

ન, સ્વાભાવિકરૂપે, અને સ્વભાવસિદ્ધ હેતુ સાધવા માટે, પ્રવર્તાવવાં, એ અર્થનો એમાં સમાસ છે. આવા વિચારના ફલને ડહાપણુ અથવા તત્ત્વજ્ઞાન કહે છે.

બુદ્ધિ પોતાનો વ્યાપાર દૃશ્ય ઉપર કે અદૃશ્ય ઉપર ચલાવે છે; દૃશ્ય વ્યાપારનું ફલ પદાર્થવિજ્ઞાન છે અને અદૃશ્ય વ્યાપારનું ફલ તત્ત્વવિવેક છે એકમાં તે સત્યની યોજનાઓ કરી આપે છે, બીજામાં તે નિયામકરૂપે રહે છે, યોજના કરનારનો ઉદ્દેશ અને લક્ષ અમુક પદ્ધતિ અનુસાર, અને પોતાની પૂર્વે પણુ વિદ્યમાન એવા કોઇ સુશ્લિષ્ટ વિચારાનુસાર, વર્તવું એટલો જ હોય છે, નિયામકનું કામ એ હોય છે, કે પોતાની દેખરેખ નીચે અને પોતાની સલાહથી જે જે હેતુ ઉઠાવવામા આવે તે તે સર્વ ઉપર પોતાના નિયમનો અમલ બેસાડવો. આ પ્રકારે બુદ્ધિ પોતે જ પોતાની નિયામક છે, એનું નિયામકત્વ સ્વભાવસિદ્ધ અને સાહજિક છે, અને તેને સ્વરૂપે સ્થાપનાર એવા જે જે નિયમો તેનામાં વ્યાપી રહેલા છે, તેમને યથાર્થ રીતે કે આભાસમાત્રથી પણુ અનુસર્યાવિના તે એક પણુ વ્યાપાર કરવાને અત્યંત અસમર્થ છે. પોતાના સ્વભાવ ઉપર જે સર્વ અધિકાર ભોગવે છે, તેવા નિયમોને અવશ્ય રીતે વશ રહી બુદ્ધિ પોતાના વિચારો વિસ્તારે છે, પણુ જે વિષય ઉપર તેની પ્રવૃત્તિ થાય છે, તે ભિન્ન

જ છે; આમ હોવાથી જ વિચારપરત્વે મનુષ્યના જે વ્યાપાર થાય છે, તેના બે સ્પષ્ટ વિભાગ પડે છે; જેને આપણે પદાર્થવિજ્ઞાન અને તત્ત્વવિવેક એવાં નામ આપ્યાં, તે બે શાસ્ત્ર ઉદ્ભવે છે.

" ભાવરૂપ તેમ વ્યાવહારિક પદાર્થોના જ્ઞાનરૂપે માનતાં એરિસ્ટોટલ, માનસ શાસ્ત્રને જ્ઞાનના અન્ય વિભાગ કરતાં સર્વોપરિ માને છે. વસ્તુસ્થિતિ તેમ પદાર્થમાત્રનાં કારણો અને સિદ્ધ નિયમો નિરૂપવાનું કાર્ય એ શાસ્ત્રને સોપી, તે, એ શાસ્ત્રને સર્વકલા અને શાસ્ત્રમાં સર્વોપરિ ગણે છે એટલું જ નહિ, પણ સ્વાભાવિક ક્રમ જોતાં પણ તેને સર્વથી પ્રથમ માને છે. પણ સ્વાભાવિક રીતે જે પ્રથમ આવતું હોય, તે માણસમાં પણ પ્રથમજ હોય એમ નથી. સ્વાભાવિક ક્રમ એવો છે, કે વિશ્વવ્યાપારનો આરંભ કાર્યોત્પાદક કારણોથી થાય છે (પરામર્શ), પણ માણસ તો કાર્યથી આરંભી તે દ્વારા કારણોએ પહોચે છે (વ્યાપ્તિ) આ પ્રકારે જોતાં માણસનું જ્ઞાનમાત્ર સ્વાભાવિક ક્રમ કરતાં ઉલટા ક્રમથી પ્રવર્તે છે, પ્રત્યક્ષગ્રાહ્ય ઉપરથી મનોગ્રાહ્ય ઉપર જાય છે; મન જે પ્રથમ અને અંતિમ કારણ છે, તેનું કાર્ય જે શરીર તેનાથી જ આરંભ કરે છે. આવું હોવાથી પેરિપેટેટિક મતના અનુયાયીઓએ શરીરસંબદ્ધ શાસ્ત્રને, જ્ઞાનારોહના માનુષ

ક્રમાનુસાર, પદાર્થવિજ્ઞાન એવું નામ આપવા ઉપરથી, તે મતનું વિવેચન કરનાર કેટલાકે માનસસંબદ્ધ શાસ્ત્રને તત્ત્વવિવેક એ નામ આપ્યું, એવા આશયથી કે એ શાસ્ત્રનો વિષય સર્વદેશી અને સર્વોપકારક કારણરૂપ હોઇ અન્ય વિષયો કરતાં વધારે ગૂઢ અને ઉચ્ચ તથા કઠિન છે, તેથી પદાથવિજ્ઞાન પછી જ તેનો અભ્યાસ થવો ઠીક પડે. પરંતુ આ તત્ત્વવિવેક શાસ્ત્રને તેના સ્વાભાવિક ક્રમાનુસાર લેઇ, જ્ઞાનમાત્રના નિયમોનું સ્વરૂપ તે દ્વારા જ પ્રાપ્ત થાય છે, અને તે પછી જ અમુક અમુક કલાશાસ્ત્રાદિ સંભવે છે, એ વાત ઉપર લક્ષ રાખી, એરિસ્ટોટલે પોતે તો એ શાસ્ત્રને પ્રથમ શાસ્ત્ર, આદિશાસ્ત્ર, એવું નામ આપેલું છે, અને એ શાસ્ત્રનો વિષય મન, ચેતન, અથવા સત્ એટલો સર્વસાધારણ, સર્વમય, સર્વોપકારક, હોવાથી એ શાસ્ત્રને તેણે સર્વદેશી શાસ્ત્ર એવું નામ પણ આપેલું છે. છેવટ આ આદિશાસ્ત્ર અથવા સર્વદેશી શાસ્ત્રની પોતાના મનમાં જે મહત્તા હતી, તે દર્શાવવા માટે તેણે એને જ્ઞાન એ નામથી[૧] સ્તવેલું છે. ”

જ્ઞાન એટલે સત્યસંગ્રહ, સત્ય આંતર હોય કે બાહ્ય હોય, આપણા મનની શક્તિ અને યોગ્યતા સંબંધી હોય,

૧ ટેમથકૃત “ સત્યનું માપ અને તેનો ખેલ ” ગ્રંથ ૧ લો, પાના ૫–૧૭

કે આપણાથી બાહ્ય એવું જે કાંઇ છે તેના પ્રકાર અને સામર્થ્યાદિ સંબંધી હોય. આપણાથી બાહ્ય એવું જે કાંઈ છે, તેમાં પણ ભિન્ન ભિન્ન અસરો અને આકર્ષણોનો આપણને અનુભવ થાય છે, અને તે સર્વનું જ્ઞાન આપણે પ્રાપ્ત કરવુ જોઇએ, કે તેમનો ઉપયોગ અને ઉપભોગ કરી શકાય. અથવા તેમનો પ્રતિરોધ કરી તેમને પરાસ્ત કરી શકાય. આ બહ્ય સ્થિતિમાં પણ આપણી પ્રકૃતિની પેઠેજ, બે વિભાગ જણાય છે, જડ અને ચેતન, એટલે આમ પણ પાછા આપણે જ્ઞાનના બે વિશાલ પ્રદેશ સ્વીકારવા પડે છે, જડ (પદાર્થ વિજ્ઞાન) અને ચેનત (તત્ત્વવિવેક)

"જડ" અને "ચેતન" એ બે શબ્દો જો બરાબર સમજવામા આવે, તો તે વિચારથી ફલિત થતા આ બે જ્ઞાનપ્રકાર વચ્ચેનો વિરોધ વધારે સ્પષ્ટ રીતે દર્શાવી શકે એવા છે. પછી "પદાર્થવિજ્ઞાન" એ શબ્દનું લક્ષણ આપણે એમ બાંધી શકીએ, કે બાહ્ય વિશ્વમાં અચેતન એવુ જે કાઇ છે તેનાં સત્તા, ધર્મ, શક્તિ (ગૂઢ), સામર્થ્ય (પ્રકાશ), એવું જ્ઞાન. એમ જ "તત્ત્વવિવેક" એ શબ્દથી ચેતનમય વિશ્વનું જે જ્ઞાન, ચેતનના જેટલા આવિર્ભાવ સુવિજ્ઞાત હોય તેટલે સુધીનું જે જ્ઞાન, તે સમજીએ. પરંતુ એજ શબ્દો વાપરવા એમ કહેવાનો આગ્રહ

નથી, માત્ર એટલું જ સ્મરણમાં રહે, તો પૂર્ણ છે કે સમગ્ર વિશ્વને અનેક સત્તાઓના સમૂહરૂપે માની શકાય, જે વ્યવહારમાં આવિર્ભાવ પામી પોતાનું કાર્ય અચેત રહી સાધે છે અને જડ કહેવાય છે, અથવા સચેત રહી સાધે છે અને ચેતન કહેવાય છે.

જડરૂપ જે સત્તાઓ છે તેમનું તત્ત્વ ગ્રહવું, તેમનો ઉપયોગ જાણવો, તેમને પદ્ધતિવાર ક્રમમાં યોજવી, એ પદાર્થવિજ્ઞાન શાસ્ત્ર અને તદ્દભવ કલાઓનો વિષય છે. જનસ્વભાવની શક્તિઓનાં જ્ઞાન, ઉપયોગ, અને સુસંસ્કાર એ તત્ત્વવિવેક શાસ્ત્રનો (માણસને જેટલી આવશ્યકતા છે તે જોતાં) વિષય છે, એટલે કે ચેતન તેનું સ્વરૂપ, તેના વ્યાપાર, તેના ઉદ્દેશ, અને તેનાં ફલ એનો વિચાર એ તે શાસ્ત્રનો વિષય છે. તત્ત્વવિવેકનો ઉપયોગ તેના પોતામાં જ છે. પદાર્થવિજ્ઞાનનો ઉપયોગ માણસની કાયિક કે માનસિક ગરજો પૂરી પાડવાની યોગ્યતા ઉપર છે. તત્ત્વવિવેક શાસ્ત્ર નિયમ કરી આપનાર છે, ઉત્પાદક છે, ભાવિને દર્શાવનાર છે, પદાર્થવિજ્ઞાન શાસ્ત્ર સમજાવનાર છે, શોધી લેનાર છે, સાધક છે, તત્ત્વવિવેક વિચારના પ્રદીપ્ત પ્રકાશનો દીપ બતાવી પદાર્થવિજ્ઞાનને માર્ગ સુઝાડે છે. કલ્પના તેમ નવીન શોધ સર્વનું નિયામક તત્ત્વ મૂલે, ચેતનમાંથીજ ઉદ્દભવે છે, અને

તે ચેતનાનુસ્યૂત તથા તદધીન રહે છે, ત્યાં સુધીજ વ્યાપારવાન્ થઇ શકે છે. જ્યાંસુધી મનુષ્યના આત્મા (ચેતન=વિચાર)ની શક્તિઓ અક્ષુબ્ધ રહે છે, ત્યાંસુધી ભાૈતિક શોધ કે અવલોકન અશકયજ રહે છે. કારણકે આત્માજ નિમિત્ત કારણ છે, અને ભૂતમાત્ર તો ઉપાદાન કારણ છે. ચેતનાનું પ્રાયઃ અમૂર્ત અને અસ્પષ્ઠ રૂપ સ્ફુરવા માંડે છે, કે તુરતજ તત્ત્વવિવેક ઉપજી આવે છે, અને અચેત સ્થિતિમાંથી આત્મા સચેત સ્થિતિમાં પ્રવેશે છે.* પ્રક્ષોભથી વ્યવહાર ઉદ્દભવે છે, અને ચેતન, જડને પોતાની ઇચ્છાને સ્વાધીન કરવા મથે છે, એજ સમયે વિચારનો જન્મ થાય છે.

વિચારવ્યાપારનો આરંભ થતાજ, જે પ્રથમ પ્રશ્ન વિચારભૂમિમાં દર્શન દે છે તે એ છે, કે " મારાથી શું જાણી શકાય એમ છે ? "—શકય જ્ઞાનની મર્યાદા અને તેનો વિષય કેટલો છે ? આપણા મર્યાદિત જીવનથી એ વાત તો અભિન્નજ છે, કે અજ્ઞાન આપણને સર્વદા વળગેલું રહે, એ અજ્ઞાનની મર્યાદાને તો આપણે કદાપિ ઓળંઘી શકવાના નથી, પરંતુ જે ભુલ—દોષ થાય છે, તે તો આપણી બુદ્ધિનો અપૂર્ણ ઉપયોગ કે દુરુપયોગ કરવામાંજ થાય છે. પરિપૂર્ણ અને અસંકુચિત જ્ઞાન મળવું, એ તો વિશ્વવ્યવસ્થાથીજ અશકય છે, પણ ભુલ થવીજ જોઇએ, ભુ

થયા વિના ચાલેજ નહિ, એવો વિશ્વવ્યવસ્થાનો નિયમ નથી. જીવિતની अस्मि એવી જે તીવ્ર વાસના આપણામાં છે તેથી, તથા વ્યાપૃત રહેવાની જે વાસના તેટલીજ દૃઢ છે તેથી, સૂક્ષ્મવિચાર કરવાનું આપણને આવશ્યક થઈ પડે છે. આપણા શરીરવ્યાપારથી આપણામાં, આપણા ઉપર, અને આપણી આસપાસ, જે અસર થઇ આવે છે, તે થકી આપણે આપણા પોતાવિષેનું ભાન પામીએ છીએ. આવા બનાવોનું અવલોકન કરવામાંથી આપણે તેમનાં કારણોને જાણી શકીએ છીએ, અને આપણા પોતાના અસ્તિત્વનું-અહંત્વનું-"અસ્મિ" એ વૃત્તિનું-આપણને જ્ઞાન થાય છે. આ અવલોકન કરવામાંથી આપણને ખબર પડી આવે છે કે, આપણામાં સાહજિક એવી ઘણી ઉર્મિઓ અને વાસનાઓ રહેલી છે, એમાંની કેટલીકને આપણે વશ રાખી નિયમી શકીએ છીએ, અને કેટલીક પરિતૃપ્ત થયાવિના શાન્ત થતી નથી. આપણને એમ પણ જણાય છે, કે આપણામાં આપણી મરજી ચહાય તેવી રીને અને મરજી ચહાય ત્યારે, ઉપયોગ કરી શકાય કે પડી રહેવા દેવાય એવી શક્તિઓ રહેલી છે. એમ કરતાં કરતાં આપણે એમ પણ જાણતાં થઇએ છીએ, કે આપણે ઇચ્છાનુસાર વર્તન કરનાર પ્રાણી છીએ; આપણાથી બાહ્ય એવું જે કાંઇ છે, તે આપણને અધીન થાય એમ નિરંતર

ઇચ્છતાં, નિરંતર પ્રવૃત્તિમય પ્રાણીઓ છીએ; આ ઇચ્છાને લીધે આપણને, વિરુદ્ધ શક્તિઓ, સામર્થ્યો, વલનો, બનાવો,--અકસ્માત તેમ પરિવર્ત-તેમની સાથે નિરંતર સંઘટ્ટ થયાં જાય છે. આટલુંજ નથી પણ અસ્તિ પ્રત્યયના આશ્રયમાત્રને, તે જે રૂપે છે તે રૂપેજ તે હોવું જોઈએ, એવું ફલૂપ્ત કારણ છે, એમ પણ આપણે જાણીએ છીએ, અને વિચાર કરનાર પ્રાણીરૂપે આપણા જીવિતનું એવું ફ્લૂપ્ત કારણ આપણે જ્ઞાન પામી શકીએ-સત્ય જ્ઞાન પામી શકીએ-આપણે પોતે, આપણાથી અન્ય પદાર્થમાત્ર, અને તે સર્વના કારણ તે વિષેનું સત્ય જ્ઞાન પામી શકીએ-એજ છે, એમ આપણે સમજીએ છીએ. અસ્તિમાત્રરૂપ જે સાહજિક જીવન તે આવા સાદા વિચારક્રમમાંથી, પરાવર્તિત વિચારના ક્રમમાં જાય છે, અને કલ્પનાના પ્રયત્નનો આરંભ ત્રણ વાતનો નિશ્ચય કરવા ઉપર થવા લાગે છે (૧) જ્ઞાનનું નિદાન, (૨) જ્ઞાનની શક્યતા ને જ્ઞાનનો ઉપયોગ, (૩) અને જ્ઞાન પ્રાપ્ત કરવામા માનુષ શક્તિની મર્યાદા.

આપણે આપણા આત્માનું નિરીક્ષણ અને વિશ્વનું વિલોકન એટલે સુધી કર્યું હોય, કે આપણામાં જડ ધર્મ (પશુધર્મ) અને આત્મધર્મનો વિભાગ સ્પષ્ટ સમજી શકાય, તો તે ધર્મના નિયામક સિદ્ધાન્તો ઓળખી શકાય, અને

આપણા લક્ષ ઉપર તેમનો જે હક છે, તે સમજી શકાય; આપણે આંતર અને બાહ્યનો ભેદ કરતા અને બાહ્ય અને આંતરને અધીન રાખતાં શીખ્યાં હોઇએ–ટુકામાં અસ્મિતાનો ભાવ આપણામાં પ્રાધાન્ય પામ્યો હોય–એટલે કે "હુ" એનું પૂર્ણ ભાન થયુ હોય, અને આપણા સ્વતસ્ત્વનું જ્ઞાન અનુભવાઇ, અહંભાવની વૃત્તિને અધીન થવાયું હોય–જેના વેગ, સામર્થ્ય, વ્યાપાર, ઉર્મિ, ભાવ, જિજ્ઞાસા, એકત્રિત એક સત્વરૂપે–એક અમુક સત્વ ઉપર નહિ–કેન્દ્રિત થઇ 'હુ અમુક વ્યક્તિ છું' એમ ભાન થયું હોય,–તો પછી વિચારને નવો માર્ગ પ્રાપ્ત થવાનો અવસર આવે, સાહજિક, ઐન્દ્રિય, અને માનસિક એવી પ્રત્યેક શક્તિ બાહ્ય પરિતૃપ્તિ માટે, ઉન્નત અને ઉચ્ચ વિકાસ, વૃદ્ધિ, પ્રયાસ, જીવન, સત્ય અને આતર શમાદિ થકી નિર્વેદ અને દુખ કલેષાદિનો પરાભવ કરવામાટે, વેગપૂર્વક આયાસ કરતી જણાય છે. વૃદ્ધિ, વિકાસ, પ્રવૃત્તિ, અને કવચિત્ તૂર્યાનંદ–સમાધિ પ્રાપ્ત કરવામાં વિચારને પોતાની ઉત્તમોત્તમ પર્યાપ્તિ અનુભવાય છે. આત્માના પ્રત્યેક ધર્મમાંથી કોઇ ને કોઇ યોજના ઉદ્દભવે છે, જે આરંભે અસ્પષ્ટ અને ધૂમ્રવત્ હોઇ, પરિપાક દશામાં, "એક સસાર સુશ્લિષ્ટ તરંગ, પ્રાત સૂર્યનાં કિરણથી સુવર્ણમય દીસતો તરંગ, જે કીનારા ઉપર પડતાં પૂર્વે અતિ વિપુલ

અને ભવ્ય, ચંચલ અને ચપલ દેખાય છે ” તેવી દેખાય છે, તથા પોતાનું સ્વરૂપ અને પોતાનો ઉદ્દેશ સાધવાને તત્પર થઈ જાય છે. અથવા બીજા અલંકારથી કહીએ તો તે યોજનાનો વિચાર કરનાર “ પોતાનામાં નવાં અંકુર ફુટતાં હોય નવી નવી શાખાઓ ચોપાસ વિસ્તરી સબલતાથી અમર ફલ આપવા તત્પર થતી હોય ” એમ પોતને અનુભવે છે આવી આંતર દશાનો આનંદ અનુભવતા તેને એમ થયાવિના રહે નહિ કે પ્રપ્રત્યેક ઉદ્દેશ, આશા, કાર્ય, સામગ્રી, તે આંતર જ્ઞાનથી કયાસુધી ઉચિતતાવાળાં ગણાય છે ? બાહ્ય સ્થિતિથી શકય હોઇ શકે છે ? આમ કર્તવ્યબુદ્ધિ આત્મામાં સ્ફુરે છે, અને પરિપકવ થતી ચાલે છે. આરંભે અપરિચિત એવી કાઇક શોકાકુલ ભ્રાન્તિથી, પછીથી આતુર વેગથી, અને છેવટ દૃઢ આગ્રહ અને રસથી, મનમાં એ પ્રશ્ન ઉઠે છે કે “ મારૂં શું કર્તવ્ય છે ? ”

આ પ્રશ્ન પૂછવામાં થતા ગાઢ હૃદયવિક્ષોભને વાસનાઓ ઉત્તર આપે છે, અને પોતાના સુક્ષ્મ આનંદોને આનંદની પરિસીમારૂપે ભોગવવાનું કહે છે, તથા તે ઉપભોગને અંતે અનન્ત સુખ અનુભવાશે, એવી આશા આપે છે; વિવિધ સામર્થ્યવાળી જુદી જુદી શક્તિઓ પોતાના જીવનના નિર્વાહ માટે વ્યાયામ ઇચ્છે છે, અને પોતાને

માર્ગ મળે તે માટેના ઉત્સાહમાં શિથિલ પડતી નથી, કે શાંત રહેતી નથી; વિપુલ સામર્થ્ય અને દૃઢતાવાળી ઇચ્છાશક્તિ અધિકાર પામવા માટે પરસ્પરથી વિરોધ કરતા આ બધા ઉત્સુક હકદારોને પોતાના ઉદ્દેશની લગામ ચઢાવી દેછે, અને પોતાના નિશ્ચયાનુસાર તે લગામને ઢીલી કરે છે, કે સતાણુ કરે છે;—એમ કરતાં કવચિત્ ચેતનામય થયેલું નાડીચક્ર સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરી, ખુશી થતાં જે ગાન વિસ્તારે છે, તેનું તે શ્રવણ કરે છે; કવચિત્ વિક્ષુબ્ધ હૃદયાબ્ધિ, જેની ભરતી શાતિમાં વિરમવા સારુ વિરાવ વિસ્તાર્યા જાય છે, તથાપિ આ જીવિતમાં શાતિ પામી શકાતી નથી, તેના ઘોંઘાટને સાંભળે છે; આત્મપુષ્ઠ, આત્મવશ, એવા વિચારની શક્તિઓના તરંગ, જે વિશ્વમાત્રમાં અમિત ત્વરાથી દોડયાં જ જાય છે, અને પોતાના સ્પર્શમાત્રથી જ પ્રપુષ્ટ આનંદ ઉપજાવે છે, અને અનુભવે છે, તેની ઉચ્ચાવચ નાડી ઉપર કવચિત્ પોતાનો હાથ મૂકી જુએ છે. આ સર્વમાંથી અસ્મિતાનું આનંદકારક ભાન સ્ફુરે છે, સમગ્ર જીવનમાં આનંદ ઉપજાવનાર કોઇ અવર્ણ્ય મંત્રનો ચમત્કાર વ્યાપી જાય છે, અને ઉપભોગના મસ્ત અમૃતથી મન ટંકોટંક ભરાઇ રહે છે. પણ આવા આવેગપૂર્ણ આયાસના એકત્રિત ભારથી આત્મા થોડાકમાં જ શ્રાંત થઇ જાય છે, અને જીવનવ્યાપારના ઉગ્ર પ્રક્ષો-

ભને તથા વ્યવહારના અંધ નૃત્યની ધામધુમને, શાંત પાડવા સારૂ કોઇ શામક ઔષધની અપેક્ષા કરે છે. થોડાજ સમયમાં આ રીતે અતિશ્રાન્ત, અને અતિજીર્ણ મનુષ્ય પોતાને જે પ્રાપ્ત થઈ શકયું નથી–સુખ, અને સુખનું નિદાન, ઇશ્વર,–તેને માટે શોકપૂર્ણ હૃદયે તલસવા માંડે છે, અને વળી એનો એજ પ્રશ્ન ઉઠે છે–" મારૂં શું કર્તવ્ય છે ? " " જીવનનાં અચલ સુખ, ઉપયોગી સામર્થ્ય, અનન્ત આશા, શી રીતે પ્રાપ્ત કરવાં ? " " કેવી જીવિતપદ્ધતિથી જીવન ઉચ્ચતમ, સત્યમય, ઉત્તમોત્તમ થાય ? " આ પ્રશ્નોમાજ વિચારના વ્યાપારમાટે વિશાલ ક્ષેત્ર છે, અને એ વ્યાપારને અંતે સત **ઓગસ્ટાઇને** જે પ્રાર્થના ઉચ્ચારી હતી, તેવી ઉચ્ચારાય, તો માણસનું અહોભાગ્ય છે. તે પ્રાર્થના તે એ કે " તેં અમને તારે માટે સરજ્યા છે, તારામા વિશ્રામ પામે, ત્યાંસુધી હૃદય કદી પણ શાતિ પામતું જ નથી. "

વિચારથી આત્મા જે આત્મનિરીક્ષણ ઉપર જાય છે, તે વધારે તપાસ ચલાવવા માટે ઉભા રહેવાનું સ્થાન નથી, પણ વિચારવતી બુદ્ધિની મુસાફરીમાં એક મુકામ છે. આપણે જોયું તેમ મારાથી શુ થઇ શકે એમ છે ? એ પ્રશ્ન ઉપરથી બુદ્ધિ, હું જેવો છું તેવો છતાં મારૂં શું કર્તવ્ય છે ? એ પ્રશ્ન ઉપર જાય છે. આટલું થયા પછી જે અ-

નિવાર્ય અંતિમ પ્રશ્ન ઉભો થાય છે, તે "શામાટે ?" છે. જો જીવિત, જેવું, છે તેવુ, લાંબામા લાબુ ચાલે, તો પણ અતિ ટુંકું છે, સર્વદા અનિશ્ચિત છે, તો આપણાં આવેગ અને શક્તિઓ જે જે આનંદ આપી શકે, તેમને શામાટે ત્યજવાં જોઇએ ? તેમની પરિતૃપ્તિથી યદ્યપિ પછવાડેથી પ્રત્યેક નાડી પીડા પામે, તોપણ જે શકય આનદ મળી શકે, તે શામાટે મૂકી દેવો જોઇએ ? ભાવિના શીત ઉદ્‌-ગારવડે ભવિતવ્યતાનો ટાઢો ઉચ્છ્વાસ વર્તમાન આનંદને ટાઢો પાડી દે તે સારૂ, જે શકય છે તેને, ઉધાચતા થઇ જવાય એવી તેના અમિત આનદની ભરતીને, તેની વેગે ચઢાવતી મોજમઝાને, તેના "રસમય ખેલ અને ભવ્ય કલ્પનાઓ"ને, શામાટે ફેંકી દેવા જોઇએ ? જે તત્ત્વ હાલ આપણામા છે, તે કરતા વધારે સૂક્ષ્મ તત્ત્વમય સતત અને નિત્ય એવા જીવન, જેમા પરિપૂર્ણ સુખ અને ઉત્તમોત્તમ તૃપ્તિ પાપ્ત થાય, તેના વિષે આશા મધુર ગાણી વિસ્તારે છે; અને એમ જણાવે છે, કે જેમ લેવાઇટે[1] ધુપદાનમાં નાંખેલા અગ્નિથી તેમા ઠરેલી રાખોડી ક્ષોભ પામીને તે

---

૧ યાહુદી ધર્મમા જે ધર્મગુરૂ મનાય છે, તેના હાથ નીચેના મદદગાર ગુરૂઓ જેનુ કામ લાકડા લાવવા વગેરે હોય છે, તેને લેવાઇટ કહે છે. આ સ્થાને જે રૂપક છે, તે ક્રિશ્ચીઅન ધર્મની ક્રિયાઓમાથી લીધેલુ છે ભા ક.

નીચે દટાયલા સુગંધી ગુંદરનો સુવાસ વધારે સ્વર્ગભણી ઉડતો થયો, તેમ, જ્યારે મોત મુખ્ય ધર્માધિકારીના હાથથી પશુના પેટમાં છરાને મ્યાન કરાવે છે, ત્યારે મહાહોમને સમયે, જે તત્ત્વમાં વર્તમાન જીવનનો આવિર્ભાવ છે, તે તત્ત્વ વધારે બંધનમુક્ત થઇ સ્વતંત્ર રીતે છુટું થાય છે. જેને આ જગતનાં સુખથી નિર્વેદ થાય, જે ઉચ્ચતર આનંદો માટે ઉત્સુક રહ્યાં કરે, જે શરીરની વાસનામાત્રનો તિરસ્કાર કરે, અને જે આપણું અહિક જીવિત જે પરિચ્છેદથી મર્યાદિત છે, તેનાથી દુખી થઇ તેનો અનાદર કરે, એવી શક્તિઓ આપણામાં હોય, તો ભાવિની આશાનો અવકાશ અવશ્ય હોવો જોઇએ, યદ્યપિ આશામાત્ર સાથે કોઇને કોઇ પ્રકારના ભયનું સાહચર્ય હોય છે, તથાપિ એ અવકાશ હોવો જોઇએ. આ આશા અને અભય —જો આપણે આપણા હૃદયને બોલવા દેઇએ તો—ઇશ્વરની ઉત્તમોત્તમ ભક્તિરૂપે આપણી બુદ્ધિ જે કર્તવ્યને નક્કી કરે છે, તે આપણે શામાટે કરવુ જોઇએ, અને મરણાનન્તર થનાર જીવન માટેની ઉત્તમોત્તમ તૈયારીરૂપે આપણા ભાવિને શું સારામાં સારૂં ઉપયોગી છે, તેવિષે આપણને યથાર્થ માહીતી આપે છે.

વિચારની વૃદ્ધિમાત્રથી જ, જો તેનો વિચાર સાહજિક કરતાં જરાપણ પરાવર્તિત હોય, તો માણસ અધ્યા-

ત્મવાદી થતું જાય છે. એનો સ્વભાવ જ એક પ્રકારનું ભાવિસૂચક બલ એના ઉપર વાપરે છે, અને એને એમ લાગે છે, કે નિરૂદ્યમ, નવરાઈનો કાટ, તે મારા ભાવિરૂપે નથી. " આંખ, કાન, અને સર્વ પ્રકારે પ્રપૂર્ણ મનની પ્રત્યેક શક્તિને " વિશ્વમાત્રમાંથી એવી પૂર્ણ સાબીતી મળે છે, કે મનુષ્યના આત્માને કાલપરિચ્છેદ નિત્ય રહેવાનો નથી, કેમકે માણસ પોતે " પોતાની ઈચ્છાનુસાર કાલની ગતિસાથે ગતિ કરી શકે છે, ઇચ્છાનુસાર તેની પાર જઇ શકે છે. " માણસ એમ માની શકતું નથી, કે જીવિત અને ઇંદ્રિયોના સુશ્લિષ્ટ યંત્રની દૃઢ કમાનો, અને પોતે પ્રાપ્ત કરેલા સમૃદ્ધ વૈભવો, એક ક્ષણમાં જ જાદુની અસર મટાડી દેઇ, કેવલ નિરાશા અને નાશમાં નિમગ્ન કરી દેનાર મહામંત્રને તાબે થઇ જશે. આશા સબુદ્ધિક આશા, મનુષ્યની ઉત્સુક નાડીઓમા પ્રદીપ્ત રહે છે, અને ધીમે ધીમે એક પ્રકારની અતિગાઢ શ્રદ્ધા (કેમકે આશા છે તે શ્રદ્ધાનું પૂર્વરૂપ છે) સ્વર્ગના દિવ્ય પ્રકાશ ભણી ચઢવા માંડે છે, ઉપડતી જાય છે, અને ત્યાં ઉડી પહોંચે છે.

જડવાદી વિશ્વલીલાને આતુર દૃષ્ટિથી ભલે જુએ;— સૂર્યપ્રકાશથી વિલસતાં ગિરિશિખર, રમતા જલસ્રોત, અનંત વૃક્ષઘટા, ઉંડી ખીણો, તારાગણપૂર્ણ નભોમંડળ અને એવા અનંત ચમત્કૃતિમય વિશ્વપદાર્થો, જીવન અને નિ-

યમના પરિણામો,-અને શાસ્ત્ર, કલા, કાવ્ય, અને ઉપભોગથી પરિપૂર્ણ એવી, આશ્ચર્યરચનાની રંગભૂમિમાં વિહરવામાં આનંદ માને, પણ જો એના ક્ષણિક જીવનમાંની એક ક્ષણ પણ આ ભવ્યતાનું રહસ્ય અને માહાત્મ્ય શોધવામા રોકાય, તો એને મન એ બધું રૂક્ષ અને શુષ્ક, મંદ અને મૃતપ્રાય, નિર્માલ્ય, લાગવાનું. પવનની પાંખે ચઢીને ચાલ્યાં જતાં પાંચ પચાશ વર્ષનું પશુવત્ ઐહિક જીવન તેટલામાંજ જો તેનાં આશા અને પ્રેમ અને જીવનનો સમાસ થતો હોય, અને જો એને એમ જ લાગતું હોય, કે એવો કોઇ પ્રકાશ નથી, કે જે " જીવિત્વનાં દુઃખકલેષાદિ ઉપર જય પ્રાપ્ત કરાવી, " માણસને " મૃત્યુના અંધકારમા થઈને જેનો પ્રકાશ ચાલ્યો જાય છે. એવો ભાવિનો માર્ગ " બતાવે, તો બુદ્ધિમય જીવનના પ્રત્યેક વ્યાપારમાં જે સત્તાનો આવિર્ભાવ પ્રતિક્ષણ તેના પોતાનામા પણ તેને સમજાય છે, તે સત્તા, એને મન તો, જેવી પવિત્ર અને ઉચ્ચતમ તે છે, તેવી સમજાવાની નહિ જ, તેમ જ જીવનના સમગ્ર આવેગથી જેની આશા વ્યાપ્ત થઇ ઉદ્દીપ્ત થઇ હોય, તેવા કોઇને આવા જડવાદીનું શાસ્ત્ર લેશપણ સંતોષ આપી શકવાનું નહિ જ. એવા જડવાદીને " શામાટે ? " એ પ્રશ્નનો અવકાશ જ નથી. કવચિત્ કોઇ ક્ષણે એને એ પ્રશ્ન ઉઠયો, તો " એમ જોઇએ

છીએ માટે " એવું ઉપયુક્તતા–જનહિતવાદ–થી મળેલું ઉત્તર તેને પૂર્ણ થઈ જશે. પણ જીવનનું ગાન એક રાજીઆ જેવું કે મસાણની પોક જેવું નથી, એ તો પ્રેમમય, આશામય, ઉચ્ચાભિલાષી, અને સર્વંકશ છે. મર્ત્યસ્વભાવવાળાં મનુષ્યના મનમાં જે અમર વાંછનાઓ ઉઠે છે, પરત્રિક પ્રદેશ ઉપર પ્રકાશતાં સૂર્યકિરણની ઝાંખી પામવા માટે માણસોની દૃષ્ટિ જે રીતે ઉંચી ખેંચાયાં કરે છે, તે સર્વ ઉપર લક્ષ ન આપેતો વિચાર પોતાની મર્યાદાને ઘણી જ સંકુચિત અને ક્ષીણ બનાવી નાખે.

જીવન ! કર્તવ્ય ! આશા ! માણસોએ જેને અતિવિરલ હેતુગર્ભ માનેલા એવા ત્રણ શબ્દો તત્ત્વવિવેકમાત્રના મૂલ નિદાનરૂપ છે. એમનામાં જીવનના અને માનવ ભવના, તેમ કાલ અને અનન્તતાના હેતુમાત્રનો સમાસ થઇ જાય છે–એવા વિષયો ઉપર તત્ત્વશાસ્ત્ર પોતાનું સામર્થ્ય ખર્ચે છે અને પોતાની શક્તિ વિસ્તારે છે. જો આ વિષયો માણસનું લક્ષ આકર્ષવા યોગ્ય હોય, માણસોને એમાં ઉત્તમોત્તમ લાભ અને રસ લાગતો હોય, બુદ્ધિમત્તાના ઉચ્ચમા ઉચ્ચ પ્રશ્નોનો એમા સમાસ થતો હોય, તો ચેતનપ્રદેશમાં જ નહિ પણ જડપ્રદેશમા પણ,—આપણા પોતાના સ્વરૂપવિષે જ નહિ પણ આખા વિશ્વના સ્વરૂપ વિષે, તેના નિદાન, સામર્થ્ય, વ્યાપાર, અને નિયમ વિષે

પણ.-વિચાર અને વિચારશીલતાને જેટલો થાય તેટલો પ્રયત્ન કરવાનાં આવશ્યકતા, યોગ્યતા, અને અવકાશ છે.

ગભીર આત્મવિચારનું આ અનાદિ કાલથી સિદ્ધ ફલ છે. આપણી સ્મરણશક્તિના તારમાંથી અનાદિ યુગોના ઉપદેશ, કોઇ ગુપ્ત લેખના સાંકેતિક અક્ષરોની પેઠે, જાગ્રત્ થઈ વિચાર કરવાને પ્રેરેછે ને વિચારનો માર્ગ બતાવે છે. આટલે સુધી આ પ્રકરણમાં જે ચર્ચા થઇ, તેમાંથી વાચકના મનમાં સ્પષ્ટ ઉદ્ગારો ઉદ્ભવવા જોઈએ, અને, જ્ઞાનપૂર્વક, તેના મનમાં તત્ત્વશાસ્ત્રના ત્રણ મહા પ્રશ્નો પુનઃ ઉઠવા જોઇએ (૧) હું શું જાણી શકું ? અને કરી શકું એમ છું ? (૨) મારે કર્તવ્ય શું છે ? મારે કેવા થવું ? મારે કેવા હોવું ? (૩) મારે શી આશા રાખવી ? આપણે સર્વેએ આપણામાં જે શક્તિ હોય, અને આપણે જે આશા બાંધી શકયા હોઈએ, તે અનુસાર પોતપોતાના કર્તવ્યની ભાવના ઉપજાવી લેવી જોઈએ, અને બધુ સારૂં જ થવાનો સંભવ છે, કેમકે- સાધેલા કર્તવ્યથી, અગીકૃત આશાથી, અને સ્થિર શ્રદ્ધાથી તે સારૂં જ કરાયલું છે.

શબ્દો છે તે, વિચારો જામીને નિર્જીવ પથરારૂપ થયા હોય, તે રૂપ નથી. શબ્દો તો પવનમાં એવા હેતુથી વેરેલાં સજીવ બીજ છે, કે જે વિચારોમાંથી તે આપણા

મનમાંથી ઉપજ્યાં છે, તે વિચારોની પ્રતિકૃતિને અન્ય મનમાં પણ ઉપજાવે. વિચાર છે તે વાણી–ભાષા–ને જીવ આપનાર છે, શબ્દનો પિતા છે. શબ્દો "ચલણી નાણું" છે, તે દ્વારા વિચારનો વેપાર ચાલે છે, તેનાથી આપણે લેણુદેણુ કરીએ છીએ, વેચીએ છીએ, ખરીદીએ છીએ, અને કામકાજ કરીએ છીએ, એમ માનવા કરતાં વધારે મ્હોટી ભુલ બીજી કોઇ નથી સુશિક્ષિત મનવાળાને તો વિચાર અને શબ્દો ઉભયે એક જ તત્ત્વના બનેલા છે; ઉભયમાં જીવનની એકતા અને તદાત્મતા છે. એવા માણસને મન, જેને પોતાના મન સાથે મેળવી લેવાનાં છે, અને પોતાની બુદ્ધિથી સજીવ કરવાનાં છે, તેવા તત્ત્વરૂપે, શબ્દો મનાય છે. બુદ્ધિના સજીવ અને સર્વગ્રાહી વેગ આગળ શબ્દો શોધવા પડતા નથી. સ્પષ્ટ વિચાર જ શબ્દોમાં અર્થ આરોપી દે છે, ને તુરત જ તે સામર્થ્ય પ્રાપ્ત કરી સામર્થ્ય દર્શાવવા લાગે છે. જેને વિચાર અને ભાષા ઉભયે સ્વાધીન છે, તે પોતાના મનોવ્યાપારનાં ફલ અજ્ઞાન ઇચ્છામાત્રથી સ્વત જ દર્શાવી શકે છે, ભાષા અને વિચાર પરસ્પરમાં વિલય પામે છે—અને ઉત્તમ શૈલીનો ઉદ્ભવ થાય છે.

બોલવા કે લખવાની શૈલીવિષે પ્રથમથી પદ્ધતિપૂર્વક યોજના કરવી, એ ત્યાં જ્યાં વિચારની પદ્ધતિવિષે બોલવા

કે લખવાનું હોય ત્યાં ચાલે, પણ જ્યાં વિચારને શી રીતે દર્શાવવાના વિષયની વાત છે, ત્યાં ચાલે નહિ. અમુક ઉત્તમ લેખકોનું અનુકરણ કરવાની ભલામણ જે લોકો કરે છે, તે સારી વાત બતાવે છે, પણ જે હેતુથી બતાવે છે, તે હેતુ ખોટો છે. તે લોકો આપણને તેવા લેખકોનાં લખાણોમાં જે ઔચિત્યવાળી ભવ્ય રચના વારંવાર જણાય છે, તે લેઇ લેવાની ભલામણ કરે છે, પણ ખરી વાત એ છે, કે જે સૂક્ષ્મ અને સુરેખ વિચારશક્તિની એ રચના ફલરૂપ છે, તે શક્તિનો લક્ષપૂર્વક અભ્યાસ કરવાની આવશ્યકતા છે. મનુષ્યના મનની નિર્બલતાને લીધે, વિચારના અનેક વિભાગ કરવાની જે જરૂર પડે છે, તેનાથી જ આ ભુલ પેદા થઇ છે, એમ માનતાં અમને કાઇ શકા પડતી નથી. લખવાનું સરલ પડે માટે વિદ્વાનોએ ન્યાયને વાક્પાટવથી ભિન્ન ગણેલું છે–વિચારના શાસ્ત્રને વાણીના શાસ્ત્રથી જુદું માનેલું છે, અને કેવલ સગવડમાટે આવો જે વિભાગ માનેલો છે, તે ઉપરથી લોકોએ તે બે વિષયને અત્યંત ભિન્ન, કત્રચિત્ પરસ્પર વિરુદ્ધ માની, આવી ભુલો ઉપજાવેલી છે.

સંપૂર્ણ અર્થવત્ત્વ એ ન્યાયનું ઉત્તમોત્તમ ફલ છે; અને સંપૂર્ણ અર્થને દર્શાવવો, એ વ્યાકરણનું ઉત્તમોત્તમ ફલ છે; વાણીદ્વારા વિચાર દર્શાવાય છે; વિચારના સ્પષ્ટ

અને નિશ્ચિત નિયમો છે, અને વાણી પણ, પોતે જે તત્ત્વોમાંથી ઉદ્ભવ પામે છે, તે તત્ત્વોને નિયમનાર નિયમોને વશ હોવી જ જોઇએ. આમ છે, એટલે ન્યાયનો સર્વ પરિવર્ત સાધી .શકે, તેવો અધિકાર વિચાર ઉપર જ નહિ પણ વાણી ઉપર પણ ચાલવો જોઈએ. મનમાં વિચારો જે પદ્ધતિથી ઉત્પન્ન થાય છે, તેનું સ્પષ્ટ અને સુરેખ જ્ઞાન એજ, તે વિચારોને વાણીદ્વારા શી રીતે દર્શાવવા તેનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો સારામાં સારો રસ્તો છે. કાંઇ નહિ તો આટલે સુધી પણ વિચાર અને વાણીના નિયમો એકના એક છે, અને ન્યાય તથા વાક્પાટવનો વિષય પણ એકનો એક છે. આ બે શાસ્ત્ર વચ્ચેનો સંબંધ આવશ્યક અને અંગાગિભાવરૂપ છે, પ્રસ્તુત સિદ્ધ એક વસ્તુનાં એ બે અભિન્ન અંગ છે.

શૈલી છે તે વિચારથી સચેત કરેલી વાણી છે. એમ હોવાથી મનુષ્યે મનુષ્યે ને વિષયે વિષયે તે જુદી પડે છે; એની ઉત્પત્તિ સ્વાભાવિક છે, આપણા વિચારોની આસપાસ ભેગો થયલો કૃત્રિમ સમૂહ નથી. શૈલીમાં જે કાંઇ સ્તુતિપાત્ર જણાય છે, તે અંતરાત્માના હૃદયના સારરૂપ અકૃત્રિમ ઉદ્ગાર છે, કૃત્રિમતા, અમુક પદ્ધતિ, અથવા નવીનતા દર્શાવવાનો આડંબર, એ તો શૈલીના દોષ છે, ગુણ નથી.

સરસ, સબલ, અસરકારક હોવા માટે વાણી, જે વિચારની તે બાહ્ય પ્રતિકૃતિ છે, તેની સાથે જ ઉદ્‌ભવવી જોઇએ. ઉત્તમોત્તમ શૈલી તો તેની જ થઈ શકશે, કે જેનામાં વિચાર કરવાની વિશુદ્ધ અને ગાઢ શક્તિ સાથે વિશાલ બુદ્ધિવૈભવ મળેલો હશે; કારણ કે વિચારના જીવનથી વાણીને સચેત કરવી અને એમ સજીવ વિચારને તે દ્વારા અન્ય આત્મામાં પહોચાડવો, એજ શૈલીનું સ્વરૂપ છે. શૈલી છે તે એક મિશ્રસ્વરૂપ છે, એનાં અગ ન્યાય, વ્યાકરણ. અને ઉદ્દેશ એ ત્રણ છે; અને ઉત્તમોત્તમ શૈલી તે જ કહેવાય, કે જેમાં વિચાર, સહૃદયતા, નીતિમય ઉદ્દેશ, એકતા, સાદાઇ, અને ઔચિત્ય રહેલાં હોય. જે આ સર્વ વાત ઉપર લક્ષ રાખી, વાણી વિસ્તારે તેનું વચન સંભળાયા વિનાનું રહે જ નહિ, તેના ધ્વનિના પ્રતિધ્વનિ પણ અન્ય હૃદયોમા ગૂઢ રહેલા વિચારોને જાગ્રત્ કરશે, અને ભવ્ય ઉદ્દેશોને જન્મ આપશે.

આ ચર્ચાને હવે આપણે સૂત્રરૂપે દર્શાવીએ; તેમ કરવાનાં કારણ બે છેઃ (૧) જેમ બને તેમ થોડામાં બધી વાત કહી શકાય; (૨) અને વાચકો અત્ર આપેલી સૂચના ઉપરથી શૈલીવિષેનો સમગ્ર તર્ક ઉપજાવી લે [૧]

૧ આ વિષય ઉપર વધારે જાણવાની ઇચ્છા રાખનારે શૈલીસબન્ધી આ લેખ રચનારે અન્ય ગ્રન્થો લખ્યા છે, તે જોવા. ભા ૩.

વાણી દ્વારા વિચારને દર્શાવવો તે શૈલી.

શૈલીનો સર્વોપરિ નિયમ એ છે, કે શ્રોતા અથવા વાચકના મનમાં પ્રત્યેક વિચાર ઉતારવો, તે એવી રીતે, કે તે વિચારથી ઘણામાં ઘણી અસર, થોડામાં થોડા માનસિક શ્રમથી, થઇ શકે.

વક્તા અથવા લેખકે આ ચાર વાતો ઉપર લક્ષ આપવું જોઇએ —(૧) વિચારની ઘટના; (૨) જે શબ્દોને વિચાર દર્શાવવાને ઉચિત ગણાય તે; (૩) તે શબ્દોની યોજના, (૪) તે શબ્દોનું યથાર્થ નિદર્શન.

શ્રોતા અથવા વાચકનામાં પણ ચાર વ્યાપાર, એક કાલે અનુક્રમે થાય છે —(૧) સાંભળવું અથવા લક્ષપૂર્વક વાચવું તે એવી રીતે, કે વક્તા અથવા લેખકે જે શબ્દો પ્રયોજ્યા હોય, તેમને બરાબર ઓળખવા; (૨) તે શબ્દોના અર્થ કરવા; (૩) જે વિચારના એ શબ્દો લિંગરૂપ છે, તે વિચારોને ગોઠવી લેવા; (૪) એક ક્ષણે જે આ રીતે સાંભળ્યું કે વાચ્યું તેને ભૂતક્ષણે અને ભાવિક્ષણે થયેલા કે થતા શ્રવણ કે વાચન સાથે યોજતા જવું.

માનસિક શ્રમ બને ત્યાંસુધી ઓછો થવા દેવો, એ તો ઉભય (વક્તા કે લેખક તેમ શ્રોતા કે વાચક)ના લક્ષમાં રહેવું જોઇએ.

શ્રોતા કે વાચકને વધારે માનસિક શ્રમ ન પડે તે

માટે આટલી વાતો ઉપર શબ્દપ્રયોગ કરતી વખતે ધ્યાન આપવું–(૧) ઔચિત્ય, (૨) સૂચકતા, (૩) લાઘવ, (૪) સ્પષ્ટતા, (૫) અનુકાર, (૬) ઉપકારકત્વ, (૭) આનુપૂર્વી.

(૧) ઔચિત્ય સાચવવા માટે, જે અર્થ દર્શાવવો હોય, તેને બરાબર દર્શાવે તેવાં જ શબ્દ અને વાકયોનો ઉપયોગ કરવો.

આર. એચ. હોર્ન પોતાના "ન્યુ સ્પિરિટ ઓફ ધી એજ"–યુગનો નવો જુસ્સો–નામના લેખમાં **એડમંડ કીન** વિષે આ પ્રકારના અનુચિત વચનો વાપરે છે —

"એ મહાન્ કરૂણરસ ઉપજાવનાર તો ગયો, પણ એની કીંમત જાણવાને જે લોકો સામાન્ય જીવનમાંથી જાગ્રત્ થયા: તે જીવે છે, ત્યાંસુધી તે મુવો નથી. પ્રગટ, સતત પ્રવાહરૂપ જે વૃત્તિ, તે તમારી બધી કબરો કરતાં વધારે મૂલ્યવાન્ છે, કેમકે તેની એકાંત ભવ્યતાને તુરંગી ટોળાથી કશુ થઈ શકે એમ નથી"

જે વિચાર દર્શાવવા ધાર્યો છે, તેને ઉચિત યોજના અમે આ પ્રમાણે ધારીએ છીએ —

"એ મહાન્ કરુણ રસ ઉપજાવનાર તો ગયો, પણ જે લોકો કેવલ પ્રાકૃત જીવનનાં વ્યાવહારિક કર્મોને ત્યજી એણે દર્શાવેલા પ્રતિભાના ચમત્કારને વિલોકવા એક વાર પણ આકર્ષાયા તે જીવે છે, ત્યાંસુધી તે મુવો નથી. પ્રગાઢ,

સતત પ્રવાહરૂપ જે વૃત્તિ આપણે આપણી પાછળ રહેનારના હૃદયમાં સ્થાપી જઇએ, તે લાખો કીર્તિસ્તંભ કરતા અધિક છે, કેમ કે યોગ્યાયોગ્યનો નિશ્ચય કરવામાં તુરંગને અધીન એવા પ્રાકૃત જનો તેની એકાંત ભવ્યતાનો વિનાશ કરી શક્તા નથી, તેનો સ્પર્શ પણ કરવા પામતા નથી."

(૨) સૂચકતા, એ એવી શબ્દશક્તિ છે, કે જેનાથી મનમાં, વક્તા અથવા લેખકના ધ્યાનમાં જે અર્થ હોય તે જ સૂચવાય એટલુ જ નહિ, પણ જેનાથી મનુષ્યના વિચારોનો ઉદ્દભવ વિકાસ અને સંસ્કાર જણાઇ આવે, અને શબ્દોનાં અનેક આનંદકારક સાહચર્યો મનમાં ધ્વનિત થાય, ને અતિ દૂરના ધાત્વર્થોનુ પણ ભાન થાય.[1]

ભાષામા આવુ સામર્થ્ય આરોપવું, એ બહુ વિરલ છે; અને જે ખરા મહાન્ લેખકો થઇ ગયા છે, તેમનામાં જ તે હોય છે. નીચે જણાવેલા હિનરિક હીનના રિસબિલ્ડર નામના લેખમાંના ફકરામાં આ ગુણ બહુ સારી રીતે જણાય છે. હોમરે દેવતાઓની જમણવારનું જે

૧ આપણા સાહિત્યશાસ્ત્રમા જેને વ્યગ્યાર્થ કહે છે, તેનુ આ રૂપાતર છે, એમ સુજ્ઞ વાચક સહજ સમજી શકશે–ભા ક ૨ ક્રિશ્ચીઆનીટીનો ઉદ્દભવ શીરીતે થયો, કેવા સમયમા ને કેવા વહેમોમા થયો, તે તે વહેમો દૂર થવામા તેનાથી કેવી મદદ થઇ, એનુ આ વર્ણન છે ભા ક.

વર્ણન આપ્યું છે, તે લખીને, એ લેખક કહે છે, કેઃ—

"એટલામાં એકાએક ફીકા વદનવાળો અને અતિશ્વાસભર્યો એક યાહુદી ત્યાં આવ્યો; એની ભ્રમરો ઉપર રુધિરનાં ટીપાં ઠર્યા હતાં, એના માથા ઉપર કાંટાવાળા થોરનો મુકુટ હતો, એના ખભા ઉપર મ્હોટું ક્રુસ મૂકેલું હતું. દેવતાઓના વિશાલ અને ઉન્નત મેજ ઉપર તેણે પેલું ક્રુસ નાખ્યું, જેથી સુવર્ણના પ્યાલા ખખડી ઉઠયા, અને દેવતાએ મૌન થઈ ફીકા પડવા લાગ્યા—ફીકા પડતે પડતે એવા ફીકા પડતા ચાલ્યા, કે છેવટ ધૂમ્રરૂપ થઇ અદૃશ્ય થઇ ગયો."[૨]

કારલાઇલકૃત "હિરો એંડ હિરોવર્શિપ" માંથી આ બે વાકય લીધાં છે, તે જુઓ, જાન્સન શ્રદ્ધામય થવાને જે યત્ન કરતો હતો, તે વિષે લખતા તે બોલે છે, કેઃ—

"પૃથ્વી ઉપર કોઇ નિશાની નથી,—અને અહો! આકાશમાં ધ્રુવ નથી ત્યા એનો શો હીસાબ છે!"

અન્યત્ર, મહાપુરૂષોના સામર્થ્યનું નિરૂપણ કરતાં તે લખે છે—

"વિશ્વના સ્વરૂપવિષે તેનું મન એકવાર પ્રદર્શિત થયું, કે સર્વના મનમાં તેવુંજ મન પ્રકટ થઈ જાય છ, વૃદ્ધિ પામે છે, શ્રદ્ધાવિષય રહે ત્યાંસુધી,—નિરંતર વૃદ્ધિ પામતું જ રહે છે, માણસમાત્રના મનમાં તે પ્રથમથી લ-

ખેલું જ હતું, જાણે અનુકમ્પાની મષીથી લખ્યું હોય તેમ લખેલુ હતું, તે મહાપુરૂષના વચનમાત્રથી સર્વત્ર પ્રત્યક્ષ થઇ આવ્યું ?

(૩) લાઘવનો એવો હેતુ છે, કે કોઇ અમુક વિચાર, યોગ્યરીતે, અને સામાના મનમાં બરાબર ઉતરે તેવી રીતે, દર્શાવવામાં જેમ બને તેમ થોડામાં થોડા શબ્દો પ્રયોજવા. કોઇ વિચાર ગૃહવા અને સમજવાની વચ્ચે કાલ અને અવધાનનો વ્યય થાય છે, જેમ ગૃહવામાં વધારે વ્યય તેમ સમજવામાં ઓછો, અને સમજવામા વધારે તેમ ગૃહવામાં ઓછો. મોં મચકોડવામા જે ભાવ છે, તેનું શબ્દથી નિરૂપણ થાય એમ નથી જ, અથવા પ્રેમભગ્ન મનની "આહ !" ને વર્ણવિન્યાસથી બતાવાય એમ નથી જ; કે "વહી ગયેલો" ઇત્યાદિ શબ્દોનું ભાષાન્તર બને એમ નથી. લાઘવનું ઉદાહરણ —

"કોઇ બિશ્વાસ કરે તેની બેવડી કીંમત છે, વિશ્વાસથી જે જ્ઞાન મળે તે એક, અને તેવો વિશ્વાસ રાખનારની શ્રદ્ધા એ બીજી."

પોપે ડ્યુક ઓફ વ્હાર્ટનને વર્ણવ્યો છે, તે જુઓઃ—

"સ્વાભાવિકતા અને કલાથી જે જે મળવું જોઇએ, તે સર્વ એનામાં હતું, કશી મણા ન હતી—માત્ર પ્રામાણિક હૃદયની જ ખામી હતી."

ટેટર્બીનાx જયેષ્ઠ પુત્રના, ગળેથી કમ્ફર્ટર ઉતારવાનું વર્ણન આવી રીતે ડીકન્સ આપે છે; એમાં લાઘવનો ભંગ છે—

"એણે પોતાના સ્કંધને ચળકતા તથા દેખીતી રીતે અનન્ત એવાં કંફર્ટરમાંથી ઉકેલીને બાહાર કાઢયો.—

(૪) સ્પષ્ટતાનો હેતુ એવો છે, કે ભાવવાચક શબ્દો કરતાં વ્યક્તિવાચક શબ્દો પ્રયોજવા, અમુક વર્ગની વ્યક્તિઓ બતાવે, તેવા શબ્દો પ્રયોજવા, આખા વર્ગના વાચક પ્રયોજવા નહિ.

વોશિંગ્ટન અરવિંગે "ઈકબાદ ેન" નું જે વર્ણન આપ્યુ છે, તે ઉચિત ઉદાહરણ છે—

"એ ઉંચો હતો પણ ઘણો પાતળો હતો. સાંકડા ખભા, લાંબા કર અને પાદ, બાહીમાંથી એક ગાઉ સુધી લટકતા હાથ, પાવડાને ઠેકાણે કામ આવે તેવા પગ, એમ આખા શરીરના પ્રત્યેક અવયવ બહુ ઢીલે ઢીલા, કશા સંબંધ વિના જડી લીધેલા હતા. એનું માથું નાનું હતું, અનેટોચે ચપટું હતું, કાન મ્હોટા હતા, આંખો પહોળી અને કાચની બનાવી હોય તેવી હતી, અને નાક લાંબુ લટકતું હતું;—આખું માથુ જ જાણે ગળારૂપી ધરી ઉપર એ-

x ડીકન્સકૃત કથામાનુ એક પાત્ર છે ભા ક — આ સ્થાને જે બીજુ ઉદાહરણ છે, તે અગરેજી ભાષાને જ યોગ્ય છે માટે આપ્યુ નથી

સાડેલો વા કેઇ પાસા વાય છે, તે બતાવવાનો મત્સ્યાકાર યંત્ર હોય, તેવું લાગતું હતું; એકાદ ટેકરી ઉપરથી એનાં લુગડાં ચારે પાસ ઢીલાં ઢીલાં ઉડતાં હોય, એવો એને આવતાં જોયો હોય તો દુકાળ અને ભુખમરાનો સાક્ષાત્ દેવતા જ પૃથ્વી ઉપર ઉતરતો હોય, કે કોઇ ખેતરમાં ઉભો કરેલો ચાડીઓ જ છુટી નાઠો હોય એવુ લાગે."

(૫) અનુકારનો હેતુ એવો છે, કે વાપરેલા શબ્દોને દર્શાવવા ધારેલા વિચાર સાથે કાઇક સાદૃશ્યનો સંબંધ હોય, અથવા જે તત્કાલ જ તે વિચાર સૂચવી શકે, આટલા જ માટે લેટિનમય (સંસ્કૃતમય) શબ્દો કરતા સેક્ષન (દેશી) શબ્દો વાપરવા, એ વધારે સારું છે. "વિલક્ષણુના" વિષયના પોતાના નિબધમા ફોસ્ટર, જે લોકોને ભવ્યતા પસંદ છે, તેમના વિષે આ પ્રમાણે લખે છે—

"ઇશ્વરે વસ્તુસ્થિતિની જેવી રચના કરી છે, નાના અને મહોટાનું જે મિશ્રણ કર્યું છે, નાનાઓને મહોટા ઉપર આધાર રાખવો પડે તે કરતાં મહોટાને નાના ઉપર વધારે આધાર રાખવો પડે, એવી જે યોજના કરી છે, તેનું મનન કરવામાં તેમને આનંદ આવતો નથી. તે લોકો જે મહત્ રૂપવાળું મનાય, જે અનન્તતાપર્યંત વિસ્તર્યું હોય, જે તારાગણુની પણ પાર ગયું હોય, તેને જ નિરંતર શોધે છે."

(૬) ઉપકારત્વનો ઉદ્દેશ એવો છે, કે શબ્દ અથવા શબ્દો, ઉપવાકય અથવા ઉપવાકયો, જેનો જેનો વાકયમાં પ્રયોગ કરવામાં આવે, તે સર્વે પરસ્પરને તેમ જ દર્શાવવાના વિચારને એવો ઉપકાર કરે, કે જેથી તે વિચાર તાદૃશ અને સ્પષ્ટ રીતે દર્શાવી શકાય, અનિશ્ચિતતા, અસ્પષ્ટતા, વિરોધ, અથવા ઉપરચોટીઆ અવ્યવસ્થા, એ સર્વ ઉપકારત્વનાં અત્યંત વિરોધક છે. મેકોલે ઉપકારત્વવાળી શૈલી યોજવામાં અતિ નિપુણ છેઃ—

"એક ગૃહસ્થ ટેમ્પલ સ્ટેર્સ આગળ ગયો, એક હોડીને તેણે બોલાવી, અને ગ્રીનીચ તરફ હંકાર, એમ કહ્યું. પોતાના ખીસામાંથી એક કાગળનું પરબીડીયું કાઢી, તે ઉપર સીસાપેનથી કાંઇક લખ્યું, અને તે કાગળને પોતે બેઠો હતો ત્યાં, ભાડા તરીકે થોડાંક રૂપાનાણું સાથે મૂકી દીધો. હોડી જેવી લંડનબ્રીજની અંધકારમય વચલી કમાન નીચેથી ચાલી કે તુરત તે કૂદીને પાણીમાં પડયો અને અદૃશ્ય થઇ ગયો."

(૭) આનુપૂર્વીથી, વાકયોમાં શબ્દ અને ઉપવાકય, તેમ એક એક ફકરામાં વાકય, એ સર્વનું નિયમન થાય છે. થોડામાં થોડા વ્યયથી ઘણામાં ઘણું ઉપજાવવાના સિદ્ધાન્ત ઉપર જેનો આધાર છે, એવો આનુપૂર્વીનો નિયમ એ છે, કે શબ્દો, ઉપવાકયો, વાકયો, એવી રીતે ને એવા

ક્રમથી ગોઠવવાં, કે મુખ્ય તથા ગૌણ વિચારમાત્ર સ્પષ્ટ રીતે, તુરત જ, અને સંપૂર્ણપણાથી, સમજવામાં આવે, જે ઉદ્દેશ અથવા ઉદ્દેશોથી તે વિચારો પ્રદર્શિત કરવામાં આવતા હોય, તે સારામાં સારી રીતે સિદ્ધ થાય—

"લોકોપયોગી કેળવણી" સંબંધી ડા. રિચર્ડ વિન્ટર હેમિલ્ટનના નિબંધમાંનો નીચેનો ઉતારો, આનુપૂર્વીના નિયમનુ સારામા સારું ઉદાહરણ છે—

"ગમે તેવી કેળવણી જે સબુદ્ધિક ન હોય તે નિસાર જેવી જ છે. બુદ્ધિ પોતાની મેળે જ વિચાર કરે, એ પ્રકારે જાગ્રત્ થવી જોઇએ. મનની પાચક શક્તિથીજ મનનાં જીવન અને અનામયત્વ ચાલે છે. સ્મરણશક્તિને અતિશય આયાસ આપવાથી, વિવેક બુદ્ધિ સશક્ત થતી નથી, એટલુંજ નહિ પણ સ્મરણશક્તિ પોતે પણ વારંવાર નિર્માલ્ય થઇ જાય છે. વસ્તુસ્થિતિનાં કારણોનું શિક્ષણ બાલકોને આપો, અને જયાં તેમ થઈ શકે એવું ન હોય ત્યાં એટલું પણ બતાવો, કે તેને જેવી છે તેવી સત્ય માનવાનું પણ શું કારણ છે શામાટે એમ છે? શી રીતે એમ હોય? શામાટે માનો છો? એવા પ્રશ્નોથી મન જાગ્રત થશે, અને બંધનમાંથી છુટી શકશે. કેળવણીનો ખરો ઉપયોગ આજ છે. આત્મજ્ઞાન, આત્મસંયમ, આત્મનિરીક્ષણ, બધાં એમાંથી ફલિત થશે."

મનને ઓછામાં ઓછો આયાસ આપવો, એવો જે શૈલીનો સર્વોપરિ નિયમ તેમાંથી જ આ સાતે વાતનો ઉદ્‌ભવ છે, એટલે તે વાણીમાત્રની નિયામક છે. વ્યાકરણ અને વાક્‌પાટવ એકત્ર થઇ જેને પ્રમાણે છે, તેવી વાકયરચના માત્રમાં આ નિયમનું દર્શન થાય છે. એટલે એમ સ્પષ્ટ જણાઇ આવે છે, કે યથાર્થ ન્યાય છે, તે વ્યાકરણાનુસાર વાકયરચનામાં પર્યાપ્તિ પામે છે, અને વાક્‌પાટવના અભ્યાસીને વચનોનાં આકાર અને પદ્ધતિ પૂરાં પાડે છે.

જીવનમય તત્ત્વરૂપે વિચાર, વાણીનાં અંગમાત્રને એકત્ર કરે છે, એટલે વાણી શુષ્ક જડરૂપે બહાર જતી નથી, પણ સૃષ્ટ અને સિસૃક્ષુ બીજરૂપે બહાર પ્રવર્તે છે. જેમ વિચારના વ્યાપારમાત્રમાં અમુક મર્યાદા ઉપજાવતા નિયમોનું દર્શન થાય છે, અને મનોવ્યાપારમાત્ર તેમનાથી નિયમાય છે, તેમ વાણીના પણ એવા નિયમો છે, કે જે, વિચારને આકૃતિ અર્પનાર નિયમોને અનુકૂલ રહે છે, એટલુંજ નહિ પણ તે નિયમોને અધીન થાય છે. વાણીને આપણે સર્વદા વિચારનું વ્યાવહારિક રૂપ માનવી જોઇએ, તેને કોઇએક ઉદ્દેશ સાધવાનો છે, એમ માનવું જોઇએ. તે ઉદ્દેશ શો હોવો જોઇએ, તેનો આધાર તો વિચાર કરનારના ઉપર છે, પણ તેની મર્યાદા તો વાચક કે શ્રોતાને અધીન છે. આ પ્રકારે, ન્યાય એ, વાણીને પોતાના

ઉદ્દેશને વશ રાખનાર, અને તે સાધવા માટે તેની રચના કરનાર, ઉપરી અધિકારવાળો છે, એમ સિદ્ધ થયું. શબ્દ-ની યોજના, ઉપવાક્યોની રચના, વાક્યોની ઘટના, ને ફકરાનું બંધારણ, તે બધું વિચાર કરનાર, જે ઉદ્દેશથી વાણી પ્રયોજતો હોય તેને અનુસરીને થાય છે. કોઇ પણ જાતિની શૈલીને પરિપૂર્ણ કરવા સારુ તો નિરંતર અને દીર્ઘ અભ્યાસ તથા પરિચયની અપેક્ષા છે; કેમકે તેમના મૂલ સ્વરૂપે, વિચારના પુષ્પરૂપ છતાં પણ શબ્દોને, વિચા-રના જીવનથી સજીવ થાય તે પૂર્વે વિચારે પોતામાં ઉતા-રવા યોગ્ય તત્ત્વરૂપ આપણે માનીએ છીએ; તેમજ પૂર્વે હતા તેમ હવે શબ્દો સાદા તત્ત્વરૂપ નથી; દીર્ઘકાલના વ્યવહારથી તેમનું અમુક ઐતિહાસિક મૂલ્ય થયેલું છે, અને તે આપણને જોવા મળી આવે છે, તેવાજ લેઇને આ-પણે તેમને આપણી રુચિ અનુસાર વાપરવાના છે.

અનંત કાલથી વાતચીત દ્વારા વિચારવિનિમયનો જે વહીવટ ચાલ્યો આવે છે, તેથી આપણાં મન સુપરિચિત થવાં જોઇએ, અને અર્વાચીન સમયમાં શબ્દોના જે અર્થ થયા હોય, તેનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે લક્ષપૂર્વક અભ્યાસ કરવો જોઇએ. જ્યારે આટલું થાય, અર્વાચીન લેખકો જે શબ્દો વાપરતા હોય, તેના અર્થથી આપણાં મન પરિચિત થઈ સંપૂર્ણ રીતે ભરાઈ જાય, ત્યારે આપણા મને તેમને પોતાના વિચાર દર્શાવવા સારૂ સ્વત વાપરવા માંડવા, અને

તેમને નવુંજ જીવન—વિચારમય જીવન-અર્પવા યત્ન કરવો. જો આપણે આટલું કરીશું, તો જેમ વિચાર ઉપર નિશ્ચિત રીતે ન્યાયનું સર્વોપરિત્વ છે, તેમજ આપણે આપણી વાણીમાં એવા સંસ્કારવાળા શબ્દોની રચના દર્શાવી શકીશુ, કે જેને કોઈ પણ દોષવાળી ઠરાવી શકે નહિ.

પ્રકરણ—૫.

શૈલીનું શિક્ષણ—શબ્દ અને તેના નિયમો.

કાઉલી શબ્દોને પદાર્થનાં અસ્પષ્ટ ચિત્ર કહે છે, અને પોર્ટ રોયલ લૉજિક લખનારાઓ તેમને વિચારની સંજ્ઞા કહે છે. હોબ્સ વાણીને એમ વર્ણે છે, કે એ સાધનથી માણસો "પોતાના વિચાર નોંધે છે, થઇ ગયેલા વિચારને સ્મરે છે, અને પરસ્પરોપયોગ તથા વાર્તાલાપને અર્થે એક બીજા સાથે વિનિમય ચલાવે છે" તે લખે છે, કે "આપણા માનસિક ઉદ્દગારોને વાણીરૂપે દર્શાવવા, અથવા આપણા વિચારની શ્રેણિને શબ્દની શ્રેણિરૂપે ગોઠવવી, એ વાણીનો સામાન્ય ઉપયોગ છે અને તેમાં બે હેતુ રહેલા છે પ્રથમ એ છે, કે આપણા વિચારનાં પરિણામોની નોંધ લેવી, કેમકે વિચારો સ્મૃતિ બહાર જતા રહે, તો વધારે શ્રમ ફરીથી કરવો પડે, પણ આ રીતે તો જ્યારે જોઇએ ત્યારે સંજ્ઞાદ્વારા, તેમનું પુનઃસ્મરણ કરી લેવાય, ત્યારે શબ્દોનો પ્રથમ ઉપયોગ સ્મારક સંજ્ઞારૂપ છે ઘણા

લોક તેના તે શબ્દો, તેમના પરસ્પર સંબંધાદિથકી પોતાના વિચાર પ્રદર્શિત કરવા વાપરે છે, તેમ જ પોતાની વૃત્તિ, ઇચ્છા, અથવા કોઈ પણ લાગણી દર્શાવવા વાપરે છે, એ શબ્દોનો બીજો ઉપયોગ છે. એવી રીતના શબ્દોને ચિહ્ન કહેવાય." વાણીના ખાસ ઉપયોગોનો સાર છેવટે હોબ્સ આવો બતાવે છે, "ભૂત અથવા વર્તમાન વસ્તુઓનું જે કારણ, અથવા તેમનું જે કાંઇ, વિચાર કરતાં આપણા મનમાં આવે, તેને નોંધી રાખવું, અર્થાત્ કલા પ્રાપ્ત કરવી. બીજો ઉપયોગ એ છે, કે આપણુ જ્ઞાન બીજાને બતાવવુ એટલે કે પરસ્પર શિક્ષા ઉપદેશ આદિ આપવો લેવો. ત્રીજો ઉપયોગ એ છે, કે અન્યોન્યની સાહાય્ય માટે અન્યોન્યને પોતાપોતાના ઇચ્છાદિ પ્રદશિત કરવાં. ચોથો ઉપયોગ એ છે, કે શબ્દોથકી નિર્દોષ રમત રમીને આપણી જાતને કે કોઇને પ્રસન્ન કરવા"

આવો અર્થ લક્ષમાં લેતાં વાણી તે સંવાદરૂપ ઠરે છે,—મનનુ એક વિચારથી બીજા વિચાર ઉપર, કોઇ હેતુને આધીન રહી અને તે હેતુને સાધવા ઉપર લક્ષ રાખી જે ક્રમણ થાય, તે રૂપ ઠરે છે. આવું ક્રમણ માનસિક હોય કે શબ્દરૂપ પણ હોય. જ્યારે માનસિક અને અપ્રદાર્શત હોય, ત્યારે તેને વિચાર કહેવાય, અથવા મૌનવિચાર એ અર્થ દર્શાવે તેવા કોઇ પણ નામથી તે વર્ણવાય. જ્યારે શબ્દરૂપ થાય ત્યારે તેને વક્તા કે લેખકના

ઉદ્દેશાનુસાર વિવિધ નામ આપવામાં આવે છે. વ્યાખ્યાન, ભાષણ, ઉપદેશ, વાર્તાલાપ, વાદવિવાદ, ગાન, કાવ્ય, ઇત્યાદિ અમુક ક્રમથકી, અને અમુક ઉદ્દેશાથી, એક મનથી બીજા મનમાં વિચારનો જે સંક્રમ તે વાણીપ્રયુક્ત શબ્દનો હેતુ છે, નહિ કે તે સંક્રમ ગમે તે રીતે અવ્યવસ્થાથી થાય, પણ કોઇ એક ચોક્કસ વિચારથી આરંભ કરી, ધીમે ધીમે વધતે વધતે, કોઇ સ્પષ્ટ ઉદ્દેશને સિદ્ધ કરે.

શબ્દોના અર્થગ્રહ ઉપર અને તેમનો જે સાધારણ ઉપયોગ થતો હોય તેવો ઉપયોગ થવા ઉપર, આપણા મનમાં જે વિચાર હોય અને જેમને આપણે બીજાના મનમાં ઉતારવા ઇચ્છતા હોઇએ, તે સામાના મનમાં ઉદ્ભવે—એ ઉપર ઉપયોગી એવી વાણીમાત્રનો આધાર છે. આ વાત ત્યારે જ યથાર્થ રીતે સિદ્ધ થાય, કે જ્યારે વક્તા જે સંજ્ઞાઓ વાપરે તેથી શ્રોતાના મનમા, પોતાના વિચારમાં જે વાત હોય તેનુ યથાર્થ પ્રતિબિંબ પડી રહે. શબ્દો જે અર્થ બતાવતા હોય અને જેની તે સજ્ઞા હોય તેની સાથે આ પ્રકારે નિરંતર નિત્ય સંબંધ રાખતા જણાય, એજ સત્ય ગ્રહણ થવાનો, તેમ સત્યનો પરસ્પર વિનિમય થવાનો નિશ્ચિત માર્ગ છે. પ્રત્યેક મનમાં અમુક સંજ્ઞાનો તેનો તેજ અર્થ થવો જોઇએ, નહિ તો તે થકી બે મનને જુદે જુદો અર્થ સમજાતાં તેનો પ્રયોગ પણ ન-

કામો થઇ જાય. આમ હોવાથી શબ્દો છે તે જ્ઞાનનાં બીજ છે, ફૂલ નથી, વાણીવિસ્તાર છે, તે આગલ ઉપર તેનાં ફૂલ લેવાય એવા હેતુથી વિચારને લાવવાનો વ્યાપાર છે. માટે યદ્યપિ કાલ, દેશ, પ્રસંગ, ઇંગિત, હેતુ, રીતિ, આદિ અને ઔપાધિક ગુણોથી વાણીના વિશદત્વમાં ઉમેરો થવાનો સંભવ છે, તથાપિ વાણીવિસ્તારમાં આવશ્યક અને પ્રધાન વાત એ છે, કે તેમાં વપરાતા પ્રત્યેક શબ્દપરત્વે સર્વમાન્ય નિશ્ચિત અર્થસંકેત હોવો જોઇએ, કે શ્રોતા અથવા વાચક પ્રત્યેક ઉક્તિને તેનો તેજ અર્થ લગાડી લે, અને શબ્દોને વિચારના દર્પણરૂપે, વિચારને એકથી બીજે સ્થાને યથાર્થરીતે પ્રતિબિંબિત કરવાના સાધનરૂપે સમજે.

પોતાનો અર્થ સ્પષ્ટ રીતે સમજાવવા સારૂ તેને સ્પષ્ટ રીતે દર્શાવવો જોઇએ, બીજાના આગળ એવા શબ્દોથી દર્શાવવો જોઇએ, કે તે શબ્દોના પ્રયોગથી જે વિચારનો વિનિમય ધાર્યો હોય, તેજ વિચારની પ્રતિકૃતિ તેમના મનમાં ઉભી થાય. આટલા માટે, જે શબ્દો પ્રયોજવામાં આવે, તેનો અર્થ પરસ્પરને સમજાય તેવો હોવો જોઈએ, અને જે વિચારનો વિનિમય ઇષ્ટ હોય ને વિચાર બરાબર સમજાય, તેવી ભાષા વાપરવી જોઈએ. “ વાણીવિલાસ અને વાર્તાલાપમાં વર્ણન સાથે કાંઇક વાદ મેળવવો,

કથાઓમાં કારણો આપવાનું મિશ્રણ કરવુ, પ્રશ્ન પૂછવામાં અભિપ્રાયદર્શન પણ કરાવવું, અને ઉપહાસમાં પરમાર્થ પણ દાખલ કરવો, એ સારી વાત છે" [૧]એમ આપણે સ્વીકારીએ. પણ એટલું તો નક્કીજ છે, કે સત્યજ્ઞાનમાત્ર-નો-એકથી બીજાના મનમાં તે ઉતારવાનું હોય ત્યાં-શબ્દના અર્થ સમજવાથી આરંભ થાય છે, અને ઉક્ત કે અનુક્ત વાદવિવાદ કરતાં વધતે વધતે, શાસ્ત્રરૂપે પરિણામ આવે છે.

સાહિત્ય[૨] છે તે ઉક્તિથી પ્રદર્શિત કરેલા વિચારનું અમર રૂપ છે; સાતત્ય અને સ્મરણ એમાંથી પ્રાપ્ત થાય છે. જેમ સર્વનો તેમ વિચારકનો પણ કાર્યગ્રસ્ત દિવસ પૂરો થવાનો વખત આવે છે, અને શાન્ત રાત્રી તે દિવસને સ્થાને સ્થિર થાય છે, પણ કોઈ નવો ગ્રહ દૃષ્ટિગોચર થતો હોય તેમ એનો વિચાર પુસ્તકોદ્વારા, તે સમયે પણ દૃષ્ટિગોચર રહે છે, અને આત્માને પોતાની અસર પહોંચાડે છે. કોયલાનું અતિ સુંદર વર્ણન કોઇએ એવુ કર્યું છે, કે તે આદમની પહેલાંના યુગોમાં સંઘરાયલાં સૂર્યકિરણો-નો સંચય છે,-તેમનું તેજ, એ રીતે ભાવી યુગોના ઉપ-

૧ બેકનના નિબધમાથી. ૨ અગ્રેજીમા જેને Literoture કહે છે, તેને અત્ર સાહિત્ય કહ્યુ છે. એમા કાવ્ય, સગીત, તત્ત્વ-જ્ઞાન, ઇત્યાદિ (કેવલ પારિભાષિક ન હોય એવા) લેખ માત્રનો સમાસ છે. ભા ક.

ચોગ માટે મહોરબંધ થઇ નિયંત્રિત થતા પૂર્વે જેમ પ્રકાશાદિ આપતું હતું તેમજ અર્વાચીન સમયમાં પણ પ્રકાશ, અને ઉષ્મા આપ્યાં જાય છે, એટલું જ નહિ પણ તે તેજના મૂલ સ્વરૂપ કરતાં પણ આ મહોરબંધ નિયંત્રિત સ્વરૂપ અધિક છે, કેમકે એકથી બીજે સ્થાને લેઇ જઈ શકાય છે, જે રીતે વાપરવુ હોય તે રીતે વાપરી શકાય છે. ભૂત યુગોના ગૂઢ સૂર્યકિરણોને પુનઃ પ્રદીપ્ત કરનારરૂપે કોયલાને વર્ણવી શકાય, તો આત્માના ભંડારો જેમા ભરેલા છે એવા નગરો—પુસ્તક—જેના પ્રત્યેક પત્રમાંથી, ચતુરાઇથી રંગેલા કાચવાળી બારીમાંથી આવે તેમ, જેમણે “ જીવન ઉપજાવનાર અમર મરણનો ” આશ્રય કર્યો છે, એવા મહાજનોના વિચારનો પ્રકાશ અને ભવ્યતા તથા કાન્તિ નિરંતર પરિવર્તન પામ્યાં જાય છે ! કાળરૂપી સાળ ઉપર “ પોતાના સુવર્ણમય [1]વેળને ઝડપથી ચલાવી ” વિચારને સાહિત્યરૂપે, વૃત્તિને ગાનરૂપે, અને શોધને શાસ્ત્રરૂપે, પરિણામ પમાડતા પમાડતાં, બુદ્ધિ પોતાના પરિધાન માટે જે વણાટ ઉપજાવી કાઢે છે, અને જેનાથી પોતાના શરીરને શણગારે છે, તે કેવા વિચિત્ર ભવ્ય, છતાં સસાર હોય છે !

---

૧ જેમાં કોકડી ઘાલીને વણકરો સાળની અંદર આમતેમ ફેંકી વાણો વણે છે તે.

સાહિત્ય છે તે વિચારનું મહાન્ કેન્દ્ર છે, મ્હોટું અંદર છે; એ બંદરે સર્વ યુગોની ને સર્વ દેશોની સમૃદ્ધિ ઉતરે છે. વિદ્યાનું એ વહાણ છે, ગમે તેવા મહાપ્રલયથી પણ અદ્યાપિ સુધી એમાં ભરેલો માલ ડુબાવી શકાયો નથી. કૃત્રિમતાના મહાશ્રમથી ઘડેલા લેખો તેની આસપાસ તાણુો બાંધવાના યત્નો વારંવાર થયા છે, પણ ભયંકર સમુદ્રના ઉચ્છ્ખલ તરંગોએ તેમનાં કોહેલાં દોરડાંને ઝપાટામાં તોડી નાખ્યા છે, અને તે તણાતાં તણાતાં ક્યાં—દૃષ્ટિ અને સ્મૃતિની પણ પાર—ગુમ થઇ જઈ, ભૂતકાલના પાતાલમાં ઉતરી ગયા છે ! એવું અનેકવાર બને છે, કે કોઈ તીવ્ર આવેગવાળો ઉત્સાહી જુવાન, પોતાના આત્માનું અતિપ્રિયતમ રત્ન એ વહાણ ઉપરના ભંડારમાં મૂકવામાટે, કીનારેથી દરીઆમા પડતું મૂકે છે; પણ ઝુંમી રહેલા મહાતરંગોને તે દૂર ખસેડી શકે તે પૂર્વે તો, તે તરંગો આઘાપાછા થઇજઇ તેને માગ આપી તેના ઉપર ફરી વળે છે, અને પોતાની છોળમાં તેના રત્નને લેઇ, પેલા જુવાનને મરતા મરતામાં, વહાણ ઉપર પહોંચાડી દે છે. એટલું સારૂં છે, કે આ વહાણ જે રસ્તો કાપે છે તે રસ્તામા કોઇક પ્રકારની જાદુ જેવી અસર રહે છે, અને પ્રત્યેક ઉદાર ભાવ, જે જે શુદ્ધ અને પવિત્ર, સુંદર અને ભવ્ય, સત્ય અને પૂર્ણ—કોઇ મહાજનના વિચારરૂપ—હોય તે બધાને તે આકર્ષીને વહાણમાં લાવે છે.

વર્તમાન છે તે ભૂત અને ભવિષ્યતને યોજનાર ક્ષણ છે. એ ત્રણે અન્યોન્યસંબદ્ધ ત્રિપુટી છે, અને ત્રણ મળીને એકજ વ્યક્તિ બને છે. એમાંના પ્રત્યેકનો બીજાં બે વિના કશો અર્થજ નથી. મનુષ્યો યદ્યપિ વર્તમાનમાં "ભૂત યુગ માત્રના વારસ થઇ સમયની સેવાને મોખરે" છે, તથાપિ, તેમણે એ વાતનો નિષેધ કરવા યત્ન કરવો જોઇએ, કે તેમણે "જયાં વાવેલું નહિ ત્યાંથી પણ લણ્યું છે," અને ભૂતયુગમાત્રનાં ફળનો પુષ્પ અને ફલનો પરિપૂર્ણ ઉપભોગ કર્યો છે ઉલટું તેમણે, માનપૂર્વક ઉપ કારબુદ્ધિથી, ભૂતકાલનો કેટલો આભાર છે એ માન્ય કરી જે ઉપકાર થયો છે, તેનો બદલો ભવિષ્યત્કાલને આપવા યત્ન કરવો જોઇએ. આમ કરવાથી જ જીવનમાત્ર એકતા અને સમતા પ્રાપ્ત કરશે, જીવનવૃક્ષના મૂલમાં જે રસ અનંત ગોથી ભરાયાં જાય છે, તે સત્તારૂપી જે પત્રપુષ્પફલ તે સર્વમાં વ્યાપી પ્રસરી રહેશે, અને ભવિષ્યત્ કાલમાત્રને નવાં બીજ, વૃક્ષ, પત્ર, પુષ્પ, ફલ, ઉપજાવવાનું સામર્થ્ય આપી, વિચારના ક્ષેત્રમાં નવા નવાં બીજ ઉછરવાના પ્રસંગ થઈ આવશે. ખરી અગ્રગામિતા એ એક પ્રકારની વૃદ્ધિરૂપ છે અને વૃદ્ધિ છે, તે ધીમે ધીમેજ થાય છે.

ઇતિહાસ છે તે વિચારની વૃદ્ધિનું રૂપ છે—ઇતિવૃત્ત-

માત્રનું ફલરૂપ અને સસાર તત્ત્વ છે. સચેત, કાર્યવ્યાપૃત, વિચારમય આત્માના અવિરત આવેગમાં, શુભ ભાવીના જન્મનાં તત્ત્વ રહેલાં છે, અને બાહ્ય વિશ્વમાં જેને ઉત્તમ વૃદ્ધિ ગણાય તેનું રૂપ જેમાંથી ઘડનાર છે તે વેગ તેમાં રહેલો છે. જીવનના ફલનું પોષણ–તે ફલ આપનાર વૃક્ષને ઉગવામાં તેમ પકત્ર કરવામાં સહાયરૂપ—વિચાર જ છે ઇતિહાસમાં મોવણ પણ વિચાર જ છે, અને એનાથી જ ઇતિહાસના મૂલ્ય અને ઉત્તમતા સિદ્ધ થાય છે. વ્યાવહારિક જીવનનું પૂર્ણત્વ અને સુરસત્વ એમાંથીજ થઈ આવે છે, મંડલનું રક્ષણ કરનાર બલ એમાંથી જ ઉદ્ભવે છે, અને જીવનની અતિવિશાલ મર્યાદામાં જે હેતુ, ઉદ્દેશ, અને શક્તિઓ વ્યાપૃત જણાય છે, તે પણ એમાથીજ ઉપજે છે, એટલે માણસો જે દેખે છે તે તો "સમગ્ર જનસમૂહનો નાનામાં નાનો અને થોડામાં થોડોજ ભાગ છે." કોઇ પણ વિચાર સ્વત સ્વતંત્ર નથી,–પોતેજ પોતાનો આદિ અને અંત હોઇ, પ્રાતઃસમયે તારા જેમ ગુમ થઈ જાય છે તેમ ગુમ થઈ જતો નથી; જડના પરમાણુમાત્ર જેમ ગુરૂત્વાકર્ષણથી એકએકસાથે બધાયલા છે, તેમ પ્રત્યેક વિચાર અન્ય વિચારો સાથે નિકટ સંબંધવાળો છે અને સર્વને અસર કરે છે. આવુ જે વિચારનું સાતત્ય તે વારંવાર ભુલી જવામાં આવે છે, અથવા તેના ઉપર દુર્લક્ષ

થઇ જાય છે, અને વિદ્વાનો સાહિત્યના ઇતિહાસના સમય-પરત્વે વિભાગ પાડે છે, તેના ઉપવિભાગ કરે છે, પ્રાચીન અર્વાચીન એવા તેમાં ભેદ માને છે, અને તે તે સમયના અગ્રણીઓને " આ પ્રાચીન છે ને આ અર્વાચીન છે, એમ ગણતાં એ વાત સ્વપ્નમાં પણ જાણતા નથી કે પ્રાચીન અને અર્વાચીન ઉભયે એક એકના ભાઇ છે." માત્ર સગવડ અને સરલતાના હેતુથી આવા વિભાગ કરવામાં આવતા હોય તો ઠીક છે, બાકી તો એમા લેશ પણ ડહાપણ નથી સ્મરણમા રાખવામાટે આવા વિભાગો ઉપયોગી મનાય, પણ સાહિત્યથી આત્માને જે લાભ થાય છે, તે પરત્વે જોતા તો તેને જેવું છે તેવું સમગ્રરૂપેજ રહેવા દેવું ઉચિત છે. વર્તમાનનું સુકાન ભૂતકાલના હાથમાં હતું, અને તેનાથકીજ વર્તમાનને જે વેગ મળ્યો છે, તે મળ્યો છે, માટે આપણે સીધો રસ્તો લેવા જઇએ, કે નવેસરથી રસ્તો કાઢવા બેશીએ, તે પૂર્વે જે રસ્તે મૂલથી વર્તમાનનું જહાજ ચઢેલું છે, તેનો હેતુ વિચારી જોવો જોઇએ. પોતાને સ્થાને અને પોતાના ખાસ ઉપયોગ વખતે જે કામનો છે, એવો શારીરશાસ્ત્રમાં ઉપયુક્ત વિભાગનો આ નિયમ, તે હેત્વાભાસરૂપે થઇ આ વિષયમાં જેટલી હાનિ કરી શક્યો છે, તેટલી બીજા કોઈ વિષયમાં કરી શકયો હશે નહિ; એવા વિભાગ કરતાં કોઇ એવી વિચારપદ્ધતિનો સ્વીકાર થવો

જોઇએ કે જેનાથી વૃદ્ધિ જીવન, એકતાનો વિચાર મન આગળથી ખસે નહિ. પ્રાચીન અને અર્વાચીન યુરોપીય* ભાષાનો જે પરસ્પર અનુકંપારહિત ભેદ આધુનિક સમય-માં પણ ઘણા બહુ આગ્રહથી માન્યાં કરે છે, અને જે લોકોનો વ્યવહાર વેપારરોજગાર અને હાથકારીગરીના ધંધામાં પડેલો હોય છે તે લોકો જેને લક્ષપૂર્વક પાળે છે, તે આ ભૂલમાંથી તેમ જ વર્તમાન સમયમાં માણસોની ગરજો જે પ્રકારની થઇ પડી છે, તે ઉપરથી ઉત્પન્ન થયેલો છે.

વ્યાવહારિક ગરજોને લીધે જે વાતનો પ્રયાસ કરવો પડતો હોય કે જે પ્રાપ્ત કરવી પડતી હોય, તેટલામાં જ તેના વાસ્તવિક શિક્ષણનો સમાસ થતો નથી, એવી વાતો તો જીવનની ઉપાધિરૂપ છે, જીવનના તત્ત્વરૂપ નથી જે અભ્યાસથી ચારિત્ર બંધાય છે ને ચારિત્ર ઉપર છાપ પડે છે,–તે એ છે, કે જેને ઇચ્છાશક્તિ આવશ્યક માને છે, અને આત્માની વાસના જેનો સ્વીકાર કરી જે ઉપર વિ-

---

*યદ્યપિ આ વાત યુરોપીય ભાષાઓપરત્વે લખી છે, તથાપિ આપણા દેશમા પણ સસ્કૃત (પ્રાચીન) અને પ્રાકૃત (અર્વાચીન–ગૂજરાતી, મરાઠી, હિદી, બગાળી ઇત્યાદિ) નો ભેદ વિદ્યમાન છે તેને આ બધી ચર્ચા યથાર્થ રીતે લાગુ થાય છે, એ વાત વાચ-નારે લક્ષમા રાખી આ વિષય વિલોકવો, આપણા ગૂજરાતમા જ સસ્કૃતમય ગૂજરાતી ને ચોખી ગૂજરાતીની તકરારો ઘણાક અણસ-મજુ લોકોએ ઉભી કરેલી છે–ભા. ક

સ્તરે છે. જે માણસ શિક્ષણ, વૃદ્ધિ, અગ્રગામિતા, ઇચ્છે છે, તે જે કાંઇ કરવા માંડે છે તે સ્વેચ્છાથી જ કરે છે, માથે પડ્યું માટે કરવું જોઇએ એમ માની કરતો નથી. જીવનના પ્રસંગોથી અમુક અમુક પ્રાપ્તિ કરવાનું સાહસ, ધૈર્ય, બલ, કે ઔત્સુક્ય આવે, ને તેટલે અંશે, જે વાત આવશ્યકતાના અનિવાર્ય આદેશને અધીન રહી કૃત્રિમ રીતે કર્યા વિના ચાલે એવી નથી, તે પણ શિક્ષણ કહી શકાય; પણ અભ્યાસી મનની જે અવિશ્રાન્ત અતૃપ્ત તૃષ્ણા, જ્ઞાનાધિગમની અપરિસમાપ્ત ક્ષુધા, તેને વશ થઇ આત્મા જે એકરસ અને સ્વરૂપમય વિચાર ભેગો કરી પોતાનામાં ચાલે છે, તેમાં શુદ્ધ જીવનનો આનંદ, ઉભરો, અને વેગ, જેવો રમી રહે છે, તેવો જે કૃત્રિમ શિક્ષણ કહ્યુ તેમાં કદાપિ નજરે પણ પડતો નથી. એવા અભ્યાસીઓના શિક્ષણથી વ્યાવહારિક હેતુઓ સિદ્ધ થાય, પણ તેશિક્ષણનાં વિવિધ તત્ત્વ માત્ર એવી રીતે શોધી પસંદ કરવામા અને ઉપભોગમાં લીધામાં આવે છે, કે તેમને તત્ત્વરૂપે જ વાપરી શકાય. તેવાં મનવાળાં મનુષ્ય શુ શીખ્યાં તે ઉપર લક્ષ આપતાં નથી, **શીખ્યાં** એટલામાં જ સંતોષ માને છે. વિચાર વ્યાપૃત રહે અને ગતિમાન્ રહે, એ તેમને આનંદજનક આવશ્યકતા છે, એટલે જીવન તથા સ્વશક્તિને એમાંથી એવું પોષણ મળે તે સર્વને તે પકડી લે છે, અને

આ હેતુસાથે સરખાવતાં બીજી બાબતોમાં તેવા શિક્ષણનો જે ઉપયોગ હોય, તેને એટલો બધો જરૂરનો માનતાં નથી.

જે વૃત્તિથી અભ્યાસનો શોખ રાખવો તે ખરી ત્યારે કહેવાય, કે જ્યારે એ અભ્યાસથી અન્યની પ્રાપ્તિનો લોભ તેમાં ભળેલો ન હોય, પણ જ્ઞાનમાત્રથી જ બુદ્ધિને પરિતૃપ્ત કરવામા તેની પર્યાપ્તિ હોય. આત્માને સ્વરૂપે કરવો, તેની શક્તિઓને ઉન્નત, ઉચ્ચાભિલાષિણી, અને સંસ્કૃત કરવી, તેની યોગ્યતાને તીવ્ર બનાવવી, તેના સામર્થ્યને સજીવ કરવુ, તેના પવિત્ર પ્રકાશને પ્રદીપ્ત કરવો, એ બધા ઉદ્દેશ માણસની બુદ્ધિને છાજે તેવા છે, પણ એ ઉદ્દેશોમાંથી અમુક અમુક લાભ છે, એવી લાલચથી તેમને સ્વીકારવા, એ તો આત્મસત્તાના અનામયત્વનો વિધ્વંસ કર્યા જેવું છે, આપણને સોપેલી દિવ્ય શક્તિને પોષવાને બદલે, ગમે તે ખવરાવી માંદી પાડવા જેવુ છે. જેને આ પ્રકારની લાગણી છે, તે માણુસોને અમુક શિક્ષણ લાભકારી છે, એમ સમજાવવાનાં વ્યાખ્યાનની અપેક્ષા રહેતી નથી. તે તો તે ક્યારનાંએ જાણે છે. તે જે જાણવા ઇચ્છે છે તે એટલુંજ કે, પ્રત્યેક વિચારસાથે બાથ ભીડીને વિચારનો આનંદ આપણામાં પ્રસ્ફુરિત થતા સુધી તેને જવા દેવો નહિ, એવું સામર્થ્ય પ્રાપ્ત થવારૂપી ઉત્તમોત્તમ ફલ જેમાંથી થાય, એવો એ શિક્ષણ ચલાવવાનો કિયો ઉત્તમ માર્ગ છે ?

જેનાથી દીર્ઘ કાલનું સૂચન થાય, તેવી વાત ઉપર માણુસને કોઇ અપૂર્વ પ્રેમ હોય છે, એટલે તેવી વસ્તુને તેથી સૂચવાતાં સાહચર્યને લીધે જ તે ચહાય છે. જેનો કાલ નિયત નથી, એવા પીરેમિડ આથી જ ભવ્યતા પામે છે, પડી ભાગેલાં ખંડેરરૂપી નગર આથી જ મંત્ર જેવી અસર કરે છે, પ્રાચીન લેખો આથી જ મોહ પમાડે છે, જૂનાં કોતરકામ આથી જ કૌતુક ઉપજાવે છે, જૂનાં ચિત્ર આથી જ દૃષ્ટિને આકર્ષે છે, ચિરકાલથી મરણ પામેલાંના નામથી થયેલાં દેવાલયાદિ પણ આથી જ કોઇ ભક્તિભાવ પ્રેરે છેઃ—એવી ભવ્યતા, એવો મંત્ર, એવો મોહ, એવું કૌતુક, એવી આકર્ષક શક્તિ, એવી ભક્તિ, એ બધાં નવી એવી કોઈ વસ્તુથી ઉપજવા અશક્ય છે-પ્રાચીન કાલના લેખકોને માટે પણ આપણા મનમાં મ્હોટી માનબુદ્ધિ રહે છે, “મ્હોટી વિજયપતાકાની પેઠે તેમની જ આસપાસ આપણે આપણી પ્રેમવૃત્તિને જમાવીએ છીએ.” તેમણે કાલની મૈત્રી કરેલી છે અને જય પ્રાપ્ત કરેલો છે, કીર્ત્તિ અને અમરત્વને તેમણે પોતાના સંબંધી બનાવી લીધાં છે, અને આત્માને કોઇ એક એવુ સંસારત્ત્વ તેમણે સંસાર સમુદ્રને તળીયે કરવા દીધું છે, કે જે અનેક યુગોપર્યંત માણુસોની પરંપરામાં વિદ્યમાન જણાય છે, અને જેમ કોઇ અંધકારમય સરોવરઉપર પડતાં તારાનાં પ્રતિબિંબ

પુનઃ ઉજ્વલ થઇ સરોવરને તેજોમય કરી દે છે, તેમ જન હૃદયમાં પડેલો તે તત્ત્વનો પ્રકાશ વિચારશ્રેણિને ઉજ્જવલ બનાવે છે. તેમના જીવનનો ઉપયોગી શ્રમ હવે પતી ગયો છે, ને તે શ્રમજન્ય નિદ્રા તેમને આવી ગઇ છે; પણ તે-મનો તે શ્રમ તેમની જાત કરતાં ઓછો ક્ષણિક છે; તેમના વિચારનો વિલક્ષણ વૈભવ અદ્યાપિ સ્થિર છે; જે સમૃદ્ધિ તેમણે તો એક ક્ષણભર ભોગવી છે, તે આપણને તે વાર-સામાં આપી ગયા છે, શકયને તેમણે આપણી દૃષ્ટિ આગળ પ્રત્યક્ષ કરી આપ્યું છે, અને નિર્વિવાદ પુરાવાથી સિદ્ધ કરી આપ્યું છે, કે મનુષ્યના શ્રમ, સાહસ, અને ચાતુર્યથી મહાન્, શુભ, દીર્ઘદર્શી, વિચારમય, રસિક, એવુ કેટલું ઉપજાવી શકાય એમ છે. ભૂતકાલના બુદ્ધિ વૈભવને તેમણે સર્વાધાર, સર્વ વ્યાપી, સર્વોત્તેજક બલરૂપે સ્થાપ્યો છે; અને જે અનેક અનિશ્ચિત ગુંફનોથી વ્યવહાર બનેલો છે, તેમાથી તે પોતે જે કાંઇ પોતાનું કરી શકયા છે, તેનો વારસો પરંપરા સુધી ચાલે તે રીતે તેમણે આ-પણને આપી દીધો છે. ભૂતકાલના થઇ ગયેલા મહાપુરુ-ષોના જીવનના સભાગી થવાથી જે અનુકમ્પા ઉદ્ભવે, તે આપણને પ્રાચીન અભ્યાસનો સમજવાનો માર્ગ બતાવ્યા વિના રહેશે નહિ.

કેટલાક પ્રાચીનતા માત્રથી જ મુગ્ધ થયેલા જન

કહે છે તેમ કહેવાનું તાત્પર્ય એમ નથી, કે ઉદાર ચારિત્ર, મહાન્ ભાવના, અને ભવ્ય આચાર, પ્રાચીનોનું અનુકરણ કર્યાવિના થાય જ નહિ ઘણાક પ્રાચીન ગ્રીક અને રોમનનાં ચરિત્ર અને કાર્ય દૃષ્ટાન્તરૂપે અતિ ઉપયોગી છે, એમ માન્ય કરતાં છતાં, અને વેગ ઉપજાવવાને સમર્થ એવા તેમના લેખ વાચનારનાં મનને સમૃદ્ધ, સુશિક્ષિત, અને સંસ્કારવાળાં બનાવવાનું તેમનું બલ સ્વીકારતાં છતાં, અમે એમ કહેવા નથી ઇચ્છતા, કે હેલિકોનનું નામ સાંભળ્યું ન હોય, કાસ્ટલીના અમૃતનું પાન કર્યું ન હોય, હોમરે ચાલતા કરેલા મહાકાવ્યના સ્રોતમાં ડબકું માર્યું ન હોય, કે વર્જિલના માધુર્ય અને પ્રસાદથી શ્રવણને પવિત્ર કર્યા ન હોય, તે કવિ ન થઇ શકે; એરિસ્ટાઈડિઝ, લીઓનિદાસ, ગ્રેકસ, એ નામ જેમને નિરર્થક અક્ષરરચના જ લાગતાં હોય તે દેશભક્ત ન થઇ શકે; ડિમોસ્થનિઝનો પવિત્ર અને શુદ્ધ સંવેગ જેમણે જાણ્યો નથી, કે સીસરોની આલંકારિક અને ભવ્ય ઉક્તિઓનું નિર્વચન જેને ખબર નથી, તે મહાવક્તા ન થઇ શકે, એમ્પિડોકલીસના ઉતાવળીઆ અને આવેગવાળા તર્ક, પ્લેટોની સ્પષ્ટતા અને ભવ્યતા, કે સેનેકાનાં સુંદર વચનો, જેને કર્ણગોચર થયા ન હોય, તે નીતિવેત્તા ન થઈ શકે; એરિસ્ટોટલનો ન્યાય કે પોરફાઇરીની વાદપદ્ધતિ જે ન ભણ્યો હોય, તે

વિચાર ચલાવવાની શક્તિવાળો ન હોઈ શકે, ઈસ્કિલસની સાશ્ચર્યભય પ્રેરતી ભવ્યતાનાં સકંપદર્શન જેણે કર્યાં ન હોય, કે સોફોકલીસની અપૂર્વ પૂર્ણતા જોઇ વિસ્મયનો અનુભવ કર્યો ન હોય, કે એરિસ્ટોફેનિસના વિશૃંખલ હાસ્યરસનું અને ટેરેન્સના ટોળનું જેણે પાન કર્યું ન હોય, તે નાટકકાર થઇ ન શકે, શુદ્ધ અને સાદા છતાં પૂર્ણ રીતે વર્ણનમાં અન્યૂન એવા હેરોડોટસનો ઇતિહાસ જેણે ન વાંચ્યો હોય, કે થુકીડીડીઝના ચિત્રમય લેખ વાચ્યા ન હોય, અથવા ઉદાર ભાવના, વિવિધ જ્ઞાન, યથાર્થ વચન, અને મધુર તથા પ્રાસાદિક શૈલી, એ સર્વના અધિરાજા ઝેનોફનને અભ્યસ્યો ન હોય, તે ઇતિહાસકાર ન થઇ શકે.

આવું માનવા છતાં પણ, એ પ્રાચીન ચરિતોના ઉદાર તત્ત્વ જે પ્રત્યેક વિચાર અને વૃત્તિમાં વ્યાપી રહે છે, પ્રત્યેક પ્રયત્ન અને કાર્યને સજીવ કરે છે, તેની અર્વાચીન વ્યવહારમા અત્યંત ઉપેક્ષા કરવી, એ વાત અમે માન્ય કરતા નથી. એ અસરો પરંપરિત અને અદૃશ્ય હો, પણ તે હજારો રસ્તેથી મનમા આવે છે, અને હૃદયની રસવૃત્તિને પુષ્ટ કરે છે, એ તો નિર્વિવાદ છે. "આયન" નો કર્તા લખે છે કે " પ્રાચીન જ્ઞાનની અસરો ઉંચે ઉચે જઇ અસ્ત પામી જતી નહિ, પણ નીચે નીચે ઉતરી સર્વમાં વ્યાપતી, જોઈ આનંદ થાય છે, અને અનેક જનો

દૂરથી પણ તેની ભવ્યતાની ઝાંખી કરી ખુશી થાય છે. એ જોઇ મન પ્રફુલ્લ રહે છે" ત્યારે પ્રાચીન લેખકો જે લાભ આપતા નથી, જે અસરો ઉપજાવતા નથી, જે ઉપયોગ બતાવતા નથી, તે લાભ, તે અસર ને તે ઉપયોગ તેમને આરોપ્યા વિના પણ, માનસિક વ્યાપારો ઉપર જે ઉત્તેજક અસર તેમનાથી થાય છે, અને હૃદયને સતેજ, સજીવ, કરવાનું જે સામર્થ્ય તેમનામાં છે, તેનો સ્વીકાર તો આપણે ન્યાયબુદ્ધિથી કરવો જ જોઇએ પ્રાચીન અભ્યાસ વિષે એટલું કહેવુ અતિશયોક્તિ નહિ ગણાય, કે જે વિષયોને તેમાં ચર્ચેલા છે તેના જ્ઞાનથી, અને તે દ્વારા વિચારવ્યાપારની જે કવાયત મળે છે તેથી, મનોવ્યાપાર--માત્રને માટે સારામાં સારી યોગ્યતા, તૈયારી, કે સાહાય્ય, થઇ આવે છે.

સાહસયુક્ત, નવીન, અને ચાતુર્યપૂર્ણ, વૃદ્ધિ સાધવાના યત્નોથી, પ્રાચીન સમયના મહાત્માઓના જ્ઞાન માટેનો પ્રેમપૂર્વક ભક્તિભાવ કોઇ પ્રકારે વિરુદ્ધ નથી, તેમ જ ઉચ્ચાભિલાષા અને તદનુકૂલ પ્રયત્નથી પણ તે વિદૂર નથી. ઉલટું એવો ભાવ તો બિશાલ હૃદયવિસ્તાર અને નિઃસ્વાર્થતાનો સાધક છે, વાણી અને કર્મના ઉપર અધિકાર પ્રાપ્ત કરવાનો માર્ગ છે. ઇસ્કીલસે ઇરાનની સેવાને પોતાની તરવારથી પરાસ્ત કરી હતી, હિરોડોટસે પોતાના જ નગર-

માંના એક જુલમગાર હાકેમ સામે વિજયી બળવો કર્યો હતો; ડીમોસ્થનીઝે ભયથી નિર્બલ થઇ ગયેલા સ્વદેશીઓને ફીલિપના સામા થવાનું બલ આપ્યું, સ્વદેશભક્તિથી એક સૈનિકરૂપે પોતે જે કામ કર્યું હતું, તેજ થુકીડિડીઝે ઈતિહાસકર્તારૂપે ચાલુ રાખ્યું; સીસરો રાજ્યતંત્ર ચલાવતો, તેમ નીતિના ઉત્તમોત્તમ નિબધ તથા રાજસભા માટે ભવ્ય વ્યાખ્યાનો લખતો, ટેસિટસ ગ્રંથકર્તા તેમ રાજનીતિજ્ઞ પુરુષ હતો, અને ઝેનોફને પોતાની સેનાને જે ચાતુર્ય અને પરાક્રમથી બચાવીને પાછી આણી તે તેણે રચેલા ઈતિહાસ જેટલાં જ પ્રસિદ્ધિ પામ્યાં છે; વેલિંગટન દા. પોરસનના જેવી વિદ્વત્તાભરેલી લેટિન કવિતાઓ રચતો; અને નેપોલીઅન, રણભૂમિ ઉપર તંબુમાં પડ્યો પડ્યો પણ, પ્રાચીન ગ્રંથકારોના વિચારોમાથી આનંદ અને આરામ પ્રાપ્ત કરતો.* આટલા ઉદાહરણથી એમ સિદ્ધ થશે, કે વિદ્યાવિલાસથી બુદ્ધિ સચેત, તીવ્ર, અને વિશાલ થઈ, મહાન્ વિચારોની કેળવણી દ્વારા, મહાન્ કાર્યો સાધવા તત્પર થાય છે.

*ઇસ્કીલસ ગ્રીસનો નાટક લખનાર, હિરોડોટસ થુકિડીડિઝ અને ઝેનોફન ગ્રીસના હતિહાસ લખનારા, ડિમોસ્થીનીઝ ગ્રીસનો વક્તા, સીસરો અને ટેલિટસ રોમના પડિત હતા, વેલિગટન અને નેપોલીઅન અર્વાચીન યુરોપીય ઇતિહાસમા વોટરલુની લડાઈથી પ્રસિદ્ધજ છે. ભા. ક

પ્રાચીન અભ્યાસ નિર્દોષ અને નિર્ભય રીતે સબલતા પ્રાપ્ત થાય તેવું શિક્ષણ આપવાને જે કારણોથી ખાસ યોગ્યતા ધરાવે છે, તેમાંનું એક મુખ્ય એ છે, કે એ અભ્યાસમાં જે લેખોનો ઉપયોગ થાય છે તે લેખ હાલ જે પરિપૂર્ણ અને સારેસારી મનાય તેવી સ્થિતિમાં લખાયલા છે. જીવનતત્ત્વની અતિભવ્ય વાવણીમાંથી લણી લીધેલાં એ ડુંડાં છે, જમીનથી કાપીને જુદા કરેલા રોપાનાં એ ફુલ છે. જ્યારે વાવેતર પરિપકવ થયું ત્યારે, ઈશ્વરે નિયત કરેલા વાવનારાઓએ ભુતકાલના કણકોઠારમાં એવું બીઆવું ભરી રાખ્યું કે જે, આત્મારૂપી ક્ષેત્રને ખેડનારા નવા ખેડુતોની સુસંસ્કારવાળી ખેતીની કલાના યોગે અનંતગુણ ફલ ઉપજાવી શકે.

ડેની, ટેન્સો, રેસાઇન, કોલ્ડીરોન, શેકસપીઅર, અને મિલ્ટન થયા ને હોમર મરી ગયો એમ ન જાણવું; યદ્યપિ પેલી, ગિઝો, વીકો, બટલર એમણે જનસમાજને પોતાના ઉત્તમોત્તમ ઉપદેશ શીખવ્યા છે, તથાપિ પ્લેટો શીખવતો બંધ પડી ગયો છે, એમ ન જાણવું, બેકન, સ્પિનોઝા, રેડ, કઝિન, હેમિલ્ટન, નવા તત્ત્વવિવેચક થઇ આવ્યા, માટે એરિસ્ટોટલની સંસદો પરવારી એમ ન જાણવું; જો કે ગિબન અને ગ્રોટ, મેરિવેલ અને કારલાઇલ એમણે કલીઓનાં પત્ર પોતાને હાથ કરી પોતાનાં

અવલોકનનાં પરિણામ તે ઉપર લખવા માંડયાં છે, તોપણ હિરોડોટસ પોતાની બોધકારક વાર્તારૂપ ઈતિહાસકથા વિસ્તારતો બંધ પડયો છે, એમ ન જાણવું;—બધા અર્વાચીન કવિ, તત્ત્વવેત્તા, નૈયાયિક, ઇતિહાસકર્તા સર્વમાં નવું બલ પ્રેરાયું છે; પ્રાચીન સંસ્કાર, લાલિત્ય, સૌંદર્ય, સર્વે અદ્યાપિ વિદ્યમાન છે, માત્ર આપણા આત્માની સ્થિતિ બદલાઈ છે, એટલે યદ્યપિ પ્રાચીનોની અસર આપણાં બુદ્ધિસ્થાન તથા હૃદયમાં સર્વથા વ્યાપી રહી છે, તથાપિ ક્રિશ્ચીઅન ધર્મસ્થ જનોના અંતરાત્મામાં તેનો પ્રવેશ ક્વચિત્ નહિ હોય. અર્વાચીન સાહિત્ય એવી નિષ્પક્ષપાત સહાય્ય આપી શકે એમ નથી; કારણ કે તેમાં, અર્વાચીન વ્યવહારના બીજરૂપ એવાં પ્રજાસત્તાનાં આવેગ, ધર્મવૃત્તિ, રાજકીય વલન, સર્વત્ર તરી રહ્યાં છે, અને આવિર્ભાવ પામ્યાં કરે છે, આપણી નવી નવી અનુકમ્પાવૃત્તિને તે આકર્ષે છે. આપણા આત્માના જીવન સાથે તેમના જીવનનો સંબંધ છે, આપણા અસ્તિત્વમાં જ તે વ્યાપી જઇ એકરૂપ થઇ જાય છે, અને આપણો અસંકુચિત, સમાનભાવયુક્ત, અને સપ્રેમ, સ્વીકાર પ્રાપ્ત કરે છે.

પ્રાચીન ગ્રંથોના અધ્યયનની આવશ્યકતાનું એક સબલ કારણ એ છે, કે જેમના વિષે અનેક યુગોએ સારો અભિપ્રાય દર્શાવ્યો છે, જેમની આસપાસ કાલચક્રના આં-

ટાએ કોઇ અવર્ણ્ય મંત્ર જેવી મૃદુ અને લલિત ભવ્યતા ઉપજાવી મૂકી છે, તેમના વિચારરૂપ પાંખોવાળા શબ્દોનો તે ગ્રંથોમાં સંગ્રહ છે. કાલની કસોટી, મન-પક્ષ-વાદ-સર્વની ટીકાઓ, વિદ્વાનોના અભિપ્રાય, અને ઘણાક જમાનાના અનુભવ અને વ્યવહાર, બધું તેમના ઉપર થઇ ગયું છે, છતા ભૂતકાલના એ ભવ્ય સ્થાનમાંથી, અદ્યાપિ પણ માણસો ઉચ્ચતર અને વિપુલતર જીવિત માટેનું પોષણ પ્રાપ્ત કર્યા જ જાય છે. "હોમર મરી ગયો છે! અને જ્યુપિટર પણ ક્યા છે? અને પરસ્પર સ્પર્ધા કરતા સુપ્તનગર પણ ક્યાં છે? એ મહાકવિનું ગીત માત્ર જ એક ઈશ્વર વિના-કાલ, નગર, દેવતા-તે સમયે જે જે હતુ તે સર્વની પાર અદ્યાપિ વિદ્યમાન છે!" એ ગ્રંથો કેટલે છેટેથી આવેલા છે! "કાલરૂપી સમુદ્રનાં વહાણરૂપ" તે આપણી પાસે આવી અનંત સમૃદ્ધિ, વિવિધ ખબર, અને નાનાપ્રકારના કૌતક આપણને અર્પે છે. "મીઓનીઅનતારકના પ્રકાશને" અનુસરનાર પ્રત્યેક મહાપુરૂષ જે સુવર્ણમય સ્વપ્ન અને કલ્પનામય ચિત્રમાં નિમગ્ન થાય છે, તેની મુખ્ય ખુબી સાહચર્યના પ્રભાવથી જ ખીલે છે, સ્મૃતિમાંથી જે તાજી તાજી સુવાસ ઉઠે છે તેમાંથી શોભે છે, અને ઉર્મિઓના સાહજિક મંત્રથી પ્રદિપ્ત થાય છે. હિસીઓડ અથવા પિન્ડરના પ્રાચીન ગાનના વિદૂર વિસ્તરતા

રાગ, એરિસ્ટોટલનું ક્લિષ્ટ પણ યથાર્થ ડહાપણ, લિવીના લેખપત્રનાં છાયા અને પ્રકાશ, વર્જિલની પ્રકાશમય આંટીગુંટી, હોરેસની રાજપુરૂષ જેવી સરલતા અને વાણી તથા અક્કલ ખુબીઓ, એ બધાં અનેક પ્રકારે ભિન્ન એવી રસિકતા અને વૃત્તિવાળાં હજારો મનુષ્યને પસંદ પડે છે, તેનું કારણ એટલું જ નથી કે "વિચાર રૂપી વણાટ કોઇ ચતુર કારિગરે વણેલા તાણાવાણાનો સુંદર રીતે બનાવેલો છે," પણ એ પણ છે, કે જેના ડહાપણે ભૂતકાલને પ્રશસ્તિએ પહોચાડયો, અને જેના વિના અર્વાચીન સમયમાં ઉત્તમ નમુના પ્રાપ્ત થયા ન હોત તથા સાહિત્ય જે સ્થિતિમા છે તેમાં આવ્યું ન હોત, તો તેવી સુપૂર્ણ, મધુર, રસમય, આર્દ્ર, ભવ્ય એવી શૈલીમાં દર્શાવેલા પકવ, સંસ્કારમય, ઉત્તમ, સાદા છતાં તત્ત્વમય વિચારોથી આપણા પૂર્વજોની મહાર્ધતા સ્થાપી આપી તેમનાજ શબ્દો સાક્ષાત્ સંભળાતા હોય, એવો તેને ગ્રંથોના અવલોકન સમયે અનુભવ થાય છે. પ્રાચીન સમયમાં હોમર, ઝેનોફન, એરિસ્ટોટલ, ઇત્યાદિ અપ્રસિદ્ધ કે અવિજ્ઞાત રીતે, પણ સંપૂર્ણ બલ અને ભવ્યતાથી કાર્ય સંપાદન કરી, ઉત્તમ નમુનાઓ બનાવી, વાણીમાત્રને આકાર, જીવન, અને સફલતા અર્પી ન ગયા હોત, દ્રઢ અનેસજીવ દૃષ્ટાંતોથી અનુભવને સમૃદ્ધ કરી ન ગયા હોત, અને તેમના પછીના

સમયમાં તેમણે જે ઉચ્ચ ભાવના પ્રેરનારી અને બલ ઉપજાવનારી અસર વિદ્વાનોના મત ઉપર વિસ્તારી ન હોત તો [2]ડેન્ટી કે મિલ્ટન, હ્યુમ કે ગિબન, બેકન કે કોન્ટ, બટલર કે મિલના, જે વિચારના ઝરા આપણા આગળ ભવ્ય રીતે વહે છે, તે કદાપિ વહ્યા ન હોત.

જાણીજોઇને જ સુસંબદ્ધ અને નિયત કરી દીધેલી, વ્યાકરણને સર્વોપરી માની અનુસરતી, વાકયરચના, ઉલટ સુલટ રીતે વિચાર દર્શાવવાની યોજનાઓ, શબ્દચાતુર્યના નાનાપ્રકારનાં ગ્રથન, એ આદિ, પ્રાચીન ગ્રીક અને રોમન લોકના વિચારો દર્શાવવા માટે, પ્રાચીન ભાષાઓમાં આવશ્યક હતાં, તે હવે અકૃત્રિમ રમ્ય લાગી શકે જ નહિ. અર્વાચીન યૂરોપની નવી બનેલી ભાષાઓ, પ્રાચીન ભાષાઓમાથી જ ઉદ્‌ભવેલી છે. પરંતુ તેમાંથી સ્પષ્ટતા સાચવવા માટે સૌષ્ઠવ અને સૌંદર્યનો ત્યાગ કરવો પડેલો છે, વાકયરચનાની, પરસ્પર સંબદ્ધ શબ્દો પોતપોતાના સ્વરૂપથી તેમ વાકયમાં પોતાના સ્થાનથી, જે વિચાર દર્શાવવાનો હોય તેને અધિક બલ આપી શકે એવી જે પ્રાચીન રીતિ[1]

---

૧ કવિ, પંડિત, વિદ્વાન્ ૨ પહેલા બે કવિ, બીજા બે ઇતિહાસકર્તા, ત્રીજા બે તત્ત્વજ્ઞ ચોથા બે ફિલસુફ ભા ક

૧ રીતિ શબ્દ અત્ર પારિભાષિક જાણવો ગૌડી, વેદર્ભી આદિ રીતિઓ સાહિત્યશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે, તેવી રીતિ એમ તાત્પર્ય છે.

તે અધુના અનુચિત ગણાય છે. શિલ્પકળાનું સ્થાન સગવડે લીધું છે, અને જે રીતિથી અર્થ સ્પષ્ટ થાય તેવી રીતિ-માત્ર પછી તે ગમે તે હો પણ અર્થ સ્પષ્ટ થાય, તો તે સર્વ આપણી ભાષામા ચાલી શકે છે. આમ હોવાથી અ-ર્વાચીન ભાષાઓ શૈલી અને રીતિની કેળવણી આપવામાં પરિપૂર્ણ ઉપયોગની નથી, પરન્તુ જેમા નિયમથી જ અ-ભ્યાસીને યથાર્થ ઔચિત્યવાળી શલી યોજવી પડે છે, તેવી પ્રાચીન ભાષાના સંબંધથી અને તે ી અસરમાં રહે-વાથી એ ભાષાઓ પણ એવા ઉપયોગની થઇ શકે ખરી. પ્રાચીન ભાષાનુ આવું સામર્થ્ય અને એકત્વ, જેના ઉપર જનસ્વભાવની ઉત્તમોત્તમ મહત્તા રહે છે, તે બુદ્ધિવૈભવ કેળવી શકે છે, કેમકે વિચાર, વૃત્તિ, કે વર્ણન, સર્વમા તેના સંબંધથી, અમુક જીવન અને વ્યવસ્થા ઉપજી આવે છે.

"સત્યની શોધમાં ફરનાર" માણસ, વ્યાપૃત રહે-વાથીજ પૂર્ણ થાય છે. આવા શોધમા જય થાય કે પરા-જય થાય, પણ એ ઉદ્દેશથી જે ભ્રમણ થાય છે તેજ ઉપયોગી છે, એનાથી આપણને ઉત્તમ પ્રકારના યત્ન માટે સામર્થ્ય આવે છે, આપણી બુદ્ધિની ઉપયુક્તતામાં વધારો થાય છે, શક્તિમાત્રમાં વધારે સબળ ઉત્સાહ આવે છે, અને ઇચ્છાશક્તિને સર્વ કરતાં સર્વોપરિ કરે છે ફલને પ્રાપ્ત કરવું તેમાં નહિ, પણ તેને લેવા માટે આવેગપૂર્વક

ભ્રમણ કરવુ, એમાં આનંદ આવે છે. અનેક સાહચર્ય, રસ, વસ્તુસ્થિતિ, કલ્પનાજાલ, ભવ્ય કાવ્યપ્રતિભા, ઇત્યાદિથ પૂર્ણ ક્ષેત્રોમાં થઇ, રૂઢ અને અક્ષય ઇચ્છાના બલથી દોડયાં જવુ, એ યોગ્ય અને સ્તુતિપાત્ર છે, આત્માના અનામયત્વનું શુભ ચિન્હ છે, ને એટલા જ માટે, અમે તેનો આગ્રહ કરીએ છીએ.

પદ્ધતિ થકી જય—જો ઇષ્ટ ફલ શકય કોટિમાં હોય તો—સંભવિત થઇ શકે છે. તત્ત્વ ભાવનાના અનાહત માર્ગ ઉપર આત્મા જ્યારે પોતાના મશાલચીઓને મોકલે છે, ત્યારે પદ્ધતિ એજ ખરો ભોમીયો અને પગી થઇ, "મધુરસ્મિતાન્તરિત સતત વેગ" સમેત તેમને આગળ આગળ દોરી જાય છે, અને પ્રત્યેકને પોતપોતાને સ્થાને પહોંચવાની યોગ્ય સરલતા કરી આપે છે. જે જે નવા માર્ગમા તેમને વળવુ પડે છે, તે બધા ઓછા વિકટ અને ઓછા વિષમ લાગે છે, પ્રથમ કરતાં ઓછા વિજન અને ઓછા નિરાશાભરેલા લાગે છે, તે એમ છેવટે કોઇ યથાવસ્તુસ્થિતિના પ્રદેશમાં જવાના ઉત્તમ અને સીધા માર્ગ રૂપેજ જણાઇ આવે છે.

પદ્ધતિ જે હેતુથી વ્યાપૃત થાય છે, તે હેતુ 'વૃદ્ધિપુરસર પરિવર્ત' એટલોજ છે. વિચારના એકએક માર્ગ પણ તેજમાં લઇ જતા હોય ત્યાં સુધી તેમને વિલોકવાથી,

બુદ્ધિના શકય વ્યાપારના નકશાને પરિપૂર્ણ બનાવવામાં ઘણી સાહાય્ય મળી આવે છે, અને કવચિત્ ધારેલા સ્થાને લેઇ જવામાં તે માર્ગ નિષ્ફળ થાય તથાપિ, તેના તેજ ઉદ્દેશથી જેટલા જેટલા માર્ગ અજમાવી જોવાના તેમાંનો એક ઓછો તો કરી આપે છેજ અને એમ,બુદ્ધિને, જ્ઞાન-રૂપી ફલની સમીપ લાવવામાં કદાપિ નિષ્ફલ થતો નથી. ખરી વૃદ્ધિ જે માર્ગે થઇ શકે, ખરો એક માર્ગ જ હાથ આવે, તે શોધી લેવો એ સહજ વાત નથી; એ તો તત્ત્વ-જ્ઞાનના શોધમાત્રને અન્તે હાથ આવ્યો છે, અને તેના ફલરૂપેજ જણાવવામાં આવ્યો છે અને યદ્યપિ અમે ઈષ્ટ ફલ પ્રતિ બુદ્ધિ ગતિ કરી શકે એવો કોઈ એક રસ્તો શોધવા હાલ યત્ન કરીએ છીએ, તથાપિ અમને એટલી સારી રીતે ખબર છે, કે અમારી પદ્ધતિ કરતાં બીજી, બીજાને વધારે અનુકૂળ પડે, તેવી પદ્ધતિઓ પણ હશેજ.

પદ્ધતિ શબ્દનો વિશાલમાં વિશાલ અર્થ કરતાં, કોઇ પણ ફલની પ્રાપ્તિ માટે યોજેલાં સાધન એવો અર્થ થાય છે, એટલે, પદ્ધતિના આરભ અને ક્રમ-વાસ્તવિક રીતે જોતાં પદ્ધતિની આખી યોજના, આકૃતિ અને રચના, -તેનો આધાર, જે ફલ સિદ્ધ કરવા સારુ પદ્ધતિ પ્રયો-જવી ધારી હશે, તે ફલના સ્વરૂપ ઉપર રહેશે. ત્યારે મેં જે પદ્ધતિ યોજી છે તે, ઇષ્ટફલ પ્રાપ્ત કરે તેવી રીતે

રચી છે અને પ્રથમથી ગોઠવી છે, એમ બતાવવા સારુ અમારે જે ફૂલની છેવટ ઇચ્છા છે તે, અને જે નિયમોને તે અધીન છે તે, બતાવવી જોઇએ.

" આત્મશિક્ષણોપકારક પ્રાચીન શિક્ષણની પદ્ધતિ " યોજવાનો અમારો ઉદ્દેશ છે, એમ કહેવામાં અમારા હેતુનું અપૂર્ણ સ્વરૂપ લક્ષમાં આવે, એટલે " પ્રાચીન શિક્ષણ " એનો અર્થ સ્પષ્ટ કરવો જોઇએ.

" પ્રાચીનશિક્ષણ"નો અર્થ અમે એમ રાખ્યો છે, કે પ્રાચીન સમયનાં જીવન, વિચાર, અને ભાષા, તેમને આપણા જીવનમા જ સેળભેળ કરી દેવાં,–પુન આપણા ભેગું જ આગળ વધે એ રીતે સર્વને આપણામાં, ઉપાડી આણીને, રોપવુ, ઉભયની વ્યાપારશક્તિ એકત્ર થાય એમ સાધવુ. જ્ઞાનનો ભંડાળ ભેગો કરવો એટલુંજ નહિ, પણ તેને આપણા લોહીરૂપ કરી નાંખવું, આપણા સ્વભાવ સાથે તેને એકતા પમાડી દેવી; તે પણ પાછી સંબંધ-માત્રથી, અમુક બંધનથી, એકાધિકરણ કરવાથી, એમ નહિ પણ એકએકને ઓતપ્રોત કરી એકત્ર કરી દેવાથી સિદ્ધ કરવી,—આનું નામ "પ્રાચીનશિક્ષણ"* કહીએ છીએ.

* પુન સ્મરણ કરાવવુ ઉચિત છે, કે " પ્રાચીનશિક્ષણ "મા અત્ર યદ્યપિ ગ્રીક અને લાટિન વિષેજ બોલવાનો ઉદ્દેશ છે, તથાપિ સસ્કૃતને પણ એજ શબ્દો લાગુ કરાય એવા છે આ ચાલુ પ્રકરણ

આવી વાત સિદ્ધ કરવા માટે એટલું તો સ્પષ્ટ જ છે, કે આત્માએ આત્માને આલિંગન દેવા જવું જોઇએ,-જીવે જીવનો સમાગમ કરવો જોઇએ,-પ્રત્યેક વિચારને સ્પષ્ટ કરી બહુ પ્રત્યય વેદ્યવિષયોમાં એકત્ર કરી આપનાર, એકરસ કરી આપનાર, શક્તિનું કામ જીવનશક્તિએજ કરવું જોઇએ.

આત્મશિક્ષણ ઈચ્છનારની આતુર દૃષ્ટિ આગળ અશક્ય વાતોના સપાટા ઉડાવવા, એ કરતા જુદો જ ઉદ્દેશ આ આખા લેખમાં રાખેલો છે, 'એમ અમે ધારીએ છીએ, કે સ્પષ્ટ સમજાયુ હશેજ. કોઈ પણ અભ્યાસીના નિશ્ચયોમાં શકા અને વિચારમાંદ્યને પ્રવેશ મળે એવો માર્ગ કરવાના ઉદ્દેશ કરતાં બીજાજ ઉદ્દેશથી અમે આટલો અભ્યાસ કર્યો છે. અમે એમ માનીએ છીએ, કે આ વિષયમાં અમારા જે અભિપ્રાય છે, તેને નહીં અનુસરવાથી, એટલે કે અત્ર દર્શાવેલા ઉદ્દેશો કરતા સામાન્ય અને પ્રાકૃત ઉદ્દેશોથી પ્રાચીન વિદ્યા ઉપર લક્ષ લગાડવાથીજ, જેમને વિદ્વાન્-પંડિત-કહેવરાવવાની જરૂર છે, તે સિવાયના લોકોમાં એ વિદ્યાની અભિરુચિ વૃદ્ધિ પામતી અટકેલી છે. પ્રાચીન વિદ્યાને લોકોએ એક આભૂષણરૂપ કે ભભકાદાર કાચરૂપ માની છે, (વાદવિવાદનાં) અસ્ત્રશસ્ત્રરૂપ

સંસ્કૃત અને પ્રાકૃતના સબધને લગાડીને વાચવાથી બહુ લાભ છે.-ભા-ક

માની છે, શાસ્ત્રીપંડિત ઇત્યાદિના વિશેષ લક્ષણરૂપે કે વિદ્યાના એક આવશ્યક વિભાગરૂપે માની છે, બુદ્ધિ પરિપકવ થતી હોય તે સમયમાં કાંઇક રમત કે વ્યાપાર જોઇએ તેને સ્થાને અથવા એક અમુક હોશીઆરીરૂપે ઉપયોગ લેવા લાયક વિષયરૂપે માનેલી છે; પણ બહુ કાર્યભારથી ગુરુ એવા જીવનવ્યવહારની તડાતડી અને મારામારમાં તે ઊંચે મૂકવાની છે; અને કવચિત્ તેના ઉપર, તે સમયમાં પણ લક્ષ કરવામા આવે, તો માત્ર આરામનો સમય આનંદમાં ગાળવા માટેજ, અથવા વિચાર ચાતુરીના ચમત્કારને કોઈ પ્રાસંગિક જેબ આપવા માટેજ, લક્ષ આપવું, એમ પ્રાકૃત જનોની સમજ છે.

આમ હોવાથી હૃદય અને ઇચ્છાની જે વાસ્તવિક એકતાનતા તે તેમના કાર્યમાં વ્યાપી રહેતી નથી, તેમને વશ કરતી નથી, કે તેમના સમગ્ર આત્મામાં તન્મયતા વિસ્તારતી નથી—તે લોકો પ્રાચીન વિદ્યાને બુદ્ધિના ભંડારરૂપ, ખજાનારૂપ, વૈભવરૂપ, શોખરૂપ, કે પ્રતિષ્ઠારૂપ માને છે, પણ બુદ્ધિના આહારરૂપ માનતા નથી. આવા વિચારો હોય ત્યાં, અનામય બલવાન્ સુસંબદ્ધ જીવનમાટે તે આવશ્યક નથી એમ નિશ્ચય હોય ત્યાં, પ્રાચીનવિદ્યા વર્તમાન સમયમાં પાંડિત્યના ડોળની સામગ્રી કરતાં વધારે શી રીતે થઇ શકે! અથવા ભૂતકાલમાં થઇ ગયેલા

વિચારકોની ભવ્ય ઉક્તિઓ કેવલ એક ત્રાસ અને કલેશના વારસારૂપેજ આપણને મળી છે, અને આપણને દુઃખ દેવામાટેજ નિર્દય કાલના ક્રમમાં આપણે ભાગ આવી છે, એમ પણ શામાટે ન મનાય ? તેમજ એ વિચારોને આપણા અંતરના અંતરમાં જીવનબીજરૂપે રોપી, ઇજીપ્તની મુમીઆઇની પેટીઓમાંથી મળેલુ બે હજાર વર્ષ જૂનું અનાજ જેવી ભવ્ય રીતે ઇંગ્લંડનાં ક્ષેત્રોમાં ફળ્યું ફાલ્યું તેમ, ફળવાફાલવા દેવી, એ કલ્પના પણ કયાંથી સભવે?

અમે જે પદ્ધતિ બતાવીએ છીએ, તે અનુસારે પ્રાચીન વિદ્યાનો અભ્યાસ ચલાવાય, તો તે એક શ્રમમાત્ર, પોથાના પાનાં ઉથામવારૂપ, જુદા જુદા પાઠ સરખાવવારૂપ, અવ્યય, સ્વર, અને ચિહ્નો ઉપર સૂક્ષ્મ વિવેચનનો આડંબર કરવારૂપ, કે પ્રાચીન ભાષાના મૂલ ધાતુઓના સ્વરૂપ વિષે ગંભીર વાદવિવાદ કરવા રૂપ રહેશે નહિ. એ બધાં તો એક સાધનરૂપ, ઘણા અગત્યના સાધનરૂપ થશે, અને સિદ્ધ કરવાનો ઉદ્દેશ તો એ કરતાં ઘણો વધારે અગત્યનો માલુમ પડશે,—એ સર્વમા રહેલા સજીવ વિચારોના તત્ત્વને આપણા જીવનમા ઉતારવાની વાત એ સાધનોથી સિદ્ધ કરવાની છે, એમ સમજાશે. આ ઉદ્દેશ યથાર્થ રીતે સિદ્ધ કરવાસારુ, સારી પસંદગીથી યોજેલા અમુક અભ્યાસપાઠો ની બુદ્ધિને બલવતી કરવાને અર્થે જરૂર પડશે, અને તે

ક્રમ ચાલવામાંથી વિચારના અમુક ગુણો ઉપજી આવશે, પ્રાપ્ત થશે, કે ખીલી નીકળશે. આ વિચારગુણોએજ અમે જે પ્રાચીનશિક્ષણની પદ્ધતિ કહેવા ઇચ્છીએ છીએ તેના આધારરૂપ છે, એટલે તે પદ્ધતિ અનુસાર વ્યાવહારિક શિક્ષણના નિયમો બતાવતા પૂર્વે અમે એ ગુણો વિષે થોડી ચર્ચા કરીશું.

૧. પ્રાચીન શિક્ષણથી ચિરકાલસુધી અવધાન ટકાવવાની શક્તિ કેળવાય છે.

અવધાન એ ઇચ્છાકૃત કાર્ય છે. એનાથી ચેતનને આપણે કાંઈ પ્રાપ્ત કરવાની સ્થિતિમાં રાખીએ છીએ,-એટલે કે તેને જાણે તાણીને સતાણ કરી રાખી, પુસ્તક, પ્રસંગ, વાર્તાલાપ, ઈત્યાદિ જે કોઇ ચિત્રકારની ચતુરાઇનાં ફલ જોવા, લેવા, અને સંગ્રહવા આપણને ઇચ્છા હોય, તેના શ્રમને હલકો અને સફલ કરવાનો યત્ન કરીએ છીએ. આ કાર્ય અથવા શ્રમથી જે લાભ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય, તે માટે સંસ્કારની એકતાનતા એ વાત સ્પષ્ટરીતે અતિ આવશ્યકછે, તેમ જ તત્પરતા અને ગ્રાહક શક્તિ એ પણ કાંઇ ઓછાં આવશ્યક નથી. યથાર્થ રીતે ચલાવેલા પ્રાચીન શિક્ષણમા આ બધી આવશ્યકતા પૂર્ણ થવાનો યોગ થઇ આવે છે; અને તે ઉપરાત સ્થાનાન્તર અથવા ભાષાન્તરનો તેની તે વાત રૂપાંતરથી પુનરાવૃત્તિ પામે,

એવો વ્યાપાર ઉપજી આવે છે; પદચ્છેદ અને અન્વય કરવામાં જે સાવધાન પુનરાલોકન કરવું પડે છે તેની ટેવ પેદા થાય છે, અને આપણા આગળ આવેલાં ભાષ્યોથી આપણા વિચારને જે રંગ મળે તેને તપાસવાની અને વિલોકી જોવાની જે વિચારયુક્ત સાવચેતીની જરૂર પડે છે, તે જાગ્રત થાય છે.

૨. પ્રાચીન શિક્ષણથી ચેતન ઘણું વિસ્તાર પામે છે.

પ્રત્યક્ષ એટલે કે અવ્યવહિત જ્ઞાન થવાની શક્તિ તે ચેતન, સ્વપ્રકાશ, આતર, જીવન તત્ત્વ, આત્માની લાગણી-અથવા આત્માની દૃષ્ટિ. ચેતનનો સામાન્ય નિયમ એવો છે, કે તેની શક્તિ અને ગાઢતા, જે પદાર્થો ઉપર તે વ્યાપૃત થાય છે, અથવા જે પદાર્થોથી તે પ્રદીપ્ત થાય છે-તેની સંખ્યા ઓછી થાય તેમ, વૃદ્ધિ પામે છે, એક જ પદાર્થ જ્યારે તેમાં પ્રતીત થાય છે, ત્યારે તે તેના પરમ ઉત્કર્ષમાં હોય છે, અનેક અથવા અસ્પષ્ટ પદાર્થો તેમાં પ્રતીત થાય છે, ત્યારે તે તેના નિકૃષ્ટ રૂપે હોય છે.

એકાગ્ર અવધાનને ચેતન સાથે જે સંબન્ધ છે, તે આંખના નિમિષોન્મેષને દૃષ્ટિ સાથે જે સંબન્ધ છે તેના જેવો જ છે, એનાથી ચેતન સંકુચિત થાય છે, પણ તેની શક્તિ વિપુલ અને બલવતી થઇ જાય છે. કોઇ કોઇ પ્રસંગે અથવા આંટીની સમયે, ભયને વખતે, કે જ્યાં ઝીણા

વિચારની જરૂર હોય ત્યાં, આવી શક્તિ ઘણીજ અમૂલ્ય છે, તથાપિ મનને એવી ટેવ પડે તે લાભકારક નથી. વિચારનો દૃશ્યપ્રદેશ, દૃષ્ટિના પ્રદેશની પેઠે, ઘણો વિસ્તીર્ણ છે અને અનેક નાનારસવાળા પદાર્થથી ભરપૂર છે; એ સર્વનું તત્કાલ અને એકી જ વખતે ઓળખાણ કરવું, ને ક્વચિત્ જ ઉપયોગ પણ કરવો, એ આવશ્યક હોય છે

કોઇ અમુક તારો આકાશમાં થઇને ઝડપથી ચાલ્યો જતો હોય તેના ઉપર જેટલી ત્વરાથી નિશ્ચયપૂર્વક રીતે કોઇ જ્યોતિષી પોતાની દૃષ્ટિ લગાવી શકે છે, તેટલી જ ત્વરાથી તેવી રીતે, આત્માની દૃષ્ટિમર્યાદામાં થઇને જે અગણિત બનાવો ચાલ્યા જાય છે, તેમના ઉપર લક્ષ આપી, અવલોકનપૂર્વક નિરીક્ષા કરવાની કસરત બુદ્ધિને પડી ન હોય, તો સૂક્ષ્મ, સ્પષ્ટ, ગભીર, સુરેખ, વિચાર કરવાની શક્તિ આપણામાં હોઇ શકે, પણ મનનું તાત્કાલિક વ્યાપારસાધકત્વ કે મનની વિશાલતા, અથવા પદાર્થ અને વિચારો તેમને પરસ્પર શો સંબન્ધ છે તે ગ્રહવાની શક્તિ, એ તો હોઇજ ન શકે. વિશાલ શોધકબુદ્ધિસમેત એકાગ્ર અવધાનનો સમગ્ર લાભ પામવા માટે આપણે ચેતનની જે જીવનમયશક્તિ છે, તેને ઘણામાં ઘણી ખીલવવી જોઇએ, અને વિશેષે કરી તેનામાં એક જ કાલે પ્રત્યક્ષ, દર્શન, સ્મરણ, અને વિચાર સર્વ ચલાવવાની શક્તિ આવે, એમ કરવા લક્ષ આપવું જોઇએ.

પ્રાચીન શિક્ષણમાં જે વ્યાયામ થાય છે, તેમાં વિચારના જુદા જુદા કટકાને એક સમગ્ર રૂપમાં સંયોજવાની નિરંતર અપેક્ષા રહે છે, એટલે અસંકુચિત અને અનિવાર્ય અવધાન તથા જાગૃતિ અને આવેગની મનમાં સર્વથા પ્રવૃત્તિ રહ્યા કરે છે, એકી વખતે જ કોઈ પણ સંબન્ધથી સંકળાયલા વિચારો તો એક સમગ્ર રચનામાં જોડાઈ જાય છે; અને અભ્યાસમાં ચિરકાલસુધી જે ધીરજ રાખેલી તેનો બદલો, વિચારના નિઃસીમ પ્રદેશઉપર, એક ક્ષણમાત્રના બુદ્ધિવ્યાપારથીજ આપણું મન આનંદ અને લાભ પ્રાપ્ત થાય તેવી રીતે ફરી વળે છે, એટલામાં જ પૂર્ણ થઇ રહે છે.

૩. પ્રાચીન શિક્ષણ અનુમાનશક્તિનો વ્યાવહારિક ઉપયોગ નિરંતર શીખવે છે.

પ્રત્યેક વર્ગના શબ્દોને તેમના ખાસ પ્રત્યયાદિક હોય છે. વાકયવિન્યાસમાં અન્ય શબ્દો સાથે સંબન્ધ પાળવાના ખાસ નિયમ હોય છે. ભાષાતર કરવામાં, ભાષાંતરકર્તાને પ્રત્યેક શબ્દને—માનસિકરીતે પણ–તેના પરસામાન્ય, અપરસામાન્ય, અને સામાન્ય વર્ગમાં લેઇ જઇને વિચારવો પડે છે, અને કાંઈક ટેવ પડયા પછી ગમે તેવી અજ્ઞાન અને ગુપ્ત રીતે એ વ્યાપાર થાય તથાપિ પણ, એ પ્રકારથી, તે શબ્દનું અમુક વાકયમાં અમુક રૂપ અને અમુક

સ્થાન, તે ભાષાના નિયમાનુસાર જોઇએ, એવો નિશ્ચય કરવો પડે છે;–એમ છેવટ જે અર્થ નીકળે તે ઉપરથી પોતાનું ભાષાંતર ખરૂં છે કે ખોટું, તેનો નિર્ણય સમજવાનો રહે છે. આમ હોવાથી, આપણા વિચારનો વ્યાપાર ગમે તેવી ત્વરાથી થઈ જતો હોય, અથવા પરામર્શનો ક્રમ બુદ્ધિ ગમે તેવી ઝડપથી પૂર્ણ કરી લેતી હોય, તથાપિ પણ, એ પ્રકારે જે જે મુદ્દા દૃષ્ટિગોચર થાય તે ઉપર તુરતાતુરત નિર્ણય કરવાની ટેવ પડવી જ જોઇએ. આવી ટેવનો જો યથાર્થ લાભ લેવામાં આવે, તો એમાં ઘણાં ઉપયોગી અને ભવ્ય ફલ ઉપજી શકે.

૪. પ્રાચીન શિક્ષણથી વ્યાપ્તિગ્રહ માટે વિશાલ, નાનાત્વવાળો, અને સુસાધ્ય અનુભવ મળી શકે છે.

“ વ્યાપ્તિગ્રહ એ મનનો એવો વ્યાપાર છે, કે જેનાથી એક પ્રસંગે જે વાત ખરી છે તે, એ પ્રસંગને અમુક રીતે મળતા આવતા પ્રસંગમાત્રમાં પણ ખરી જ છે, એવો નિર્ણય આપણે કરી શકીએ. ”[૧] અમુક સંબન્ધવાળા અમુક શબ્દવિષે જે વાત ખરી છે, તે તેવા જ સંબન્ધવાળા તેવા બીજા શબ્દવિષે પણ ખરી છે, એવી અનુમિતિ પ્રાચીન અભ્યાસમાં વારંવાર કરવી પડે છે. આ વાત એટલી બધી સાધારણ અને સુપ્રસિદ્ધ છે, કે એને

૧ મીલકૃત “ લોજિક. ” પુસ્તક ૩, પ્રકરણ ૨, પત્ર ૨૯૭.

માટે વધારે પૂરાવો આપવાની, કે દૃષ્ટાંતો બતાવવાની અપેક્ષા નથી.

૫. પ્રાચીન શિક્ષણથી સાહચર્યશક્તિ, શબ્દગત ધ્વનિને ગ્રહવાની ટેવ પડવામાંથી ખીલી આવે છે.

એ વાત વીસરી ન જવી જોઇએ, કે શબ્દો પ્રત્યેક માણસના મનમાં અમુક સંજ્ઞારૂપે જ સમજાય છે, એટલું જ નહીં પણ એમ સમજનારના કરતા અન્ય જનોના મનમાં અમુક વ્યક્તિઓનો શબ્દથી બોધ થાય છે, અને તે અન્યના તેમ મૂલ શબ્દ પ્રયોજનારના ઉભયના મનમાં તે શબ્દથી અમુક ગુણ-જાતિ-નું પણ ભાન થાય છે. શબ્દોની જાતિવાચકતા વિસ્તારવામા જે સામર્થ્ય હોય તે ઉપર જ ભાષાની ખુબી અને ચમત્કારિકતાનો આધાર છે. લક્ષ્યાર્થથી જે પ્રૌઢ અલૌકિકત્વ ઉપજે છે, જે " હજારો તંતુમય જાલરૂઢિ વિસ્તારે છે, " તેથી પ્રત્યેક સુપ્રયુક્ત શબ્દના અભિધેયાર્થમા, તેના સાન્નિધ્યે રહેલા અન્ય શબ્દો સાથે ભળી જવાનું કોઇ વિલક્ષણ સામર્થ્ય ઉપજી આવે છે, અને સાવધાન, વિચારચાતુર્ય અને અનુભવવાળી પરિશીલનશક્તિથી જ જે ધ્વનિ ઉપજાવી શકાય તેનો પણ ઉદ્‌ભવ થાય છે. કોઇ પર્વતના પૃથુલ અને અનાચ્છાદિત સ્કધ ઉપર જે ભવ્યતા સાયાહ્નસમયે વિસ્તરે છે તેની પેઠે-વિચિત્ર આકૃતિ અને રંગની વિલક્ષણ જે છાયા મેઘ

ધનુષની કમાનમાંથી આકાશપ્રદેશમાં પ્રકટી રહે છે તેની પેઠે-ગુલાબના પરિપકવ પુષ્પની જે સુવાસ તેના સૌન્દર્ય-માં એક રેષ પણ ઉમેરતી નથી છતાં તેનામાં કોઇ અ-લૌકિક માધુર્યનો પ્રભાવ સ્થાપે છે તેની પેઠે—વસ્તુસ્વરૂપ-માં હોય તેમ તેનામાં વિદ્યમાન કે વ્યાપૃત પણ ન હાય એવાં કારણ, સંબન્ધ, કે સ્થિતિને લેઇને, સાહચર્યબલેકરી વસ્તુસ્વરુપમાં કોઇ અલૌકિક ધ્વનિનો ઉદ્‌ભવ થઇ આવે છે. ભાષામાં આવી વ્યંજનાશક્તિ પુષ્કળ રહેલી છે, એ બતાવવાને સાબીતીની કશી અપેક્ષા નથી, એનાં દૃષ્ટાંત તો અનુપદ મળી આવે એમ છે. આ ફકરાનું ભાષાંતર કરવાનું છે એમ ધારોઃ " જ્યારે ઉષા મ્લાન અને ખિન્ન તથા વહેલાં આવેલાં ઝાપટાંથી ધ્રુજતી ધ્રુજતી આવી ત્યારે એનાં શાંત નેત્ર મીચાઇ ગયાં, આપણને જે પ્રાતકાલ થયો તે કરતાં એ જુદોજ પ્રાતકાલ અનુભવતી હતી."[૧] આ ફકરાને આ કરતાં બીજી રીતે ભાષાંતર કરવાથી કેવો અનર્થ અને વ્યંજનાધ્વંસ થાય !—

૧ ટોમસહુડ નામના કવિનુ આ કાવ્ય છે, " જુદોજ પ્રાત-કાલ " તે મરણ પછી સ્વર્ગમા ગયાનો પ્રાતકાલ એમ સમજવુ. આપણા સાહિત્યગ્રન્થોમાથી વ્યજનાનો અને વ્યજના તૂટી જવાથી ભાષાન્તરમાં વિરસતા આવ્યાના અનેક ઉદાહરણ આપી શકાય એમ છે, પણ અગ્રેજીમા જે છે તેજ અત્રે રાખવુ ઉચિત લાગ્યુછે-ભા.ક.

"ઝાંખી અને ખિન્ન એવી ઉષા જ્યારે આવી, અને વહેલાં વહેલા વર્ષાદનાં ઝાપટાં પડવા લાગ્યાં, ત્યારે એનાં નેત્ર મીચાયાં, જીવનનો પ્રદીપ ઓલવાઇ ગયો, અને એ મરણ પામી."

અત્ર યદ્યપિ અર્થ ઘણે ભાગે તેનો તેજ છે, તથાપૂર્વનું માધુર્ય, પૂર્વનો રસ, પૂર્વનો ધ્વનિ, એમાંથી નીકળી ગયો છે; પ્રેમમય જીવ એમાથી ઉડી ગયો છે, અને સાદા તથા સ્પષ્ટ નાના શબ્દોના પ્રયોગમાં જે ધ્વનિ રહ્યો હતો, તે ભાષાંતરમાં છિન્ન થઇ ભાગી ગયો છે. ભાષાંતરમાત્રથી મૂલના મંત્રનો જાદુ થોડે ઘણે ભાગે આ પ્રકારે તૂટે છેજ; એટલાજ ઉપરથી એક ભાષામાંથી બીજી ભાષામાં આણેલા વિચારોના ભાષાંતરને તે ગમે તેવું ઉત્તમોત્તમ હોય, તોપણ લોકો પૂર્ણ સંતોષથી વાંચતાં નથી. પરન્તુ વિચારવાન્ અભ્યાસી જ્યારે પ્રત્યેક શબ્દની શક્તિમાત્રને હૃદયમાં ઉતારે છે, અને વાચની વખતે તેને પોતાના ચેતન આગળ સર્વદા પ્રત્યક્ષ રાખે છે, ત્યારે આવી વિરસતા કે કશુ થવાનો સંભવ આવતો નથી. એ વાત ખરી છે, કે જયારે કોઈ મહલ્લેખમાં શુદ્ધ પ્રતિભા પોતાનો રંગ ભરે છે, ત્યારે તે "જેમાં ઊંચા ગુલાબનું ઉત્તમોત્તમ અત્તર બનાવીને સાંચી રાખવામાં આવ્યું હોય તેવા પ્યાલા જેવો થાય છે, તમે તેને ભાગો, જોઇએ તો

તેના ચૂરેચૂરા કરી નાંખો, પણ પેલી ગુલાબની સુગંધી એમાં ને એમાં રમીજ રહેવાની, જવાની નહિ જ, " પરન્તુ ભાંગેલા વાસણનો ચૂરો જે આનંદ ઉપજાવી શકે, તે આખા વાસણની લિજજતની બરાબર તો નજ આવે જેમની આવી સુગંધીનો પાર નથી તેવાની ઉક્તિઓનો પ્રાચીન શિક્ષણથી આપણને અપરોક્ષ અનુભવ થાય છે, તેમનો સ્વર આપણે સાંભળીએ છીએ; તેમની વૃત્તિઓ, અનુકંપાઓ, ઊર્મિઓનુ આપણને ભાન થાય છે, તેમના વિચારમાં હૃદય જે શ્વાસોચ્છ્વાસ ભરતું હશે તે પણ આપણને લાગી આવે છે,-પણ મટીની જે આકૃતિ માત્ર આપણને બતાવવામા આવે છે, તે એ મહાન્ તત્ત્વજ્ઞનું થોડું કે વધારે બાહ્ય રૂપ છે ખરી, પણ તેમા, જેના સહવાસની આપણે આકાક્ષા કરીએ છીએ, તે ભૂત-કાલીન મહાત્મા તો નથી જ.

શિક્ષણની કોઇ પણ પદ્ધતિમાં જે ઘણા આવશ્યક ધર્મ હોવા જોઇએ તે સરલતા, ક્રમપૂર્ણતા, અને બુદ્ધિ-મત્તા એટલાં હોવાં જોઇએ. ગ્રીસ અને રોમના સાહિત્ય-ના અભ્યાસમા કોઇ સારી સુસાધ્ય પદ્ધતિની જેટલી જરૂર છે, એટલી બીજા કોઈ અભ્યાસમા નથી, છતાં એ વાત પ્રસિદ્ધ છે, કે બીજા થોડા જ અભ્યાસ એના જેવા કંટા-ળાભરેલા, ચિત્તાકર્ષક સહકારી વિનાના હશે, અને આ

બાબતમાં વૃદ્ધિના જે ઘણા સમયથી પ્રસ્થાપિત નિયમો પળાય છે, તે પણ કશાએ આકર્ષણવિનાના જ છે. ત્યારે જે પદ્ધતિ બતાવવાનો અમે યત્ન કરીએ, તેથી આ વિષયમાં અનિષ્ટ એવો કોઇ સારો ફેરફાર થવાનો સભવ થાય, તો અવશ્ય અમને ઘણો સતોષ થશે.

૧. ગ્રીસ અથવા રોમ, જે દેશના સાહિત્યનો અભ્યાસ ઇષ્ટ હોય તેનો કોઇ સારો ઇતિહાસ વાચવો, અને કરવાના અભ્યાસથી માત્ર જેમાં રસ ભરવો—બાકી રહે એવું તે દેશની સર્વ વાતોનું એક ખોખા જેવું ચિત્ર મનમા ઉપજાવવું, તથા તેમાં રસ આવે એવી સામગ્રી ભેગી કરવી.

૨. બને ત્યાંસુધી તે દેશની ભૂગોળ, અને પ્રાચીન સ્થાનાદિ પરત્વે જેટલી મળે તેટલી વાત, જાણવી, પ્રાચીન તેમ નવીન દેશવિભાગ ઇત્યાદિ સમજી લેવું.

૩. આ અભ્યાસ ચાલતો રાખી, જે ભાષા જાણવાની હોય તેનું એક વ્યાકરણ લાવવું, અને ધીમે ધીમે પણ પૂર્ણપણાથી તેમાં આપેલા રૂપાખ્યાનાદિ લક્ષમાં લેતા જવાં; અપવાદાદિને તે વખતે લક્ષમાં ન લેવા પણ પછીથી તે ઉપર આવવું. આ રીતે શબ્દવિન્યાસનો વિભાગ સમજીને તૈયાર કરવો.

નામ અથવા ધાતુનાં જુદાં જુદાં રૂપાખ્યાન, સ્મૃતિ

માત્રથી, વારંવાર લખી જવાં, વખતે વખતે જુદા જુદા શબ્દ કે ધાતુ લેતા જવા, અને સંપૂર્ણ લખાયા પછી, પ્રત્યેકને વ્યાકરણમાં આપેલાં રૂપો સાથે સરખાવતા જવું.

૪. રૂપ આમ તૈયાર થાય એટલે એક અભ્યાસપાઠની પોથી રાખવી, અને તેમાં સારાસારા ફકરાઓનો સંગ્રહ રાખવો; પછી તેમાંથી વાચવા તથા લખવાનો આરંભ કરવો. આ સમયે તે ભાષામાંથી આપણી ભાષામાં, ને આપણીમાંથી તે ભાષામાં એક ભાષાંતર કરવાનો રિવાજ રાખવો; ઘણું કરી તે ભાષામાંથી આપણી ભાષામા આણેલા વિચારોને પાછા તે ભાષામા મૂકી, મૂલ સાથે ભાષાંતર સરખાવતાં જવાથી બહુ લાભ થાગ છે. ભાષાતર પ્રથમે શબ્દશ અને પછીથી અર્થશ. કરવા માંડવું.

૫. રૂપોનો અભ્યાસ કાઇક અશે પરિપૂર્ણ થાય, એટલે કોઇ સારા ગ્રંથકારનો લેખ લેવો (ગદ્ય હોય તે સારૂં) અને તેનું કોઇ સારૂં ભાષાતર લાવવું. પછી આ રીતે અભ્યાસ ચલાવવો.

(अ) પ્રથમે ભાષાતરનો થોડો ભાગ લક્ષપૂર્વક વાચવો.

(ब) પછી અર્થ સ્પષ્ટ થાય તેટલું ભાષાંતરનું આખું વાક્ય વાચવુ.

(क) પછી મૂલમાંનું જે વાકય હોય તે લેવું. અને એક કોશ પાસે રાખવો. મૂલમાં જે અજાણ્યો શબ્દ આ-

વે તેને કોશમાં જોવો, અને ભાષાંતર એકંદર મતલબ લક્ષમાં રાખી, એ શબ્દના જે ઘણા અર્થ કોશમાં આપ્યા હોય તેમાંથી બરાબર બંધબેસતો, અર્થ પસંદ કરી લેવો; પ્રસંગે પ્રસંગે પ્રત્યેક શબ્દનાં પ્રત્યયાદિ સમજવાસારૂ વ્યાકરણમાં પણ જોતા જવું; અને એમ શબ્દ ક્રમાનુસાર મૂલનો અર્થ એમ્વાર લખી જનો, એમાં એ જ સંભાળ રાખવી, કે અર્થ, ભાષાંતરમાં આપેલા અર્થથી ખરા કારણ વિના, જુદો ન પડતો હોય,

(ह) એક પુસ્તક રાખી તેમાં, ન સમજાતાં શબ્દાદિ નોંધવાં, અને મૂલમાં તે કયાં છે, અને ત્યાં શી શંકા પડી છે, તે પણ નોંધી રાખવું. આ નોધ ઉપર સારી પેઠે વારવાર વિચાર કરવો, અને જ્યારે શંકા દૂર થાય ત્યારે એકપાસા ત સમાધાન લખી રાખવું.

(ङ) એકસરખી રીતે જેનાં રૂપ પ્રયોગાદિ થતાં હોય તેવા શબ્દો ઉપર નિરન્તર વિચાર કરી લક્ષ રાખવું, અને વખતે તેમને નોધી વર્ગ પાડવાની પણ યોજના કરવી.

(फ) આવી પદ્ધતિ જયાંસુધી જરૂર લાગે ત્યાંસુધી તે પછીનાં વાકયોમાટે પણ ચાલુ રાખવી.

૯. જીવનચરિત આપેલાં હોય તેવા કોશમાંથી, અથવા જે ભાષાનું અધ્યયન ચાલતું હોય તેના સાહિત્યના ઇતિહાસમાંથી, જે લેખકના લેખ તમે અભ્યસતા હો તેના

જીવનચરિતવિષે, તેની શૈલી, તેના ઉદ્દેશ, અને તેની સ્થિતવિષે, મળી આવે તેટલી વાત મેળવી લેવી, અને તેના લેખ વાંચતાં પોતાને જે અસર થાય તેને, તેના ટીકાકારોએ કરેલાં વિવેચનો સાથે સરખાવતાં જવી.

૭. વ્યવહાર, વસ્ત્રાભૂષણ, નાણાની મુદ્રા, વ્યાપાર, ઇત્યાદિ પરત્વે જે કાંઈ વિલક્ષણતા જણાય તે નોધો રાખવી, અને સાદૃશ્ય કે વૈસાદૃશ્યની યથાર્થ વાત તેમ જ એ ઉપરથી જે અનુમિતિ કરવાની વૃત્તિ થતી હોય, તે એક પુસ્તકમાં નોંધી રાખવી, અને એકાંત, પ્રસિદ્ધ, કે રાજકીય વ્યવહારસંબન્ધે કોઇ શબ્દ કે સૂચન સમજવામાં અડચણ પડતી હોય, તો તેનો આગળ ઉપર વિચાર કરવા માટે તેની ઉપર નોંધ કરવી, અને એ વિષયનું જ્ઞાન મેળવવાની જીજ્ઞાસા તાજેતાજી હોય તેવામા જ, એવી વાતો ઉપર જેથી પ્રકાશ પડી શકે, તેવાં પુસ્તકાદિ જોવાં. વારંવાર અવલોકન અને પુનરવલોકન કરી આ આ વિષયો અને તેનાં વિવેચન સર્વદા મનઆગળ રાખ્યા કરવાં.

૮ ભાષાંતરનું પણ પુનર્ભાષાંતર કરવું; ને તેમાં આટલી વાતો ઉપર લક્ષ આપવું.

(અ) મૂલમાંના શબ્દોની સાધારણ રીતે વાકયોમાં સ્થિતિ કયાં હોય છે તે, (બ) શબ્દોના સવિશેષ પ્રયોગ;

(क) એક વાક્ય બીજા વાક્ય ઉપર જવામાં જે અન્વયાદિ રચના થાય છે તે.

૯. આના પહેલાંની ત્રણ કલમમાં જે અભ્યાસ કહ્યો, તે ચાલતો હોય તેવામાં જ શબ્દવિન્યાસમાંના અપવાદભૂત રૂપાદિનો અભ્યાસ ચલાવવો, અને વાગ્યવિન્યાસના નિયમ મોઢે કરવા માંડવા, આવો આરંભ ચલાવ્યા પછી (अ) રૂપાખ્યાનાદિના અપવાદભૂત પ્રકાર તમારા વાચનમાં આવે તેટલા ભેગા કરતા જવા. અને તેના વર્ગ પાડી વ્યાકરણમાં જે વર્ગમાં તે આવતાં હોય તેમાં તેને ગોઠવતા જવા. (.) વાંચતે વાંચતે જે વાક્યરચના જણાય તેને વાક્યવિન્યાસના જુદા જુદા નિયમોના પેટામાં વર્ગ પાડી મૂકતાં જવી—આ પ્રકારે પ્રત્યેક નિયમની યથાર્થતા જાણવાની સાથે તે નિયમ પણ મનમાં વધારે દૃઢ કરતાં જવો.

૧૦. કોઈ પણ પ્રકારનાં ભાષાંતરની જરૂર ન પડે, ને તે ગ્રંથનું પુનરાવર્તન કરવામાંજ નહિ, પણ આગળ ચાલવામા પણ ન પડે, ત્યારે આ બધો અભ્યાસ બંધ કરવો.

૧૧. પ્રત્યેક નવો લેખ આરંભતાં થોડાક પત્ર વાંચતા સુધી તો આના આ નિયમો જ પાળવા.

૧૨. શબ્દવિન્યાસનું યથાર્થ જ્ઞાન થયા પછી, પૂર્ણ લેખ જ વાંચવાનો આરંભ કરવો, પસંદ કરેલા ફકરા

વાચવા એમ ન રાખવું, અને પ્રત્યેક લેખકની શૈલી આદિને પરસ્પર સાથે સરખાવતાં તથા તેના ગુણદોષ વિવેચતાં શીખતા જવું.

૧૩. જ્યારે કોઇ કવિના કાવ્યનો અભ્યાસ આરંભો, ત્યારે છન્દઃશાસ્ત્રનું યથાર્થ જ્ઞાન મેળવી, તે ઉપર લક્ષ રાખવું; કવિના નિરંકુશત્વનો વિષય સમજવો; નામ, સર્વનામાદિ પરત્વે જાતિઆદિના નિયમો પુન. જોઇ જુદાં જુદા અલંકારો લક્ષમાં લેઇ, સમજવાને યત્ન કરવો.

પ્રાચીન શિક્ષણથી જે સિદ્ધ કરવાનો તે વિચાર અને શિક્ષણનો રંગ, આ રીતે બતાવેલા સામાન્ય નિયમો યથાર્થ-રીતે અને તત્ત્વવિચારપૂર્વક પળાય, તો અમારા ધારવા પ્રમાણે, અવશ્ય કરીને મનને લાગ્યાવિના રહે નહિ. છતાં એટલું સ્મરણમાં રાખવું જોઇએ, કે અમે બતાવેલી પદ્ધતિ એજ ખરા જિજ્ઞાસુને જે ઇષ્ટ ફલને આપવાને સમર્થ છે અને બીજી કોઇ નથી જ; તેમ એ પદ્ધતિ પ્રાચીન શિક્ષણમાત્રને લાગુ છે, એમ કહેવાનો અમારો ઉદેશ નથી. અમે જે નિયમાદિ બતાવવા યત્ન કર્યો છે, તે એટલા જ ઉદેશથી કે સાધારણ મજુર લોક પણ, પ્લેટો, હોમર, ઝેનો, સીસરો, વર્જીલ, હોરેસ, ઈત્યાદિનો અભ્યાસ કરવો ઉચિત ધારે એટલું જ નહિ પણ તેમની સાથે ખરા આનંદથી વાતચિતનો સહવાસ ભોગવી શકે, અને

તેમ કરવામાં બીજા અભ્યાસોને કશું પણ વિઘ્ન ન થતાં ઉલટું પોતાના મન, ચારિત્ર, પ્રકૃતિ, ઇત્યાદિમાં વાસ્તવિક ઉન્નતિ અને વિશાલતા પ્રાપ્ત કરી પોતાના સુખમાં વૃદ્ધિ કરી શકે.

આટલા વ્યાખ્યાન ઉપરથી પ્રાચીન સમયનાં સાર અને તત્ત્વનો વધારે વિસ્તાર અને વધારે રસપૂર્વક સ્વીકાર થશે, એવાં આશા અને વિશ્વાસ રાખી ચાલનાર કોઇ પ્રસિદ્ધ કવિની ઉક્તિ સાથે એકમત થતા તે ઉક્તિથી જ આ લેખ સમાપ્ત થાય છે—

" પ્રતિભાની ટંકશાલમાંથી નીકળતી અનન્ત સુવર્ણ મુદ્રાઓ લક્ષગુણ થઇ વિસ્તરો, એક તારક પણ એવો પ્રકટયો નથી કે જેણે રાત્રિના અંધકારપ્રચયની એક છાયામાત્રનેએ દૂર ન કરી હોય. લતાપત્રાદિના ગાઢ પ્રતાન નીચે શાંત ગાનમા વિચરતું ઝરણ પણ અગાધ સમુદ્રના ભંડારમાં પૂર્તિ કરનાર જ છે; દષ્ટિગોચર થતું ક્ષુદ્રમાં ક્ષુદ્ર પુષ્પ પણ વસંતના સુરભિવિતાનમાં સહાય થાય છે જ. "

સમાપ્ત.